# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૬-૧૦-૨૦૧૭ શુક્રવાર

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

AHMEDABAD ESTABLISHED-1991

Regd. No.Guj.168/2016-2018 Valid up to Dt. 31-12-2018 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodaydaily@yahoo.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 • વર્ષ-૨૭ અંક-૬૮ • ૧૫ મોહર્રમ હિજરી ૧૪૩૯ • 6 OCTOBER 2017 • PAGES 12 • મૂલ્ય ₹૪.૦૦


# સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ એક સાથે યોજવા ચૂંટણી પંચ તૈયાર

## ઉત્તરપ્રદેશ જેવા એક જ રાજ્યમાં સાત તબક્કામાં ચૂંટણી યોજનાર પંચની મોદી સરકારના એજન્ડાને અમલી બનાવવા તૈયારી ?

નવી દિલ્હી, તા. ૫

ભારતીય રાષ્ટ્રીય ચૂંટણી પંચે જણાવ્યું છે કે, તે સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકીસાથે કરવા માટે સક્ષમ છે જે ૨૦૧૯માં સામાન્ય ચૂંટણીઓના કેટલાક મહિના પહેલા નિયત છે. ચૂંટણી પંચના કમિશનર ઓપી રાવતે ભોપાલમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સરકારે ચૂંટણી પંચ પાસેથી રાજ્યો અનેરાષ્ટ્રીય ચૂંટણીઓ સાથે યોજવા માટે જવાબ માગ્યો છે. જ્યારે ચૂંટણી પંચે સરકારને જણાવ્યું છે કે, ઈવીએમ અને વીવીપેએટી મશીનોની ખોટને પૂરવા માટે જરૂરી નાણા જોઈશે જેમાં ઈવીએમ માટે ૩૪૦૦ કરોડ અને વીવીપીએટી માટે ૧૨૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે. રાવતે જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે બે કંપનીઓને આ માટે ઓર્ડર આપી દીધા છે અને તેની ડીલીવરીની શરૂઆત પણ થઈ ચૂકી છે. તેમના અનુસાર આ ડીલીવરી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી પૂરી થઈ જશે તેથી તે લોકસભા અને રાજ્યોની વિધાનસભા

ચૂંટણીઓ એકીસાથે કરવા માટે સક્ષમ છે.

દરમિયાન મોટા ભાગના રાજ્યો ચૂંટણીના આરે આવી ગયા છે અને સપ્ટેમ્બર માસ સુધી તેમની ચૂંટણી પ્રક્રિયા સમાપ્ત થઈ જશે. ગુજરાતમાં આ મહિને ડિસેમ્બરમાં ચૂંટણી યોજાવાની છે જ્યારે કર્ણાટકમાં આગામી વર્ષે મે મહિનામાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. આજ રીતે હિમાચલપ્રદેશ, નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરામાં પણ સમયાનુસાર ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ ચૂકી છે. મિઝોરમમાં આગામી વર્ષે ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાશે. ઉલ્લેખનીય છે કે, લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ એકીસાથે યોજવાનો મોદી સરકારનો એજન્ડા રહ્યો છે જોકે, આમાં કોઈ રાજકીય સર્વસંમતિ સધાઈ નથી જ્યારે મોટાભાગના પક્ષો સરકારના આ વલણથી ઘણા દૂર છે. ભારતમાં ચૂંટણી યોજવી એ ચૂંટણી પંચ માટે એક અત્યંત કપરી પરીક્ષા સમાન છે જે ઉત્તરપ્રદેશમાં એક તબક્કામાં ચૂંટણી યોજવામાં સક્ષમ નહોતી. ચૂંટણી પંચે આ વર્ષે યોજાયેલી ચૂંટણીઓમાં રાજ્યમાં પાંચ અઠવાડિયાના ગાળામાં સાત તબક્કામાં ચૂંટણીઓ યોજી હતી.જેથી ચૂંટણી પંચની ટીકાઓ પણ થવા માંડી છે કે, તે એક રાજ્યમાં એકીસાથે ચૂંટણી યોજી શકતું નથી તે સમગ્ર દેશમાં લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ યોજવાની વાતો કરી રહ્યું છે.

## અહીં આવીને જુઓ, દરરોજ સરકારોની કેવી ઝાટકણી કઢાય છે, સુપ્રીમ કોર્ટના જજો સરકાર તરફી નથી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સુપ્રીમકોર્ટે પોતાના ઉપર મૂકાયેલ સરકાર સમર્થક હોવાના આક્ષેપોને રદિયો આપ્યો હતો. કોર્ટે સોશિયલ મીડિયા ઉપર થઈ રહેલ ટિપ્પણીઓ બદલ પોતાની નારાજગી અને ચિંતા દર્શાવી હતી. જજ ડી.વાય.ચંદ્રચુડે કહ્યું કે આક્ષેપો મૂકનારાઓએ સુપ્રીમકોર્ટમાં બેસીને સમગ્ર કાર્યવાહીનો અભ્યાસ કરવો જોઈએ અને જુએ કે કેટલા કેસોમાં અમે સરકારોની ઝાટકણીઓ કાઢીએ છીએ અને નાગરિકોની તરફેણમાં ચુકાદાઓ આપીએ છીએ. અમોએ થોડા દિવસો પહેલાં સુપ્રીમકોર્ટ બાર એસોસિએશનના પૂર્વ અધ્યક્ષની ટીવી મુલાકાત થઈ જોઈ હતી જેમાં એમણે કહ્યું કે સુપ્રીમકોર્ટના મોટા ભાગના જજો સરકાર સમર્થક છે. જજે કહ્યું કે, ટ્વીટના નામે ખૂબ જ અભદ્ર ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે. અમે સુનાવણી દરમિયાન જે કંઈ કહીએ છીએ એ બધુ ટ્વિટર ઉપર આવી જાય છે. સુપ્રીમકોર્ટે આ ટિપ્પણી બુલંદશહેરના બળાત્કાર કેસની સુનાવણી દરમિયાન કરી હતી જેમાં આઝમખાન દ્વારા કરાયેલ ટિપ્પણીની સુનાવણી ચાલી રહી હતી. સુપ્રીમકોર્ટને હાલમાં જ કર્ણાટક હાઈકોર્ટના જજ જયંત પટેલની બદલી માટે પણ આલોચનાઓનો સામનો કરવો પડ્યો હતો. બદલીના વિરોધમાં જયંત પટેલે રાજીનામું આપી દીધું હતું જેનાથી આલોચનાઓ વધુ તીવ્ર બની હતી. કોલેજિયમની આલોચના કરવામાં ગુજરાત હાઈકોર્ટ બાર એસોસિએશન પણ મોખરે હતી અને ખુલ્લો પત્ર લખ્યો હતો.

## કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૬૫.૧૪ |
| પાઉન્ડ | ૮૬.૬૧ |
| યુરો | ૭૬.૩૫ |
| યેન | ૫૭.૮૧ |
| સઉદી રિયાલ | ૧૭.૩૭ |

## કેવા બાત હૈ ?!

**અહીં બેસતા રામદાસને આવક કરતાં વધારે સંપત્તિ ધરાવવા બદલ પોલીસ પકડી ગઈ !**

## પીએમ મોદી પર યશવંત સિંહાનો વળતો પ્રહાર : 'હું ભીષ્મ, અર્થવ્યવસ્થાનું વસ્ત્રાહરણ થશે તો શાંત નહીં રહું'

નવી દિલ્હી, તા. ૫

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી યશવંત સિંહાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વળતો પ્રહાર કરતા ફરી એકવાર પ્રહારો કર્યા છે. પીએમ મોદીના બુધવારે આપવામાં આવેલા ભાષણ બાદ ફરી એકવાર પ્રતિક્રિયા આપી છે. પીએમ મોદીના શલ્યવાળા નિવેદન અંગે જવાબ આપતા યશવંત સિંહાએ પોતાને ભીષ્મ ગણાવતા કહ્યું કે, પીએમ મોદીએ પોતાના ભાષણમાં મહાભારતના શલ્યનો ઉલ્લેખ કર્યો છે પરંતુ હું ભીષ્મ છું અને કોઈપણ ભોગે અર્થવ્યવસ્થાનું વસ્ત્રાહરણ નહીં થવા દઉં.

ઉલ્લેખનીય છે કે, આર્થિક નીતિઓની ટીકાઓનો જવાબ આપતા વડાપ્રધાન મોદીએ બુધવારે ધ ઈન્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાના સમારોહમાં જણાવ્યું હતું કે, અમે વિકાસ માટે હજુ મોટા નિર્ણયો લઈશું. કેટલાક લોકો કર્ણના સારથી શલ્યની જેમ નિરાશ કરવાનું કામ કરી રહ્યા છે. એવા લોકોને ઓળખી કાઢવાની જરૂર છે. આ લોકોને એક જ ત્રિમાસિકમાં પણ જીડીપીમાં ઘટાડો મોટો લાગે છે. શલ્યના ઉદાહરણ અંગે યશવંતસિંહાએ જણાવ્યું કે, મહાભારતમાં દરેક પ્રકારના ચરિત્ર છે. તેમણે જણાવ્યું કે, શલ્ય કૌરવોના પક્ષમાં કેવી રીતે ગયા તે બધા જાણે છે. નકુલ-સહદેવના મામા શલ્ય દુર્યોધનની ઠગીનો શિકાર થયા હતા. મહાભારતમાં વધુ એક સારો ચરિત્ર ભીષ્મ પિતામહ છે. તેમને આજે પણ ઈતિહાસમાં દ્રૌપદીના ચીરહરણના સમયે ચુપ રહેવા બદલ દોષી માનવામાં આવે છે. પરંતુ અર્થવ્યવસ્થાનું ચીરહરણ થશે તો હું શાંત નહીં બેસું.

યશવંત સિંહાએ એક ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, મને એ વાતની ખુશી છે કે, અર્થવ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. વડાપ્રધાન પોતે તેમાં સામેલ થયા એ વાતે મને આશ્ચર્ય થયું. મને એવું લાગ્યું હતું કે, પોતાની વાત મુકવા માટે તેઓ કોઈ રાજ્યમંત્રીને આગળ કરશે. પરંતુ તેમણે પોતે કેટલીક વાતો જનતાસમક્ષ મુકી તે સ્વાગતને યોગ્ય છે આ ચર્ચાને આગળ વધારવાની જરૂર છે. તેમણે ઉમેર્યું કે, આંકડાઓની રમત ખતરનાક હોય છે. છ ત્રિમાસિકથી વિકાસદર નીચે આવી રહ્યો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં જશો તો લોકો એમ નહીં પૂછે કે, યુપીએ સરકારની સરખામણીમાં કેવું કામ કર્યું, તેઓ પૂછશે કે, જે વાયદાકર્યા હતા તેનું શુ થયું. બંને સરકારોની સરખામણી કરવી કોઈ મુદ્દો નથી. જનતાએ યુપીએ સરકારને બહાર કરી દીધી છે. આગામી ચૂંટણીમાં જનતા હાલની સરકારના કામના આધારે ટેસ્ટ કરશે. ઉલ્લેખનીય છે કે, અટલ બિહારી વાજપેયી સરકારમાં મંત્રી રહેલા યશવંત સિંહા અગાઉ પણ નોટબંધી અને જીએસટી અંગે મોદી સરકારની ટીકા કરી ચૂક્યા છે.

## ફોજદાર હાથ જોડીને ઊભો રહ્યો અને રાધે મા વટથી ખુરશીમાં બેઠી !

## રાધે મા દિલ્હીના થાણેદારની ખુરશી પર બેઠી પોલીસ ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ, તપાસનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

દિલ્હીના વિવેક વિહાર થાણામાં વિવાદાસ્પદ સાધ્વી રાધે માને વીઆઈપી ટ્રીટમેન્ટ આપવાના કેસમાં થાણા પ્રભારી સહિત છ પોલીસકર્મીઓની ફરજ પાછી ખેંચી લેવામાં આવી છે. આ ઘટના સાથે જોડાયેલી તસવીરો માં વિવાદોમાં સપડાયેલી રહેતી રાધેમા ઈન્સપેક્ટરની ખુરશી પર બેઠેલી નજરે ચડતી હતી. તેની બાજુમાં ઈન્સપેક્ટર સંજય શર્મા અને બીજા કેટલાક પોલીસવાળાઓ હાથ જોડીને ઊભા હતા. શર્માએ ગળામાં લાલ ચુનરી નાખી હતી. દિલ્હી પોલીસે એડિશનલ ડિપ્ટી કમિશનરની આગેવાની હેઠળ આ કેસમાં તપાસ શરૂ કરી દીધી છે. રાધેમાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. શર્માનો સંપર્ક સાધવામાં આવતાં તેમણે કહ્યું કે રાધે મા આ વિસ્તારના રામલીલા ખાતે જતાં હતા અને ફક્ત શૌચાલયનો ઉપયોગ કરવા માટે પોલીસ સ્ટેશન આવ્યાં હતા. તેમણે કહ્યું કે રાધેમા ફક્ત થોડી મિનિટો સુધી મારી ખુરશી પર બેઠા હતા. મેં તેમને હાથ જોડીને મારી ઓફિસની બહાર જવાની વિનંતી કરી. તેઓ ધાર્મિક હસ્તી છે. આ ઘટના ૧૧.૩૦ ની આસપાસ બની. રાધેમાના અનુયાયીઓએ એવું કહ્યું કે રાધેમા ફક્ત બાથરૂમનો ઉપયોગ કરવા માટે પોલીસ સ્ટેશન આવ્યાં હતા. જે અનુસાર પોલીસે તેમને બાથરૂમ જવા દેવાની મંજૂરી આપી. તેમણે કહ્યું કે બાથરૂમ મારી ઓફિસની જમણી બાજુએ હતું તેથી તેઓ બહાર આવીને થોડી વાર સુધી મારી ખુરશી પર બેઠા હતા. તેમની સાથે ૧૫ લોકો હાજર હતા. આ બધુ ૫ મિનિટમાં પૂરુ થયું હતું. રિપોર્ટ અનુસાર આ જ રાતે કેટલાક પોલીસકર્મીઓએ જીટીબી એન્કલેવ ખાતેના રામલિલા ખાતે રાધેમાની સાથે ગીતો ગાઈ રહ્યાં હતા. મંગળવારે રાધેમાના સત્તાવાર ફેસબુક પેજ પર આ ઘટનાનો વીડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો હતો. દિલ્હી પોલીસે વીડિયોને આધારે શર્મા અને પાંચ પોલીસકર્મીઓની સામે તપાસ શરૂ કરી છે. આ તમામને ડિસ્ટ્રીક્ટ લાઈનમાં મોકલી દેવામાં આવી છે અર્થાત, જ્યાં સુધી તપાસ ચાલશે ત્યાં સુધી તેમને કોઈ ફરજ નહિં સોંપવામાં આવે.

## ભાજપ કોંગ્રેસની યોજનાઓનું પુનઃ ઉદ્ઘાટન કરીને શ્રેય લઈ રહી છે : રાહુલ ગાંધી

### અમેઠીમાં રાહુલનો પ્રહાર : પીએમ મોદીએ એમ કહેવું જોઈએ ભાજપ છેલ્લા ૩ વર્ષમાં નિષ્ફળ નીવડ્યો. મોદી સરકારે મુખ્ય બે મુદ્દાઓ રોજગારી સર્જન અને ખેડૂતોની સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

પોતાના સંસદીય મતવિસ્તાર અમેઠીની બીજા દિવસની મુલાકાતમાં કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર હુમલો ચાલુ રાખતાં કહ્યું કે ભાજપ કોંગ્રેસની યોજનાઓનું પુનઃ ઉદ્ઘાટન કરીને શ્રેય લઈ રહી છે.ભાજપ અધ્યક્ષ અમિત શાહે ૧૦ ઓક્ટોબરે ઘણા કેન્દ્રીય મંત્રીઓ સાથે અમેઠી જવાના છે. તેમની પર કટાક્ષ કરતાં રાહુલે કહ્યું કે હાલમાં ભાજપના દ્વારા ઉદ્ઘાટિત કરવામાં આવી રહેલા તમામ પ્રોજેક્ટો યુપીએ સરકારે શરૂ કર્યા હતા. તેમણે કહ્યું કે હવે શ્રેય લેવા માટે ભાજપના નેતાઓ આ પ્રોજેક્ટનું ફરી વાર ઉદ્ઘાટન કરી રહ્યાં છે. ગાંધીએ પીએમ મોદીને કહ્યું મ કે નિરાશાવાદીઓ પર દોષનો ટોપલો ન ઢોળો, તમે નિષ્ફળ નીવડ્યાં તે વાતનો સ્વીકાર કરો. રાહુલે કહ્યું કે તમારે ઊભા થઈને કહેવું જોઈએ કે અમે નિષ્ફળ સાબિત થયાં છીએ. તેમણે કહ્યું કે વડાપ્રધાને બહાનાબાજી બંધ કરવાનું છોડીને તેમણે આપેલા વચનો પૂરા કરવા પર ધ્યાન આપવુ જોઈએ. અમેઠીના ૪૭ વર્ષીય સાંસદ રાહુલે કહ્યું કે મોદી સરકારે મુખ્ય બે મુદ્દાઓ રોજગારી સર્જન અને ખેડૂતોની સમસ્યા પર ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. રાહુલે કહ્યું કે વિપક્ષી નેતા તરીકે હું વડાપ્રધાને સલાહ આપું છુ કે તેમણે મુખ્ય બે મુદ્દાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. આપણે આપણા યુવાનોને રોજગારી આપવામા નિષ્ફળ નીવડ્યાં છીએ. ચીન દરરોજ ૫૦,૦૦૦ નવી નોકરીઓનું સર્જન કરી રહ્યુ છે. મોદીના મેક ઈન ઈન્ડીયા પ્રોગ્રામ હેઠળ ભારત ફક્ત ૪૫૦ નોકરીઓ પેદા કરે છે. કૃષિ અને ખેડૂત આપઘાત ગંભીર મુદ્દા બની રહ્યાં છે સરકારે તેની પર ધ્યાન આપવાની જરૂર છે. મોદી પર સીધો હુમલો કરતાં કરતાં રાહુલે કહ્યું કે બહાનાબાજી અને નિરાશાવાદીઓ નકારાત્મક માહોલ પેદા કરી રહ્યાં છે તેવું કહેવાનું બંધ કરીને મોદીએ એવું કહેવાની હિંમત દેખાડવી જોઈએ કે તેઓ તેમના વચનો પાર પાડવામાં નિષ્ફળ સાબિત થયાં છે. રાહુલની ટીપ્પણી એવે સમયે આવી છે કે જ્યારે હજુ એક દિવસ પહેલા બુધવારે આઈસીએસઆઈના ગોલ્ડન જ્યુબિલી સમારોહને સંબોધિત કરતાં પોતાની સરકારની આર્થિક નીતિઓની આલોચના કરનારને આકરો જવાબ વાળ્યો હતો. મોદીએ કહ્યું કે કેટલાક લોકોને નિરાશા ફેલાવવામા મજા આવતી હોય છે દેશ સાચી દિશામાં આગળ ધપી રહ્યો છે ત્યારે આવા લોકોના પેટમા તેલ રેડાઈ રહ્યું છે. આવા લોકોને અર્થતંત્રમાં થઈ રહેલો વિકાસ દેખાતો નથી. અર્થતંત્રનો બચાવ કરતાં મોદીએ કહ્યું, નિરાશાવાદીઓએ આર્થિક મંદીનું 'વતેસર' કરી નાખ્યું છે.

## અર્થતંત્રની ચર્ચા ? PM મોદી, અરૂણ જેટલી, અમિત શાહની દિલ્હીમાં બેઠક

### અમિત શાહે કેરળની યાત્રા અધવચ્ચે છોડી દીધા બાદ દિલ્હી આવીને પીએમ મોદી-જેટલીને મળ્યા, પીએમ સાથેની બેઠકમાં GST, ગુજરાત ચૂંટણી જેવા મુદ્દે ચર્ચા થઈ હોવાનું મીડિયા અહેવાલમાં કહેવાયું

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

ભાજપ અધ્યક્ષ અમિત શાહે કેરળની જનરક્ષા યાત્રાને અધવચ્ચે છોડીની દિલ્હી પરત આવ્યાં પરિણામે એવી અટકળ વહેતી થઈ કે લોકોના અપુરતા ઉત્સાહ અને જેટલો જોઈએ તેટલો પ્રતિસાદ ન સાંપડતાં અમિત શાહે યાત્રાને અધવચ્ચે છોડી હતી. દિલ્હી આવીને પીએમ મોદી અને નાણા મંત્રી જેટલીને મળ્યાં હતા. અર્થતંત્રની કથળેલી હાલતનો વડાપ્રધાન મોદીએ બચાવ કર્યા પછી જ તરત થયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં ઘણા મુદ્દે ચર્ચા થઈ હતી. એવું જણાવવામાં આવ્યું કે મોદીએ અર્થતંત્ર, ગુજરાત ચૂંટણી,ની ઉપરાંત જીએસટી કાઉન્સિલની બેઠક અંગે પણ ચર્ચા કરી. એવું પણ સાંભળવા મળ્યું કે જીએસટી અંગે આલોચનાનો સામનો કરી રહેલી સરકાર ખાસ કરીને કાપડ વેપારીઓ માટે કેટલીક રાહતની જાહેરાત કરી શકે છે. બુધવારે વડાપ્રધાન મોદીએ આઈસીએસઆઈના ગોલ્ડન જ્યુબિલિ કાર્યક્રમમાં કથળતી જતી અર્થવ્યવસ્થા અંગે થઈ રહેલી ટીકા-ટીપ્પણીનો જવાબ આપ્યો હતો. આ દરમિયાન અચાનક જ ભાજપ અમિત શાહ પોતાની કેરળની મુલાકાત અધવચ્ચે છોડીની દિલ્હી પરત ફર્યા હતા. આજે પીએમ મોદીએ તેમના બન્ને નેતાઓ સાથે મહત્વની મુલાકાત કરી. મીડિયા રિપોર્ટ અનુસાર આ બેઠકમાં ઈકોનોમીની સાથે સાથે ગુજરાત ચૂંટણી અને જીએસટી કાઉન્સિલ અંગે પણ ચર્ચા થઈ હતી. ભાજપના વરિષ્ઠ નેતાઓ યશવંતસિંહા અને અરૂણ શોરી લગાતાર સરકાર પર હુમલાઓ કરી રહ્યાં છે. મોદીએ પોતાના સંબોધનમાં મહાભારતના પાત્ર શલ્ય સાથે તુલના કરીને પરોક્ષ રીતે નકારાત્મક ખબરો ફેલાવવાનો આક્ષેપ કર્યો. મોદીના બયાન પર પલટવાર કરતાં યશવંતસિંહાએ કહ્યું કે તેઓ શલ્ય નથી પરંતુ ભીષ્મ છે. ચાલુ વર્ષના અંતમાં ગુજરાતની વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. અહિંના વેપારીઓ જીએસટીને કારણે ભાજપની નારાજ છે. પીએમની બેઠકમાં આ તમામ મુદ્દે ચર્ચા થઈ હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી. રિપોર્ટ અનુસાર, સરકાર જીએસટી અંગે વેપારીઓને કેટલીક રાહતો આપી શકે છે. અમિત શાહે કેરળમાં જનરક્ષા યાત્રાની શરૂઆત કરાવી છે. ભાજપે રાજ્યમાં ૧૪ દિવસની રેલની જાહેરાત કરી છે. રાજ્ય ભાજપ પ્રમુખ કુમાનમ રાજશેખરને કહ્યું કે અમિત શાહને ઘણા બધા કામો હોવાને કારણે દિલ્હી પરત ફરવું પડ્યું છે. લોકોના અપુરતા ઉત્સાહને કારણે અમિત શાહે કેરળ જનરક્ષા યાત્રા અધવચ્ચેથી છોડી, પીએમ સાથેની બેઠકમાં જીએસટી, ગુજરાત ચૂંટણી જેવા મુદ્દે ચર્ચા થઈ હોવાનું મીડિયા રિપોર્ટમાં કહેવાયું.

## ફોર્બ્સની ભારતના ટોચના ૧૦૦ સૌથી ધનિક વ્યક્તિઓની યાદી બહાર પડાઈ

## ભારતનું અર્થતંત્ર નબળું પડ્યું છતાં ધનાઢ્યોની કુલ સંપત્તિમાં ૨૬ ટકાનો વધારો

### ૨.૫ લાખ કરોડની સંપત્તિ સાથે મુકેશ અંબાણી સતત ૧૦મા વર્ષે ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ ● ફોર્બ્સની યાદીમાં પતંજલિના આચાર્ય બાલકિશ્નાની ૪૮મા ક્રમાંકેથી ૧૯મા ક્રમાકે લાંબી છલાંગ, અઝીમ પ્રેમજી ચોથા સ્થાનેથી બીજા સ્થાને પહોંચ્યા, અનિલ અંબાણી ૪૫મા ક્રમે

નવી દિલ્હી, તા. ૫

રિલાયન્સના પ્રમુખ મુકેશ અંબાણી સતત ૧૦મા વર્ષે ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ બન્યા છે જ્યારે અર્થતંત્ર નબળું પડ્યું હોવા છતાં તેઓ ૩૮ બિલિયન ડોલર (૨.૫ લાખ કરોડ)ની સંપત્તિ ધરાવે છે. વર્ષ ૨૦૧૬માં મુકેશ અંબાણી ૨૨.૭ બિલિયન અમેરિકી ડોલરની સંપત્તિ સાથે ભારતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા હતા. વર્ષ ૨૦૧૬માં ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ રહેનારા સન ફાર્માના દીલીપ સંઘવી વર્ષ ૨૦૧૭ની ફોર્બ્સની ભારતના સૌથી ધનિક ૧૦૦ વ્યક્તિઓની યાદીમાં નવમા સ્થાને સરકી ગયા છે. તેઓની હાલની સંપત્તિ ૧૨.૧ બિલિયન ડોલર છે. વિપ્રોના અઝીમ પ્રેમજી ૧૯ બિલિયન ડોલરની સંપત્તિ સાથે ચોથા સ્થાનેથી સીધા બીજા સ્થાને આવી ગયા છે. ગત વર્ષની ફોર્બ્સની યાદીમાં તેઓ ચોથા સૌથી ધનિક ભારતીય હતા.

ફોર્બ્સે જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના આર્થિક અખતરાની ભારતના કરોડપતિઓ પર ખાસ અસર પડી નથી જ્યારે ઓઈલ અને ગેસના માંધાતા મુકેશ અંબાણીને કોઈ પછાડી શક્યું નથી. આ રીતે મુકેશ અંબાણી ગત વર્ષની ૧૫.૩ બિલિયન ડોલરની સંપત્તિ સાથે આ વર્ષે પણ એશિયાના ટોચના પાંચ ધનિકોમાં સામેલ થવા જઈ રહ્યા છે. બીજી તરફ મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણી ૩.૧૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે નીચલા મથાળે ૪૫મા ક્રમાંકે રહ્યા છે. તેઓ ગત વર્ષે ૩૨મા અને તેના પહેલાના વર્ષમાં ૨૯મા સ્થાને હતા. સૌથી આશ્ચર્યની વાત એ છે કે, યોગગુરૂ બાબા રામદેવના નજીકના મનાતા પતંજલિ આયુર્વેદના આચાર્ય બાલકિશ્નના ગત વર્ષના ૪૮મા સ્થાનેથી છલાંગ લગાવતા ૬.૫૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે સીધા ૧૯મા સ્થાને આવી ગયા છે. ફોર્બ્સે જણાવ્યું છે કે, અર્થતંત્રમાં અખતરા છતાં ભારતના ટોચના ૧૦૦ ધનિકોને કોઈ માઠી અસર નથી થઈ અને તેમની કરોડપતિ તરીકેની છાપ જળવાઈ રહી છે.

# સુપ્રીમકોર્ટે વાણી સ્વતંત્રતાના મુદ્દાને લગતી અરજી બંધારણીય બેંચ સમક્ષ મોકલી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સુપ્રીમકોર્ટે વાણી સ્વતંત્રતાને લગતી અરજી કોર્ટની પાંચ જજોની બંધારણીય બેંચ તરફ મોકલી આપી હતી. એ અરજીમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે શું કોઈ જાહેર વ્યક્તિ અથવા મંત્રી વાણી સ્વતંત્રતાના નામે કોઈપણ સંવેદનશીલ બાબત પોતાના વિચારો જાહેર કરી શકે છે જેની તપાસ હજુ ચાલી રહી હોય. સુપ્રીમકોર્ટની બેંચના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય જજોએ આ પ્રશ્નની ચર્ચા હરીશ સાલ્વે અને ફાલી નરીમાન સાથે કરી અને આ અરજી મોટી બેંચ સમક્ષ મોકલવાની ભલામણ કરી. બેંચે કહ્યું કે, જે વિષે તપાસ ચાલી રહી હોય એવા સંવેદનશીલ કેસો વિષે સોશિયલ મીડિયામાં પણ વાણી સ્વતંત્રતાના નામે ગમે તેવી ટિપ્પણીઓ કરવામાં આવી રહી છે જે દર હકીકતે સોશિયલ મીડિયાનો દુરૂપયોગ જ છતું કરે છે. નરીમાને સુપ્રીમકોર્ટ સાથે સહમત થતાં જણાવ્યું કે, આ પ્રકારની ગેરમાર્ગે દોરનાર ઘણી બધી હકીકતો સોશિયલ મીડિયામાં રજૂ કરવામાં આવે છે. જેને તત્કાલ બંધ કરવાની જરૂર છે. સાલ્વેએ પણ એ જ વિચારો જણાવતા કહ્યું કે આ જ કારણે મેં પોતાનો ટ્વિટર એકાઉન્ટ જ બંધ કરી દીધો છે. એમણે કહ્યું કે, હવે ખાનગી વ્યક્તિઓ પણ આ અધિકારનો દુરૂપયોગ કરી ગમે તેમ બોલી રહ્યા છે. આ બાબત ફક્ત રાજકારણીઓ સુધી મર્યાદિત નથી રહી. સુપ્રીમકોર્ટ એક વ્યક્તિની અરજીની સુનાવણી કરી રહી હતી. આ વ્યક્તિની પત્ની અને દીકરી ઉપર બળાત્કાર થયું હતું. આ ઘટના બુલંદશહેરમાં બની હતી જે ચર્ચામાં રહી હતી. જેના સંદર્ભે ઉ.પ્ર.ના નેતા આઝમખાને આ ઘટનાને રાજકીય ષડયંત્ર ગણાવ્યું હતું. સાલ્વેએ કોર્ટને જણાવ્યું કે, મંત્રીઓએ પોતાના અંગત વિચારોને રાજકારણ સાથે જોડવું નહીં જોઈએ. જે નેતા કહે છે એ સરકારની નીતિ સાથે જોડાયેલ છે એવું માનવામાં આવે છે. સુપ્રીમકોર્ટે કહ્યું કે અમે એ બાબત વિચાર કરીશું કે શું વાણી સ્વતંત્રતા ઉપર અમુક વાજબી નિયંત્રણો હોવા જોઈએ કે નહીં ?

# PM મોદી ક્યાં સુધી દેશ સામે જુઠ્ઠુ બોલશે, મુંબઈ નાસભાગ વિરૂદ્ધ દેખાવોમાં રાજ ઠાકરેનો સવાલ

(એજન્સી) મહારાષ્ટ્ર, તા.૫

મુંબઈના એલ્ફિન્સ્ટન સ્ટેશન પર સર્જાયેલી દુર્ઘટનાના વિરોધમાં મનસે સુપ્રીમો રાજ ઠાકરેએ મહારેલી યોજી. રાજ ઠાકરેએ સરકારને રેલવેની સ્થિતિ સુધારવા માટે ૧૫ દિવસોનું અલ્ટીમેટમ આપી દીધું છે. આ દરમિયાન તેમણે મોદી સરકાર અને રેલવે પર આકરા પ્રહારો કર્યા છે. ઠાકરે જણાવે છે કે, મોદી સરકારે દેશની જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેમણે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમિયાન 'અચ્છે દિન' લાવવાનો વાયદો કર્યો હતો. તેમના દાવાને કારણે લોકોએ તેમને બહુમત આપ્યો કે, 'અચ્છે દિન' આવશે પરંતુ આ તો જુમલેબાજી નીકળી. કોંગ્રેસ સરકારમાં જે પરિસ્થિતિ હતી, બીજેપી રાજમાં પણ તેવી જ પરિસ્થિતિ છે. કોઈ ફેરફાર થયો નથી. અમદાવાદમાં બુલેટ ટ્રેનના શિલારોપણ પર તેમણે કહ્યું કે, જ્યારે પીએમ મોદીએ બુલેટ ટ્રેન વિશે જાહેરાત કરી હતી ત્યારે જ હું તેમનો ઈરાદો સમજી ગયો હતો. મુંબઈથી બુલેટ ટ્રેનમાં અમદાવાદ જઈને લોકો શું ઢોકળા ખાશે ? અમદાવાદ કરતાં સારા ઢોકળાં તો મુંબઈમાં મળે છે. રાજ ઠાકરેએ કટાક્ષ કરતાં કહ્યું કે મેં આજ સુધી પોતાના જીવનમાં આટલું ખોટું બોલનાર વડાપ્રધાન નથી જોયા કે જે પહેલાં બોલે છે કંઈક અને પછી કરે છે કંઈક બીજું જ પીએમ મોદીએ નોટબંધી, મેક ઈન ઈન્ડિયા જેવા પ્રયોગ કરીને દેશને ખાડામાં નાંખી દીધો છે. તેમણે ત્રણ વર્ષ બરબાદ કરી નાંખ્યા.

# રાષ્ટ્રીય માનવાધિકાર આયોગની તપાસમાં અથડામણ બનાવટી હોવાનો ખુલાસો : IPSનું વીરતા પદક રદ

(એજન્સી) મધ્યપ્રદેશ, તા.૫

મધ્યપ્રદેશના આઈપીએસ અધિકારી ધર્મેન્દ્ર ચૌધરી પાસેથી પોલીસ વીરતા પદક પરત લેવામાં આવ્યું છે. સૂત્રોએ જણાવ્યા અનુસાર, ચૌધરીને ઝાબુઆ જિલ્લામાં એડિશનલ પોલીસ કમિશ્નરના પદ પર રહીને મોસ્ટ વોન્ટેડ ગુનેગાર લોહારને વર્ષ ૨૦૦૨માં અથડામણમાં ઠાર કરવા બદલ ૧૫ મે, ૨૦૦૪ના રોજ પોલીસ વીરતા પદક આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય માનવાધિકાર આયોગની તપાસમાં આ અથડામણ બનાવટી હોવાનું બહાર આવ્યું છે, પરંતુ રાજ્ય સરકાર આને અથડામણ જ માની રહી હતી. ભારત સરકારના ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રાજપત્રમાં રાષ્ટ્રપતિ સચિવાલય તરફથી બહાર પાડવામાં આવેલી સૂચનામાં ધર્મેન્દ્ર ચૌધરીનું પોલીસ વીરતા પદક રદ કરીને જપ્ત કરવાનું કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચૌધરી વર્તમાનમાં રતલામ વિસ્તારમાં ડીઆઈજીના પદ પર કાર્યરત છે.

# “શું મુસ્લિમે બંધાવ્યો હોવાથી ભારત તાજ મહેલની ઉપેક્ષા કરે છે ?” : વિદેશી મીડિયાનો સવાલ



આગ્રા, તા. ૫

તાજ મહેલની ગરિમા માટે ફક્ત ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ઉત્તરપ્રદેશ સરકારની ટૂરિઝન ગાઇડમાંથી તાજ મહેલની બાદબાકીની નોંધ લેવાઇ રહી છે. અહેવાલો અનુસાર આંતરરાષ્ટ્રીય મીડિયા જેમાં વોશિંગ્ટન પોસ્ટ અને બીબીસીનો પણ સમાવેશ થાય છે તેમણે એવો સવાલ કર્યો છે કે, શું મુસ્લિમ શાસકે બંધાવ્યો હોવાથી ભારત તાજ મહેલની ઉપેક્ષા કરી રહ્યું છે ? યોગી સરકાર દ્વારા 'ઉત્તરપ્રદેશ ટૂરિઝમ-અનલિમીટેડ પોસિબિલિટીઝ' નામથી બહાર પાડવામાં આવેલી ૩૨ પેજની પુસ્તિકામાં વિશ્વની સાત અજાયબીઓમાં સામેલ તાજ મહેલનો કોઇ ઉલ્લેખ જ નથી. તાજેતરમાં આ વર્ષે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે, વિદેશી યાત્રીઓને તાજ મહેલની રેપ્લીકા આપવામાં આવે છે અને અન્ય મિનારાઓ દેશની સંસ્કૃતિને દેખાડતા નથી.

યોગી સરકારના આ નિર્ણય અંગે કોંગ્રેસના પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે, તમે તાજ મહેલ વિના ઉત્તરપ્રદેશ કે ભારતમાં ટૂરિઝમની વિચારણા કેવી રીતે કરી શકો છો. તેઓ પુસ્તિકા બહાર પાડે છે અને તાજને જ તેમાંથી બહાર કરી દે છે, આ તેમનો ધર્મ પ્રત્યેનો અણગમો દર્શાવે છે અને તે સંપૂર્ણ રીતે ખોટું છે. આ બાબતને જોક પણ કહેવાય અને દુઃખદ પણ કહી શકાય. આવી હલ્કાઇ ભારતની શાખ ખરડે છે. એક વિખ્યાત લેખક અને ઈતિહાસકાર વિલિયમ ડેરિમ્પલે લખ્યું છે કે, ગાંડી થયેલી યોગી આદિત્યનાથ સરકારે ઉત્તરપ્રદેશની ટૂરિઝન પુસ્તિકામાંથી તાજ મહેલને બાકાત રાખ્યો. આ ઉપરાંત ઉત્તરપ્રદેશ સરકારની ટ્વિટર પર આકરી ટીકા થઇ રહી છે જ્યારે હવે સરકાર પોતાની ભૂલને છૂપાવવાનો પ્રયાસ કરી રહી છે. આગ્રાના ટૂરિઝમ અધિકારીએ જણાવ્યું હતું કે, અન્ય હિંદુ ધાર્મિક સ્થળોને પ્રદર્શિત કરવા માટે ઐતિહાસિક ઈમારતોની બાદબાકીના સંકેત કમનસીબ બાબત છે. આગ્રા ટૂરિઝમ સંઘના સચિવ રાજીવ સક્સેનાએ જણાવ્યું કે, તાજ મહેલ મુઘલોએ બંધાવ્યો હોવાને કારણે રાજ્ય સરકારે તેનો પ્રવાસન સ્થળોમાં સમાવેશ કર્યો નથી. તેમની પ્રાથમિકતા ધાર્મિકસ્થળો પર જ છે. ટીકાકારોએ એમ પણ જણાવ્યું હતું કે, યોગી સરકાર હિંદુ મંદિરોવાળા વારાણસી અને ગોરખપુરના સ્થળો પર જ વધુ ધ્યાન આપી રહી છે જ્યાંના તેઓ મુખ્ય મહંત પણ છે.

'દાઉ સમોસાવાલા' મદન યાદવે પોતાના પરિવારને અંતિમ ઈચ્છા જણાવી હતી

# અંતિમ ઈચ્છા પૂરી કરાઇ, હિંદુ વ્યક્તિને મુસ્લિમ પરંપરા અનુસાર દફનાવાઈ

હાંસી, તા. ૫

અનાયાસે જ બનતી ઘટનાઓમાંથી એક ૮૨ વર્ષના હિંદુ વ્યક્તિની અંતિમ વિધિ તેની અંતિમ ઈચ્છા અનુસાર મુસ્લિમ પરંપરા અંતર્ગત કરવામાં આવી હતી. દાઉ સમોસાવાલા તરીકે પ્રખ્યાત મદન મોહન યાદવે પોતાના પરિવારજનો અને મિત્રોને તેના મોત બાદ દફનાવવાનું કહ્યું હતું. યાદવની અંતિમ ઈચ્છા અનુસાર સોમવારે તેને મુસ્લિમ રિતરિવાજ અનુસાર જેવનશાહ કબ્રસ્તાનમાં દફનાવાયો હતો અને તેની સામે તેના પરિવારે પણ કોઇ વિરોધ દર્શાવ્યો નહોતો. મદન યાદવના સૌથી મોટા પુત્ર અશોક યાદવે જણાવ્યું હતું કે, મારા પિતા હંમેશા બંને ધર્મનું ખુબ સન્માન કરતા હતા અને તેઓ મંદિરો સાથે દરગાહ પર પણ નિયમિત રીતે હાજરી આપતા હતા. રમઝાનના પવિત્ર માસ દરમિયાન મદન યાદવ હંમેશા ઈફતારના સમયે નજીકની મસ્જિદમાં સમોસા મોકલતો હતો. દફનવિધિમાં હાજર રહેલા એક વ્યક્તિએ જણાવ્યું કે, આ શહેર જે માટે જાણીતું છે તેવા કોમી સૌહાર્દનું વધુ એક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

# આસામ ભાજપે 'મિસ્ટર ૧૦%' વિવાદ પર ઈમરજન્સી બેઠક બોલાવી

### ભાજપના રણજીત દત્તાએ ઈન્ટરવ્યુમાં નેતાઓ ૧૦ ટકા કમિશન લેવાની કબૂલાત કરી હતી

(એજન્સી) આસામ, તા.૫

ભાજપ સાંસદ રામપ્રસાદ શર્માનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આસામમાં ભાજપ સરકાર સવાલો વચ્ચે ઘેરાઈ છે. સાંસદ રામપ્રસાદ શર્માએ બુધવારે એક સ્થાનિક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં રાજ્યના સિંચાઈ મંત્રી રણજીત દત્તા પર આરોપ લગાવ્યો કે તે કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપવાની અવેજમાં ૧૦ ટકા કમિશનની લાંચ લે છે. પક્ષના સાંસદે મુકેલા આરોપો અંગે ચર્ચા કરવા માટે શનિવારના રોજ તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી છે. સીએમ સર્બાનંદ સોનોવાલે સાંસદને પુરાવાઓ સાથે પોતાના દાવાની રજૂઆત કરવા કહ્યું છે. સાથે જ કહ્યું કે, સાંસદ વિરૂદ્ધ આવા પુરાવા મળે તો તેમની વિરૂદ્ધ પણ કડક પગલાં લેશે.

સીએમ સોનેવાલે કહ્યું કે, અમારી સરકાર ભ્રષ્ટાચારને સાંખી નહીં લે. તેમની પાસે કોઈ પુરાવા હોય તો તે રજૂ કરે. અમે તેમની વિરૂદ્ધ સખત પગલાં લઈશું. જો મુખ્યમંત્રી વિરૂદ્ધ પણ કોઈ પુરાવો હોય તો તેમની વિરૂદ્ધ પણ સખત કાર્યવાહી કરીશું. ઉલ્લેખનીય છે કે સાંસદ શર્માએ ગત મંગળવારે એક સ્થાનિક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે રાજ્યના કેટલાક મંત્રીઓ લાંચ લે છે તેમાંથી રણજીત દત્તા વિશે તેમને પૂરી માહિતી છે કે તેઓ લાંચ લે છે. મારા એક પરિચિત વ્યકિતએ તેમને ૧૦ ટકા કમિશન આપીને કોન્ટ્રાક્ટ મેળવ્યો હતો. રાજ્યમાં અન્ય કેટલાક મંત્રીઓ પણ લાંચ લે છે. જો કે મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલ ભ્રષ્ટ નથી તેમણે ચોક્કસ પણે આરોપોની તપાસ કરાવી જોઈએ. અમે જનતાને ભ્રષ્ટાચાર મુક્ત સરકારનું વચન આપીએ છીએ. બીજી બાજુ દત્તાએ આ આરોપોને પાયા વિહોણા ગણાવતા કહ્યું કે તથ્યો વિના નિવેદન આપવા સાંસદની આદત છે. તેમના આ નિવેદને પક્ષ અને સરકારની છબિને પ્રભાવિત કર્યા છે હું તેમની વિરુધ્ધ પહેલા પણ ભાજપના રાજ્ય એકમમાં ફરિયાદ કરી ચૂક્યો છું. તેમના આરોપો નિરાધાર છે મને વિશ્વાસ છે કે પક્ષ તેમની વિરુધ્ધ સખત પગલાં લેશે.

# દક્ષિણ દિલ્હીની શાળાના શૌચાલયમાં ૬ વર્ષીય બાળકી પર બળાત્કાર, આરોપી સફાઈ કર્મચારીની ધરપકડ

(એજન્સી) દિલ્હી, તા. ૫

રાજધાની દિલ્હી ફરી એક વાર શર્મસાર બની છે. ગુરૂગ્રામની રાયન ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૭ વર્ષીય પ્રધ્યુમ્નની હત્યાની શાહી હજુ તો સુકાઈ નથી ત્યાં તો દિલ્હીના માલવીય નગર વિસ્તારની એક શાળામાં પહેલા ધોરણમાં ભણતી એક બાળકી સાથે યોન ઉત્પીડનની ઘટના સામે આવી છે. બાળકની હાલત નાજૂક હોવાનું કહેવાઈ રહ્યું છે. માલવીય નગરની સંત નિરંકારી પબ્લિક સ્કૂલમાં પહેલા ધોરણની કન્યાનું સફાઈ કામદારો દ્વારા જાતીય શોષણ કરવામાં આવ્યું. કન્યા મહિલા કર્મચારીને બોલાવવા માટે બાથરૂમમાં ગઈ હતી ત્યારે આરોપી રાકેશ તેનો અવાજ સાંભળીને વોશરૂમમાં ગયો હતો. આરોપ છે કે આરોપીએ બાળકીના શરીર સાથે અડલપાં શરૂ કર્યા હતા. ગભરાયેલી બાળકીએ ઘેર જઈને તેના માતાપિતાને જાણ કરી ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી. આરોપીની ધરપકડ કરવામાં આવી અને તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો.આરોપી રાકેશે બાળકી પર બળાત્કાર કર્યો હતો. પોલીસે આરોપી સફાઈ કર્મચારી રાકેશની ધરપકડ કરી લીધી હતી. આરોપી ત્રણ મહિના પહેલા શાળામાં હાઉસ કિપર તરીકે જોડાયો હતો. પીડિતાએ કહ્યું કે હું બાથરૂમ ગઈ ત્યારે આરોપીએ મારી છેડતી કરી હતી. બાળકીના માતાપિતાએ તાત્કાલિક શાળાના આચાર્યને જાણ કરી અને પોલીસને ઘટનાની જાણકારી આપી. પીડિત બાળકીને એઈમ્સમાં દાખલ કરવામાં આવી જ્યાં ડોક્ટરોએ એ વાતની પુષ્ટિ કરી કે પીડિતા પર બળાત્કાર થયો છે. પોલીસે બાળ જાતિય અપરાધ વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

# ભાવિ સર્જિકલ સ્ટ્રાઈકમાં પાકિસ્તાનના પરમાણુ કેન્દ્રો ઉડાવી શકીએ છીએ : એર ચીફ માર્શલ

(એજન્સી) નવી દીલ્હી, તા.૫

એર ચીફ માર્શલ બી.એસ.ધનોઆએ કહ્યું છે કે એરફોર્સ ટૂંકી નોટિસ સાથે યુદ્ધ માટે તૈયાર છે. અન્ય ફોર્સ સાથે મળી યુદ્ધ લડવાની પણ તૈયારી છે.

તેમણે કહ્યું કે સરકાર દ્વારા વધુ એક સર્જિકલ સ્ટ્રાઈકનો નિર્ણય લેવાશે તો પાકિસ્તાનના પરમાણુ કેન્દ્રોનો વિનાશ કરવા માટે એરફોર્સ સક્ષમ છે. એરફોર્સ પાસે સરહદ નજીક સટીક હુમલો કરવાની પૂરી ક્ષમતા છે. બે ફ્રંટ પર લડાઈઓ માટે ૪૨ સ્કવાડનની જરૂરત પડશે. હજુ સુધી બેફ્રંટ પર લડાઈ લડાઈ નથી. ચીનની સેના ગરમીમાં આગળ વધે છે જ્યારે શરદીમાં પાછળ જાય છે. ભારતીય વાયુસેના તેના મુકાબલા માટે બિલકુલ તૈયાર છે.

શાંતિના સમયમાં પણ જવાનોનાં મોત ચિંતાજનક છે. અકસ્માતો ઓછા કરવા જરૂરી પગલાં લેવાઈ રહ્યા છે. મ્યાનમારમાં થયેલા ઓપરેશનમાં એરફોર્સનો કોઈ રોલ ન હતો. કારણ કે મ્યાનમાર તરફથી વળતા પગલાંની કોઈ શક્યતા નહતી. એરબેઝ પર કોઈપણ પ્રકારની ટેરર સ્ટ્રાઈકને પહોંચી વળવા ૬ હજારથી વધુ એર વોરિયર ટ્રેન કર્યા છે. સર્જિકલ સ્ટ્રાઈકમાં ગ્રાઉન્ડ ફોર્સનો નિર્ણય સરકારનો હતો. એરફોર્સ કોઈપણ ઓપરેશન માટે તૈયાર છે.

# ઘૂસણખોરી કરનાર પાક. મહિલાને BSFએ ઠાર કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

દેરા બાબા નાનક ક્ષેત્રમાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદ પાસે બીએસએફ દ્વારા એક પાકિસ્તાની મહિલાને ઠાર કરવામાં આવી છે. જ્યારે તે ભારતીય પ્રદેશમાં ઘૂસણખોરી કરી રહી હતી, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. બીએસએફની પેટ્રોલ ટીમે બુધવારે રાત્રે ધાનિયાની ચોકી પાસે આવેલી વાડ પાસે કેટલીક શંકાસ્પદ હિલચાલ થતાં જોઈ હતી. મહિલાએ તેમની ચેતવણીઓની ઉપેક્ષા કરી અને તેમની તરફ આગળ વધતી રહી. ત્યારબાદ આ પાકિસ્તાની મહિલાને ઠાર કરવામાં આવી હતી. હજુ સુધી આ મહિલાની ઓળખ થઈ શકી નથી. અધિકારીઓએ જણાવ્યું કે, પાકિસ્તાની રેન્જરોએ મહિલાના શબને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ત્યારબાદ અંતિમ સંસ્કાર માટે મહિલાના શબને દેરા બાબા નાનક પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

# બ્રિટિશ લેખક કાઝુઓ ઈશીગુરોને સાહિત્યનું નોબેલ પારિતોષિક

(એજન્સી) સ્ટોહોમ, તા. ૫

બ્રિટનના લેખક કાઝુઓ ઈશીગુરોને વર્ષ ૨૦૧૭ માટેના સાહિત્યના નોબેલ પારીતોષક માટેની પસંદગી થઈ છે. ગુરુવારે આની જાહેરાત કરવામા આવે. બ્રિટિશ અખબાર ગાર્ડિયનની એક ખબર અનુસાર, નોબેલ પ્રાઈઝ એનાયત કરનાર સ્વીડીશ એકેડમીએ ઈશીગુરોની નવલકથાને ભાવાનાત્મકની મહાન તાકાત ગણાવી. આ વર્ષના સાહિત્ય માટે માગ્રેટ એટવેડ, ગુગી વા થિયોગ અને હારૂકી મુરાકામી જેવા નામો ચર્ચામાં હતા. ઈશિગુરોએ ધ રિમેન્સ ઓફ ધ ડે, અને નેવર લેટ મી ગો જેવી મશહૂર નવલકથાઓ લખી છે. અકાદમીએ તેમને વિશે કહ્યું કે તેઓ ખૂબ સાવધાની અને સંયમથી લખે છે પરંતુ જે કંઈ પણ લખવા માંગે છે તે પુરી આઝાદીથી લખે છે. ૨૦૧૭નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક જીતનાર ઈશીગુરોએ તેને એક 'ભવ્ય સન્માન' ગણાવ્યું. આ પહેલા ગુરૂત્વાકર્ષણના તરંગોની શોધ કરનાર ત્રણ અમેરિકી વૈજ્ઞાનિકો- બૈરી બેરિશ, કિપ થોર્ન અને રેનર વેસેને આ વર્ષનું ફિઝિક્સનું નોબેલ મળ્યું હતું. થોર્ન અને વેસે પ્રતિષ્ઠિત કૈલિફોર્નિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં સંયુક્ત રીતે ગ્રેવિટેશનલ વેબ ઓબ્ઝર્વેટરી બનાવી હતી. તે પછી બેરિશે આ યોજનાને અંતિમ ઓપ આપ્યો. આ સંસ્થાએ ૧૯૦૧માં નોબેલ પુરસ્કારની શરૂઆત કર્યા બાદ કુલ અઢાર વાર આ પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કર્યો છે. લગભગ ૧.૩ અબજ પ્રકાશવર્ષ દૂર સર્જાયેલા ઘટનાક્રમના પરિણામસ્વરૂપે પહેલી વાર ગુરૂત્વ તરંગોની પ્રત્યક્ષ સાબિતી મળી હતી. પુરસ્કાર એનાયત કરનાર અકાદમીએ કહ્યું કે પૃથ્વી પર જ્યારે તરંગો પહોંચ્યાં ત્યારે તે ખૂબ નબળા હતા પરંતુ ખગોળવિજ્ઞાનમાં આ બહુ મોટી સિદ્ધી છે.

# ગૌરી લંકેશની હત્યા વિરૂદ્ધ ફરી એકવાર પ્રદર્શન

પુષ્પોને કચડીને વસંતને નહીં રોકી શકો : પ્રદર્શનકારીઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

વરિષ્ઠ પત્રકાર ગૌરી લંકેશની હત્યાને એક માસ થઈ ગયો છે. પરંતુ હત્યાને લઈને વિરોધ પ્રદર્શનો હજુ જારી છે. આજે રાજધાની દિલ્હીમાં અનેક સામાજિક અને માનવાધિકાર કાર્યકર્તાઓ, પત્રકારો અને વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કરી હત્યારાઓની ધરપકડની માંગ કરી હતી. પ્રદર્શન દરમ્યાન સામજિક કાર્યકર્તા કમલા ભસીને કહ્યું કે અમે હિંસા વિરૂદ્ધ પ્રેમ અને સદ્ભાવ માટે અહીં એકત્રિત થયા છે. અમે હત્યારાઓને એ સંદેશ આપવા આવ્યા છીએ કે ગૌરીની હત્યા અમને ચૂપ નહીં કરાવી શકે.

''રૌંદ સકતે હો તુમ ફૂલ સારે ચમન કે, પર બહારોં કા આના નહીં રોક સકતે'' આ પંક્તિઓ સાથે કમલા ભસીને કહ્યું કે 'અહીં ઉપસ્થિત તમામ પ્રદર્શનકારીઓ ગૌરી લંકેશ બનશે. અમે કોઈપણ પક્ષ દ્વારા કરવામાં આવેલી હિંસાની વિરૂદ્ધ છીએ.''

હજારો પ્રદર્શનકર્તાઓ સાથે તિસ્તા સેતલવાડ, અગ્નિ રાજા, પ્રોફેસર અપૂર્વાનંદ, નંદિતા નારાયણ, હર્ષ મંદર, પ્રશાંત ભૂષણ અને પ્રભાત પટનાયક જેવા સરાકત કાર્યકર્તાઓ પણ જોડાયા હતા.

તિસ્તા સેતલવાડે કહ્યું કે કર્ણાટક સરકારે તપાસ સ્વતંત્રરૂપે અને કોઈ વિલંબ વિના થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. દક્ષિણપંથી સમુદાય જે સ્વતંત્ર રીતે હિંસા અને તિરસ્કારની સંસ્કૃતિને પ્રોત્સાહિત કરી રહ્યો છે. તેઓ હવે ખુલ્લા પડ્યા છે.

સેતલવાડે જણાવ્યું હતું કે આ એક રાષ્ટ્રીય મુદ્દો બની ચૂક્યો છે તેથી અમે દિલ્હીમાં વિરોધ કરી રહ્યા છે. સમગ્ર દેશમાં ભય અને નફરતને યોગ્ય કરાર આપવામાં આવી રહ્યો છે. ટોળા દ્વારા થતી હિંસા અને હત્યાઓની ઘટના સામાન્ય બની ગઈ છે. તેથી અમે ગૃહમંત્રી સમક્ષ માગણી કરી રહ્યા છીએ કે તે રાષ્ટ્રીય સ્તર પર સ્પષ્ટપણે સંદેશ આપે કે રસ્તાઓ પર નફરત અને ભય પેદા કરનારી રાજનીતિ સહન કરવામાં આવશે નહીં અને સંવિધાન અને ન્યાયનું શાસન હશે. જો આ પ્રકારે ગૃહમંત્રાલય તરફથી સંદેશ પ્રસારિત થશે તો અમારૂં માનવું છે કે પ્રકારની ઘટનાઓમાં ઘટાડો જોવા મળશે.

આ વિરોધ પ્રદર્શન અનેક સંસ્થાઓએ મળીને યોજયું હતું. જેમાં સ્વરાજ અભિયાન કેન્દ્રીય ભારતીય વ્યપાર સંઘ, પ્રગતિશીલ મહિલા સંગઠન, જનસંઘર્ષ મંચ હરિયાણા, ભારતીય લોકતાંત્રિક યુવા સંઘ, પ્રોગ્રેસીવ ડેમોક્રેટિક સ્ટુડન્ટ યુનિયન, ફોરમ અગેન્સ્ટ એસોસિએશન ઓફ ગૌરી લંકેશ, જે.એન.યુ. છાત્ર સંઘ સહિત અન્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

# ભારતીય બંધારણમાં બિનસાંપ્રદાયિકતા કેવી રીતે અને શા કારણે

બિનસાંપ્રદાયિકતા પરની કોઈપણ ચર્ચા કરતા પહેલા બે મૂળભૂત બાબતો પ્રકાશ પાડવો જરૂરી છે. પ્રથમ તો બિનસાંપ્રદાયિકતાનું આપણી ભાષાઓમાં કોઈ પર્યાય નથી. જેવી રીતે યુદ્ધનો વિરોધાર્થી શબ્દ શાંતિ છે. સામાન્ય રીતે ભારતના સંદર્ભમાં બિનસાંપ્રદાયિકતાને તેના વિરોધી શબ્દ કોમવાદથી સમજાય છે. જ્યારે પશ્ચિમના દેશોના સંદર્ભમાં તેના વિરોધી દેવી દેવતાઓનો સ્થાપેલો દેશ થાય છે. બીજું કે બિનસાંપ્રદાયિકતા શબ્દ જ્યારથી બંધારણ અમલમાં આવ્યું ત્યારથી તેની પ્રસ્તાવનામાં કોઈપણ જગ્યાએ તેનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. પ્રસ્તાવનામાં તેનો સમાવેશ વિવાદાસ્પદ ૪૨માં બંધારણ ક્ષતિ-સુધારામાં કટોકટી દરમ્યાન ૩ જાન્યુઆરી ૧૯૭૭માં કરવામાં આવ્યો. આ જાણવું ખૂબ જ રસપ્રદ જણાશે કે પ્રસ્તાવનાનો સમાવેશ બંધારણ અમલમાં આવ્યું ત્યારે થયેલો ન હતો જો કે બંધારણની શરૂઆતમાં જ પ્રસ્તાવના જોવા મળે છે. બંધારણ સભામાં બંધારણના પ્રથમ વાંચન પછી છેલ્લે રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તાવના સ્વીકારવા માટેનો પ્રસ્તાવ ૧૭મી ઓકટોબર ૧૯૪૯માં મુકવામાં આવ્યો એવું સૂચન કરવામાં આવ્યું હતું. ડ્રાફટીંગ કમિટી તેના ફાઈનલ અહેવાલ સદનમાં રજૂ કરે ત્યારે નવેમ્બર મહિનામાં જ્યારે બંધારણસભા ત્રીજી વખત બંધારણનું વાંચન કરે ત્યારે ચર્ચા દરમ્યાન પ્રસ્તાનાને પણ લઈ લેવામાં આવે. મૌલાના હસરત અલી મોહાનીએ વિરોધ નોંધાવ્યો હતો કે બંધારણના પ્રથમ વાંચન વખતે જ પ્રસ્તાવનાનો ખરડો પસાર કરવામાં આવે તેને મુલ્તવી ન રાખવા માટે જણાવ્યું. કે.એમ. મુન્શીએ તેમને સાથે આપ્યો હતો. મૌલાના હસરત મોહાનીએ હાસ્યાસ્પદ ટિપ્પણી કરતા કહ્યું હું મારા જીવનમાં એક વખત હું મૌલાના સાહેબને સાથ આપુ છું !

રાષ્ટ્રપતિએ આદેશ આપ્યો કે પ્રસ્તાવના તે જ દિવસે પસાર થવી જોઈએ જ્યારે બંધારણનું બીજીવાર વાંચન કરવામાં આવે અને ત્યાર પછી પણ તેનો બહિષ્કાર કરવો તો કરી શકાશે દેખીતી રીતે દબાણ કામ કરી ગયું અને ૩ જૂન ૧૯૪૭ના દિવસે લોર્ડ માઉન્ટ બેટને જાહેરાત કરી કે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭થી બે સ્વતંત્ર રાજ્યો અસ્તિત્વમાં આવી રહ્યાં છે.

૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે બંધારણીય સભા પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે સદનમાં મહાત્મા ગાંધીને આ શબ્દોમાં યાદ કરતાં જણાવ્યું કે ચાલો આપણે મહાત્મા ગાંધી પ્રત્યે આપણો પ્રેમ અને આદરભાવ વ્યક્ત કરી છીએ જે આપણા માટે અત્યાર સુધી દીવાદાંડી જેવા આપણા માર્ગદર્શક અને ફિલસૂફ છેલ્લા ૩૦ વર્ષો કરતા પણ વધુ સમય દરમ્યાન રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે આપણે ભારતના બધા લઘુમતી સમુદાયોને ખાતરી આપીએ છીએ કે તેઓને નિષ્પક્ષ તટસ્થ ન્યાય આપવામાં આવશે. તેમના પ્રત્યે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં. તેમનો ધર્મ, તેમની સંસ્કૃતિ અને તેમની ભાષા સલામત છે અને તેઓ નાગરિકતાના બધા જ હક્કો અને વિશિષ્ટ અધિકારો ભોગવી શકશે. ડૉ. રાજેન્દ્રપ્રસાદે આ શબ્દો બંધારણસભાના સદનમાં કહ્યા હતા. તે વખતે તેઓ ગાંધીજીના સર્વધર્મ સમભાવના સૂત્રથી પ્રભાવિત થયેલા હતા. બંધારણની કલમ-૧૫ પ્રમાણે કોઈપણ નાગરિક પ્રત્યે જાતિ, ધર્મ અને ભાષા પર આધારિત કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં. બધી જ વ્યક્તિઓ સ્વતંત્ર છે તેઓ પોતાનો ધર્મ પાળી શકે છે તેનો પ્રચાર કરી શકે છે. જ્યારે દેશમાં બંધારણ અમલમાં આવ્યું ત્યારથી ૧૯૫૦ સુધી કશું જ બન્યુ નહીં પરંતુ ૧૯૭૭માં કટોકટી દરમ્યાન બિનસાંપ્રદાયિકતા શબ્દનું એકીકરણ કરવામાં આવ્યું.

નહેરૂએ ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે બંધારણ-સભાના સભ્યોને જણાવ્યું હતું કે ભારતની સેવા એટલે લાખો લોકો જેઓ ગરીબાઈમાં સપડાયેલા છે. તેમની સેવા તેનો અર્થ ગરીબાઈ અને અજ્ઞાનતાને દૂર કરવા અને બધા માટે સમાન તકો.

વિરોધાભાસી શબ્દ બિનસાંપ્રદાયિકને પ્રસ્તાવનામાં સ્થાન મળ્યું તેના પરિણામે ૪૨માં સુધારાને કારણે ઘણા તકસાધુ રાજકારણીઓએ બિનસાંપ્રદાયિકતા અને કોમવાદ ભાગલાવાદી નિતી અને ઉગ્ર ચર્ચાઓ શરૂ કરી દીધી આ જાગૃતિથી દેશે શું જોયું ? બાબરી મસ્જિદની શહીદી મુંબઈમાં કોમવાદી મોટી કત્લેઆમ ત્યારપછી ગુજરાતના નિર્દય હત્યાકાંડ અને ત્યારપછી તાજેતરના મુઝફ્ફરનગરના કોમી તોફાનો ખરેખર સાચી સમસ્યાઓ લોકોને ગરીબાઈ, શોષણ, ભૂખ, બેરોજગારી, નિરક્ષરતામાંથી ઉગારવાના છે. લૂંટ જંગલોનો વિનાશ અને વસ્તી વિસ્ફોટ જેવી સમસ્યાઓ બાજુ પર થઈ ગઈ છે તેવી જ રીતે રાજકારણનું અપરાધીકરણ અને ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓ પણ બાજુએ જતી રહી છે.

**- રવિકિરણ જૈન**

(સૌ.: સબરંગ ઈન્ડિયા.ઈન)

# મસ્જિદ પર હુમલા મુદ્દે નોઈડામાં બેની અટકાયત બાદ મસ્જિદ કમિટી અઝાનના માઈકનો અવાજ ધીમો કરવા તૈયાર

નોઈડા, તા. ૫

મંગળવારે નોઈડાની એક મસ્જિદ પર હુમલો કરવાના આરોપમાં બે આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા અને બાદમાં જિલ્લા તંત્રે લોકોની સાથે અઝાન માટે વપરાતા માઈક મુદ્દે ઊભા થયેલા વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે બંને સમુદાયોની સાથે બેઠક કરી હતી. નોઈડા એક્સપ્રેસવેથી બે કિલોમીટર દૂર આવેલા સેક્ટર ૧૬૮માં શિવ નદાર શાળા નજીક આવેલા છપરૌલી બાંગર ગામમાં નૂરી મસ્જિદના પ્રાંગણમાં સવારે ૯.૦૦ વાગ્યાની આસપાસ ૪૦-૫૦ હુમલાખોરો ઘુસી આવ્યા હતા. સ્થાનિક મસ્જિદના ઈમામને પણ માર મારવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, ગત શુક્રવારે નમાઝ માટે ઘણા લોકો એકઠા થયા હતા અને રોડની વચ્ચે વાહનો પાર્ક કરી દીધા હતા. આ બાબતની નોંધ સ્થાનિક લોકોએ લીધી હતી અને સોમવારે બંને સમુદાયોના લોકોની બેઠક બોલાવી હતી. પરંતુ લઘુમતી સમુદાયના લોકો વધુ હુમલાની બીકે બેઠકથી દૂર રહ્યા હતા. ગત વર્ષે આ બેઠકમાં સામેલ થયેલા મસ્જિદના ઈમામ ઝૈનુદ્દીન અલ-હુસૈનીએ કહ્યું કે, તેઓ તેમના નાના ભાઈ મસ્જિદમાં બનેલા આરામ કરવાના રૂમમાં બેઠા હતા ત્યારે ટોળા આવી ગયા હતા. તેઓ અમને પૂછવા લાગ્યા કે, શા માટે તમે નમાઝ માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરો છો. તેઓએ મારા ભાઈને કોલર પકડીને થોડી મિનિટો સુધી લાફા મારતા રહ્યા. અમે જ્યારે મદદ માટે પાડોશીઓને બોલાવ્યા ત્યારે તેઓએ પીછેહટ કરી પરંતુ રેસ્ટ રૂમ પર પથ્થરમારો કર્યો જેનાથી મસ્જિદના કેટલાક કાચ તૂટી ગયા હતા. જોકે, મસ્જિદને કોઈ વધુ નુકસાન થયું નહોતું. જોકે, પોલીસ આવે તે પહેલા ટોળું ત્યાંથી ભાગી છૂટ્યું હતું.

બાદમાં પોલીસે જાણીજોઈને શાંતિનો ભંગ કરવા બદલ ફરિયાદ નોંધી હતી. મંગળવારે સાંજે સ્થાનિક ઓમ દત્ત અને સુરેન્દ્રને પોલીસે પકડી પાડ્યા હતા. બાદમા નોઈડા શહેરના કલેક્ટર મહેન્દ્રસિંહ અને સર્કલ ઓફિસર અભિનંદને બંને સમુદાયના લોકો સાથે બેઠક કરી હતી. આરોપી સુરેન્દ્ર ચૌહાણ પણ આ બેઠકમાં હાજર રહ્યો હતો જેણે કહ્યું કે, નમાઝ માટેના લાઉડ સ્પીકરનો અમે વિરોધ કર્યો હતો. તેણે કહ્યું કે, શુક્રવારે નમાઝના સમયે લોકો મોટી સંખ્યામાં રોડ પર વાહનો મુકી ટ્રાફિક જામ કરે છે. બાદમાં લઘુમતી સમુદાયે વિસ્તારમાં કાયદો વ્યવસ્થા લાગુ કરવા માટે પોલીસ સુરક્ષાની માગ કરી હતી. સર્કલ ઓફિસર અભિનંદને જણાવ્યું હતું કે, ગામમાં શાંતિભંગ કરનારાઓને અમે ચેતવણી આપી હતી. આ ગામમાં આશરે ૨૦૦૦ મકાનો છે. મૌલાનાએ જણાવ્યું હતું કે, શુક્રવારે આસપાસમાં નોકરીઓ કરતા લોકો નમાઝ પઢવા માટે આવે છે જેના કારણે મસ્જિદમાં ૧૦૦૦-૧૫૦૦૦ લોકો એકઠા થઈ જાય છે. છાતીમાં દુખાવાને કારણે મસ્જિદ કમિટીના સભ્ય કલ્લુખાન બેઠકમાં હાજર રહી શક્યા નહોતા.

# ભાજપ અરૂણ શૌરીને કદાચ વખોડી કાઢશે પરંતુ મંદીમાં સપડાયેલ અર્થતંત્રએ નરેન્દ્ર મોદીના નોટબંધી અને GSTના પરપોટાને ફોડી નાખ્યો છે

## નક્કર આંકડાઓ સાથે દેશની આર્થિક નીતિની થઈ રહેલી ટીકાઓ હવે વધુને વધુ વિશ્વસનીય જણાય છે

(એજન્સી) તા.૫

પૂર્વ કેન્દ્રીય પ્રધાન અરૂણ શૌરીએ નોટબંધીના નિર્ણયને અત્યાર સુધીની કાળાનાણાંને સફેદ કરવાની સૌથી મોટી મની લોંડરીંગ સ્કિમ ગણાવીને આ નિર્ણય મૂર્ખામીપૂર્ણ આંચકારુપ હતો એવું જણાવ્યું છે. નોટબંધીના બચાવમાં સરકાર દ્વારા કરવામાં આવેલી કઈ દલીલ આજે ટકી શકે તેમ છે ? કાળુંનાણું ? કાળુંનાણું તો બધુ સફેદ થઈ ગયું. આતંકવાદ ?આતંકવાદીઓ હજુ પણ ભારત આવી રહ્યા છે અને અંતે તેમને કશું કહેવાનું નથી એવું શૌરીએ ઉમેર્યું હતું.

થોડા સમય પહેલા એવો સમય હતો જ્યારે નોટબંધી એ સૈદ્ધાંતિક અને વ્યવહારું બંને રીતે તદ્દલખી અરમાન છે એ વાત લોકોના ગળે ઉતરતા નાકે દમ આવી જતો હતો. તેનું કારણ એ છે કે મોટા ભાગના ભારતીયોમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્યારેય કશું ખોટું કરી શકે નહીં અને તેથી નોટબંધી એ ક્ષતિયુક્ત નિર્ણય હતો એ વાત સમર્થકોને ગળે ઉતરતી ન હતી. લોકોને અનેક હાડમારી પડવા છતાં તેઓ મોદીની પડખે ઊભા રહ્યા હતા કારણ કે તેમનામાં એવી માન્યતા હતી કે જો મોદીએ નોટબંધીનો નિર્ણય લીધો છે તો તે ચોક્કસપણે સારો જ હશે.

પરંતુ હવે આ ટીકાના સમર્થનમાં સંગીન આંકડાઓ પણ આપવામાં આવી રહ્યા છે. અરૂણ શૌરીએ દલીલ કરી તેમ GST ત્રણ વર્ષમાં ૫.૭ ટકા સુધી ગગડી ગઈ છે તેનો કોણ ઈન્કાર કરી શકે તેમ છે ? રોજગારનો અભાવ છે એ વાતને કોણ નકારી શકે તેમ છે ? ભાજપ કદાચ અરૂણ શૌરીના આક્ષેપોને ફગાવી દેશે પરંતુ મંદીમાં સપડાયેલ અર્થતંત્ર એક વાત ચોક્કસપણે દર્શાવે છે કે નરેન્દ્ર મોદીનો નોટબંધી અને GSTનો પરપોટો હવે ફૂટી રહ્યો છે. હાલ નોટબંધી અને GSTનો નક્કર આંકડાઓ સાથે વિરોધ થઈ રહ્યો છે એટલે હવે આવી વાતો મોદી વિરોધ વલણ છે તેના બદલે વધુને વધુ આવી વાતો વિશ્વસનીય જણાય છે. સરકારે વાસ્તવમાં ભારતીય અર્થતંત્ર શા માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે એ સમજાવવા નક્કર દલીલો રજૂ કરવી પડશે.

(સૌ. : ફર્સ્ટપોસ્ટ.કોમ)

# દુર્ગાપૂજા રણનીતિને કારણે મમતાને ભાજપ ઉપર જંગી રાજકીય લાભ

## પ.બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીને દુર્ગાપૂજા દ્વારા પોતાને બંગાળ પરંપરાના રક્ષક તરીકે પેશ કરવાની તક પૂરી પાડી હતી

(એજન્સી) તા.૫

પ્રતિકવાદ એ રાજકારણમાં સૌથી શક્તિશાળી બળ છે. પાકિસ્તાન સાથેના ૧૯૭૧ના યુદ્ધમાં ભારતના વિજય બાદ અટલબિહારી વાજપેયીએ ઈંદિરા ગાંધીને મા દુર્ગા તરીકે ગણાવ્યા હતા. આજે ચાર દાયકા બાદ વાજપેયીએ પોતાના હરીફ માટે જે રાજકીય ઈમેજ દર્શાવી હતી તેની નિકટ જવાનો પ્રયત્ન મમતા બેનરજી કરી રહ્યા છે.

૨૦૧૧માં સત્તારુઢ થયા બાદ તૃણમૂલ કોંગ્રેસના વડાએ હંમેશા બંગાળી પરંપરાઓ-ધાર્મિક અને રાજકીય બંનેને પોતાનું સમર્થન આપ્યું છે. ખાસ કરીને રાજ્યના સૌથી મહત્વના મહોત્સવ દુર્ગા પૂજા પર તેમણે ધ્યાન આપ્યું છે. પૂજા બંગાળના મુખ્યપ્રધાનને બંગાળી પરંપરાના રક્ષક રાજ્યની ઉદાર ધાર્મિક સંસ્કૃતિના રક્ષક તરીકે પેશ કરવાની એક અનન્ય તક પૂરી પાડે છે.

આવી ઈમેજ હાંસલ કરવા મમતા બેનરજીએ ઘણું બધું કર્યું છે. તેમણે દુર્ગા પૂજાની વ્યૂહરચના એવી રીતે ઘડી હતી કે તેનું મૂલ્ય ઘણું બધું વધી ગયું હતું. મુખ્યપ્રધાન પ્લેટફોર્મ પર ચડીને દુર્ગાની પ્રતિમાની આંખો દોરે છે એ દ્રશ્યની કલ્પના કરો તો જીવનની નજીક આ એક પ્રતિકાત્મક કામગીરી હોય એવું લાગે છે. મમતા બેનરજીએ મારકી સમુદાયની કેટલીક પૂજાઓનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. પ્રત્યેક ઉદ્ઘાટનમાં તેમણે પોતાની લાક્ષણિક અદામાં કોમી એખલાસ માટે સંક્ષિપ્તમાં વક્તવ્ય રજૂ કર્યું હતું અને બંગાળમાં વિદેશી સંસ્કૃતિ આયાત કરવા બદલ ભાજપની ઝાટકણી કાઢી હતી.

તેમણે એક અગ્રણી સામુદાયિક પૂજા માટે વિષયવસ્તુ ગીતના શબ્દો લખ્યા હતા અને તેની ટ્યૂન સેટ કરી હતી. આ ગીત શ્રેયા ઘોષાલ દ્વારા ગાવામાં આવ્યું હતું. પૂજા પૂર્વે મુખ્યપ્રધાન દ્વારા લેખિત કેટલાક ગીતોની સીડી પણ જારી કરવામાં આવી હતી. ઘણા સમુદાયના પૂજા પંડાલમાં આ ગીતો વગાડવામાં આવતા હતા. ઘણા પંડાલની બહાર તેમની આદમ કદની પ્રતિકૃતિઓ પણ મૂકવામાં આવી હતી. અભિગમ સુક્ષ્મ પરંતુ ઈરાદો સ્પષ્ટ હતો જે પંડાલની અંદર મહિલા શક્તિના પ્રતિકસમાન હતી.

આમ દુર્ગાપૂજા સાથે આત્મસાત થઈ જવાની મમતા બેનરજીની વ્યૂહરચનાને કારણે તેમને ભાજપ સામે મોટો રાજકીય ફાયદો થયો છે. આ ઉપરાંત મોહર્રમના કારણે દુર્ગા વિસર્જન પર છેડાયેલા વિવાદ અને અદાલતના ચુકાદાના પગલે તેમણે એક એવી પણ છાપ ઊભી કરી હતી કે લઘુમતી સમુદાયના હિત માટે તેઓ કોઈ પણ હદે જઈ શકે છે.

# હાદિયા મામલે કેરળના મુખ્ય પ્રધાનને પ્રો.અકીલનો પત્ર : હિન્દુત્વનાં મૂળિયા તપાસો

## કોલંબિયા યુનિવર્સિટીમાં કાર્યરત જાણીતા ફિલોસોફર અકીલના સરકાર પર ચાબખા

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

બહુ ચર્ચિત હાદિયા કેસ અંગે જાણીતા ફિલોસોફર અને તાજેતરમાં જ કેરળની સરકાર દ્વારા બહુમાન પામેલા પ્રોફેસર અકીલ બિલગ્રામીએ કેરળના મુખ્યમંત્રીને ખુલ્લો પત્ર લખ્યો છે. બિલગ્રામીએ કેરળના મુખ્યમંત્રીને પત્ર લખી હાદિયા મામલે હસ્તક્ષેપ કરવાની માગ કરી હતી. બંધારણ પ્રમાણે હાદિયાને પોતાની મરજીથી ધર્મ પરિવર્તન કરવાનો અને પસંદગીથી લગ્ન કરવાનો પુરો અધિકાર છે. પણ હાદિયાના કેસમાં આ અધિકારોનો ભંગ થતો જણાય છે. હાદિયાની કનડગત પાછળ હિન્દુત્વનો

એજન્ડા કામ કરી રહ્યો છે. જેનો મજબૂત વિરોધ કરવાની જરૂર છે. બિલગ્રામીએ જણાવ્યું હતું કે હાદિયા કેસમાં એનઆઈએનો પણ દુરુપયોગ કરાયો હોવાનું જણાય છે. બંધારણ પ્રમાણે વર્તવા ભારત દેશ કટિબદ્ધ છે. કેરળ સરકાર પણ બંધારણ મુજબ વર્તે. તમે આ રીતે દોરી સંચાર કરી શકો નહીં. જેથી હું કેરળના મુખ્યમંત્રીને માંગ કરું છું કે તેઓ આ અંગે પોતાનો મત વ્યક્ત કરી સમગ્ર મામલે હસ્તક્ષેપ કરે. મુખ્યમંત્રી તરીકે તમે હાદિયાને સમર્થન કરી શકો છો કેમ કે તે બંધારણના દાયરામાં છે.

કોલંબિયા યુનિ. ખાતે કાર્યરત પ્રો.બિલગ્રામીએ હિન્દુત્વના મૂળિયા તપાસવા પણ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે કેરળની હાદિયાએ પોતાની મરજીથી ધર્મ પરિવર્તન કરી મુસ્લિમ યુવક સાથે લગ્ન કર્યા હતાં પણ કટ્ટરવાદી જૂથો અને હાદિયાનાં માતા-પિતાએ આ લગ્નને લવ-જેહાદ ગણાવી હાઈકોર્ટમાં અરજી કરતાં કોર્ટે લગ્ન રદ કર્યા હતા. જો કે સુપ્રીમ કોર્ટે વડી અદાલતના આવા વલણની સ્પષ્ટતા માંગી હતી.

# વિશ્વમાં 'સેલ્ફી ડેથ'ની કુલ ઘટનાઓમાં ૬૦ ટકા ભારતમાં

## મુંબઈમાં ૧૬ સ્થળો પર સેલ્ફી સામે મનાઈ ● તંત્રના અનેક પ્રયાસો છતાં લોકો જોખમી સેલ્ફી લેતાં અટકતા નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ઝડપથી પસાર થતી ટ્રેન સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં બેંગ્લુરૂમાં ત્રણ છોકરાઓ મોતને ભેટ્યા હતા. ટ્રેક પર ઊભા રહી પરફેક્ટ ફોટો લેવાનું જોખમ મોતમાં પરિણમ્યું હતું. બીજી એક ઘટનામાં આવી જ એક સેલ્ફી લેવાની ઘેલછામાં ૧૮ વર્ષીય યુવકે પોતાનો જાન ગુમાવ્યો હતો.

ધ ઈન્ડિપેન્ડેન્ટ યુકેના એક અહેવાલ મુજબ માર્ચ ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી સેલ્ફીની લ્હાયમાં અનેક મોતો થયા હતા. કારનેજ મેલન યુનિ. અને ઈન્દ્રપ્રસ્થ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન દિલ્હી દ્વારા તૈયાર કરાયેલા એક વિસ્તૃત અહેવાલ મુજબ માર્ચ ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી વિશ્વમાં ૧૨૭ 'સેલ્ફી ડેથ' થઈ હતી. જેમાંથી ૭૬ ઘટના ભારતમાં બની હતી. ભારતમાં સેલ્ફી ડેથની ઘટનાઓમાં પોતાનો વધુ સારો પોઝ લેવાના ચક્કરમાં જાન ગુમાવ્યો હતો. ભારતમાં સેલ્ફી ડેથનું પ્રમાણ વધતાં દેશના પ્રવાસન મંત્રાલયને પર્યટન સ્થળો પર 'નો સેલ્ફી'ની નોટિસવાળા બોર્ડ લગાવવા પડ્યા હતા. મુંબઈમાં બાન્દ્રા અને વરલી સહિત ૧૬ સ્થળો પર સેલ્ફી લેવાની મનાઈ ફરમાવાઈ છે તેમ છતાં લોકો

સેલ્ફી લેતાં અટકતા નથી અને દુર્ભાગ્યે મોતને ભેટે છે. કેટલાક કિસ્સામાં સેલ્ફી ડેથની આવી ઘટના સોશિયલ મીડિયા પર વીડિયો સ્વરૂપે વાયરલ થઈ જાય છે. કેટલાક કેસમાં મિત્રો પોતાની મસ્તીમાં એટલા મસ્ત હોય છે કે બાજુમાં પોતાનો મિત્ર મરી રહ્યો હોવાનું પણ ભાન રહેતું નથી. ચાલુ માસની શરૂઆતમાં ૫૪ વર્ષીય વ્યક્તિનું મોત હાથી સાથે સેલ્ફી લેતી વખતે થયું હતું. એટલું જ નહીં માર્ગ અને વાહન વ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ પણ જાહેર માર્ગો પર ખાસ સૂચના લગાવવી પડી કે રસ્તાઓ વચ્ચે અને અસલામત સ્થળો પર સેલ્ફી લેવી નહીં. વિશ્વમાં સેલ્ફી ડેથના કુલ કેસ ૬૦ ટકા ઘટતાં ભારતમાં નોંધાઈ હતી.

# 'ટ્રોલ બ્રિગેડ' મને વિચલિત નહીં કરી શકે, પરિણામ જે પણ આવે, હું સત્ય બોલીશ : પ્રકાશ રાજ

(એજન્સી) તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર ટિપ્પણી કરવા બદલ ભાજપ સમર્થકો દ્વારા રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત અભિનેતા પ્રકાશ રાજને ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. આ વિષયે પ્રકાશ રાજે નિવેદન આપ્યું છે કે મને ટ્રોલ કરવાવાળા મને વિચલિત નહીં કરી શકે. પરિણામ જે પણ આવે જ્યારે પણ જરૂર પડશે ત્યારે હું સત્ય બોલીશ.

એક વર્તમાનપત્ર સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે દેશના એક જવાબદાર નાગરિક હોવાના કારણે તેમને પ્રધાનમંત્રીના મૌનથી દુઃખ થયું હતું. શું આ પાપ

છે? પ્રકાશ રાજે તેમને મોદી વિરોધી ગણાવનારાઓને કહ્યું હતું કે મને આ કહેવાનો અધિકાર છે. મને તે માટે મોદી વિરોધી કહેવાની તેમણે હિંમત કેવી રીતે કરી.

તેમણે આગળ કહ્યું હતું કે હું મોદી વિરોધી નથી. તેઓ બહુમતીથી ચૂંટાયેલા પ્રધાનમંત્રી છે. કેટલાક મુદ્દાઓ પર મારે તેમનાથી મતભેદ છે હું ઈમાનદાર હોવાની કિંમત ચૂકવી રહ્યો છું.

વાતચીત દરમિયાન જ્યારે પ્રકાશ રાજને પૂછવામાં આવ્યું કે શું તેઓ પોતાના આ નિવેદન દ્વારા રાજનીતિમાં પ્રવેશવા ઈચ્છે છે ત્યારે તેમણે કહ્યું કે મારી વાતોને ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. જો મને રાજનીતિમાં જોડાવવું હશે તો હું તમારા લોકો પાસે આવીને પોતાની ઈચ્છા વ્યક્ત કરી દઈશ.

પ્રકાશ રાજે પત્રકાર ગૌરી લંકેશની હત્યા મુદ્દે પ્રધાનમંત્રીના મૌન અંગે ટિપ્પણી કરતા કહ્યું હતું કે ગૌરી લંકેશના હત્યારાઓ વિશે ખબર પડે કે ન પડે પરંતુ જે રીતે એક મોટો વર્ગ સોશિયલ મીડિયા પર તેમના મૃત્યુને ઉજવી રહ્યો છે તે ચિંતાજનક છે. આપણને ખબર છે કે આ લોકો કોણ છે અને તેમની શું વિચારધારા છે. આ લોકોમાંના કેટલાકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફોલો કરે છે. દેશ કઈ દિશામાં જઈ રહ્યો છે તે ચિંતાજનક છે. પ્રકાશ રાજના આ નિવેદન બદલ તેમની ટીકા થઈ રહી છે. તેમજ લખનઉ કોર્ટમાં તેમની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## ૧૪ દર્દીઓનાં મોતની તપાસમાં ખુલાસો

# BHU હોસ્પિટલમાં દર્દીઓ માટે ઈન્ડસ્ટ્રિયલ ગેસનો ઉપયોગ થયો હતો !!!

(એજન્સી) ગોરખપુર, તા.૫

ગોરખપુરના બીઆરડી હોસ્પિટલ બાદ હવે બનારસ હિન્દુ યુનિવર્સિટી અંદર સામાન્ય કરતાં વધુ થયેલ મોત બાદ તપાસમાં ખુલાસો થયો છે કે, હોસ્પિટલમાં ઈન્ડસ્ટ્રિયલ ગેસનો ઉપયોગ કરવામાં આવતો હતો.

સરકારની તપાસ રિપોર્ટમાં ભારે બેદરકારીની વાત સામે આવી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે, દર્દીઓને બેભાન કરવા માટે નિયમોનું ઉલ્લંઘન કરતાં ઈન્ડસ્ટ્રિયલ ગેસનો ઉપયોગ કરવામાં આવતો હતો. રિપોર્ટમાં જાણવા મળ્યું કે બીએચયુના હોસ્પિટલમાં

દર્દીઓને બેભાન કરવા માટે ઈન્ડસ્ટ્રિયલ ગેસનો ઉપયોગ કરવામાં આવતો હતો જે અયોગ્ય છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, આ ગેસના કારણે ૧૪ દર્દીઓના મોત નિપજ્યાં હતા. કોંગ્રેસ મીડિયા પ્રભારી રણદીપ સુરજેવાલાએ કહ્યું, ૧૮ જુલાઈના રોજ આપવામાં આવેલી રિપોર્ટે યોગી સરકારની પોલ ખોલી નાખી છે. યોગીજી અને સ્વાસ્થ્ય મંત્રી સિદ્ધાર્થનાથસિંહને પોતાના પદ પર યથાવત રહેવાનો અધિકાર નથી. હકીકત તો એ છે કે, યુપીને યોગીએ રોગી બનાવી દીધું છે. રણદીપ સુરજેવાલાએ એ પણ આરોપ લગાવ્યો છે કે, આ ઘટના પાછળ જે કંપની જવાબદાર છે, તેના માલિક ભાજપના ધારાસભ્ય હર્ષવર્ધન બાજપેયી છે. સુરજેવાલાએ આરોપ લગાવ્યો કે, બીએચયુ હોસ્પિટલમાં ગેસનો પુરવઠો અલ્હાબાદની ખાનગી કંપની પરેરહટ ઈન્ડસ્ટ્રિયલ એન્ટરપ્રાઈઝ પૂરો પાડે છે. આ કંપની પાસે મેડિકલ ગેસ બનાવવા કે વેચવાનું લાયસન્સ નથી. કંપનીના ડિરેક્ટર અશોકકુમાર વાજપેયી અને અલ્હાબાદના ભાજપ ધારાસભ્ય હર્ષવર્ધન વાજપેયી છે.

# કવિ સંમેલનમાં મોદીના વિદેશ પ્રવાસ અને GST પર વ્યંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

દેશમાં યોજાયેલા એક હિન્દી કવિ સંમેલનમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાજકારણ તેમજ વર્તમાન સ્થિતિ અંગે વ્યંગ કરતાં કાવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.

કવિ સંમેલનમાં રાજનેતાઓ અને ખાસ કરીને મોદી પર માર્મિક કટાક્ષ કરવામાં આવ્યા હતા. કવિ સંમેલનમાં એક કવિ દ્વારા વ્યંગ

કરવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ સાથે ચૂંટણી લડે તો નવાઈ નહીં. કવિએ મોદીના સતત વિદેશ પ્રવાસ પર પણ વ્યંગ કરતાં જણાવ્યું હતું કે જો મોદી ભારતમાં આવે તો તે ખૂબ મોટા સમાચાર બને છે. તેમણે વ્યંગાત્મક શૈલીમાં જણાવ્યું હતું કે અભણ વ્યક્તિ માટે રાજકારણમાં આવવું સહેલું છે એટલું જ નહીં, મોંઘવારી, જીએસટી, નોટબંધી સહિતની વર્તમાન સમસ્યાઓ પર પણ કટાક્ષ કરવામાં આવ્યો હતો.

### સુરતના અડાજણ વિસ્તારનો બનાવ

## સ્વીમિંગ પુલમાં ડૂબી જતાં કિશોરનું મોત : ત્રણ ઈન્સ્ટ્રક્ટરો સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૫

અડાજણ વિસ્તારના વીર સાવરકર તરણકુંડમાં ગત ઉનાળાના વેકેશન દરમિયાન ૧૫ વર્ષના ઓમનું ડૂબી જતા મોત નિપજ્યાની ઘટનાના છ મહિના બાદ મૃતક ઓમની માતાએ ત્રણ ઈન્સ્ટ્રક્ટરો સામે ફરજમાં લાપરવાહી અને નિષ્કાળજી દાખવવાની ફરિયાદ પોલીસ સમક્ષ નોંધાવી હતી. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના અડાજણ રોડ પરના એલ.પી.સવાણી સર્કલથી હનીપાર્ક રોડ તરફ જતા આવતી સ્વીટપાર્ક સોસાયટીના ઘર નં.બી-૩૦૩માં રહેતા જવનીકાબેન જીજ્ઞેશભાઈ વિનોદચંદ્ર મહેતા દ્વારા ગતરોજ અડાજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જવનીકાબેનનો ૧૫ વર્ષીય પુત્ર ઓમ ગત તા.૧૧-૪-૨૦૧૭ના રોજ અડાજણ વીરસાવરકર તરણકુંડમાં સ્વીમિંગ શીખવા માટે શીખાઉ બેચમાં ગયો હતો. સ્વીમિંગ શીખવા જનાર નવા છોકરાઓ માટેની અલગ બેચ સવારે ૧૦થી ૧૧ની વચ્ચે હોય છે. ઓમને સવારે નવ વાગ્યાની બેંચમાં એટલે કે, જે લોકો સ્વીમિંગ શીખેલા હોય તેમની સાથે પ્રવેશ આપી દેવાયો હતો. તેનું સ્વીમિંગ પુલના પાણીમાં ડૂબી જતા મોત નિપજ્યું હતું. સ્વીમિંગ ઈન્સ્ટ્રક્ટર કમલેશકુમાર વેણીવાલા, વિશાલ હરીલાલ ભગત, પ્રકાશચંદ્ર એન ગાંધી તમામ નોકરી એસએમસી સંચાલિત વીર સાવરકર તરણકુંડનાઓ દ્વારા પોતાની ફરજમાં નિષ્કાળજી અને બેદરકારી દાખવી હોવાથી અડાજણ પોલીસે ૩૦૪ (બી) ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સુરતમાં ઘરેથી ચાલવા નીકળેલા યુવકની હત્યા કરાયેલી લાશ મળી

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૫

શહેરના લિંબાયત વિસ્તારના નીલગીરી રેલવે ફાટક પાસેના રૂકમણીનગર નજીક અજાણ્યા વ્યકિતની હત્યા કરી, લાશને ફેંકી દઈ હત્યારો નાસી છૂટ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર લિંબાયતના રૂકમણીનગર રેલવે ફાટક પાસે બાબુ પાંડુના પાનના ગલ્લા નજીક ગતરાત્રિ દરમિયાન એક વ્યકિતની કરપીણ હત્યા કરવામાં આવી હતી. મરણજનાર વ્યકિત પંકજ ઉર્ફે સોનુ રામદાસ ધોબી (ઉ.વ.૨૮) હોવાનું બહાર આવવા પામ્યું છે. આ મૃતક યુવાન લિંબાયતના નિલગીરીના સાંઈકૃપા નગરના પ્લોટ નં.૯૨નો રહીશ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવવા પામ્યું છે. મૃતકની પત્ની મંગલાબેન (ઉ.વ.૨૬) દ્વારા લિંબાયત પોલીસ મથકે બનાવ અંગે પોતાના પતિની હત્યાની ફરિયાદ નોંધાવી હતી. ગત રાત્રે જમ્યા બાદ પંકજ ચાલવા માટે ઘરેથી નીકળ્યો હતો. જે આખી રાત ઘરે પાછો ન ફરતા તેની શોધખોળ કરવામાં આવી હતી. તે દરમિયાન આજે સવારે આર.ડી.ફાટક પાસેથી પંકજની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પંકજના માથામાં, ગળાના ભાગે તેમજ પીઠના ભાગે ઉપરાછાપરી ચાકુના ઘા મારવામાં આવ્યા હતા. બનાવ અંગે લિંબાયત પોલીસે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર જે સ્થળેથી મૃતકની લાશ મળી આવી હતી. ત્યાં નજીકમાં દારૂનો અડ્ડો ચાલે છે. જેથી પોલીસ દોડતી થઈ છે.

## ગૌરવ યાત્રા ટાણે કોડીનાર પધારેલ મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે સ્પોર્ટસ સંકુલ સ્ટેડિયમનું લોકાર્પણ

(સંવાદદાતા દ્વારા) કોડીનાર, તા.૫

ભારતીય જનતા પાર્ટી આયોજિત ગુજરાત ગૌરવ યાત્રા સાથે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ પ્રદેશ પ્રમુખ ગતરોજ મોડી સાંજે કોડીનાર ખાતે આવી પહોંચતા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કોડીનાર વેરાવળ ડ્રાઈવ રોડ ઉપર પેઠાવાડા ખાતેથી ૫૦૦ જેટલા મોટરસાઈકલ તેમજ ઘોડેશ્વર રાજપુત યુવાનોની રેલી સાથે કોડીનાર શહેરમાં ઠેર-ઠેર મુખ્યમંત્રીનું અદ્‌ભૂત સ્વાગત કરવામાં આવતા સમગ્ર કોડીનારમાં કેશરિયા માહોલ છવાઈ ગયો હતો. સૌ પ્રથમ વિજયભાઈ રૂપાણીના હસ્તે કોડીનાર નગરપાલિકા દ્વારા રૂા.૧૧ કરોડના ખર્ચે બનાવાયેલ સ્ટેડિયમ સ્પોર્ટસ સંકુલ લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવેલ. બાદ અત્રેના છારા ઝાંપા પાસે એક વિશાળ જનમેદનીને સંબોધન કર્યુ હતું. તેમાં વિશાળ જનમેદનીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત અને દેશના વિકાસ અંગેની વિસ્તૃત છણાવટ કરી હતી. જેમાં દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા વિકાસને જંજાવતી જોશીલો અને વેગવંતો ગણાવી ભાજપ સરકારને ગરીબો અને પીડિતોની સરકાર ગણાવી હતી. તેમજ ભૂતકાળની કોંગી સરકારે આકાશ, પાતાળ અને જમીન ઉપરથી કરેલા ભ્રષ્ટાચારની છણાવટ કરી હતી.

વધુમાં ખેડૂતો માટે જાહેરાત કરતા જણાવ્યું હતું કે ખેડૂતોને ૮ને બદલે ૧૦ કલાક વીજળી આપવા તેમજ રૂા.૯૦૦ના ટેકાના ભાવથી જેટલી હોય તેટલી મગફળી ખરીદવા તેમજ આ વર્ષે કપાસ પણ સારો પાક્યો છે. તેનો પણ સરકાર ટેકાનો ભાવ નક્કી કરશે પછી તેનાથી નીચા ભાવે નહીં ખરીદીને હોય તેટલો કપાસ પણ સરકાર ખરીદ કરશે તેવું જણાવ્યું હતું .

### પલસાણા પોલીસે તપાસ હાથ ધરી

## બિલ્ડર્સના આપઘાત પ્રકરણમાં દોઢ માસ બાદ પોલીસે ગુનો નોંધ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૫

પલસાણાના બલેશ્વરમાં ફાયનાન્સરોના ત્રાસથી રાધિકા બિલ્ડર્સના ભાગીદાર કમલેશ ભેસાલયાએ કરેલી આત્મહત્યાની ઘટનામાં દોઢ મહિના બાદ ફાયનાન્સરોની સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બલેશ્વર ગામના સુષ્ટિ એલીકેશ પ્રોજેક્ટની ઓફિસમાં ગત તા.૧૭-૮-૧૭ના રોજ બિલ્ડર કમલેશ ભેસાલયાએ ઝેરી દવા પી લીધી હતી. જેમનું બાદમાં ટુંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે મૃતક કમલેશભાઈએ પોતે સ્યુસાઈડ કરતા પહેલાં મોબાઈલ ફોનમાં ફાઈનાન્સરોના ત્રાસના કારણે પોતે આપઘાત કરતા હોવાની કેફિયત મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી હતી. જે આ ઘટનાની તપાસ કરી રહેલી પલસાણા પોલીસને મળી આવી હતી. જોકે ઘટના બાદ મૃતકની પત્ની અમિતાબેન કમલેશભાઈ ભેસાલયાએ આરોપી દેવુભાઈ મગનભાઈ વાવિયા, મગનભાઈ વાવિયા (અમર જ્વેલર્સ મીની બજારવાળા), નિલેશભાઈ સાકરિયા (ગોકુલમ આર્કેડ સરથાણા જકાતનાકા), બીપીનભાઈ કરમડિયા (ગોકુલમ આર્કેડ), તરંતભાઈ કઠરિયા, દેવશીભાઈ કથીરિયા તથા અન્ય લેણદારો વિરૂદ્ધ ફરિયાદ આપી હતી. આરોપીઓ પાસેથી મૃતક કમલેશભાઈ (રાધિકા બિલ્ડર્સ)એ ફાયનાન્સ લીધું હતું. આ રૂપિયાની ઉઘરાણી બાબતે લેણદારો ત્રાસ ગુજારતા હતા. જોકે મોબાઈલ ફોનમાં પુરાવાના આધારે પોલીસે ઘટનાના દોઢ માસ આરોપીઓ વિરૂદ્ધ પલસાણા પોલીસે ગુનો નોંધી પોસઈ બી.ડી.ગોહિલે તપાસ હાથ ધરી છે.

## સુરતના જ્વેલર્સમાં શોર્ટસર્કિટથી આગ

સુરત, તા.૫

આજે સવારે સૈયદપુરા વાવશેરી ખાતે કોલકાતા જ્વેલર્સમાં આગ લાગી હોવાનો મેસેજ મળતાની સાથે જ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે સાડા સાત વાગ્યાના સુમારે સૈયદપુરા વાવશેરી ખાતે જ્વેલર્સની દુકાનમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરના સ્ટાફે આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ અને પાણીથી કોલકાતા જ્વેલર્સમાં ફર્નિચર, સિલિંગ અને વાયરિંગને નુકસાન થયું હતું. કોલકાતા જ્વેલર્સના માલિક સુશાંત કર્માકરના જણાવ્યા અનુસાર કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી શોર્ટસર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

## સુરત : નોકરે ઘરમાંથી ૧.૧૦ લાખના દાગીના ચોર્યા

સુરત,તા.૫

મુગલીસરા આઈ.પી. મિશન સ્કૂલની પાછળ રહેલા વકીલના ઘરમાં કામ કરતા નોકર રૂા.૧.૧૦ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. પોલીસે સૂત્રોના જણાવ્યા મુજબ ૪૩ વર્ષીય અબ્દુલ હબીબ મોહમ્મદ આરીફ શેખના મકાનમાં છેલ્લા કેટલાય મહિનાઓથી ઘરકામ કરતા ઈરફાન (રહે.કોસાડ, આવાસ) ગત તા.૨૯મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યાથી સાંજના સાત વાગ્યા દરમિયાન ઘરમાં રહેલ ચાર તોલા સોનાનો રજવાડી ડિઝાઈનવાળો સેટ તથા સોનાની વીટી મળી હતી. કુલ રૂા.૧.૧૦ લાખની ચોરી કરી ગયો હતો. વકીલ અબ્દુલ હબીબ મોહમ્મદ આરીફ શેખને જાણ થતા તેઓએ તુરંત જ ઈરફાનની શોધખોળ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેનો કોઈ પત્તો ન લાગતા આખરે ચોકબજાર પોલીસને જાણ કરી હતી. જેથી પીએસઆઈ ગઢવીએ નોકર ચોરીની ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

### અપૂરતા સ્ટાફથી ગ્રાહકો પરેશાન

## સંજેલી પોસ્ટ ઓફિસનો વહીવટ કથળતા નગરજનોને હાલાકી

(સંવાદદાતા દ્વારા) સંજેલી, તા.૫

સંજેલી પોસ્ટ ઓફિસનો કથળેલો વહીવટ અને અપૂરતો સ્ટાફ તેમજ સુવિધા ન હોવાથી ગ્રાહકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સંજેલીના જાગૃત નાગરિક દ્વારા જણાવ્યા મુજબ પોસ્ટ ઓફિસમાં પૂરતો સ્ટાફ ન હોવાથી રેગ્યુલર આવતી રજિસ્ટર એડી કે ટપાલો મળતી નથી. જેના કારણે ઘણીવાર મોટી સમસ્યા વેઠવી પડે છે. સંજેલી તાલુકા મથકે આવેલી મેઈન પોસ્ટ ઓફિસમાં અપૂરતો સ્ટાફ હોવાને કારણે ગ્રામજનોને તેમના નામે આવતી ટપાલો કે રજિસ્ટર એડી મળતી નથી. ઓફિસમાં જઈ તપાસ કરવામાં આવે તો કોમ્પ્યુટર ડેટા બતાવે છે કે એકતરફ વર્ષોથી અપૂરતો સ્ટાફ હોવાને કારણે ગ્રાહકો એજન્ટોને મુશ્કેલી વેઠવી પડે છે. સંજેલી પોસ્ટ ઓફિસને પોતાની જગ્યા હોવા છતાં પોસ્ટ વિભાગ દ્વારા મકાન બનાવવા સંદર્ભે યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવા તેમજ પૂરતો સ્ટાફ મૂકવા ગ્રામજનોની લોકમાગણી છે. પોસ્ટ ઓફિસમાં આવતા એટીએમ કાર્ડ ડાયરેક્ટ બેંકમાં આપવામાં આવે છે. આધારકાર્ડ મૂળ માલિકને મળતા નથી. ચેકબુકો લેવા પોતે પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરવો પડે છે.

## નર્મદા કેનાલ મામલે પાટડીના લોકદરબારમાં રણકાંઠાના ખેડૂતોનો મિજાજ લાલઘૂમ!

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૫

નર્મદા કેનાલનો સૌથી વધુ લાભ રણકાંઠાને થયો હોવાની તંત્ર દ્વારા ગુલબાંગો ફેલાય છે ત્યારે આજે સંસદીય સચિવની આગેવાનીમાં પાટડીમાં ખેડૂતો અને નર્મદાના અધિકારીઓ વચ્ચે લોકદરબાર યોજાયો હતો. જેમાં લાલઘૂમ બનેલા રણકાંઠામાં ખેડૂતોએ અધિકારીઓને સાફસાફ સંભળાવી દીધું હતું કે નર્મદાના નામે વાહ વાહી લૂંટવાનું બંધ કરો અને નબળી કેનાલોના નબળા કામો પહેલા સુધારો ગુજરાતમાં નર્મદા કેનાલનો સૌથી વધુ લાભ ઝાલાવાડ પંથકને થયો છે. એમાંય રણકાંઠાના કેનાલના કામો એટલી હદે નબળા થયા છે કે છેલ્લા ત્રણ વર્ષમાં રણકાંઠામાં ૧૫થી વધુ વખત કેનાલો તૂટતા ખેડૂતો પાયમાલ બન્યા છે ત્યારે પાટડી રેસ્ટ હાઉસ ખાતે સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણાની આગેવાનીમાં એક બાજુ નર્મદા વિભાગના તમામ આલા અધિકારીઓ અને બીજી બાજુ પાટડા તાલુકાની જિલ્લા પંચાયતની સીટ વાઈઝ ખેડૂતો વચ્ચે લોકદરબાર યોજાયો જેમાં કેનાલના અધૂરા કામના, કેનાલો તૂટવાના વરસાદી પાણી નિકાલના અને રસ્તા બાબતના મળીને ૮૯ ગામોએ તાલુકામાંથી ૧૫૦થી વધુ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. લોકદરબારમાં રણકાંઠાના ખેડૂતો કેનાલોના નબળા કામ અને તૂટેલી કેનાલોના સંસદીય સચિવની હાજરીમાં નર્મદાના અધિકારીઓને બતાવતા અધિકારીઓ પણ જવાબ આપી શક્યા ન હતા. આ અંગે સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણાએ જણાવ્યું કે લોકદરબારમાં કેનાલોના આવેલા વિવિધ પ્રશ્નો અંગે અધિકારીઓ જાતે સ્થળની મુલાકાત લઈ ખેડૂતોને સાથે રાખી આગામી ૧૦ દિવસમાં કેનાલોને લગતા તમામ પ્રશ્નોનો તાકીદે નિવેડો લાવવાની કડક સૂચના આપી દેવાઈ છે.

## સંજેલી : બેંકોમાં અપૂરતા સ્ટાફના કારણે ગ્રાહકોની લાગતી કતારો

(સંવાદદાતા દ્વારા) સંજેલી, તા.૫

નોટબંધીને ૧૧ માસ જેટલો સમય વિત્યા બાદ પણ સંજેલી ખાતે આવેલી બેંકોમાં આજે પણ લાઈનો જોવા મળે છે. બેંકોમાં અપૂરતો સ્ટાફ તેમજ અપૂરતી સુવિધાને કારણે ખાતેદારોને નવું ખાતું ખોલાવવા કે લેવડ-દેવડ માટે લાઈનોમાં ઊભા રહેવું પડે છે. સંજેલી ખાતે માત્ર બે બેંકો આવેલી છે. બેંક ઓફ બરોડા, ગુજરાત ગ્રામિણ બેંક છે. બંને બેંકોમાં મળી કુલ ૯૦ હજાર જેટલા ખાતેદારો છે. આ વિસ્તારમાં અભણ અને ગરીબ પ્રજા વસે છે. હાલ પ્રધાનમંત્રી આવાસના હપ્તા નખાતા બેંકોમાં અપૂરતો સ્ટાફ હોવાને કારણે લાઈનો જોવા મળે છે. હિન્દી અને ઈંગ્લિશ ભાષા સિવાય અન્ય ભાષા ન જાણતા હોય તેવા કર્મચારી મૂકી દેવામાં આવ્યા છે. કેટલાક કર્મચારીઓને હિન્દી ભાષા પણ આવડતી નથી. જેને લઈ ખાતેદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સંજેલી ખાતે આવેલી બેંકોમાં ચેકોનું ક્લિયરિંગ પણ ૩૦ દિવસે થાય છે. દરરોજના ૧૦ જેટલા ખાતા ખોલવામાં આવે છે. રોકડ રકમ પણ તાત્કાલિક ખાતામાં જમા થતી નથી.

(તસવીર : ફારૂક પટેલ, સંજેલી)

## દિ'વાળે તે દીકરી

દિવાળીના તહેવારો હવે નજીકમાં આવી રહ્યા છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ લોકો દિવાળીથી દેવ દિવાળી સુધી કોળિયામાં તેલ પૂરી અને ગોખલે અજવાળા પાથરતા હોય છે. આ દીવા કરવાનો મહિમા એવો છે. નવા વર્ષની શરૂઆતમાં અજવાળા પથરાય. જીવનમાંથી પણ અંધકાર દૂર થાય. આમ પ્રજાપતિ પરિવારો દીવા-કોડિયા તૈયાર કરી રહ્યા છે ત્યારે લોકોના જીવનના આવા દીપ પ્રગટાવી અને અંધારામાંથી અજવાળા તરફ દોરવા માટે પ્રજાપતિ (કુંભાર) પરિવાર અને ખાસ કરીને તેની દીકરીઓ બાપને મદદગાર બનીને ચાકડો ચલાવી અવનવા દીવા-બનાવી દિ'વાળે તે દીકરી એવું સાબિત કરવા સાથે આ કળાને જીવંત રાખી રહેલ છે. ત્યારે દીવા બનાવતી દીકરી-દીવાની સાથો સાથ લોકોના જીવનમાં કાયમી અજવાળા પાથરતી જોવા મળે છે. આજના આ હરિફાઈના યુગમાં પ્રેરણા આપી દીકરી પિતાની કળા તથા ઓળખને જીવંત રાખવા માટે પ્રયાસ કરી રહી છે.

(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

## સંસ્થા સમાચાર

### ભૂજના અપના બજારની વાર્ષિક સભા મળી

ધી ભૂજ સેન્ટ્રલ કન્ઝ્યુમર કો.ઓપરેટીવ સ્ટોર્સ લિ. અપના બજાર ભૂજની સને ૨૦૧૬-૧૭ના વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર મહેન્દ્ર ડુંગરશી ઠક્કરના પ્રમુખપદે મળી હતી.ઠક્કર પધારેલા સૌ સભાસદોના આવકાર અને હિસાબો રજૂ કર્યા હતા. તેમજ ચાલુ વર્ષે પણ સભાસદોને દશ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી.તેમજ સભાસદોના સવાલોના પણ જવાબ આપ્યા હતા. આ મિટીંગમાં સભ્યો કાંતિલાલ ગોર, શભુલાલ જોષી, અ.ગફુર શેખ, મનીષ શાહ, ધીમંત ઠક્કર, નવીન ઠક્કર વગેરે હાજર રહ્યા હતા.

### આહવાના દિવ્યાંગ શિક્ષકે લઘુફિલ્મ નિર્માણ તથા સ્પેશિયલ ખેલ મહાકુંભમાં મેળવ્યો પ્રથમ ક્રમાંક

તાજેતરમાં ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાના ડાંગ આશ્રમ ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં આહવાની સરકારી માધ્યમિક શાળાના દિવ્યાંગ શિક્ષકશ્રી રાજેશ શંભુલાલ રાવલે ૧૦૦ મીટર ટ્રાયસિકલ સ્પર્ધામાં પ્રથમ ક્રમ હાંસલ કરી, શાળાનું નામ રોશન કર્યુ છે. શ્રી રાવલને રાજ્ય સરકારના રમતગમત વિભાગ દ્વારા આ સિદ્ધિ બદલ રૂા.૫૦૦૦/-નું રોકડ પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરાયું છે.જ્યારે આ દિવ્યાંગ શિક્ષકશ્રી રાજેશ શંભુલાલ રાવલે, ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત સ્વચ્છ સંકલ્પ સે, સ્વચ્છ સિદ્ધિ વિષયક લઘુ ફિલ્મ નિર્માણ સ્પર્ધામાં પણ પ્રથમ ક્રમ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં કુલ ૩૪ જેટલી એન્ટ્રીઓ આવી હતી. જે પૈકી પ્રથમ ક્રમે રાજેશ રાવલની કૃતિ પસંદ કરવામાં આવી હતી. જેમને આયોજકો દ્વારા રૂા.૫ હજારનું રોકડ પારિતોષિક એનાયત કરાયું છે.



### જામનગરની ધો.૯થી ૧૨ની કન્યાઓ બેગમ હજરત મહલ શિષ્યવૃત્તિ માટે રંગૂનવાલા ટ્રસ્ટનો સંપર્ક કરે

લઘુમતી સમુદાયની ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશન-દિલ્હી તરફથી શિષ્યવૃત્તિ મળે છે. જેમાં ધો.૯ અને ૧૦માં અભ્યાસ કરતી કન્યાઓને પાંચ-પાંચ હજાર અને ધો.૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓને છ-છ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ મળે છે.આની વધુ વિગત www.maef.nic.in વેબસાઈટથી મળશે. વધારે માહિતી અને માર્ગદર્શન માટે રંગુનવાલા ટ્રસ્ટના મેનેજર નરેશભાઈ દરરોજ સવારે ૧૦થી ૧ અને સાંજે પથી ૮ (રવિવાર સિવાય) ફોન : (૦૨૮૮) ૨૫૫૮૭૪૭ ઉપર વિના સંકોચે સંપર્ક સાધવા જણાવાયું છે. વળી અહીં રંગુનવાલા હોસ્પિટલમાં ઓનલાઈન વિના મૂલ્યે ફોર્મ ભરવાનું સેન્ટર ચાલુ કરેલ છે.

### ભાવનગર ખાતે પરમાણુ સહેલી ડો.નીલમ ગોયલનું સંબોધન

## ભારતમાં પરમાણુ ઊર્જાથી ફક્ત ૩ ટકા જ વીજળી ઉત્પાદન થાય છે

(સંવાદદાતા દ્વારા) ભાવનગર,તા.૫

વિદ્યાર્થીઓમાં ભવિષ્યની ઉર્જા માટે યોગ્ય અને નવી ઉર્જા મેળવવા બાબતે ડો.નિલમ ગોયલે ભાવનગરની સરદાર પટેલ સ્કૂલનાં સાયન્સના વિદ્યાર્થીઓને જણાવ્યું. તેમણે જણાવ્યું કે કોઈપણ દેશની અર્થ વ્યવસ્થાનો પાયો ફક્ત વિધુત ઉર્જા પર આધારિત છે. આપણા દેશમાં વિધુત ઉર્જાની માંગ દિન પ્રતિદિન વધી રહી છે પરંતુ વિધુત ઉર્જાનાં ઉત્પાદનના માધ્યમો ઘટી રહ્યાં છે. પરમાણુ ઉર્જા એક જ એવું માધ્યમ છે કે જેમાં આપણે વિધુત ઉત્પાદન માટે પગભર થઈ શકીએ છીએ. પરમાણુ ઉર્જા સાફ, સ્વચ્છ તેમજ હરીત ઉર્જા છે. આમ છતાં જયાં પણ પરમાણુ વીજળીઘર લગાવવાનું વિચારાય કે તુરંત આપણે વિરોધ શરૂ કરી દઈએ છીએ. જયારે વાસ્તવમાં સાચી હકીકતથી આપણે માહિતગાર નથી હોતા. વિકસિત દેશ જાપાન કુલ વીજળી ઉત્પાદનના ૩૫ ટકા, અમેરિકા ૨૧ ટકા, ફ્રાંસમાં ૭૫ ટકા, લીથુઆનીયામાં ૮૫ ટકા પરમાણુ ઉર્જાથી વીજળી પેદા કરવામાં આવે છે. જયારે ભારતમાં ફક્ત ૩ ટકા જ પરમાણુ ઉર્જા વીજળી બને છે. જયારે ભારતમાં પરમાણુ ઈંધણ (થોરીયમ) ના અથાગ ભંડારો હોવા છતાં આપણે ફક્ત પરમાણુ ઉર્જાથી અત્યંત ઓછી માત્રામાં વીજળી પેદા કરીએ છીએ. આપણે આપણી વિચારશક્તિ બદલવી પડશે. સાચી વાત સ્વીકારવી પડશે. શાળાના આચાર્ય તેમજ તમામ અધ્યાપકો તેમજ તમામ વિદ્યાર્થીઓએ કાર્યક્રમને ઉપયોગી બતાવ્યો હતો.

(તસવીર : મુસવ્વીર કાજી, ભાવનગર)

### યુવક કોંગ્રેસ દ્વારા મામલતદાર સમક્ષ ઉગ્ર રજૂઆત

## ધોળકા : નેસડાના તળાવમાં કેમિકલયુક્ત પાણી ઠલવાતાં ગ્રામજનોમાં રોષની લાગણી

### બે ફાર્મા કંપનીઓ પ્રત્યે તંત્રનું કૂણું વલણ કેમ ?

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૫

ગુલાબની ખેતી માટે પ્રખ્યાત ધોળકા તાલુકાના નેસડા ગામના તળાવમાં બે ફાર્મા. કંપનીઓ દ્વારા કેમિકલયુક્ત દૂષિત પાણી ઠાલવવામાં આવતા ખેતી-પશુપાલન અને પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. આ દૂષિત પાણી બંધ કરાવવાની માગણી સાથે આજે ધોળકા મામલતદાર કચેરીમાં નેસડાના ગ્રામજનો તથા યુવક કોંગ્રેસના કાર્યકરોએ રૂબરૂ જઈને આવેદનપત્ર પાઠવી નેસડાના તળાવમાં દૂષિત પાણી બંધ કરાવવા ઉગ્ર રજૂઆત કરી હતી. આ રજૂઆત વેળા અમદાવાદ જિ.પં.ના સદસ્ય સતીષભાઈ મકવાણા (સાથળવાળા), પાર્થિવ રાજસિંહ કઠવાડિયા (પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી), ભેટાવાડાના સરપંચ કાળુભાઈ, નેસડાના સરપંચ કનુભાઈ, ત્રાંસદના સરપંચ શાંતિલાલ, ધોળકા શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ માજીદખાન તાલુકદાર તથા મંત્રી ફૈઝાનખાન પઠાણ, રફીકભાઈ રાધનપુરી, પૂર્વ મ્યુ.સભ્ય ફિરોજખાન પઠાણ વગેરે હાજર રહ્યા હતા.

ધોળકા મામલતદારને પાઠવવામાં આવેલ આવેદનપત્રમાં જણાવાયું છે કે, ધોળકાના નેસડા ગામે તળાવ આવેલ છે. જેમાં બારે માસ પાણી રહે છે. ગામના માણસો માટે તેમજ પશુ-પંખી માટે તેમજ પર્યાવરણને ખૂબ જ ઉપયોગી થાય છે. તળાવથી કુદરતી સૌંદર્ય નયન રમ્ય લાગે છે. સદર તળાવની આજુબાજુ સુંદર વૃક્ષો આવેલા છે. જેના ઉપર અસંખ્ય પક્ષીઓ રહે છે. જેથી ગામની સુંદરતા અને વાતાવરણમાં સુધારો થાય છે અને પર્યાવરણ સુધરે છે.

આ તળાવમાં વરસાદનું વહેણ આવતા ભેટાવાડાથી પાણી આવે છે. હાલમાં આ તળાવના પાણીમાં કેડીલા ફાર્મા. તેમજ કોન્કડ ફાર્મા. કંપનીઓ કેમિકલવાળું દૂષિત પાણી તળાવમાં ઠાલવતા હોય તળાવનું પાણી દૂષિત થાય છે. ખૂબ જ ગંધ મારે છે. જે પશુ-પંખી તેમજ માનવજીવન માટે ખૂબ જ હાનિકારક હોય તેને દૂર કરવા માગણી છે. તેઓનું વપરાશનું ગંદુ પાણી તળાવમાં ઠાલવે છે અને પ્રદૂષણ ફેલાવે છે. તળાવની અંદર ઉપરોક્ત કંપનીઓનું દૂષિત પાણી આવવાથી ગામમાં જમીનના તળ પણ દૂષિત થઈ ગયેલ છે. બોર ચાલુ કરતા લાલ રંગનું પાણી નીકળે છે, જે પીવાલાયક નથી, પરંતુ અમારે તેનાથી ખેતીવાડી કરવી પડતી હોય જે ખૂબ જ હાનિકારક છે અને માનવની તંદુરસ્તી માટે જીવલેણ સાબિત થાય તેમ છે. જેથી સત્વરે ઉપરોક્ત કંપનીઓનું ઠલવાતું પાણી બંધ કરવા આ અરજી કરેલ છે.

તળાવનું પાણી ગંદુ કરી પર્યાવરણને નુકસાન થાય એવી કામગીરી કરે છે અને જાણે બહાદુરીનું કામ કરતા હોય તેવું કંપનીના માણસો વર્તન કરે છે તેમજ પર્યાવરણને ગંભીર હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કરે છે જે રોકવા અમારી અરજ છે.

## વઢવાણના વાઘેલા ગામ નજીક અકસ્માતે લ્યુનાચાલકનું મોત

વઢવાણ, તા.૫

વઢવાણ તાલુકાના વાઘેલા ગામના જશુ ઉર્ફે જશવંતભાઈ સોલંકીએ પોતાનું લ્યુના પૂરઝડપે અને બેફીકરાઈથી ચલાવીને વાઘેલા રોડ પર સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો ત્યારબાદ રોંગ સાઈડમાં રોડની નીચે ખાડામાં લ્યુના ઉતારી દીધું હતું. આ અકસ્માતમાં જશવંતભાઈને ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. આ બનાવ અંગે આલજીભાઈ બોધાભાઈ સોલંકીએ વઢવાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ એસપી વાઘેલા ચલાવી રહ્યા છે.

## જૂનાગઢમાં કાર પાર્ક કરવા પ્રશ્ને મારામારી : સામસામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૫

જૂનાગઢ શહેરમાં બોલેરો ગાડી પાર્ક કરવાના પ્રશ્ને થયેલી બોલાચાલીમાં માર-મારી ધમકી આપ્યાની સામસામી ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ગઈકાલે તા.૪/૧૦/૧૭ના કલાક ૨૧:૧૫ વાગ્યે ગોકુલનગર મંગલમ એપાર્ટમેન્ટની પાછળ બનેલા બનાવ અંગે રવિભાઈ મનસુખભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫)એ પોલીસમાં એવી ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીએ પોતાની બોલેરો ગાડી પાર્ક કરેલ હોય તે મનદુઃખના કારણે અરજણભાઈ નંદાણિયા (આહિર) તથા ત્રણ અજાણ્યા શખ્સોએ પાર્કિંગ બાબતે બોલાચાલી કરી ફરિયાદીને બિભત્સ શબ્દો કહી, ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરેલ છે. જયારે આ જ બનાવના અનુસંધાને અરજણભાઈ પુંજાભાઈ નંદાણિયા (ઉ.વ.૫૦)એ રવિ તથા તેનો ભાઈ ભરત તથા સંજય એમ ત્રણેય ભાઈઓ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીએ આ કામના આરોપીએ ઘર પાસે રાખેલ વાહનો હટાવી લેવાનું કહેતા તે મનદુઃખના કારણે આરોપીઓ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ઢીકાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.કે.બેલીમ ચલાવી રહ્યા છે.

## ભાવનગર જિલ્લાના તાલુકા મથકોએ બેરોજગારોની નોંધણીનો કાર્યક્રમ

ભાવનગર, તા.૫

ભાવનગર જિલ્લામાં રોજગાર કચેરીના પ્રતિનિધિનો માહે ઓક્ટોબર-૨૦૧૭નો પ્રવાસ કાર્યક્રમ ગોઠવાયેલ છે. તદ્‌નુસાર તા.૭ના રોજ પથિકાશ્રમ શિહોર ખાતે, તા.૧૦ના રોજ સરકારી આરામગૃહ ગારિયાધાર ખાતે, તા.૧૩ના રોજ સરકારી આરામગૃહ મહુવા ખાતે, તા.૨૩ના રોજ તાલુકા પંચાયત કચેરી ઘોઘા તથા સરકારી આરામગૃહ તળાજા ખાતે, તા.૩૦ના રોજ પથિકાશ્રમ પાલિતાણા ખાતેના કેમ્પમાં નવી નામ નોંધણી, નોંધણી તાજી કરાવવી તથા અન્ય કામગીરી માટે સંબંધિત કર્મચારી/અધિકારી સવારના ૧૧થી ૧૪ કલાક સુધી તાલુકા મથકે મળી શકશે તો રોજગાર વાંચ્છુ ઉમેદવારોએ સ્વખર્ચે કેમ્પના સ્થળે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, ઝેરોક્ષ નકલો, પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સ્વખર્ચે આવવાનું રહેશે. જો કેમ્પની તારીખે જાહેર રજા આવતી હોય તો ત્યાર પછીના કામકાજના ચાલુ દિવસે જે તે સ્થળે સંપર્ક સાધવાનો રહેશે તેમ મદદનીશ રોજગાર નિયામક ભાવનગર દ્વારા જણાવાયું છે.

### મ.સ.યુનિ. વિદ્યાર્થી સંઘની ચૂંટણીમાં ૩૦ ટકા જેટલું મતદાન

# એબીવીપીના સમર્થકો દ્વારા ત્રણ વિદ્યાર્થીનું અપહરણ કરતા ચકચાર : અન્ય એકને માર માર્યો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આજે વિદ્યાર્થી સંઘની ચુટણી યોજાઈ હતી જેમાં વિદ્યાર્થીએ આજે મતદાન કરવા ઝાઝો રસ દાખવ્યો ન હતો.મતદાનના અંતમાં લગભગ ૩૦ ટકા જેટલુ મતદાન થવા પામ્યુ હતું. સૌથી વધુ મતદાન ટેકનોલોજી ફેકલ્ટીમાં થયુ હતું. જયારે જીએસ, વીપી, એફઆર અને ફેકલ્ટી જીએસની ચૂંટણીએ હિંસક વળાંક લીધો છે. આજે મતદાન દરમિયાન એબીવીપીના સમર્થકો દ્વારા ત્રણ વિદ્યાર્થીઓનું અપહરણ કરી લેતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

સવારે ૧૦ વાગ્યાથી યુનિવર્સીટીની તમામ ફેકલ્ટીઓમાં મતદાન શરૂ થયુ હતું. મતદાન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત સમગ્ર કેમ્પસમાં ગોઠવી દેવામાં આવ્યું હતું. દરેક ગેટ પરથી પોલીસ આઈકાર્ડ ચેક કરી વિદ્યાર્થી સિવાય કોઈપણ વ્યક્તિને કેમ્પસમાં પ્રવેશવા દેતી ન હતી. મતદાન શરૂ થયા બાદ પણ વિદ્યાર્થીઓએ મતદાનમાં વધારે રસ ન દાખવતાં વિદ્યાર્થી આગેવાનોએ મતદાન મથક સુધી વિદ્યાર્થીઓને લઈ આવવા ભારે મહેનત કરવી પડી હતી. પોતાના ગ્રુપનાં વિદ્યાર્થી મતદારોને લઈ આવવા વોટસએપ અને ફોન કરી તેમને મતદાન માટે કેમ્પસમાં બોલાવ્યા હતાં. પરંતુ ચુટણીના માહોલથી દૂર રહેવા માંગતા અને અભ્યાસમાં જ રસ દાખવનાર વિદ્યાર્થીઓએ મતદાનથી દૂર રહ્યા હતાં. બપોરે બે વાગ્યા સુધી ચાલેલા મતદાન દરમિયાન ૩૦ ટકા જેટલુ મતદાન થયુ હોવાનું જાણવા મળ્યું છે.

જયારે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં મતદાન દરમિયાન એબીવીપીના સમર્થકોએ ટેક્નોલોજી વિભાગમાં વિરોધી જૂથના ત્રણ સમર્થકોનું અપહરણ કરી લીધું છે. એબીવીપીમાંથી ચૂંટણી લડી રહેલા ઉમેદવાર અને ભાજપના યુવા મોર્ચાના આગેવન વિકાસ દુબે તથા તેમના જુથનાઓએ એબીવીપીના બે ઉમેદવાર જીએસ રોનક શ્રીવાસ્તવ અને રથિ મહેતાની વિરૂધ્ધમા ગર્જના કરી રહેલા શુભમ કોલ, હાર્દિક ચૌહાણ અને રવિ ચૌહાણનું અપહરણ કર્યું હતું. વિકાસ દુબેના સમર્થકના જૂથના અને ભાજપના શૈલેષ સોટ્ટાના ટેકેદારોએ શુભમ કોલ, હાર્દિક ચૌહાણ અને રવિ ચૌહાણનું અપહરણ કરી લીધું હોવાથી યુનિવર્સિટીમાં દોડધામ મચી ગઈ હતી. આ ઉપરાંત ટેક્નોલોજી વિભાગ ખાતે પ્રચાર કરી રહેલા પૂર્વ ફેકલટી જીએસ પાર્થ રાદડિયાને પણ એબીવીપીના સમર્થકોએ માર માર્યો હતો. દરમિયાન શુભમ કોલની બેન આ અંગેની ફરિયાદ કરવા માટે પોલીસ કમિશ્નર કચેરી ખાતે પહોંચી હતી. વિવિધ ફેકલ્ટીઓમાં એફઆરની ૨૯ બેઠકો પૈકી ૫ બીનહરિફ થઈ ચુકી હોવાથી ચૂંટણીમાં ૨૪ બેઠકો માટે ૭૭ ઉમેદવારો ચૂંટણી જંગનાં મેદાનમાં હતાં. બપોરે ૩.૩૦ વાગ્યાથી દરેક ફેકલ્ટીની બિલ્ડીંગમાં મતદાનની મતગણતરી શરૂ થઈ હતી. મોડી સાંજ સુધીમાં એબીવીપીની વીપી પદની ઉમેદવાર રથિ મહેતા (સોટ્ટા) તથા જય હો ગ્રુપની પ્રિયંકા પટેલ યુજીએસ પદ પર અન્ય ઉમેદવારો કરતાં આગળ છે.

### બોરસદના ભાદરણીયા ગામે દલિત યુવાનની શોકસભા દરમિયાન

# ક્રોધિત દલિત યુવાનો દ્વારા રેલી કાઢી પાટીદાર વિસ્તાર તરફ જવાનો પ્રયાસ કરતાં પોલીસ સાથે ઘર્ષણ

**દલિતોની ધીરજ ખૂટે તે પહેલા સરકારે પગલાં ભરવા જોઈએ, જાતિવાદી તત્ત્વો સામે રૂપાણી સરકારે મૌન ધારણ કર્યું છે : આગામી વિધાનસભા ચૂંટણીમાં હિન્દુત્વવાદી બનાવટી સરકારને પાડી દેવામાં આવશે : જીજ્ઞેશ મેવાણી**

આણંદ જિલ્લાનાં ભાદરણમાં દલીત યુવાનની શોકસભામાં ઉપસ્થિત દલીત નેતા જીજ્ઞેસ મેવાણી તેમજ દલીત યુવાનોએ રેલી કાઢવાનો પ્રયાસ કરતા પોલીસ સાથે ઘર્ષણ થયું હતું જે પ્રસ્તુત તસ્વીરમાં દ્રષ્યમાન થાય છે.(તસ્વીરઃ- બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫

આણંદ જિલ્લાનાં બોરસદ તાલુકાના ભાદરણીયા ગામના મંદીર સામેના ચોકમા ગરબા જોવા ગયેલા દલીત સમાજના યુવકને પટેલ જ્ઞાતિના આઠ જેટલા યુવકોએ લાતો અને ગડદાપાટુનો મારમારી દીવાલમા માથુ પછાડી હત્યા કરવાના બનાવને લઈને ગામમા ભારેલા અગ્ની જેવી સ્થીતી પ્રવતી રહી છે ત્યારે જે સ્થળે હત્યા થઈ હતી ત્યાં મૃતક દલીત યુવાનની શોકસભા આજે સવારે યોજવામા આવતા જેમા રાજયભરમાથી મોટી સંખ્યામા દલીત આગેવાનો ઉમટી પડયા હતા અને મૃતક યુવાનને શ્રદ્ધાંજલી અર્પી હતી. તેમજ રાજયભરમા આવેલા સાતસોથી વધુ દલીત યુવાનોએ રેલી કાઢી પાટીદાર વિસ્તાર તરફ જવાનો પ્રયાસ કરતા દલીત યુવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયુ હતુ અને પોલીસે પાટીદાર વિસ્તાર તરફ જતા માર્ગની વચ્ચે વાહનોની આડસો મુકી યુવાનોને અટકાવ્યા હતા ત્યારબાદ દલીત નેતા જીગનેશ મેવાણીએ શોકસભાને સંબોધી હતી.

મળતી વીગતો અનુસાર ભાદરણીયા ગામમાં દલીત યુવાનની શોકસભામાં રાજય ભરમાંથી દલીતો ઉમટી પડયા હતા,અને ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો, અને દલીત યુવાનો તેમજ વિવિધ સંગઠનોનાં કાર્યકરોએ ગુજરાતની ભાજપ સરકાર પર ઉગ્ર પ્રહારો કરી વિજય રૂપાણીની સરકાર દલીત વિરોધી છે,અને સરકાર દ્વારા દલીતો સાથે આભડછેટ રાખવામાં આવી રહી છે,રાજયમાં ઠેર ઠેર દલીતો પર અત્યાચાર થઈ રહ્યા છે,ત્યારે સરકાર આંખ આડા કાન કરી રહી છે,અને અત્યાચાર કરનારાઓને સપોર્ટ કરી રહી છે,તેમ જણાવ્યું હતું,દલીત યુવાનોએ સુત્રોચ્ચાર કરતા મૃતક જયેશનાં માતા પિતાએ આ શોકસભા હોઈ અહીંયાં સુત્રોચ્ચાર નહી કરવા વિનંતી કરતા દલીત યુવાનો ભાદરણીયા ગામનાં બસસ્ટેન્ડ પાસે એકત્ર થયા હતા,અને દલિત નેતા જીજ્ઞેસ મેવાણીએ શોકસભાને સંબોધતા જણાવ્યું હતુ કે આપણે આજે શોકસભામાં મૌન રહીને આપણો અવાજ દિલ્હી અને ગાંધીનગર સુધી પહોંચાડવાનો છે,આપણે જયારે આવા બનાવો બને છે,ત્યારે બહાર આવીયે છીએ અને પછી ઠંડા પડી જઈએ છીએ, ત્યારે આપણે આજે નિર્ણય કરીએ કે જયાં સુધી પિડીત પરિવારને ન્યાય નહી મળે ત્યાં સુધી આપણે તેની સાથે રહીશું અને સમાજનાં સારા ભણેલા યુવાનો,વકીલો આ કેસમાં પિડીત પરિવારની સાથે રહીને તેમને તમામ મદદ કરે જેથી તેઓને કોર્ટમાં વહેલા ન્યાય મળી રહે. તેમણે કહ્યું હતું કે વિજય રૂપાણી સરકારએ ચુલ્લુભર પાણી લઈને ડુબી મરવું જોઈએ ઉનાની ઘટનામાંથી તેઓએ જે સબક લેવો જોઈએ તે ભાજપની જાડી ચામડીની નઠારી સરકારે લીધો નથી.દલીતો પર દિવસે દિવસે અત્યાચારો વધી રહ્યા છે.અને અત્યાચારની ઘટનાઓમાં જાતીવાદી તત્વો સામે રૂપાણી સરકારએ મૌન ધારણ કર્યું છે.અને તેને લઈને દલીતોમાં આક્રોસ પ્રવર્તી રહ્યો છે,ત્યારે દલીતોની ધીરજ ખુટે તે પહેલા સરકારે પગલા ભરવા જોઈએ, આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચુંટણીમાં હિન્દુત્વવાદી બનાવટી, સરકારને પાડી દેવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ શોક સભામા રાજય ભરમાથી દલીત આગેવાનો ઉમટી પડયા હતા જેને લઈને પોલીસ તંત્ર દ્વારા ૩ ડીવાયએસપી, આઠ પીએસઆઈ, ૫૦થી વધુ પોલીસ જવાનો પ્રાંત અધીકારી, મામલતદાર અને નાયબ મામલતદાર સહીત અધીકારીઓનો કાફલો તૈનાત કરી દેવાયો હતો, અને ગામમા પ્રવેશવાના મુખ્ય માર્ગ પર પોલીસનુ વાહન આડુ મુકી નાકાબંધી કરવામા આવી હતી, અમદાવાદ રેન્જના આઈજીપી નીરજા ગોટરૂએ ગઈકાલે રાત્રે આઠ કલાકે પોલીસ અધીક્ષક સૌરભસીંઘને સાથે રાખીને ભાદરણીયા ગામે મૃતક જયેશના પરીવારજનોની મુલાકાત લઈને તેના માતા પિતાને સાંત્વના પાઠવી હતી તેમજ હત્યાના કેસમા સહેજપણ ઢીલાસ રાખવામા આવશે નહી અને આરોપીઓ સામે સખ્ત કાર્યવાહી કરી તેઓને કડી સજા થાય તેમ કરવામા આવશે. આ શોક સભામા દલીત સમાજના અગ્રણીઓ અને સામાજીક કાર્યકરો ડો. માઈકલ માર્ટીન, ભાનુબેન પરમાર, કે કે મકવાણા, દાસભાઈ, શંકરભાઈ,જીજ્ઞેસ મેવાણી તેમજ વિવિધ દલીત અત્યાચાર વિરોધી સંગઠનોનાં કાર્યકરો સહીત અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા છે હતા. આ અંગે ડો. માઈકલ માર્ટીને જણાવ્યુ હતુ કે દલીત યુવાનની હત્યા બાદ પોલીસે આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને મરનાર યુવકના પરીવાર જનોને મળતી સહાય પણ ચુકવવામા આવી છે તેમજ દલીત સમાજના સ્થાનીક પ્રશ્નો જેમા પીવાના પાણી અને અન્ય પ્રશ્નોનુ તાત્કાલીક નીરાકરણ લાવવામા આવેલ છે તેમજ કમ્પાઉન્ડ વોલ માટે ૫ લાખ રૂ.ની ગ્રાન્ટ તાત્કાલીક ફાળવી કામ શરૂ કરાવી દીધેલ છે આમ પોલીસ અને તંત્ર દ્વારા સહયોગ મળ્યો છે.

## દલિત નેતા જીજ્ઞેસ મેવાણીની સરકારને ખુલ્લી ધમકીઃ જે થાય એ ભડાકા કરી લે

દલિત નેતા જીજ્ઞેસ મેવાણીએ યુવાનોને સંબોધતા કહ્યું હતું કે સરકાર સામે આપણે પાંચ માંગ મુકવાની છે,અને જો સરકાર આપણી માંગો આગામી ૧૦ દિવસમાં પુરી નહી કરે તો આપણે અમદાવાદમાં ઈન્દીરા ગાંધી બ્રીજ પર એકત્ર થઈને ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કરીશું.

પાંચ માંગો અંગે જીજ્ઞેસ મેવાણીએ કહ્યું હતું કે સરકાર દ્વારા વિશેષ કોર્ટની રચના કરવામાં આવે અને તેમાં દલીતો અને આદીવાશીઓનાં કેસ ચલાવવામાં આવે,તેમજ સામાન્ય કેસોમાં ન્યાય મેળવવામાં જેટલો સમય લાગે છે,તેનાંથી ૧૦માં ભાગનાં સમયમાં કેસ પુરો કરવો, બીજી માંગમાં પીડીત પરિવારજનોને પાંચ એકર ખેતીની જમીન ફાળવવામાં આવે,તેમજ ત્રીજી માંગમાં પીડીત પરિવારનાં કોઈ પણ એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવે,ચોથી માંગમાં દલીતો પર થતા અત્યાચારનાં કેશોની તપાસ આઈ.જી સ્તરનાં અધિકારી દ્વારા કરવામાં આવે,જયારે પાંચમી માંગ ઉપસ્થિત દલીત સંગઠનો અને પીડીત પરિવારનાં લોકો ભેગા મળીને નક્કી કરે ,જો સરકાર દ્વારા આગામી ૧૦મી ઓકટોબર સુધીમાં આ માંગો પુરી કરવામાં નહી આવે તો દલિત સમાજ દ્વારા ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવશે,અને તેઓએ સરકારને પડકાર ફેંકતા કહ્યું હતું કે અમો વિરોધ કરીશું અને સરકાર તેમજ પોલીસથી જે થાય એ ભડાકા કરી લે.

જીજ્ઞેસ મેવાણીએ વધુમાં કહ્યુ હતું કે પાટીદાર સમાજની માંગણીઓને લઈને સરકારએ એકથી વધારે વાર પાટીદારો સાથે બેઠકો કરી છે,પરંતુ દલિત સમાજ સાથે સરકાર દ્વારા આભડછેટ રાખવામાં આવે છે,અને હજુ સુધી એક પણ વાર સરકારએ દલીત સમાજ સાથે વાત કરી નથી,મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મુછો રાખવાની જરૂર નથી ત્યારે આવતીકાલથી દલીત સમાજનાં દસ માણસો હાથમાં દાઢી બનાવવાનાં સાધનો સાથે ૧૦ તારીખ સુધી દરરોજ ગાંધીનગર ખાતે સચિવાલયનાં ગેટ નં.૧ પર ઉભા રહી મુખ્યમંત્રીને મુછ મુંડાવવાનું કહેશે,જો દલીતો મુછ રાખી શકતા ના હોય તો તમારે પણ મુછ રાખવાની જરૂર નથી.

### યુથ કોંગ્રેસના મહામંત્રી અલ્પેશ પુરોહિતનો પ્રહાર

# સરકારને આટલી જ બીક લાગતી હોય અને પ્રજાના જવાબ ના આપી શકતી હોય તો રાજીનામું આપે

**ઉમરેઠમાં ગૌરવયાત્રાના આગમનને લઈ પુરોહિત સહિત પાસના વિદ્યાર્થીઓની અટકાયત**

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫

મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે ગુજરાત ગૌરવયાત્રાને લઈને વડોદરા જીલ્લાના સાવલી ગામેથી આણંદ જીલ્લાના ઉમરેઠ તાલુકાના લાલપુરા ગામે પ્રવેશી અહીમા ચોકડી ઓડ ઉમરેઠ થઈને ડાકોર જનારા હોઈ ગત રવિવારે કરમસદમા ગુજરાત ગૌરવયાત્રા દરમ્યાન અમીત સાહની સભામાં પાસના વિદ્યાર્થીઓએ લગાવેલા જય સરદારના નારાઓ અને યુથ કોંગ્રેસના મહામંત્રી અલ્પેસ પુરોહિત દ્વારા કરાયેલા વિરોધ પ્રદર્શનને લઈને પોલીસે અગમચેતીના પગલા રૂપે ગતરાત્રીથી જ અલ્પેસ પુરોહીત સહિત ૧૫ યુવકોને નજરકેદ કર્યા બાદ આજે નવ કલાકે વલ્લભવીદ્યાનગર પોલીસ મથકે તેઓની અટકાયત કરવામાં આવી હતી. અને બપોરે ત્રણ વાગ્યા બાદ તેઓને મુકત કરાયા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે ગુજરાત ગૌરવ યાત્રાને લઈને ઉમરેઠ તાલુકાના લાલપુરા ગામેથી આણંદ જીલ્લામા પ્રવેશી અહીમા ચોકડી પાસે ઓડ ચોકડી પાસે અને ઉમરેઠના વેરાઈ ચોકમાં તેઓનું સ્વાગત થનારુ હોઈ આ સમય દરમ્યાન કોઈ વિરોધ પ્રદર્શન જેવા કાર્યક્રમ થાય નહીં તે માટે પોલીસ દ્વારા ગતરાત્રીથી જ અલ્પેશ પુરોહીતના નિવાસ સ્થાને તેમજ વિદ્યાર્થીઓની હોસ્ટેલ પર પોલીસ ગોઠવી દઈ તેઓને નજરકેદ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ આજે નવ વાગ્યે પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી અલ્પેશ પુરોહિત, હાર્દિક વસાવા, જયસિંગભાઈ ગોહીલ, રાજુભાઈ પરમાર, રોહીત જીગર, સંજય ડાભી, નિલેશ વાળા,પાટીદાર આંદોલન સમિતીનાં વરૂણ પટેલ,પાટીદાર વિદ્યાર્થી રક્ષા સમિતિનાં પિયુષ કાકડિયા, હિતાંસુ પટેલ,કૌશલ પટેલ,સ્મિત પટેલ,મિતાંશુ પટેલ,પ્રણવ પટેલ,સાહિલ પરમાર સહીત ૧૫ યુવકોની અટકાયત કરી વલ્લભવિદ્યાનગર પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા જે અંગે ઉગ્રરોષ વ્યકત કરતા અલ્પેશ પુરોહીતે કહ્યું હતું કે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉમરેઠમાં આવતા હોય અને ૩૦ કિલોમીટર દૂર વલ્લભવિદ્યાનગરમાં યુથ કોંગ્રેસના કાર્યકરો અને પાટીદાર અનામત આંદોલન સમિતિનાં કાર્યકરો તેમજ પાટીદાર વિદ્યાર્થી રક્ષા સમિતીનાં કાર્યકરોને અટકાયતમાં લઈ પોલીસ મથકમાં ગોંધી રાખવા તે કયાંનો ન્યાય છે,જો સરકારને આટલીજ બીક લાગતી હોય વિરોધની અને તે જનતાના જવાબ આપી શકતી ના હોય તો રાજીનામું મૂકી દેવું જોઈએ.

### ડીસામાં ગેરકાયદે બાંધકામ બદલ

## બે શોપીંગ સેન્ટરના બિલ્ડરોને નોટિસ બાદ પાલિકા દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાઈ

ડીસા, તા.૫

ડીસા શહેરમાં પાટણ હાઈવે પર નવનિર્મિત બે શોપિંગ સેન્ટર માં બિલ્ડરો દ્વારા નકશા વિરૂધ્ધ અને ગેરકાયદેસર બાંધકામ કર્યું હોવા બાબતે નગરપાલિકા દ્વારા બંનેને ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા નોટિસ અપાઈ હતી. નોટીસ આપ્યાના ત્રણ ત્રણ માસ બાદ પણ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા બિલ્ડરો દ્વારા શોપિંગ સેન્ટરનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જેથી પાલિકાની નોટિસ માત્ર કાગળ ઉપર રહી જવા પામી છે તે બાબત શંકા ઉપજાવી રહી છે.

ડીસા નગરપાલિકા વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૯૩ પ્લોટ નં ૮થી ૧૫માં શ્રી સાઈ ડેવલપર્સના ભાગીદાર હરેશકુમાર મઘારામ દ્વારા પાલિકમાં રજુ કરેલ નકશા વિરૂદ્ધનું બાંધકામ કર્યું હોવાની રજૂઆત થતાં નગરપાલિકા દ્વારા તારીખ ૬ જૂનના રોજ બિલ્ડરને વધારાનું બાંધકામ દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી. જો કે બિલ્ડર દ્વારા નોટિસને ગણકાર્યા સિવાય કામકાજ ચાલુ રાખી કોમ્પલેક્સનું કામ પૂર્ણ કરી દીધું હતું.

આ ઉપરાંત ડીસા પાટણ હાઈવે પર પાલિકા વિસ્તારમાં આવેલ રાજપુર રેવન્યુ સર્વે નંબર ૨૨૨ પૈકીના પ્લોટ નંબર ૮૦ થી ૮૩માં જયંતિલાલ રવચંદભાઈ સંઘવી (શાહ) દ્વારા તમામ ફ્લોર પર મંજૂરી વગર નકશા વિરૂદ્ધ બાંધકામ કર્યું હોવાની નોટિસ અપાઈ હતી. જોકે બંને શોપિંગ સેન્ટરમાં માત્ર નોટિસ આપ્યા બાદ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરાઈ ન હોઈ બિલ્ડરોએ પણ નોટિસની અવગણના કરી બેરોકટોક કામ ચાલુ રાખી શોપિંગ સેન્ટરનું કામ પૂરું પણ કરી દીધું હતું.

# બોડેલી ખાતે કોંગ્રેસ કાર્યકરોની યોજાયેલ સભામાં શક્તિસિંહના ભાજપ પર આકરા પ્રહારો

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૫

તા.૧૦ ઓક્ટોબરના રોજ કોંગ્રેસના વાઈસ પ્રેસિડેન્ટ રાહુલ ગાંધી બોડેલી ખાતે સભા સંબોધવાના છે તેની તૈયારીમાં આજરોજ બોડેલી ખાતે કોંગ્રેસ કાર્યકર્તાઓની સભા યોજવામાં આવી હતી જેમાં કોંગ્રેસ પ્રવકતા શક્તિસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના ભાષણમાં ભાજપ સરકાર પર ચાબખા મારતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી પ્રાઈવેટ પ્લેનમાં બેસી દિલ્હી જાય છે જાણે કે શહેનશાહ હોય, સર્કીટ હાઉસ ભવ્ય બનાવવાના સરકાર પાસે રૂપિયા છે પણ વિધવાબેનને આપવાના રૂપિયા નથી. વડાપ્રધાન કહે છે કે ખાતો નથી ખાવા દેતો નથી તો જે તે સમય બોરી બંધમાં કરોડો રૂપિયા ચાવ કરી ગયા તેનું શું ? શક્તિસિંહ ગોહિલે વધુમાં કહ્યું હતું કે રાજ્યસભાની ચૂંટણીના સમયે એક કોંગ્રેસ ધારાસભ્યનો ભાવ ૨૫ કરોડ અને ભાજપની ટિકિટ આપી હતી અને રૂપિયાના કોથળા ભરી અમિત શાહ નીકળ્યા હતા ત્યારે બોડેલી, સંખેડા અને નસવાડીના ધારાસભ્ય ધીરૂભાઈ ભીલે ઈમાનદારી અને પક્ષ પ્રત્યે વફાદારી બતાવી હતી. વધુમાં કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર માત્ર ૧૪ ટકા જીએસટી લાવવાની હતી અને તેમાં પેટ્રોલ અને ડીઝલને પણ સમાવેશ કરતા માત્ર ૪૦ રૂપિયાના ભાવે પેટ્રોલ અને ડીઝલ મળતું.

# દેવગઢબારીઆમાં રાહુલ ગાંધીના કાર્યક્રમને લઈ કોંગ્રેસ સમિતિની મીટિંગ

(સંવાદદાતા દ્વારા) દેવગઢબારીઆ, તા.૫

દેવગઢબારીઆમાં કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને તા.૧૧/૧૦/૨૦૧૭ના રોજ દેવગઢબારીઆ ખાતે રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ રાહુલ ગાંધીનો યુવા બેરોજગારો સાથેનો સંવાદનો કાર્યક્રમ દેવગઢબારીઆના ઐતિહાસિક ટાવર પાસે રાખવાનો હોય તો તેના આયોજનના અનુસંધાને દેવગઢબારીઆ શહેર તથા તાલુકા સમિતિ તેમજ તમામ સેલના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓને જિલ્લા અને ગુજરાત કોંગ્રેસ સમિતિના હોદ્દેદારોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં માજીમંત્રી ભારત સરકારના તુષાર ચૌધરી, માજી. રેલવે મંત્રી નારણ રાઠવા, ગુજરાત કોંગ્રેસ ઉપપ્રમુખ અશોક પંજાબી, મધ્યપ્રદેશ ગ્વાલિયર યુવક કોંગ્રેસ લોકસભા અધ્યક્ષ સંજયસિંહ યાદવ, માજી મંત્રી ગુજરાત સરકાર ભીખાભાઈ રબારી, દાહોદ જિલ્લા યુવા ઉપપ્રમુખ ભારત વાખળા માજી. સાંસદ ડો.પ્રભાબેન તાવિયાડ તેમજ કોંગ્રેસના કાર્યકરોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

### વાલિયા-ઝઘડિયા અને નેત્રંગ તાલુકામાં

# ચૂંટણી અદાવતમાં અસામાજિક તત્વો દ્વારા ખેડૂતોના પાકને કરાતા નુકસાન અંગે ડીએસપીને રજૂઆત

**સંદિપ માંગરોલા દ્વારા પોલીસ તંત્રમાં રજૂઆત કરી પોલીસ પેટ્રોલીંગની માગ કરાઈ**

અંકલેશ્વર,તા.૫

વાલિયા-ઝઘડિયા અને નેત્રંગ તાલુકા મોટે ભાગે ખેતીના વ્યવસાય ઉપર નભતો આર્થિક રીતે પછાત ગણાતો વિસ્તાર છે. આ વિસ્તારના ખેડૂતો ખેતી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ વિસ્તારમાં ખેડૂતોની જીવાદોરી સમાન ગણેશ સુગર ફેકટરી આવેલી હોવાને કારણે અહીના ખેડૂતો મોટે ભાગે શેરડીની ખેતી કરે છે. વાલિયા-ઝઘડિયા અને નેત્રંગ તાલુકામાં જયારે-જયારે કોઈપણ ચૂંટણી આવે છે ત્યારે અસમાજિક તત્વો દ્વારા ચૂંટણીલક્ષી અદાવતોને ધ્યાનમાં રાખી ખેડૂતોને દબાવવા તેમજ માનસીક રીતે ત્રાસ આપવા માટે તથા નુકસાન પહોંચાડવાના હેતુથી ખેડૂતો દ્વારા મહામહેનત પકવવામાં આવેલ શેરડીના પાકને બાળી નાખવામાં આવે છે તથા ખેતીના અન્ય પાકોને પણ નુકસાન કરવામાં આવે છે. જેનાથી ખેડૂતોને ખુબ જ મોટુ નુકસાન વેઠવાનો વારો આવે છે.

આગામી ટૂંક જ સમયમાં ગણેશ સુગર વટારિયાની શેરડી પીલાણ સીઝન ૨૦૧૭-૧૮ શરૂ થનાર છે તેમજ પીલાણ અર્થે આવનાર શેરડીનો પાક ખેડૂતોના ખેતરોમાં ઉભો છે અને હાલ આગામી સમયમાં જ વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણી યોજાવાની હોય ચૂંટણીલક્ષી અદાવતને કારણે અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવતી શેરડીના પાકને બાળી નાખવા તેમજ અન્ય ખેતીના પાકોને નુકસાન પહોંચાડવા જેવી અસામાજિક પ્રવૃતિઓને દામવા માટે પોલીસ તંત્ર દ્વારા નાઈટ પેટ્રોલીંગ/ઘોડેસવાર પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવે એ બાબતે ગણેશ સુગર વટારિયાના ચેરમેન સંદિપ માગરોલા દ્વારા ડીએસપી ભરૂચ તથા પોલીસ ઈન્સ્પેકટર-વાલિયા, ઝઘડિયા અને નેત્રંગને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે.

### પાલનપુરમાં કરોડોની હોસ્પિટલ

# માત્ર એક રૂપિયો પધરાવવા મામલે આમ આદમી પાર્ટી દ્વારા હલ્લાબોલ

(સંવાદદાતા દ્વારા) પાલનપુર, તા.૫

ગુજરાત ભાજપના નેતાઓના ભ્રષ્ટાચારની યાદી દિવસેને દિવસે મોટી થતી જાય છે. પાલનપુરના નવાબે સરકારી હોસ્પિટલ લોકોની સેવા માટે સરકારને આપી હતી જેમાં સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ત્યાર બાદ આજે તે હોસ્પિટલ માત્ર એક રૂપિયે શંકર ચૌધરી પોતાના ટ્રસ્ટમાં પધરાવી દેવાની કવાયત કરી રહ્યા છે. જે સીધી રીતે ઓફિસ ઓફ પ્રોફિટ તથા ભ્રષ્ટાચારનો કેસ બને છે. એટલું જ નહિ હોસ્પિટલમાં નર્સિંગ કોલેજ ચાલતી હતી આડેધડ પોતાના ફાયદા માટે મંત્રીએ તેને પણ બંધ કરી નાખવાનો ઓર્ડર આપ્યો છે. રઝળી રહેલા વિદ્યાર્થીઓએ આ મુદ્દે રેલી કાઢી આવેદનપત્ર આપ્યું હોવા છતાં કોઈ પણ પગલાં લેવામાં આવ્યા નથી.

ભાજપના મંત્રી દ્વારા ખુલ્લે આમ જે ભ્રષ્ટાચાર ચલાવવામાં આવી રહ્યો છે. તેની સામે આમ આદમી પાર્ટી દ્વારા આજરોજ પાલનપુર સિવિલ હોસ્પિટલની બહાર વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ રેલી સ્વરૂપે પાર્ટીના કાર્યકર્તાઓ કલેકટર કચેરી પહોંચ્યા હતા. જ્યાં આવેદનપત્ર આપી ભાજપના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવ્યો હતો. આજના કાર્યક્રમની આગેવાની પાલનપુરના પીઓસી રમેશભાઈ નાભાણીએ કરી હતી.

## અંકલેશ્વરની ઈકરા હાઈસ્કૂલ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સફાઈ અભિયાન

અંક્લેશ્વરની ઈકરા ઈંગ્લીશ મીડિયમ હાઈસ્કૂલ દ્વારા તા. બીજી ઓકટોબર ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ અભિયાનનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના પ્રમુખ સુલેમાન ભૈયાત, જ.સેક્રેટરી એસ.ડી પટેલ, નજીર મોહંમદ, એડમીનિસ્ટ્રેટર અનીસુદ્દિન, આચાર્ય એલીસ મેડમ તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મળી સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું અને શાળા બાજુમાં આવેલ સોસાયટીમાં રેલી કાઢી સફાઈ માટે જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવ્યું હતું.

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

### સાતમાં પગારપંચ તથા અન્ય માગણીઓ સંદર્ભે

## વિરમગામ સહિત રાજ્યની ૧૬૨ પાલિકાના કર્મીઓ ૧૧મીથી હડતાળે જશે

વિરમગામ, તા.૫

આગામી ૧૧થી ૧૩ ઓકટોબર વિરમગામ નગરપાલિકા સહિત રાજ્યની ૧૬૨ ન.પા.માં મહેકમ ખર્ચની મર્યાદા દૂર કરવા તેમજ કર્મચારીઓને સાતમાં પગારપંચના અમલ કરવાની માગણી સાથે હડતાળ પર જશે. ગુજરાત રાજ્ય નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા સમગ્ર નગરપાલિકાના કર્મચારીઓ સાતમાં પગાર પંચ તથા અન્ય સેવાકીય લાભો તેમજ જે નગરપાલિકાને કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ મળેલ નથી. ગુજરાતની ૧૬૨ નગરપાલિકામાં મહેકમ ખર્ચની મર્યાદા દૂર કરવા માટે આ બાબતની ગુજરાત નગરપાલિકાના કર્મચારી છેલ્લા છ માસથી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિતનાઓને રજૂઆત કરવામાં આવી છે. તેના અનુસંધાનમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ હકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.

# દાહોદ જિલ્લામાં ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

દાહોદ, તા.૫

દાહોદ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ અને સ્વાગત કાર્યક્રમ આગામી તા.૨૬/૧૦/૧૭ ગુરૂવારે સવારે ૧૧:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક દરમ્યાન કલેક્ટર કચેરી, કોન્ફરન્સ હોલ ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાશે. આ અંગેના પ્રશ્નો માટે સંબંધિત કચેરીમાં અલગ-અલગ અરજી કરવાની રહેશે. પ્રશ્નો તા.૧૦/૧૦/૧૭ સુધીમાં મોકલી આપવાના રહેશે. અરજી પર જિલ્લા સ્વાગત કાર્યક્રમ લખવાનું રહેશે. એમ નિવાસી અધિક કલેક્ટર આર.એમ.ડામોરે એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

# ભાડભુતમાં કોઝવેનું નિર્માણ કરવાના કામનો માછીમાર સમજ દ્વારા વિરોધ

ભરૂચ, તા.૫

ભરૂચ તાલુકાના ભાડભુત ગામ ખાતે નર્મદા નદી ઉપર કૉઝવેનું નિર્માણ કાર્ય હાથ ધરવાનું હોય જેના કારણે માછીમારીના ઉદ્યોગ ઉપર અસર પડવાના કારણે માછીમાર સમાજના લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.આગામી ૮ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાડભુત ગામ પાસેની નદીમાં કૉઝવેનું નિર્માણ થનાર હોય જેનું ખાત મૂહર્ત વિધિ કરવામાં આવનાર છે.નદીમાં કૉઝવેના નિર્માણના કારણે માછી સમાજને મત્સ્ય ઉદ્યોગ ઉપર અસર પડવાની તેમજ તેઓદની રોજી રોટી છીનવાઈ જવાનો ભય સતાવી રહ્યો છે. જેથી આજ રોજ ભરૂચના વેજલપૂર વિસ્તારમાં માછી સમાજના અગેવાનો તેમજ લોકોએ મિટીંગ બોલાવી હતી અને આગામી દિવસોમાં નદી ઉપર નિર્માણ પામનાર કૉઝવેનો વિરોધ કરવામાં આવશે તેમ જણાવી સરકાર સામે ચિમકી ઉચ્ચારી હતી.

## ધાર્મિક કાર્યક્રમ

### હિંમતનગરમાં પીર ગાજી જમાલુદ્દીન બાબાનો ઉર્સ ઉજવાશે

હિંમતનગરના સ્ટેશન રોડ વિસ્તારમાં હિંમત હાઈસ્કૂલ સામે આવેલ હજરત પીર ગાજી જમાલુદ્દીન બાબાનો ઉર્સ શાનોશોકતથી મનાવવામાં આવશે. ઉર્સ નિમિત્તે તા.૮/૧૦/૧૭ને રવિવારના રોજ રાત્રે ઈશાની નમાઝ બાદ સંદલની રસમ અદા કરાશે. ત્યારબાદ ન્યાઝ-પ્રસાદ તકસીમ કરવામાં આવશે તેમજ હિંમતનગરવાલે મેરે બાબા કવ્વાલીનો પ્રોગામ રાખેલ છે તેમ ખાદિમ બાબુ ચાચાએ એક યાદીમાં જણાવ્યું છે.

## અવસાન નોંધ

**વડોદરા**

દિવ્યભાસ્કર (ડીજીટલ વેબસાઈટ)ના પત્રકાર જીતુભાઈ પંડ્યાનાં પિતા બાબુભાઈ શાંતિલાલ પંડ્યા ૨-૧૦-૨૦૧૭નાં રોજ દુઃખદ નિધન થયેલ છે. સદ્ગતનુ બેસણુ તા.૮-૧૦-૨૦૧૭ના રવિવારનાં રોજ બપોરે ૩ થી ૫ કલાકે રંગવાટીકા, વૃંદાવન ચાર રસ્તા પાસે, વાઘોડીયા રોડ ખાતે રાખવામાં આવ્યુ છે.

### નોટબંધી અને GST મુદ્દે સરકારને આડે હાથ લેતા શંકરસિંહ વાઘેલા

# GSTનો અમલ દોઢ વર્ષ મોકૂફ રાખો લોકો આપઘાત કરે તે કહે ત્રાસ ન ગુજારો

### રાજ્યભરમાં ખેડૂતો, મહિલાઓ, બેરોજગાર યુવાનો, વેપારીઓ સહિત બધા દુઃખી

અમદાવાદ,તા. ૫

કોંગ્રેસ સાથે છેડો ફાડી જનવિકલ્પ મોરચાનું નેતૃત્વ સંભાળનાર પીઢ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ સરકાર અને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપ અને કેન્દ્રની મોદી સરકારને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, જન વિકલ્પના નેજા હેઠળ મેં છેલ્લા ૧૩ દિવસમાં રાજયભરમાં છ હજાર કિલોમીટરનો રાજયમાં પ્રવાસ કર્યો અને છેવાડાના માનવીને રૂબરૂ મળ્યો ત્યારે મેં અનુભવ્યું કે, લોકો બહુ દુઃખી છે, ત્રસ્ત છે. મહિલાઓ, ખેડૂતો, બેરોજગાર યુવાઓ બધાની હાલત કફોડી છે. જીએસટીથી વેપારીઓ આત્મહત્યા કરવા પ્રેરાયા છે તો લાખો કારીગરો બેકાર થઇ ગયા છે. નોટબંધીએ પણ ઇન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રકશન સહિતના સેકટરને તોડી નાંખ્યા છે. લોકો ભિખારી બની જાય અને આપઘાત કરવા પ્રેરાઇ જાય એટલી હદ સુધીનો ત્રાસ ના ગુજારો. માનવતા ખાતર પણ જીએસટીનો અમલ દોઢ વર્ષ સુધી મોકૂફ રાખો. અનામતના મુદ્દે કોઇ રાજકારણ ના થવું જોઇએ. ગુજરાતમાં બિનઅનામત સમાજ માટે ૨૫ ટકા અનામતની જોગવાઇ કરતો કાયદો પસાર કરો અને દિલ્હી સરકાર તેને બહાલી આપે. જીએસટી અને નોટબંધીના મુદ્દે ભાજપ અને મોદી સરકારને આડે હાથે લેતાં બાપુએ જણાવ્યું કે, જીએસટીના કારણે ગુજરાતની આર્થિક રાજધાની સુરત બેહાલ બન્યું છે. આશરે પંદર લાખ પરપ્રાંતીય કારીગરો સુરતમાંથી જતા રહ્યા છે, તો અન્ય પંદર લાખ કારીગરો બેકાર બન્યા છે. જીએસટીના લીધે ઉદ્યોગો મંદીના ખપ્પરમાં અને ત્રાહિમામ્ પોકારી શટરો પાડી રહ્યા છે. અર્થ વગરની નોટબંધીએ બાંધકામ અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઉદ્યોગને મરણતોલ ફટકો માર્યો છે. પેટ્રોલ-ડિઝલ પરનો વેટ-એક્સાઇઝ ઘટાડી તેના ભાવો સરકારે સસ્તા કરવા જોઇએ. સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપવાની જરૂર છે અને તે પણ તાલુકા કક્ષાએ ખરીદ કેન્દ્રો ઉભા કરીને. ખેડૂતોની જેમ બેરોજગાર યુવાનો પણ અંધકારમાં ગરકાવ છે પરંતુ જો જનવિકલ્પ મોરચાની સરકાર બનશે તો, ૧૦૦ દિવસમાં જ તેઓને રોજગારી અપાશે. વિધાનસભાની ચૂંટણીમાં ૧૮૨ બેઠકો પર અમારા ઉમેદવારો ઉભા રહેશે અને ગુજરાતની જનતા અમારી હાઇકમાન્ડ રહેશે.

# કોંગ્રેસના મોંઘવારી રથ અને NSUIના ફી ઘટાડો બેઠકો વધારો યાત્રાને જબ્બર સમર્થન

### NSUI યુવા મતદારોને આકર્ષવા દરેક કોલેજો ખુંદી રહી છે

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપને મ્હાત આપવાની વ્યૂહરચનાના ભાગરૂપે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઇ દ્વારા જીએલએસ કોલેજ સહિતની કોલેજમાં મોંઘવારી યાત્રા કાઢી ભાજપના રાજમાં ફી વધારા અને શિક્ષણના વ્યાપારીકરણની પોલ ખોલવામાં આવી હતી. એનએસયુઆઇના સંખ્યાબંધ કાર્યકરો દ્વારા ભાજપ સરકાર વિરોધી અને ફી ઘટાડા અંગેના સૂત્રોચ્ચાર અને નારાઓ લગાવવામાં આવ્યા હતા. બીજીબાજુ, કોંગ્રેસપક્ષનો ભાજપની મોંઘવારી માર સામે વિરોધમાં ઉતારવામાં આવેલો મોંઘવારી રથ શહેરના હાટકેશ્વર સહિતના વિવિધ વિસ્તારોમાં ફર્યો હતો અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં બેનરો, સ્લોગન સાથે જોરદાર વિરોધ વ્યકત કરાયો હતો. ગુજરાત વિધાનસભાની આગામી પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ભાજપને બધી રીતે મ્હાત આપવા કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહી છે. ખાસ કરીને કોંગ્રેસે ખેડૂતો, મહિલાઓ, વેપારી વર્ગ સહિતના વર્ગમાં પોતાની રીતે પ્રચાર-પ્રસારની વ્યૂહરચના અમલી બનાવી છે તો, રાજયના યુવા મતદારોને આકર્ષવા અને તેમના મત હાંસલ કરવા કોંગ્રેસે સૌપ્રથમવાર એનએસયુઆઇને જવાબદારી સોંપી છે. એનએસયુઆઇને ચૂંટણીલક્ષી આ મહત્વની જવાબદારી સોંપાતા તેના નેતાઓ અને આગેવાનો પણ હરકતમાં આવી ગયા છે અને પક્ષને સારૂ પરિણામ આપવા કટિબધ્ધ બન્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોલેજીયન યુવા મતદારોને આકર્ષવા કોંગ્રેસે આ અનોખી રણનીતિ અખત્યાર કરી છે. કોંગ્રેસની રણનીતિના ભાગરૂપે કોલેજીયન અને યુવા મતદારોને આકર્ષવા માટે એનએસયુઆઇ દ્વારા અમદાવાદ શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાનોમાં કોંગ્રેસપક્ષનો ચૂંટણી પ્રચાર અને પ્રસાર કરવાનું શરૂ કરી દેવાયું છે. સાથે સાથે રાજયમાં કોલેજોની સંખ્યા, વિદ્યાર્થીઓની સુવિધા, તેમની અગવડો-મુશ્કેલીઓ, ફી સહિતના મુદ્દાઓને લઇ પક્ષનો અસરકારક પ્રચાર કરી ભાજપ સરકારને ખુલ્લી પાડવામાં આવી રહી છે. એનએસયુઆઇના નેતાઓ અને અગ્રણીઓ દ્વારા ખાસ કરીને અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરોમાં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાયુ છે અને આ શહેરોની શૈક્ષણિક સંસ્થાઓ-કોલેજોમાં યુવા મતદારોને રૂબરૂ મળી તેઓને શિક્ષણક્ષેત્રે ભાજપ સરકારની નિષ્ફળતાઓથી પરિચિત કરાવી કોંગ્રેસનું શાસન લાવી સસ્તુ, સુવિધાયુકત અને અસરકારક શિક્ષણની ખાતરી આપી રહ્યા છે.

### બહેરામપુરા, દાણીલીમડા, વટવા, લાંભા સહિત

# દક્ષિણ ઝોનમાં સૌથી વધુ પ્રદૂષિત પાણી આવતું હોવાનું જાહેર થયું

### પાણીની લાઈનો જૂની હોવાનું કહી હાથ અધ્ધર કરી લેતું આરોગ્ય તંત્ર

અમદાવાદ, તા.૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જ્યાં એક તરફ સમગ્ર શહેરને ૨૪ કલાક પાણી આપવાની જાહેરાત કરવામા આવી રહી છે ત્યારે બીજી તરફ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામા આવેલા પાણીના સેમ્પલ પૈકી સૌથી વધુ દક્ષિણઝોનમાં ૨૯ ટકા જેટલા સેમ્પલ અનફીટ પુરવાર થવા પામ્યા છે.આ વિસ્તારમાં વસતા નાગરિકો ચામડી,પથરી સહિતના અન્ય રોગથી પીડાઈ રહ્યા છે.આ અંગે મળતી માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરને રોજ સવારે બે કલાક માટે પાણી પુરવઠો પુરો પાડવામા આવી રહ્યો છે. આ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ તરફથી શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લઈને તેને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સેન્ટ્રલ લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલી આપવામા આવતા હોય છે.અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી લેવામા આવતા સેમ્પલોનો ટેસ્ટ રિપોર્ટ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર મહિને પ્રસિધ્ધ કરવામા આવતો હોય છે. આ રિપોર્ટ અનુસાર, અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમા આવેલા વિસ્તારોના રહીશોની સૌથી વધુ કફોડી પરિસ્થિતિ હોવાનું પણ બહાર આવવા પામ્યુ છે.દક્ષિણ ઝોનમા આવેલા બહેરામપુરા, દાણીલીમડા, લાંભા અને વટવા વિસ્તારોમા જયા એક તરફ ઈન્ડસ્ટ્રીઝ તરફથી ટ્રીટ કર્યા વગરના પાણીનો પ્રશ્ન વિકટ બનતો જઈ રહ્યો છે ત્યાં બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પુરા પાડવામા આવી રહેલા પાણીમા કલોરીનનો રિપોર્ટ નીલ આવતા ખુદ તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. એક રિપોર્ટ અનુસાર,અમદાવાદ શહેરના છ ઝોન પૈકી દક્ષિણઝોનમાં સૌથી વધુ ૨૯ ટકા જેટલા સેમ્પલ અનફીટ પુરવાર થવા પામ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત તો સામે એ આવવા પામી છે કે, શહેરના દક્ષિણઝોનના વિવિધ વિસ્તારોમા પાણીની લાઈનો જુની હોવાનો રાગ આલાપતા હેલ્થ વિભાગના અધિકારીઓએ આ પ્રકારનો જવાબ આપી હાથ અધ્ધર કરી દીધા છે જયારે મ્યુનિસિપલ તંત્ર દ્વારા બહાર પાડવામા આવેલા સત્તાવાર આંકડા કંઈક જુદી જ પરિસ્થિતિ સુચવી રહ્યા છે.

#### પાણીના અનફિટ નમૂના

અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં પાણીના નમૂના લેવામાં આવ્યા બાદ કેટલા અનફિટ જાહેર થયા તે નીચે મુજબ છે.

| માસ | સેમ્પલ | અનફીટ |
|---|---|---|
| જાન્યુ | ૩૫૫૧ | ૧૦૨ |
| ફેબ્રુ | ૩૧૪૮ | ૯૪ |
| માર્ચ | ૩૭૨૨ | ૧૧૩ |
| એપ્રિલ | ૩૮૨૩ | ૧૫૧ |
| મે | ૪૩૪૮ | ૧૯૦ |
| જુન | ૪૨૯૧ | ૨૨૩ |
| જુલાઈ | ૪૨૭૨ | ૨૬૭ |
| ઓગસ્ટ | ૩૯૫૩ | ૨૭૫ |
| સપ્ટેમ્બર | ૩૭૦૧ | ૧૯૫ |

### ઉનાળા જેવી ગરમીના માહોલ વચ્ચે

# રાજ્યમાં ૮મી એક્ટોબર-આસપાસ મધ્યમથી હળવા વરસાદની આગાહી

અમદાવાદ,તા.૫

આખો મહિનો પણ હવે પૂર્ણતાના આરે છે છતાં ગુજરાતમાં ઠંડીનું કોઈ નામ નિશાન જોવા મળતું નથી જયારે બીજી તરફ અરબી સમુદ્રમાં નવેસરથી ઉદ્દભવી રહેલી સીસ્ટમને જોતા આગામી ૮મી ઓકટોબરની આસપાસ રાજયના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે જો કે આ બધાની વચ્ચે રાજયમાં અનેક સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રીની આજુબાજુ રહેતા લોકો ઉનાળા જેવી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. અરબી સમુદ્રમાં નવેસરથી સીસ્ટમ ઉદ્દભવી રહી છે અને તેની અસરના ભાગરૂપે આગામી તા.૮ને રવિવાર આસપાસથી ગુજરાતના અનેક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત અને દીવ વિસ્તારમાં વરસાદની શકયતા ઓછી છે. વરસાદના અભાવે ગરમીનું જોર સતત વધી રહ્યું છે ભૂજના મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અમદાવાદમાં ૩૯.૪, ડીસામાં ૩૯.૩, ઈડરમાં ૩૯, ગાંધીનગરમાં ૩૯, વડોદરામાં ૩૭.૨, અમરેલીમાં ૩૭, ભાવનગરમાં ૩૮, રાજકોટમાં ૩૭.૩, સુરેન્દ્રનગરમાં ૩૭, કંડલામાં ૩૮.૬, ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.વાતાવરણમાં ભેજનું પ્રમાણ રાજકોટમાં ૮૮ ટકા, ભૂજમાં ૮૨, નલિયામાં ૯૫, સુરેન્દ્રનગરમાં ૭૬, ઓખામાં ૮૯ ટકા રહ્યું છે. આમ રાજયમાં શિયાળાના આરંભના બદલે ઉનાળા જેવી ગરમી અનુભવાઈ રહી છે.

# અત્યાચારના વિરોધમાં દલિતો આજે મુખ્યમંત્રી-ગૃહમંત્રીને ‘શેવિંગ કીટ’ આપશે

### ગરબા જોવા જવા અને મૂછ રાખવા જેવી બાબતમાં દલિતો ઉપર અત્યાચાર થાય તો મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મૂછ રાખવાનો અધિકાર નથી : સુબોધ પરમાર

અમદાવાદ,તા.૫

દલિતો ઉપર થઈ રહેલા અત્યાચારને જોતા ડેવલપમેન્ટનું મોડેલ ગુજરાત સમગ્ર રાજયના દલિતો માટે આપત્તિ અને અસ્વીકારનું મોડેલ સાબિત થઈ રહ્યું છે. ત્યારે સામાન્ય બાબતોમાં દલિતો ઉપર અત્યાચાર થાય છે તેથી મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મૂછો રાખવાનો અધિકાર નથી. તેવી માગ સાથે વિરોધ કરવા દલિતો શુક્રવારે વિધાનસભા ખાતે ‘શેવિંગ કીટ’ આપવા માટે જશે. દલિત આંદોલનના કાર્યકર સુબોધ પરમારે આ અંગે જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ૧૦ દિવસમાં જે રીતે દલિત અત્યાચારની ઘટનાઓ સામે આવી છે એમાં આણંદમાં ગરબા જોવા જેવી સામાન્ય બાબતમાં જયેશ સોલંકી નામના યુવાનને માથું પટકીને મારી નાખવામાં આવ્યો અને લીંબોદરામાં મુછો રાખવા જેવી બાબતમાં ઉભી થયેલી તકરારમાં ૩ દલિત યુવકોને જે રીતે માર મારવામાં આવ્યા એ જોતાં D ફોર ડેવલપમેન્ટનું આ મોડેલ સમગ્ર રાજ્યના દલિતો માટે D ફોર Disaster અને D ફોર Denial નું મોડેલ સાબિત થઈ રહ્યું છે. જો કહેવાતા સુશાસનમાં દલિતોને ગરબા જોવા અને મુછો રાખવા જેવી સામાન્ય બાબતોમાં અત્યાચારનો સામનો કરવો પડતો હોય તો આ રાજયના મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીને પણ મુછો રાખવાનો કોઈ અધિકાર નથી એવી માંગણી સાથે દલિતો શુક્રવારે બપોરે ૧ વાગે ‘‘શેવિંગ કીટ’’ લઈને વિધાનસભા ખાતે પહોંચશે. આ ઉપરાંત આ બંને ગામની ઘટનાઓમાં જો આગામી ૯ તારીખ સુધીમાં સરકાર ૧. સ્પેશ્યલ કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે. ૨. IG કક્ષાના અધિકારી દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવે. ૩. પીડિત પરિવારના વ્યક્તિને સરકારી નોકરી અને જમીન આપવામાં આવે. જો આ માંગણીઓ પુરી કરવામાં નહિ આવે તો ૧૦ તારીખે સમગ્ર રાજ્યના દાલિતો દ્વારા અમદાવાદ-ગાંધીનગરને જોડતો ઇન્દિરા બ્રિજ બંધ કરી દેવામાં આવશે અને આવનારી ચૂંટણીમાં સરકાર વિરુદ્ધ પ્રચાર અભિયાન ચલાવવામાં આવશે એમ સુબોધ પરમારે જણાવ્યું હતું.

### સુનીલ મલ્હીના કેસમાં મોતનું કારણ શોધતી પોલીસ

# રિવોલ્વરથી આપઘાત કરનાર પીઆઈનો મોબાઈલ ગુમ

અમદાવાદ,તા. ૫

શહેરના ચાંદખેડા વિસ્તારમાં રહેતા અને નડિયાદ ગ્રામ્ય પોલીસમથકમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતાં સુનીલ મલ્હીની પોતાની સર્વિસ રિવોલ્વરથી રહસ્યમય સંજોગોમાં આત્મ હત્યાના ચકચાર ભર્યા કેસમાં પોલીસ મોતનું ચોક્કસ કારણ શોધી રહી છે. આ માટે પોલીસે મરનાર પીઆઇ મલ્હીના ઘરમાંથી મળેલા બિમારી અંગેના તબીબી રિપોર્ટના આધારે પણ તપાસ હાથ ધરી છે. જો કે, પીઆઇ સુનીલ મલ્હીનો મોબાઇલ ઘરમાંથી ન મળતા પોલીસે ગુમ થયેલા મોબાઇલની પણ તપાસ શરૂ કરી છે કે તેના આધારે કોઇ કડી હાથ લાગે તો. છેલ્લે તેઓ લિવરની બિમારી અંગે ડોકટરને બતાવવા પણ જવાના હતા તેવી માહિતી પણ પોલીસને પ્રાપ્ત થઇ છે. પોલીસે સમગ્ર પ્રકરણમાં ઝીણવટભરી તપાસ હાથ ધરી છે અને આ મામલામાં કૌટુંબિક કારણ જવાબદાર છે કે, બિમારીનું કે પછી અન્ય કોઇ પરિબળ કારણભૂત છે તે તમામ દિશાઓમાં હાલ તો પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે, પીઆઇ સુનીલ મલ્હીની આત્મહત્યાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી જવાની સાથે સાથે ઘેરા શોકની લાગણી ફેલાઇ ગઇ છે. શહેરના ચાંદખેડા વિસ્તારમાં જનતાનગર ખાતે રહેતા પોલીસ ઈન્સ્પેકટર સુનીલ મલ્હી નડિયાદ ગ્રામ્ય પોલીસમથકમાં પીઆઇ તરીકે છેલ્લે ફરજ બજાવતા હતા. ગઇકાલે રહસ્યમય સંજોગોમાં પીઆઇ સુનીલ મલ્હીની લાશ તેમના નિવાસસ્થાનેથી લોહીલુહાણ હાલતમાં મળી આવતાં ચકચાર મચી ગઇ હતી. પીઆઇ સુનીલ મલ્હીએ પોતાની સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરીંગ કરી આત્મહત્યા કરી લીધી હતી. પીઆઇ સુનીલ મલ્હી તા.૨૯મી સપ્ટેમ્બરથી સીક લીવ પર હતા. ચાંદખેડા પોલીસે સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે.

### આંતરરાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ એન્ડ સાયબર સિક્યોરિટી કોન્ફરન્સનો પ્રારંભ

# ટેકનોલોજીના યુગમાં સાયબર ક્રાઈમ ઉપર નિયંત્રણ લાવવા સંશોધન જરૂરી

### રાજ્યનું પ્રથમ ‘સાયબર ડિફેન્સ સેન્ટર’ શરૂ કરાયું

અમદાવાદ, તા.૫

આજના ટેકનોલોજીના યુગમાં સાયબર ક્રાઈમ ખૂબ જ પદ્ધતિસર રીતે થાય છે. જેને અટકાવવા આપણે સજાગ થવું અતિ આવશ્યક છે. દેશના નાગરિકોને તમામ ક્ષેત્રે સુરક્ષા આપવી, આપણા સૌની જવાબદારી છે. એડવાન્સ ટેકનોલોજીના ઉપયોગથી સાયબર ક્રાઈમથી બચી શકાય. સાયબર ક્રાઈમ ઉપર નિયંત્રણ લાવવા માટે સંશોધન ખૂબ જ જરૂરી છે. સાયબર ક્રાઈમ અટકાવવા અંગે વ્યક્તિગત કાળજી અને સાવચેતી રાખવી પડશે. આજની આ બે દિવસીય વૈશ્વિક કોન્ફરન્સ સાયબર ગુનાઓ અટકાવવા અને સંશોધન ક્ષેત્રે નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરશે તેમ આજે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ઈન્ફોર્સકોન-૨૦૧૭-ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ફોરેન્સિક સાયન્સીસ એન્ડ સાયબર સિક્યોરિટીનો શુભારંભ કરાવતા હાઈકોર્ટના જજ એમ.આર.શાહે જણાવ્યું હતું. જજ શાહે વધુમાં જણાવ્યું હતું કે ડીએનએ અને ટેકનોલોજીના સમન્વયથી ગંભીર ખૂન કેસો ઉકેલી શકાય છે. યોગ્ય તપાસ પછી ચોક્કસ પુરાવા રજૂ કરવાથી ઝડપી ચુકાદો-ન્યાય આપી શકાય છે. સાયબર ક્રાઈમ અંગેના જ્ઞાનની આ બે દિવસીય કોન્ફરન્સમાં એકબીજા સાથે આપ-લે કરવાની પણ જજ શાહે ઉપસ્થિત સૌ સાયબર ક્ષેત્રના તજજ્ઞોને અનુરોધ કરીને આ કોન્ફરન્સને સફળ બનાવવા શુભેચ્છાઓ આપી હતી. મુખ્ય સચિવ ડો.જે.એન. સિંઘે આજની આ સાયબર સિક્યોરિટી અંગેની કોન્ફરન્સને ગ્લોબલ કોન્ફરન્સ ગણાવી કહ્યું હતું કે, એડવાન્સ ટેકનોલોજીના ઉપયોગથી સાયબર સિક્યોરિટી વધુ મજબૂત બનાવી સાયબર ક્રાઈમને અટકાવી શકાય. ડિજિટલ ઈન્ડિયાને બળ આપવા આજે ઓનલાઈન ખરીદીનો વ્યાપ ખૂબ જ વધ્યો છે ત્યારે સાયબર સુરક્ષા અતિ મહત્ત્વની છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ હવે સબસિડી જેવા લાભો સીધા જ લાભાર્થીઓના ખાતામાં જમા કરે છે. નાણાકીય વ્યવહારની સાથે સાથે આજે યુવાનો અને બાળકોમાં બ્લ્યુ વ્હેલ જેવી રમતોના કારણે સમાજ અને આપણી સામે પડકારો વધ્યા છે. જેની સામે સુરક્ષાની સાથે જાગૃતિ લાવવી ખૂબ જરૂરી છે. માત્ર નાણાકીય વ્યવહારો જ નહિં પણ સુરક્ષા એજન્સી સામે ‘‘લોન વુલ્ફ’’ની નવી મોડ્સ ઓપરેન્ડીથી આતંકી હુમલામાં વધારો થયો છે. આ ‘‘લોન વુલ્ફ’’નો અગાઉ કોઈ ક્રાઈમ રેકોર્ડ હોતો નથી. જેને સમજવા સુરક્ષા તંત્રને ટેકનોલોજીથી સજ્જ કરવું આવશ્યક છે, તેમ પણ સિંઘે ઉમેર્યું હતું. રાજ્યની એફએસયુ જેવી વૈશ્વિક સંસ્થાએ સાયબર ક્રાઈમના પાસાઓ અને સિક્યોરિટી ક્ષેત્રે ખૂબ જ સંશોધન કર્યું છે. આ બે દિવસની સાયબર સિક્યોરિટી કોન્ફરન્સ સાયબર સુરક્ષા માટે ખૂબ જ મહત્ત્વની સાબિત થશે તેમ અધિક મુખ્ય સચિવ એમ.એસ.ડાગુરે જણાવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે રાજ્યના પ્રથમ ‘‘સાયબર ડિફેન્સ સેન્ટર’’નો શુભારંભ પણ કરવામાં આવ્યો હતો. જજ એમ.આર.શાહ, ડો.જે.એન.સિંઘ સહિત ઉપસ્થિત મહેમાનોના હસ્તે સાયબર અંગેના ‘‘વૈશ્વિક સોવિનિયર’’નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાયબર સુરક્ષા અંગેના સેમિનારમાં યુ.એસ.એ. અને નેપાળ ઉપરાંત ભારતના વિવિધ રાજ્યોમાંથી ૬૦૦થી વધુ સાયબર તજજ્ઞો, પોલીસ અધિકારીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગોંડલના ચકચારી નિલેશ રૈયાણી હત્યા કેસમાં

# ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને સુપ્રીમ દ્વારા ગુજરાત બહાર રહેવાની શરતે મળ્યા જામીન

ગોંડલ, તા.૫

ગોંડલના ચર્ચાસ્પદ નિલેશ રૈયાણી હત્યા પ્રકરણમાં આજીવન કેદની સજા પામેલા ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સહિત ત્રણેય આરોપીઓએ હાઈકોર્ટના આજીવન કેદના ચુકાદા સામે માંગેલા અપીલ જામીન સુપ્રીમ કોર્ટે આજે ગ્રાહ્ય રાખ્યા હતા. જયરાજસિંહ જાડેજા, અમરજીતસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ રાણાને ગુજરાતની હદમાં નહીં પ્રવેશવા, ૫-૫ લાખના સોલવન્સી જામીન જમા કરાવવા અને પાસપોર્ટ જમા કરાવવાની શરત પણ સુપ્રીમ કોર્ટ દ્વારા લાદવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વર્ષ ૨૦૦૪માં થયેલ નિલેશ રૈયાણી હત્યા કેસમાં હાઈકોર્ટ દ્વારા ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, અમરજીતસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ રાણાને દોષિત કરાર કરી આજીવન કેદની સજા ફટકારતો હુકમ કરાયા બાદ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સહિતના દ્વારા સુપ્રીમ કોર્ટના જામીન અંગે અરજી કરતા સુપ્રીમમાં આજે સુનાવણી હાથ ધરાતા ગુજરાત બહાર રહેવાની શરતે જયરાજસિંહ જાડેજા, અમરજીતસિંહ જાડેજા અને મહેન્દ્રસિંહ રાણાનો જામીન ઉપર છૂટકારો થવા પામ્યો હતો. વધુમાં સુપ્રીમ દ્વારા ઉનાળું વેકેશન બાદ ધારાસભ્ય દ્વારા સજા સામે કરેલ અપીલ ચલાવવા હુકમ કર્યો હતો. વધુમાં તેમના પાસપોર્ટ જમા કરાવી ગુજરાતમાં આવવા હાઈકોર્ટની મંજૂરી લેવા પણ હુકમ કર્યો છે. સાથોસાથ રામજી મારકણા દ્વારા હત્યા કેસમાં પક્ષકાર તરીકે જોડવા કરાયેલ અરજી સુપ્રીમ દ્વારા નામંજૂર કરાઈ છે. છેલ્લી ચાર ટર્મથી ગોંડલ વિધાનસભા બેઠક ઉપર ચૂંટાતા ભાજપના ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ચૂંટણીના પડઘમ વેળા જ હાઈકોર્ટ દ્વારા આજીવન કેદની સજા સાથે કાનૂની વિવાદમાં સપડાતા રાજકીય અનેક પ્રશ્નો સર્જાવા પામ્યા હતા. અલબત્ત આજીવન કેદની સજા પામેલા ધારાસભ્ય જાડેજા ચૂંટણી લડવા અમાન્ય બન્યા હોય. છેલ્લા બે દાયકાથી ગોંડલ બેઠક ઉપર મજબૂત પકડ સાથે વર્ચસ્વ ધરાવતા જયરાજસિંહ જાડેજાનો વિકલ્પ શું ? તે અંગે માત્ર જિલ્લા ભાજપ જ નહીં પ્રદેશ ભાજપના નેતાઓ પણ અવઢવ સ્થિતિમાં હોય હવે જયરાજસિંહ જાડેજાને રેગ્યુલર જામીન મુક્તિ મળતા આગામી સમયમાં જ ગોંડલ બેઠકના ભાજપના ઉમેદવાર અંગેનું ચિત્ર સ્પષ્ટ બનશે. તાજેતરમાં ટિકિટ અંગે લેવાયેલ સેન્સવેળા શહેર તાલુકાના ભાજપ વર્તુળો દ્વારા એક સૂરમાં જયરાજસિંહ અથવા જયરાજસિંહ જે નામ સૂચવે તેવો અભિપ્રાય નિરીક્ષકો સમક્ષ વ્યક્ત કરાયો હતો. હવે જયરાજસિંહ જાડેજા જામીન મુક્ત થતા તેમના દ્વારા વિધાનસભાની ટિકિટ અંગે કેવો વ્યુહ અપનાવાય છે તે તરફ તાલુકાભરની મીટ મંડાઈ છે.

# વધી રહ્યા છે ફિદાઈન હુમલા, શું કાશ્મીરના આતંકવાદમાં કોઈ બદલાવ આવ્યો છે ?

(એજન્સી) શ્રીનગર, તા.૫

ગાંધી જયંતિના દિવસે શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર ફિદાઈન હુમલો થયો. જે અફજલ ગુરૂ સ્કવોડના ૩ આંતકીઓએ અંજામ આપ્યો. પાકિસ્તાન સ્થિત જેસેમોહમ્મદ દ્વારા આ હુમલો સંચાલિત હતો. બીએસએફની બટાલિયનની સુરક્ષામાં ઘણી ક્ષતિઓ જોવા મળી. કેમ્પમાં ઘૂસતાની સાથે જ આતંકવાદીઓને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કર્યું હતું. રેન્જ આઈજી મુનીરખાને કહ્યું કે પાકિસ્તાન જેવો પાડોશી દેશ છે ત્યાં સુધી આવા હુમલા થતા રહેશે. જ્યાં સુધી પાકિસ્તાનમાં આતંકવાદ રહેશે આવી ઘટનાઓ થતી રહેશે બીએસએફના કમાન્ડરનાં મોત થતાં રહેશે. મુનીર ખાને કહ્યું કે જેસે મોહમ્મદ ખતરાનું કારણ છે. તેઓ સુરક્ષા કેમ્પો પર ફિદાઈન હુમલામાં વિશ્વાસ રાખે છે. આવા તત્ત્વોને જુદી રીતે સમાપ્ત કરવા પડશે. અફઝલ ગુરૂ સ્કવોડે પુલવામાં આતંકી હુમલો કરી ૮ જવાનોની હત્યા કરી હતી. બે આતંકવાદી માર્યા ગયાં હતાં. ફિદાઈન હુમલાખોરો ૧૦થી ૧૫ની સંખ્યામાં ઘૂસ્યા હતા. પોલીસે કહ્યું કે ઓપરેશન ઓલઆઉટ બાદ આતંકવાદીઓ મોટાપાયે માર્યા ગયા તેથી ફિદાઈન હુમલા શરૂ થયા છે. ૮ માસમાં ૧૫૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. આઈબીને આતંકવાદી ઘટનાઓમાં વધારાનો સંદેહ છે. દક્ષિણ કાશ્મીર નવા યુગના આતંકવાદનો ગઢ છે. ઉત્તરી કાશ્મીરમાં ૨૦થી ૨૫ વિદેશી આતંકવાદીઓ છુપાયેલા છે. ૮૦ જેટલા સુરક્ષા દળોના જવાનો આતંકવાદી હુમલામાં માર્યા ગયાં છે. રાજય પોલીસ માટે ૨૦૧૭નું વર્ષ ખૂની રહ્યું.

# વિશ્વભરમાં ગાયો દૂધ આપે છે પરંતુ ભારતની ગાયો વોટ આપે છે : ઈમરાન પ્રતાપગઢી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

દિલ્હીના જંતર-મંતર પર રક્તદાન કાર્યક્રમના આયોજન બાદ નેશનલ દસ્તકને સંબોધિત કરતાં કવિ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે હજુ સુધી ૫૦થી વધુ મોબ-લિન્ચીંગના મામલાઓની સૂચના મળી છે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે, નિર્દોષ લોકોને ઢોર માર મારવામાં આવી રહ્યાં છે અને તે ઘટનાઓમાં તેઓના મોત નિપજ્યા છે. મોબ લોન્ચીંગની ઘટનાઓનો વિરોધ કરતાં પ્રતાપગઢીએ ગાંધીવાદી બનીને રક્તદાન કાર્યક્રમનું આયોજન કર્યું. રક્તદાન કાર્યક્રમ ‘લોહી બોલી રહ્યું છે’ જે ૬ ઓગસ્ટના રોજ આ વર્ષે નવી દિલ્હીમાં જંતર-મંતર પર ઉર્દૂ કવિ ઈમરાન પ્રતાપગઢીએ શરૂ કર્યો હતો. તેમણે કહ્યું કે વિશ્વભરમાં ગાયો દૂધ આપે છે જ્યારે ભારતની ગાયો મતદાન કરે છે. તે મોબ લોન્ચીંગની ઘટના નથી પરંતુ હકીકતમાં શંકાસ્પદ લીન્ચીંગ છે. તેની પાછળનો એક ઉદ્દેશ એ છે કે, તે લોકતંત્રને બચાવવાની લડાઈ છે કારણ કે લોકતંત્ર મરી રહ્યું છે. રક્તદાન કાર્યક્રમ આયોજિત કરીને તેમણે કથિતરૂપણે ગૌરક્ષકોને સંદેશ આપ્યો કે ‘‘રસ્તા પર અમારું લોહી ના ફેલાવો, અમે તમને દાન કરીશું’’. તેમણે તે કટ્ટરપંથીઓને પણ અપીલ કરી કે અમારા લોહીને બરબાદ ના કરો,

### કાર્યક્રમ

#### સેન્ટ્રલ ગવર્નમેન્ટ પેન્શનર્સ એસો.ની ૩૪મી સભા મળશે

સેન્ટ્રલ ગવર્નમેન્ટ પેન્શનર્સ એસોસિએશનની ૩૪મી વાર્ષિક સભા તા.૪-૧૦-૨૦૧૭ના રોજ ટાગોર હોલ અમદાવાદ ખાતે બપોરના ૨થી ૬ વાગે મળશે મુખ્ય અતિથિ પદે ડો. રમેશભાઈ પારેખ ઉપસ્થિત રહેશે. તેમ સેન્ટ્રલ ગવર્નમેન્ટ પેન્શનર્સ એસોસિએશનની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓની ઈમરજન્સી સારવાર કેસમાં

# ‘કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨’ સેવાનો આજથી રાજ્ય વ્યાપી પ્રારંભ કરાશે

ગાંધીનગર,તા.૫

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓની સારવાર અર્થે શરૂ કરેલ કરૂણા અભિયાનને વ્યાપક સફળતા મળી હતી. આ સફળતાને પરિણામે રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવી અકસ્માતનો ભોગ બનેલ ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓને ઈમરજન્સીના કેસોમાં સારવાર આપવા માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ સેવાનો શુભારંભ કરવાનો નિર્ધાર કર્યો છે. આકસ્મિક કારણોસર અનાથ પશુ-પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે આશયથી શરૂ કરવામાં આવનાર કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ સેવાનો રાજયવ્યાપી શુભારંભ આવતીકાલ તા.૬ઠ્ઠી ઓકટોબરના રોજ બપોરના ૩:૦૦ કલાકે ગાંધીનગરથી મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારની આરોગ્ય વિભાગની ૧૦૮ સેવાની જેમ જ જીવીકે-ઈએમઆરઆઈ મારફતે જનભાગીદારીથી રાજયના પશુ-પક્ષીઓને અકસ્માત ઈમરજન્સીમાં સારવાર માટે આ સેવાનો શુભારંભ કરાયો છે જેનાથી એમ્બ્યુલન્સ વાન સાથે પશુચિકિત્સક દ્વારા મુંગા પશુ-પક્ષીઓને તાત્કાલીક સ્થળ પર સારવાર પૂરી પાડશે. જે માટે ૧૯૬૨ ટોલ ફ્રી હેલ્પલાઈન સેવા શરૂ કરાશે. હાલ રાજયમાં પશુ આરોગ્ય માટે ૩૩ જિલ્લામાં વેટરનરી પોલીકલીનિક, પશુ દવાખાના, મોબાઈલ પશુ દવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો દ્વારા પશુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

# રોહિંગ્યાઓ પર મ્યાનમારનું દમન એ માનવતા વિરુદ્ધની ક્રૂરતા સમાન : સંયુક્ત રાષ્ટ્રની સમિતિઓ

(એજન્સી) તા.૫

સંયુક્ત રાષ્ટ્રની મહિલા અને બાળ અધિકારો સંબંધિત સમિતિઓએ મ્યાનમારની સરકારે ઉત્તરી રખાઈન ક્ષેત્રમાં હિંસા પર તાત્કાલિક ધોરણે પ્રતિબંધ મૂકવા આહવાન કર્યુ છે. ગત છ અઠવાડિયાથી ચાલી રહેલી હિંસાને કારણે અત્યાર સુધી લગભગ છ લાખથી વધુ રોહિંગ્યા મુસ્લિમ પલાયન કરી બાંગ્લાદેશમાં શરણ લઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે. મહિલાઓ વિરુદ્ધ ભેદભાવ પર રોક લગાવવા અને બાળ અધિકારો સંબંધિત સમિતિઓ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે રોહિંગ્યા સમુદાયની મહિલાઓ અને બાળકોના ભવિષ્ય વિશે અમે ખાસ કરીને ચિંતિત છીએ. જે હત્યા, દુષ્કર્મ અને બળજબરીપૂર્વક વિસ્થાપિત જેવા માનવાધિકારોના ગંભીર ઉલ્લંઘનનો ભોગ બની રહ્યાં છે. તેમણે કહ્યું છે કે આ પ્રકારના ઉલ્લંઘન માનવતા વિરુદ્ધના અપરાધ જેવા છે અને અમે આ વાતથી ઘણા ચિંતિત છીએ કે સરકાર સેના અને અન્ય સુરક્ષાદળોના ઈશારે કરાતા આ પ્રકારના માનવાધિકાર ભંગ પર કાબૂ મેળવવામાં નિષ્ફળ સાબિત થઈ છે. તમને જણાવી દઈએ કે ગત ઓક્ટોબર ૨૦૧૬થી મ્યાનમારની સેના અને સરકાર સહિત બૌદ્ધ સમુદાયના લોકોએ રોહિંગ્યા મુસ્લિમો પર નવી હિંસાનો દોર શરૂ કરી દીધો છે. જેમાં હાલમાં જ ઓગસ્ટ મહિનામાં ૨૫ તારીખે જોરદાર હિંસાનો દોર શરૂ થતાં લાખો રોહિંગ્યા મુસ્લિમો શરણાર્થી બનવા મજબૂર થયા છે. આ દરમિયાન છ લાખથી વધુ શરણાર્થીઓ બાંગ્લાદેશ પહોંચી ગયા છે અને હજુ ૧૦ હજારથી વધુ લોકો બંને દેશો વચ્ચેની સરહદો વચ્ચે જ અટવાયેલા છે. જે લોકો હજુ પણ પલાયન કરીને બાંગ્લાદેશ આવી રહ્યાં છે તેમાંથી ઘણા લોકો કહે છે કે મ્યાનમારની સેના રોહિંગ્યા મુસ્લિમો પર તેમના ગામ ખાલી કરી પલાયન કરી જવા દબાણ કરી રહી છે અને જે હાથમાં આવી જાય છે. તેમના પર આકરું દમન ગુજારી રહી છે. એક વૃદ્ધ રોહિંગ્યા મુસ્લિમે જણાવ્યું કે અમારું મકાન બાળી નાખવામાં આવ્યું છે, અમારા ઘરના લોકોને મારી નાખવામાં આવ્યા છે, ભયના મારે અમે ગામ છોડી આવી ગયા છે. હજુ પણ અમારા ઘણા સંબંધીઓ અને પરિજનો ગુમ છે. અમે જેમ તેમ કરીને અમારો જીવ બચાવી અહીં આવી પહોંચ્યા છીએ. અન્ય એક મહિલાએ પણ કહ્યું કે મ્યાનમારની સેનાના સૈનિકો અમને ટોર્ચર કરે છે. અમારી સાથે લૂંટફાટ કરવામાં આવે છે. અમે અહીં ફક્ત પહેરેલા કપડે જ આવ્યા છીએ. હવે અમારી પાસે કંઇ જ રહ્યું નથી. તમને જણાવી દઈએ કે મ્યાનમારની સરકાર કહે છે કે આ હિંસામાં ૪૦૦ જેટલા લોકોનાં જ મોત થયા છે જ્યારે કેટલાક આંકડાઓ અનુસાર હજારોની સંખ્યામાં રોહિંગ્યા મુસ્લિમોને મોતને ઘાટ ઉતારી દેવાયા હોવાનું જાણવા મળ્યું છે.

# સીરિયાના પાટનગરમાં ISએ આત્મઘાતી હુમલાની જવાબદારી સ્વીકારી, ૧૭નાં મોત

(એજન્સી) તા.૫

મંગળવારે સીરિયાના પાટનગરમાં કરવામાં આવેલા આત્મઘાતી હુમલાની જવાબદારી આઈએસએ સ્વીકારી લીધી છે. આ હુમલામાં ૧૭થી વધુ નાગરિકો અને પોલીસકર્મીઓનાં મોત નીપજયા હતા. સીરિયાના આંતરિક બાબતોના મંત્રી લેફ.જન. મોહમ્મદ અલ શારે જણાવ્યું કે સોમવારે સવારે વિસ્ફોટ થયો તે પહેલા બે આત્મઘાતી હુમલાખોરોએ અલ મિદાનના પાડોશમાં આવેલા પોલીસમથકે કેટલાક બોમ્બ સાથે હુમલો કર્યો હતો. જોકે ત્યારબાદ તેમણે પોતાને ઉડાવી લીધો હતો. જોકે પોલીસે જણાવ્યું કે જ્યારે પોલીસકર્મીઓએ તેને ગોળી મારી ઢાળી દીધો અને દરમિયાન ગોળી વિસ્ફોટક બોમ્બને વાગતા જોરદાર ધડાકો થયો હતો. આ કારણે જ ૧૭ નાગરિકો અને પોલીસકર્મીઓનાં મોત થયા હતા. આ વિસ્ફોટને કારણે ઈમારતને ભારે નુકસાન થયું હતું અને તમામ ફ્લોર પર લોહી પથરાઈ ગયું હતું. આઈએસની અમાક ન્યૂજ એજન્સીએ જણાવ્યું કે આઈએસએ

આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. જોકે આ હુમલા અંગે વધુ માહિતી આપવામાં આવી નહોતી. તમને જણાવી દઈએ કે હાલમાં રશિયાના પીઠબળ હેઠળની સેના આઈએસ તથા સ્થાનિક અલ કાયદા અને તેના સહયોગી બળવાખોરો સાથે યુદ્ધ લડી રહી છે. આ લોકો રાષ્ટ્રપતિ બશર અલ અસદના વિરોધી છે. ચાલુ અઠવાડિયે રશિયાની સેના દ્વારા કરવામાં આવેલા હવાઇ હુમલામાં અત્યાર સુધી ૩૦૦થી વધુ આતંકીઓએ જીવ ગુમાવ્યા હોવાની માહિતી આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે રશિયા બશર અલ અસદનો મોટો સહયોગી સાબિત થયો છે. બીજીબાજુ ઇઝરાયેલે પણ કહ્યું છે કે સીરિયાનું યુદ્ધ બશર અલ અસદ જીતી જશે. કેમ કે અમેરિકા અને રશિયા તેને ટેકો આપી રહ્યાં છે.

# રશિયાના હવાઈ હુમલામાં સીરિયાનો ટોચનો આતંકી ઘાયલ ૫૦થી વધુ આતંકી ઠાર, ૨૦થી વધુ નાગરિકોનાં પણ મોત

(એજન્સી) તા.૫

રશિયાના હવાઇ હુમલામાં સીરિયામાં સક્રિય આતંકી સંગઠન તહરીર અલ શામનો કુખ્યાત અબુ મોહમ્મદ અલ ગોલાની ગંભીર રીતે ઘવાયો છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ હુમલામાં આતંકી સંગઠનના ૧૨ કમાન્ડર અને ગોલાનીની સુરક્ષામાં તૈનાત ૫૦ આતંકીઓ પણ ઠાર મરાયા છે. જોકે આ દરમિયાન દાયર અલ ઝોર પ્રાંતમાં કરાયેલા હવાઈ હુમલામાં યુફ્રેટ્સ નદી ક્રોસ કરી પલાયન કરવા જતાં ૨૦થી વધુ નાગરિકોનો પણ ભોગ લેવાઈ ગયો છે. આ માહિતી સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સ સંસ્થાને આપી હતી. આ એક બ્રિટન દ્વારા સંચાલિત નિરીક્ષક માનવાધિકાર સંસ્થાન છે. તેણે જણાવ્યું કે લગભગ ૨૦ જેટલા લોકોમાં મોટાભાગના બાળકો પણ સામેલ હતા. તેઓ નદી ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ રશિયાના હવાઈ હુમલાથી જીવ બચાવવાના ડરે નદી ક્રોસ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તમને જણાવી દઈએ કે સીરિયામાં આઈએસના આતંકીઓનો ખાત્મો બોલાવવા માટે રશિયા અને અમેરિકા પણ સતત હવાઈ હુમલા કરી રહ્યાં છે. જોકે તેમાં મોટાભાગે નાગરિકોનો

જ ભોગ લેવાઈ રહ્યો છે. તાજેતરમાં જ સીરિયન ઓબ્ઝર્વેટરી દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા ચોંકાવનારા હતા. સીરિયાના દાયર અલ ઝોરમાં સીરિયાની રશિયાના પીઠબળ ધરાવતી સેના એકબાજુથી હુમલો કરી રહી છે જ્યારે બીજી બાજુ અમેરિકાની સીરિયન ડેમોક્રેટિક સેના પણ આતંકીઓનો ખાત્મો બોલાવવા આતંકીઓ પર હુમલો કરી રહી છે. જોકે તમને જણાવી દઈએ કે અમેરિકાને આ મામલે દિમશ્કની સરકારે કે પછી યુએનએ કોઈપણ પ્રકારની હવાઈ હુમલા કરવાની પરવાનગી આપી નથી. બીજીબાજુ સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા મેજર જનરલ ઈગોર કોનાશેંકોવે જણાવ્યું કે ગુપ્તચર સૂચનાના આધારે મંગળવારે આતંકીઓના ઠેકાણાઓ પર બે લડાકુ વિમાનોની મદદથી હુમલા કરાયા હતા. ગોલાની નુસરા ફ્રન્ટનો વડો હતો. તમને જણાવી દઈએ કે નુસરા ફ્રન્ટે બાદમાં અન્ય આતંકી સંગઠનો સાથે વિલય કરીને તહરીર અલ શામ નામે નવા સંગઠનની રચના કરી હતી. ઈગોરે કહ્યું કે હવાઇ હુમલામાં વડો ગંભીર રીતે ઘવાયો છે. તેનો એક પગ કપાઇ ગયો છે. તે ગંભીર સ્થિતિમાં છે.

### પાશવી બર્બરતા હવે હદ વટાવે છે

# ઈઝરાયેલી દળોએ પેલેસ્ટીની ગામનો ૧૧૯મી વખત નાશ કર્યો

(એજન્સી) તા.૫

પેલેસ્ટીનની સત્તાવાર સમાચાર સંસ્થાએ જણાવ્યું છે કે, ઈઝરાયેલી દળોએ પેલેસ્ટીન બેદોઈનના નકાબ ક્ષેત્રમાં આવેલ અલ-અરાકિબ ગામમાં વિનાશ કરાયો હતો. આ વિનાશ ૨૦૧૦ના વર્ષથી શરૂ કરાયો છે અને ૧૧૯ વખત આ ગામમાં વિનાશ કરાયો છે.

સ્થાનિક ચળવળકારો અઝીઝ અલ-તુરીએ જણાવ્યું છે કે, ઈઝરાયેલના બુલડોઝરોએ ઈઝરાયેલ પોલીસની મદદથી ગામમાં દરોડો પાડ્યો હતો અને ગામમાં આવેલ પેલેસ્ટીનીઓના ઘરોને તોડી પાડ્યા હતા. આ મકાનોની સામે એમને કોઈપણ અવેજ પણ આપવામાં આવ્યું ન હતું. એમણે કહ્યું કે ખરાબ હવામાન છતાંય ઈઝરાયેલી દળોએ તોડફોડની કામગીરી ચાલુ રાખી હતી. એમણે કહ્યું કે, ઈઝરાયેલ પોલીસ અમને કાયમ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે. પણ આ પ્રકારના કૃત્યોથી અમે ડરવાના નથી અને ઘરોને ફરીથી બાંધીશું. એ અમને રોકી શકશે નહીં.

ગયા મહિને ઈઝરાયેલની કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, અલ-અરાકિબના ૬ રહેવાસીઓને ૨,૬૨,૦૦૦ શેકેલ્સ (૭૨૦૦૦ ડોલર) રકમની ચુકવણી પાછલી તોડફોડ પેટે કરવામાં આવે અને વધુમાં ૧ લાખ શેકેલ્સ વકીલની ફી તરીકે પણ આપવામાં આવે. આ પ્રથમ વખત બન્યું છે કે, ઈઝરાયેલે ગામને વળતર ચૂકવવા આદેશ આપ્યો છે.

અલ-અરાકિબ રહેવાસીઓના નિવેદન મુજબ કોર્ટના આ ચુકાદા પહેલાં ગામવાસીઓને આદેશ અપાયો હતો કે એ ૨ મિલિયન શેકેલ્સની ચુકવણી કરે. જે ચુકવણી ઈઝરાયેલ દ્વારા કરાયેલ તોડફોડના ખર્ચ પેટે હતી. જે ખર્ચ ઈઝરાયેલે તોડફોડ કરવા છેલ્લા ૭ વર્ષથી કર્યો છે.

બેદૌઈનના ૩૫ ગામોમાંથી અલ-અરાકિબ એક ગામ છે. જેને ઈઝરાયેલ ગેરકાયદેસર ગણે છે. એસીઆરઆઈ મુજબ લગભગ ૧,૬૦,૦૦૦ બેદૌઈન ગામડાઓને ગેરકાયદેસર ગામડાઓ તરીકે ગણવામાં આવે છે.

આ ગેરકાયદેસર બેદૌઈન ગામડાઓની સ્થાપના નેગેવ ક્ષેત્રમાં ૧૯૪૮ના આરબ- ઈઝરાયેલ યુદ્ધ પછી તરત જ થઈ હતી. આ યુદ્ધ પછી જ ઈઝરાયેલ દેશ અસ્તિત્વમાં આવ્યો હતો.

# ફતાહ-હમાસના મેળાપને કારણે નેતાન્યાહુના પેટમાં તેલ રેડાયું

(એજન્સી) તા.૫

ફતાહ મુવમેન્ટ અને હમાસ પ્રતિકાર ચળવળના વિલયના નિર્ણયને કારણે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ હવે અકળાઈ રહ્યાં છે. આ વિલયના પ્રયાસો પેલેસ્ટીન ઓર્થોરિટી અને હમાસ ચળવળ વચ્ચે ચાલી રહ્યાં છે. પેલેસ્ટાઈન સરકાર અને ગાઝાનું વહીવટીતંત્ર હવે એકજૂથ થવા તરફ આગળ વધી રહ્યું જેનાથી પેલેસ્ટીનમાં ફરી એકતાનો નવો દોર શરુ થશે. આ કારણે જ નેતાન્યાહુની ચિંતા વધી છે. આ મામલે નેતાન્યાહુનો રોષ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. મંગળવારે કબજા હેઠળના વેસ્ટ બેન્કના માલાહ અદુમિમ ખાતે આયોજિત લિકુડની જમણેરી પાંખની બેઠકમાં ઈઝરાયેલી વડાપ્રધાને આ મામલે પોતાનો રોષ વ્યક્ત કરતાં કહ્યું હતું કે અમારી હાજરીમાં અમારા અસ્તિત્વ સામે જ પેલેસ્ટીનીઓ એકજૂથ બને અથવા એકજૂથ થવાનો નિર્ણય કરે તે અમારા માટે અસ્વીકાર્ય છે. તેણે કહ્યું હતું કે કોઈપણ પ્રકારની શાંતિવાર્તા કરતાં પહેલા તમામ લોકોએ વિચારી લેવું જોઈએ કે ઈઝરાયેલ એક યહૂદીઓનો દેશ છે. તેમણે કહ્યું કે કોણ મેળાપ કરવા માગે છે? અમારો પક્ષ સ્પષ્ટ છે. ઈઝરાયેલને યહૂદીઓના દેશ તરીકે સ્વીકારો અને હમાસની સૈન્ય પાંખને નિષ્ક્રિય કરો, ઈરાન સાથેના તમામ કરારનો અંત લાવો. અગાઉ ઈઝરાયેલના શિક્ષણમંત્રી નફતાલી બેનેટે ઈઝરાયેલને પેલેસ્ટીઓને ચૂકવાતી

ટેક્સ રેવન્યુ અટકાવી દેવાની વાત કહી હતી. નેતાન્યાહુએ પેલેસ્ટીન ઓર્થોરિટી અને હમાસ ચળવળના વિલયનું બહાનું કાઢીને કહ્યું હતું કે આ લોકો શાંતિ પ્રક્રિયાને આગળ વધારવામાં નથી માનતા. તેઓ ઈઝરાયેલી વસાહતોનું નિર્માણકાર્ય યુદ્ધસ્તરે લઈ જવા માગે છે. તમને જણાવી દઈએ કે વિલય કરવાના ઉદ્દેશ્ય સાથે પેલેસ્ટીન સરકારના વડાપ્રધાન રામી હમાદલ્લાહના નેતૃત્વમાં કેટલાક નેતાઓએ ગાઝા સ્ટ્રીપની મુલાકાત લીધી હતી અને આ મુલાકાત ત્રણ વર્ષમાં પ્રથમ વખત કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે ગાઝાનું સંચાલન હમાસ ચળવળ દ્વારા કરવામાં આવે છે. હમાદલ્લાહે આ બેઠક વિલયની દિશામાં સૌથી મહત્વનું અને એક મોટું પગલું ગણાવી હતી.

# તુર્કીના રાષ્ટ્રપતિ ઈરાનની મુલાકાતે : બંને દેશો દ્વિપક્ષીય સંબંધો અને અનેક મુદ્દાઓ પર એકબીજાને સહયોગ આપવા સહમત

(એજન્સી) તા.૫

તાજેતરમાં ૪ ઓક્ટોબરના રોજ તુર્કીના રાષ્ટ્રપતિ પાડોશી દેશ ઈરાનની મુલાકાતે પહોંચ્યા છે. અહીં રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાને ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાની સાથે ભેટ કરી હતી. બંને નેતાઓએ એકબીજાને સારો રિસ્પોન્સ આપ્યો છે. જોકે બંને નેતાઓ વચ્ચેની બેઠક બાદ એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું જેમાં બંને દેશો એકબીજા દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનાવવા અને અનેક ક્ષેત્રીય મુદ્દાઓ જેવા કે સીરિયા, મ્યાનમાર, કુર્દિસ્તાન રિજિયોનલ રેફરેન્ડમ, પેલેસ્ટીન તથા અફઘાનિસ્તાન જેવા સળગતા મુદ્દાઓ પર એકસમાન વલણ અપનાવવા અને એકબીજાને ભરપૂર સહયોગ આપવા સહમત થયા હતા. બંને નેતાઓએ એક સંયુક્ત પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના રાષ્ટ્રપતિ હસન રુહાનીને આમંત્રણ આપ્યા બાદ તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગાને ઈરાનની મુલાકાત લીધી તે બદલ તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. અમે એકબીજા દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવા માગીએ છીએ. તમને જણાવી દઈએ કે તુર્કીના રેસેપ તૈયપ એર્દોગાન અને હસન રુહાનીના વડપણ હેઠળ સુપ્રીમ કાઉન્સિલ ફોર કોર્પોરેશનની ચોથી બેઠક યોજાઈ હતી જેમાં આ બંને ટોચના નેતાઓ સહિત દેશના તમામ મંત્રાલયોના ટોચના નેતાઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. તેમજ તુર્કીના પણ કેટલાક ટોચના મંત્રીઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં બંને ટોચના નેતાઓ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા એકમત થયા હતા અને તેમણે બંને દેશો વચ્ચે ભાઈચારો, મિત્રતા તથા અનેક મુદ્દે સહયોગ આપવા સહમતિ આપી હતી. તમને જણાવી દઈએ કે બુધવારે જ તુર્કીના રાષ્ટ્રપતિનું હસન રુહાનીએ સ્વાગત કર્યું હતું. તમને જણાવી દઈકે આ મુલાકાતમાં રેસેપ તૈયપ એર્દોગાન સાથે તુર્કીના એનર્જી, કસ્ટમ, ઈકોનોમી તથા સાંસ્કૃતિક મંત્રી પણ જોડાયા છે. આ બેઠકમાં તાજેતરમાં યોજાયેલા કુર્દિસ્તાન રેફરેન્ડમ મામલે પણ બંને ટોચના નેતાઓએ ગાઢ ચિંતા વ્યક્ત કરી હતી. એર્દોગાનની આ ત્રીજા વર્ષમાં બીજી મુલાકાત હતી. આ મુલાકાતમાં બંને દેશો વચ્ચે અનેક મુદ્દે સહમતિ સધાઈ હતી. જેમાં જેસીપીઓએ કરાર સહિત વેપાર, લોજિસ્ટિક અને ફૈઇટ, પેસેન્જર સહિત અનેક મુદ્દાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

# ઈઝરાયેલે પેલેસ્ટીનીઓના અસ્તિત્વના અધિકારનો સ્વીકાર કરવાનો સમય આવી ગયો છે : ઈરકાત

(એજન્સી) રામલ્લાહ, તા.૫

૨૯ વર્ષ અગાઉ પેલેસ્ટીન નેશનલ કાઉન્સિલે અમારી ઐતિહાસિક ભૂમિ પર ૭૮ ટકા ઈઝરાયેલના અસ્તિત્વને સ્વીકાર્યું હતું અને ૧૯૯૩માં પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશને ઈઝરાયેલને સ્વીકારની પુષ્ટિ કરી હતી. આ ઐતિહાસિક સમાધાન અમારા સ્વતંત્ર, સૌહાર્દપૂર્ણ અને સંલગ્ન રાજ્યની સ્થાપના માટે યુદ્ધગ્રસ્ત સૈન્યના કબજાનો અંત લાવવાના આધારે ઈઝરાયેલ સાથે શાંતિ સ્થાપવાની અમારી વચનબદ્ધતાનો પુરાવો છે.

ઈઝરાયેલે સતતપણે પેલેસ્ટીની અધિકારોનો સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો. વિશેષરૂપે સ્વનિર્ધારણ અને અસ્તિત્વના અધિકારનો ઈઝરાયેલે ઈન્કાર કર્યો હોવા છતાં પેલેસ્ટીને ઈઝરાયેલ સાથે કરેલા કરાર હેઠળ પોતાની જવાબદારીઓ સતત નિભાવી છે. આ ઉપરાંત ઈઝરાયેલ વધારે વસાહતો ઊભી કરીને તથા પોતાના લોકોને કબજા હેઠળની પેલેસ્ટીની જમીનો પર મોકલીને પોતાનું

વસાહતી સંગઠન મજબૂત બનાવી રહ્યું છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાઓમાં પેલેસ્ટીન સાથે જોડાયેલી જમીનોમાં વિસ્તારની પુષ્ટિ કરવા માટે નેતાન્યાહુએ ગેરકાયદેસર વસાહતોની અવાર-નવાર મુલાકાત લીધી હતી.

ગુજરાત ટુડે

શુક્રવાર ૬ ઓક્ટોબર ૨૦૧૭
૧૫ મોહર્રમ હિજરી ૧૪૩૯
આસો વદ એકમ સંવત ૨૦૭૩

# પ્રજાને તો મોંઘવારી ઘટે તેમાં રસ મમ્ મમ્થી કામ, ટપ્ ટપ્થી નહીં

દેશમાં કોઈપણ પક્ષની સરકાર સત્તામાં હોય, તેનું મુખ્ય કામ પ્રજાને તેના ગજા બહારની મોંઘવારીથી બચાવવાનું જ હોય. એ કામમાં એની નાની નહીં મોટી ચૂક થાય એટલે આર્થિક-નિષ્ણાંતો, વિપક્ષો, વેપારીઓ, રોજનો ધંધો કરી કમાઈને કુટુંબનું બે ટંકનું પેટ ભરતા નાના-મોટા લોકોના ખિસ્સાં જ્યારે ખાલી થવા માંડે ત્યારે સત્તા પરની કોઈપણ સરકારની ટીકા તો થવાની. એ ટીકા વાંકદેખાઓ કરે છે, નિરાશા ફેલાવવામાં મજા આવનારાઓ કરે છે એમ કહીને સત્તા પરની સરકાર તેના પર તેમણે લીધેલી જવાબદારીથી છટકી ન શકે. સતત ત્રણ વરસ ભાજપ સરકાર ટીકાથી પર રહી, કારણ તેણે એ ત્રણ વરસ એવું કોઈ ઉતાવળ્યું, અણઘડ કદમ ન ભર્યું જેનાથી દેશની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થવા માંડે. પણ ૮ નવેમ્બર ૨૦૧૬માં શુભાશયની ઉમ્મીદે બરાબર ચકાસ્યા વગર નોટબંધી કરી અને એની પાછળને પાછળ GSTનું જાણે સ્કાયલેબ ઊતાર્યું, અને તે પણ પાકું હોમવર્ક કર્યા વગર નાણામંત્રી મેદાનમાં ઊતરી પડ્યા. એનું પરિણામ એ આવ્યું કે, જે નાના-મોટા ધંધા કરનારા હતા તેઓના ધંધા એટલા બધા ઠપ્પ થઈ ગયા કે, ટપોટપ નોકરીઓ વધવાને બદલે તેમણે ઘટાડવી પડી, ઉત્પાદન ઓછું કે બંધ કરવાનો વારો આવ્યો. જે બધું પેલા જીએસટીના પ્રતાપે પ્રજાને વેઠવાનું આવ્યું.

સરકાર આ બધું સમજે છે, એમાંથી કઈ રીતે બહાર નીકળવું એ બધા માટે વહેલી તકે પ્રયત્નશીલ થવા કટિબદ્ધ બનશે તો જ દેશ હજી પણ વધુ મોંઘવારીના માર્ગે પૂરપાટ દોડી રહેલું બજાર કાબૂમાં આવશે. સરકાર કહે છે કે નિરાશા ફેલાવે તો જ ઊંઘ આવે એવા લોકો સરકારની ટીકા કરી ભય ફેલાવે છે. તો આવી ટીકા વિપક્ષો એકલા નહીં, ખુદ ભાજપના જ અર્થશાસ્ત્રીઓ એવા પૂર્વ નાણાપ્રધાન યશવંતસિંહા, તડને ફડ કહેવા માટે ખ્યાત સુબ્રમ્ણયમ સ્વામી, પૂર્વ પ્રધાન અરૂણ શૌરી જેવા સહિત વેપારી વર્ગ પણ હવે બોલકો બની વિરોધ કરવા માંડ્યો છે. એટલે સરકારે એ સૌની વાતોને નજર-અંદાજ કરવાને બદલે, વધુ આર્થિક વિટંબણામાં દેશનું તંત્ર ખોટકાઈ પડે તેના માટે યુદ્ધના ધોરણે એનો ઈલાજ કરવા કટિબદ્ધ બનવું જોઈએ.

સરકાર ભલે ભૂતકાળની (યુપીએ) સરકાર વેળા જીડીપી પાંચ ટકાથી પણ નીચે જવાનું ધ્યાને લાવી પોતાનો લૂલો બચાવ કરે, પણ તેનાથી અત્યારની આર્થિક પરિસ્થિતિ બગડી રહી છે એનો બચાવ, સરખામણી ન થઈ શકે. માની લઈએ કે, તે સરકાર જે-તે વેળા નિષ્ફળ ગઈ, તો હાલની સરકારની આર્થિક નિષ્ફળતાનું શું ? પ્રજાનો મોટા ભાગનો વર્ગ રોજનું કમાઈને રોજનું પેટ ભરનારો છે, તેમને તો આસમાનને આંબવા જઈ રહેલી મોંઘવારીએ ક્યાંયના નથી રાખ્યા. એ મોંઘવારીના વિષચક્રમાંથી બહાર કાઢવાની, 'તુમ્હીને દર્દ દિયા હૈ, તુમ્હી દવા દેના' જેવી ઉમ્મીદ પ્રજાની પૂરી કરવાની જવાબદારી હાલની સરકારની જ છે, નહીં કે, યુપીએ સરકાર વેળા હતું તેવું અમારી સરકારના તંત્રમાં થયું એમાં નવું શું છે ? એમ કહી બચાવ કરવાનો. પ્રજાને તો મોંઘવારીમાંથી છૂટકારો મળે તો આસાનીથી મમ્ મમ્ મળે, એને તો મમ્ મમ્થી કામ છે, ટપ્ ટપ્થી નહીં. ઉમ્મીદ રાખીએ સત્તા પરની સરકાર અન્ય કોઈનું ન સાંભળે તો વાંધો નહીં, પણ તેની જ રિઝર્વ બેંક (RBI) જે કહે છે કે, જીએસટીને લઈ આર્થિક વિકાસ પર પ્રતિકૂળ અસર આવી છે, અને હજી આવનારા છ મહિનામાં મોંઘવારી વધશે; તો રિઝર્વ બેંક નિરાશાવાદી વાત શું કામ કરે ? એટલે રિઝર્વ બેંકની વાતને દિલમાં ઊતારી હવે પછી આવી પડનારી મોંઘવારીમાંથી છૂટકારો મેળવવાના ઝડપી ઉપાયો અમલમાં મૂકે, જેથી કમસે કમ પ્રજાને માથે હજી વધુ બૂરા દિન તો ન આવે.

# પાકિસ્તાનમાં યોજાનાર ચૂંટણીઓ, કોણ જીતશે એ કહેવું મુશ્કેલ !

**આડોશ-પાડોશ**

**- દિનેશ શુકલ**

'પનામા પેપર'ની લીક થયેલી માહિતીને આધારે પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ના નેતા નવાઝ શરીફ દેશના વડાપ્રધાન તરીકે ચાલુ રહેવાને લાયક નથી, એમ પાકિસ્તાની સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો, પરિણામે નવાઝ શરીફને હોદ્દાનો ત્યાગ કરવાની ફરજ પડી. શા માટે મને હોદ્દાનો ત્યાગ કરવાની ફરજ પાડવામાં આવી છે, એમ ગણગણાટ કરતા પાકિસ્તાન નેશનલ એસેમ્બલીની ૧૨૦ નંબરની બેઠક પરથી રાજીનામું આપવાની ફરજ પડી.

આ ઓક્ટોબરમાં ખાલી બેઠક માટે ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં તેમની હાર થશે કે જીત તે નક્કી નથી. શું આ બેઠક પર તેમના રાજકીય પ્રતિસ્પર્ધી ઈમરાનખાનનો પક્ષ 'તહરીકે ઈન્સાફ'ના ઉમેદવાર જીતી જશે કે કેમ ? કે પછી લાહોરના લોકો નવાઝ શરીફ પ્રત્યેની તેમની 'વફાદારી' દર્શાવશે કે કેમ ? બીજું, પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) તરફથી ઉમેદવાર કોણ હશે ? પસંદગી સ્પષ્ટ છે. નવાઝ શરીફના ભાઈ શાહબાઝ શરીફ, જે પાકિસ્તાનના સૌથી વધુ વસ્તી ધરાવતા પંજાબ પ્રાંતમાં લાંબા સમયથી મુખ્યમંત્રી તરીકે ચાલુ રહ્યા છે. નવાઝ શરીફે વડાપ્રધાન પદેથી પદભ્રષ્ટ થયા પછી તરત જ જાહેર કર્યું હતું કે, શાહબાઝ ઉમેદવારી નોંધાવશે, પણ થોડા સમય બાદ નવાઝ શરીફે ફેરવી તોળ્યું અને જાહેર કર્યું કે, મારી પત્ની કુલસુમ ઉમેદવારી નોંધાવશે.

એટલું જ નહીં પણ પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ના હવે પછીના નેતા બલુચિસ્તાનમાંથી પસંદ કરવામાં આવ્યા, જેમને કોઈ જાણતું નથી એટલું જ નહીં પણ પક્ષના લાખો હિતેચ્છુઓ અને સમર્થકો પણ તેમને જાણતા સુદ્ધાં નથી. શા માટે નવાઝ શરીફ તેમના ભાઈ શાહબાઝ શરીફને પક્ષના નેતા તરીકે ઠોકી બેસાડવા માંગે છે ? કેટલાક નિરીક્ષકો માને છે કે, પાકિસ્તાનના લશ્કર સાથેની લડતને કારણે નવાઝ શરીફના પક્ષમાં તિરાડો પડી છે. બીજીબાજુ, પાકિસ્તાનના ભૂતપૂર્વ ગૃહમંત્રી ચૌધરી નિસાર અલીખાન, જેમના પાકિસ્તાનના લશ્કર સાથે જૂના-ગાઢ સંપર્કો છે, તેઓ પક્ષ સામે બળવો પોકારે એવી શક્યતા છે. તેમના ભાઈ ઈફ્તીખાર અલીખાન ચૌધરી, જેમણે લશ્કરમાં એક મહત્વના જનરલ તરીકે કામગીરી બજાવેલી, તેમણે ટીવી ચેનલ પર નવાઝ શરીફ સાથેના પોતાના મતભેદો સ્પષ્ટતાથી વર્ણવ્યા હતા અને એવા સંકેતો પાઠવ્યા કે કોણ ક્યાં છે, કોણ કોની સાથે છે, તે બધું તેઓ સારી પેઠે જાણે છે. તેઓ શાહબાઝ શરીફના ઘણા નજીક હોવાનું માનવામાં આવે છે. પાકિસ્તાનના લશ્કરના જનરલો નવાઝ શરીફ કરતાં શાહબાઝ શરીફને વધુ પસંદ કરે છે.

**નેશનલ એસેમ્બલી બેઠક નંબર ૧૨૦ની પેટાચૂંટણીમાં કોણ ઊભું રહેશે તે નક્કી નથી. પંજાબના મુખ્યમંત્રી વિદેશોનો પ્રવાસ કર્યા કરે છે, અને તેમનો પુત્ર લાહોરના પક્ષીય રાજકારણમાં રચ્યોપચ્યો રહે છે. એટલે, છેવટે નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝે પ્રચારની જવાબદારી સ્વીકારવી પડે તેમ છે.**

કેનેડા સ્થિત ધાર્મિક નેતા તાહિરૂલ કાદરી જ્યારે લાહોર આવ્યા, ત્યારે તેમનો વિરોધ કરવા એકત્ર થયેલા ટોળા પર શાહબાઝે ગોળીબારો કરવાના આદેશો આપેલા, તેના કારણે ૧૪ જણાનાં મરણ થયેલા, આ દેખાવકારો 'પાકિસ્તાન અવામી તહરિક ઓફ કેનેડા'ના હતા, તે માટે શાહબાઝ સામે કરવામાં આવેલ કેસની સુનાવણી ટૂંક સમયમાં લાહોર હાઈકોર્ટમાં શરૂ થનાર છે, તેમાંથી બચવા જો તેઓ વિદેશોમાં ચાલ્યા જાય તો આખી જિંદગી વિદેશોમાં ગુજારવી પડે તેમ છે, જો તેમને ભાગેડુ જાહેર કરવામાં આવે તો.

નેશનલ એસેમ્બલી બેઠક નંબર ૧૨૦ની પેટાચૂંટણીમાં કોણ ઊભું રહેશે તે નક્કી નથી. પંજાબના મુખ્યમંત્રી વિદેશોનો પ્રવાસ કર્યા કરે છે, અને તેમનો પુત્ર લાહોરના પક્ષીય રાજકારણમાં રચ્યોપચ્યો રહે છે. એટલે, છેવટે નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝે પ્રચારની જવાબદારી સ્વીકારવી પડે તેમ છે. તેણે તેની માતા નવાઝ શરીફની પત્ની કુલસુમને વિનંતી કરી અને તેની જગાએ નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝે ઉમેદવારી કરવાનું નક્કી કર્યું છે.

આ બેઠક પર ઘણા બધા ઉમેદવારો ઊભા રહે એવી શક્યતા છે. પણ કેટલાક ઉમેદવારોને 'ક્યાંક' લઈ જવામાં આવ્યા, જેથી બને એટલા ઓછા લોકો ઉમેદવારી નોંધાવે. પણ, છેવટે ૪૦ જેટલા ઉમેદવારો ઊભા રહે એવી શક્યતા છે. પરિણામે તેની વોટબેંકમાં ભાગલા પડ્યા વિના નહીં રહે. ઉપરાંત કેટલાક ધાર્મિક પક્ષો, જેમણે પોતે 'ધાર્મિક' છે, એવો આંચળો ઉતારી લીધો અને હવે તેઓ 'અપક્ષ ઉમેદવારો' તરીકે ચૂંટણીમાં ઊભા રહેશે. તેમાંનો એક ધાર્મિક પક્ષ છે, 'મીલી મુસ્લિમ લીગ' જે આખી દુનિયામાં એક ખૂંખાર આતંકવાદી હાફીઝ સઈદ, જેને સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે. તેણે પણ એક પક્ષની સ્થાપના કરી છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પાકિસ્તાનની રાષ્ટ્રીય સ્તરની પાર્ટી પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) કરતાં 'મીલી મુસ્લિમ લીગે' ચૂંટણીઓમાં સારો દેખાવ કર્યો છે !

પાકિસ્તાનની ટીવી ચેનલોમાં પણ ભાગલા પડી ગયા છે. કેટલીક ચેનલો નવાઝ શરીફ અને તેમના કુટુંબીજનોની તરફદારી કરે છે, તો બીજી કેટલીક ચેનલો તેમનો વિરોધ કરે છે. જેમાં મુખ્યત્વે 'બોલ' ટીવીનો સમાવેશ થાય છે.

મોટાભાગના રાજકીય પક્ષો ઈચ્છે છે કે, પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ) પક્ષ ધૂળ ચાટતો થઈ જાય.

દરમિયાન, પાકિસ્તાનના હાલના પ્રધાનમંત્રી શાહીદ ખાકન અબ્બાસી અને તેમનો પુત્ર અને સિનિયર એરફોર્સ ઓફિસર અને એક જનરલના જમાઈ, જેઓ એક વખત આઈએસઆઈના વડા હતા તેઓ 'લશ્કરના સ્ટોર'નું સંચાલન કરે છે. દરમિયાન ભ્રષ્ટાચારના કેસો, કેટલાક ભૂતકાળમાં નવાઝ શરીફે કરેલા ભ્રષ્ટાચારના કેસો ધીરે-ધીરે બહાર આવી રહ્યા છે. તે દર્શાવે છે, નવાઝ શરીફ યુગનો અંત નજીક છે. ત્રણ વખત તેમના શાસનકાળમાં અવરોધ ઊભા થયા, તેનું મુખ્ય કારણ તેઓ ભારત પ્રત્યે વધુ મૈત્રી દર્શાવતા હતા, જે પાકિસ્તાનના લશ્કરને જરાય પસંદ ન હતું અને પાકિસ્તાની લશ્કરના દબાણને કારણે તેમને હોદ્દાનો ત્યાગ કરવાની ફરજ પડી. પણ હવે જો ભ્રષ્ટાચારના કેસો માટે તેમની સામે કામ ચલાવવામાં આવે તો કાં તો તેમને પાકિસ્તાન છોડીને વિદેશમાં આશરો લેવો પડે અથવા લાંબા સમય સુધી જેલમાં રહેવું પડે.

# સહયોગી દળો સાથે ભાજપ વ્યવહાર કરી શકે છે 'મિશન૩૫૦'ને પ્રભાવિત

**રાજકારણ**

**– નિરજા ચૌધરી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય રીતે સૌને આશ્ચર્યચકિત કરવા માટે જાણીતા છે અને તેમણે કેબિનેટમાં કરેલી ફેરબદલના કારણે ફરી એક વખત સૌ કોઈને આશ્ચર્યમાં ગરકાવ કર્યો છે.

આશ્ચર્યજનક બાબત એ હતી કે મંત્રાલયમાં સામેલ એવા ચાર પૂર્વ અમલદારોને તેમની વિશિષ્ટતા સંબંધિત કોઈપણ વિભાગ સોંપવામાં ન આવ્યો. સુરક્ષા મંત્રી તરીકે નિર્મલા સિતારામનની નિયુક્તિ સૌથી વધુ આશ્ચર્યજનક હતી. હરદીપ એસ. પૂરી જેઓ વિદેશ નીતિના ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે તેમને શહેરી બાબતોનો વિભાગ સોંપવામાં આવ્યો તથા શહેરી બાબતો અંગે બહોળો અનુભવ ધરાવતા કે.જે. અલ્ફોનને પર્યટન વિભાગ સોંપવામાં આવ્યો.

સહયોગી દળો માટે એ શક્ય છે કે મોદી હજુ પણ તેમને સ્થાપિત કરી શકે છે, વિશેષરૂપે વિસ્તારની કવાયતમાં જેડીયુને દાખલ કરી શકે તેમ છે, જો કે હજુ સુધી તેમણે એવા કોઈ સંકેત આપ્યા નથી. ૧૫ મહિના બાદ શરૂ થનાર સામાન્ય ચૂંટણીને હવે વધારે સમય રહ્યો નથી ત્યારે જો આ કવાયત જલ્દી હાથ ધરવામાં નહીં આવે તો આ કવાયતનો કોઈ અર્થ નહીં રહે.

મંત્રાલયમાં જેડીયુના બે નેતાઓને સામેલ કરવાના હોવાના મીડિયાના અહેવાલો હતા. પરંતુ નીતિશ કુમારે ખુલાસો કર્યો કે તેમની પાર્ટીને આ અંગે કંઈ પૂછવામાં નથી આવ્યું કે આ અંગે કોઈ ચર્ચા પણ થઈ નથી.

તેવો તર્ક આપવામાં આવ્યો કે બિહારમાં ભાજપ સાથે સરકાર રચનાર જેડીયુ, કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારમાં પ્રવેશ કરશે. આમ ન થયું તેથી હરિફ લાલુ પ્રસાદ સહિતના કુમારના વિરોધીઓને બિહારના મુખ્યમંત્રી વિરુદ્ધ ટિપ્પણીઓ કરવા માટેનો એક માર્ગ મળી ગયો.

એક સમયે મોદી સાથે નજીકના સંબંધો ધરાવતા કુમારને આજે કેબિનેટમાં સ્થાન ન મળ્યું. પરંતુ ત્યારબાદ કુમારે મહાગઠબંધન સાથે છેડો ફાડ્યા પછી કુમારે બિહાર પૂરતી પોતાની ભૂમિકા સીમિત કરી નાખી.

**તેમ છતાં રાજનીતિ ક્યારેય સ્થિર નથી હોતી અને જો મોદીની લોકપ્રિયતામાં ઘટાડો થાય તો આજે દલિતો, ખેડૂતો, બેરોજગાર યુવાનો વગેરે જેવા વર્ગોની બેચેનીમાં વધારો થશે તે બાબતને નકારી ન શકાય.**

ભાજપની ગણતરીમાં કદાચ આ બાબતે કુમાર અને શિવસેનાના ઉદ્ધવ ઠાકરે પાસે મર્યાદિત વિકલ્પો છે. કુમાર, પ્રસાદ પાસે પરત જઈ શકે તેમ નથી, તેવી રીતે ઠાકરે પણ કોંગ્રેસ સાથે હાથ મિલાવે તે મુશ્કેલ છે. ફક્ત જેડીયુ જ આ અપમાનની વિરુદ્ધ નથી પરંતુ ઠાકરે એ પણ આ અંગે કેબિનેટમાં થયેલ ફેરબદલ અંગે જાણકારી ન આપવા કે મસલત ન કરવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો. ભાજપ વિરુદ્ધ શિવસેનાનો રોષ નવો નથી અને ૨૦૧૯ની ચૂંટણી પહેલાં ભાજપ પોતાના સૌથી જૂના સહયોગી સાથે છેડો ફાડે તેવી સંભાવનાને નકારી પણ ન શકાય.

નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી) અંગે એક સમયે એવી પણ અફવા હતી કે તે ભાજપ સાથે રમત રમી રહ્યું છે અને કેબિનેટમાં જોડાઈને તે વિપક્ષની સાથે જ છે. આ બાબત ફક્ત ત્યારે જ સમજી શકાય જ્યારે શિવસેનાએ મહારાષ્ટ્રમાંથી સત્તા ગુમાવી હોત અને એનસીપી એ તેને ટેકો આપવાની જરૂર પડી હોત. નહીં તો એનડીએ સાથે જોડાનાર એનસીપી કોંગ્રેસને મજબૂત બતાવશે. મહારાષ્ટ્રમાં ઉર્ધ્વગામી ભાજપ માટે એ જ સારું રહેશે કે તે કોંગ્રેસ અને એનસીપીને અલગ રાખે. તમિલનાડુમાં જારી રાજકીય પ્રવાહ દર્શાવે છે કે શા માટે એ આઈએ ડીએમકેનો કેબિનેટમાં સમાવેશ કરવામાં ન આવ્યો.

લોકસભામાં ભાજપની બહુમતીને ધ્યાનમાં લેતા મોદી પોતાના સહયોગીઓની સાથે સહજ સમાન સ્થિતિમાં છે. ભૂતકાળમાં જ્યારે કોંગ્રેસ કેન્દ્રમાં સત્તા મેળવવા માટે રાજ્યોમાં ક્ષેત્રીય દળોનું સમર્થન મેળવતું હતું ત્યારે ભાજપ પણ ઘણી મહેનત કરી રહ્યું હતું, રાજ્યોમાં પોતાનું સમર્થન વધારવા માટે તે પોતાની યોજનાઓને પડતી મૂકતું ન હતું. તેણે પૂરતા સંકેતો આપ્યા છે કે તેના સહયોગી દળો હાથ ઊંચા નહીં કરી લે.

તેમ છતાં રાજનીતિ ક્યારેય સ્થિર નથી હોતી અને જો મોદીની લોકપ્રિયતામાં ઘટાડો થાય તો આજે દલિતો, ખેડૂતો, બેરોજગાર યુવાનો વગેરે જેવા વર્ગોની બેચેનીમાં વધારો થશે તે બાબતને નકારી ન શકાય.

સહયોગી દળોની નારાજગીના 'મિશન ૨૦૧૯' પર અસર પડી શકે છે. ઉદાહરણ તરીકે 'ખુશ' થયેલા કુમાર ફક્ત બિહારમાં જ નહીં પરંતુ પૂર્વીય ઉત્તર પ્રદેશમાં પણ ભાજપના મૂલ્યમાં વધારો કરી શકે છે. જ્યાં કુર્મિશોનું કેન્દ્રીકરણ છે. અને 'નારાજ' થયેલા કુમાર ૨૦૧૯ અથવા ૨૦૨૦માં કદાચ પોતાનું શ્રેષ્ઠ પગલું ન લે અને પહેલાની તુલનામાં આજે ભાજપને વધુ હરીફાઈનો સામનો કરવો પડી રહ્યો છે.

ભાજપના 'મિશન ૩૫૦'ને સહયોગીઓની જરૂરિયાત હોઈ શકે છે વર્તમાન સહયોગીઓ સાથે મળીને કરવામાં આવેલ વ્યવહારને એક જેડીયુ નેતાએ 'ઈજ્જત' અથવા 'બેઈજ્જત' સાથે ભાગીદારી રૂપે અભિવ્યક્ત કરવામાં આવ્યો હતો, સંભવિત રીતે સહયોગીઓના નિર્ણયને પ્રભાવિત કરી શકે છે, જે આજે એનડીએ કે યુપીએ સાથે જોડાયેલા નથી.

(સૌ.: એચ.ટી.)

# શું યુ.કે.માં અભ્યાસ માટે વિચારો છો ? : તો ફરીથી વિચારો

**અહેવાલ**

**– સની હુંડલ**

(લંડન સ્થિત ડિજિટલ પત્રકારિતાના લેખક અને લેક્ચરર છે)

નવેમ્બર ૨૦૧૪ના અંતમાં, સાબિયા સિંહ અને તેમના પતિ રાજ જે પોતાના પ્રથમ બાળક બાદ બ્રિટનમાં સ્થાયી થયા હતા, તેમને સરકારે ભારત પાછા ફરવાનો આદેશ આપ્યો. તેમની જિંદગી ચૂંથાઈ ગઈ જ્યારે તેમના પર દોષારોપણ થયું જે પાછળથી એક જૂઠાણું સાબિત થયું.

તેમણે દાવો કર્યો કે સાબિયા જેવા હજારો વિદ્યાર્થીઓ ઈંગ્લિશ ભાષાની પરીક્ષા દગો કરીને પાસ કરે છે. પરંતુ તેમનો આ દાવો બે વર્ષ બાદ ખોટો સાબિત થયો અને સરકારે માફી માગવી પડી ! એક પત્રકારે તે સમયે લખ્યું હતું કે, તેઓ ગુનાનો આરોપ મૂકે છે, પરંતુ કમિટ નથી કરતા. તેઓ વિરોધ માટે પુરાવા પણ બતાવતા નથી કે આરોપનો જવાબ આપવાનો પણ મોકો આપતા નથી. પરંતુ તેઓ હજારો લોકોની જિંદગીને નુકસાન પહોંચાડે છે.

આ વિધ્વંસ માટે જવાબદાર મંત્રી કોણ ? બ્રિટનના વર્તમાન પ્રાઈમ મિનિસ્ટર : થેરેસા મેનો બ્રિટનમાં ગયા અઠવાડિયે આવો જ એક છબરડો બહાર આવ્યો. તે જ વિભાગ દ્વારા અતિશોયક્તિ કરવામાં આવી કે એક લાખથી વધુ સ્ટુન્ડવિઝાથી વધુ સમય સુધી રોકાયેલા છે. પરંતુ હકીકત આ સંખ્યા માત્ર ૫૦૦૦ હતી. આ દાવો કરવામાં આવે છે કે વિદેશી છાત્રોની જિંદગી કઠિન બનાવવા આ દાવો કરવામાં આવી રહ્યો છે.

આ ગોટાળો ભારતીય વિદ્યાર્થીઓ માટે એક શીખ છે . જો તમે બ્રિટનમાં અભ્યાસ કરવાનું વિચારતા હોય, તો જરા ફરીથી વિચારજો ! તમે તેનાથી સારા બીજા દેશોમાં જઈ શકો છો. કેનેડા, અમેરિકા, જર્મની, સિંગાપોર, હોંગકોંગ, ચીન કે પછી ઓસ્ટ્રેલિયા (અને ભરોસો કરો, હું ઓસ્ટ્રેલિયન સરકારનો પ્રશંસક તો નથી પરંતુ આ સારો વિકલ્પ છે.)

બ્રિટનમાં ટોપની યુનિવર્સિટીઓ છે, પરંતુ તે વિશ્વમાં સૌથી વધુ છાત્ર-વિરોધી સરકાર પેશ કરે છે. કન્ઝર્વેટિવ સરકાર જ્યારથી ૨૦૧૦થી સત્તામાં આવી ત્યારથી, ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. સરકારે બ્રિટનમાં ઈમિગ્રેશન ઘટાડવાનું જોરદાર વચન આપ્યું હતું, જે વિદેશી છાત્રોની જિંદગી વધુ કઠિન બનાવી છે.

**એપ્લીકેશન પ્રક્રિયા દરમિયાન, ઉદાહરણ તરીકે એક વિદ્યાર્થીને દેશમાં પ્રવેશ માટે મનાઈ કરવામાં આવી કારણ કે તેની પાસે પર્યાપ્ત રોકડ ન હતી જ્યારે પાઉન્ડની સામે રૂપિયો ગબડી પડ્યો.**

એપ્લીકેશન પ્રક્રિયા દરમિયાન, ઉદાહરણ તરીકે એક વિદ્યાર્થીને દેશમાં પ્રવેશ માટે મનાઈ કરવામાં આવી કારણ કે તેની પાસે પર્યાપ્ત રોકડ ન હતી જ્યારે પાઉન્ડની સામે રૂપિયો ગબડી પડ્યો.

તેઓ હાસ્યાસ્પદ ટેસ્ટ પણ કરે છે. એક વિદ્યાર્થીને નાપાસ કરાયો કારણ કે તે લાઈબ્રેરી ખુલવાનો સમય જાણતો ન હતો તો એક વિદ્યાર્થી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરનું નામ ન જાણતો હોવાથી ફેલ થયો.

લંડનમાં મેનેજમેન્ટનો અભ્યાસ કરતી ત્રિપર્ણા રોયે મને જણાવ્યું કે સ્ટુડન્ડ વિઝા આધારિત લોકોને કંપનીમાં લેવા 'અનિચ્છા' છે. વધુમાં, સરકાર અભ્યાસ પૂર્ણ થયા બાદ નોકરી શોધવા માત્ર ચાર મહિનાનો સમય આપે છે. ત્યારબાદ તેમને જવું પડે છે. વિદ્યાર્થીઓ વારંવાર કહે છે કે આટલો સમયગાળો પૂરતો નથી, અને જો તેઓ દેશ ના છોડે તો તે કાયદાનું ઉલ્લંઘન ગણવામાં આવે છે !

સરપ્રાઈઝ-સરપ્રાઈઝ ! થેરેસા મેને જ્યારથી ભારતીય વિદ્યાર્થીઓની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી છે, ત્યારથી બ્રિટનમાં આવતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૦માં લગભગ ૪૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ બ્રિટનમાં અભ્યાસ કરતા હતા. માત્ર ૬ વર્ષમાં આ સંખ્યા વાર્ષિક ૧૭,૦૦૦ વિદ્યાર્થી થઈ ગઈ છે. ભારતીય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ખરાબ છે.

તાજેતરના એક રિસર્ચ પ્રમાણે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યુ.કે.ની આર્થિક પ્રગતિમાં દર વર્ષે પાઉન્ડ ૭ બિલિયનથી વધુ ફાળો આપે છે અને તેમ છતાં, થેરેસા મે, વડાપ્રધાન તરીકે, ઈમિગ્રેશન લોબીને હળવી કરવા માટે પોતાના પગ ઉપર કુહાડી મારવા તૈયાર છે !

જ્યાં સુધી યુ.કે. પોતાની ઈમિગ્રેશન વિશેની ચર્ચા સુધારે ત્યાં સુધી ભારતીય ઈમિગ્રેટ માટે એક મોકો છે. કોઈ તકલીફ નથી. નહીંતર પોતાનું ટેલેન્ટ કોઈ બીજી જગ્યાએ (બીજા દેશમા) લઈ જવું જોઈએ.

## સંસ્કાર સૌરભ

વહેલી સવારે પોકારનાર કૂકડાને ધિક્કારો નહીં, તે તો તમને બંદગી માટે જગાડે છે.
(હદીસ બોધ)

### બોધ વચન

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે. -ફ્રોઈડ

### આજની આરસી

૬ ઓક્ટોબર શુક્રવાર ૨૦૧૭
૧૫ મોહર્રમ હિજરી ૧૪૩૯
આસો વદ એકમ સંવત ૨૦૭૩

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૩ |

### સુરસુરિયું

પતિ : આજે શાકમાં મીઠું કેમ નથી ?

પત્ની : એ તો શાક જરા દાઝી ગયેલુંને એટલે......

પતિ : દાઝી ગયેલુંને ? પણ હું કહું છું મીઠું કેમ નથી ?

પત્ની : અમારા સંસ્કારે શીખવ્યું છે કે જલે પે નમક નહીં છિડકતે.....

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

## સિહોરમાં ગૌરવયાત્રાનો ફિયાસ્કો

આજરોજ સિહોરમાં ભાજપની ગૌરવયાત્રાનો પ્રોગ્રામ હતો જેમાં ૩.૩૦ વાગ્યા સુધી ભાજપના કોઈ કાર્યકર કે જનમેદની ન આવતાં જાણે કાગડા ઉડતા હોય તેમ ખુરશીઓ ખાલી જોવા મળી હતી. જ્યારે આ કાર્યક્રમને લઈ કોંગ્રેસ અને પાટીદારોએ પણ વિરોધ કર્યો હતો.
(તસવીર : રફીક મામાણી, સિહોર)

## લીંબડી હાઈવે પર એક કંપનીના સર્વિસ સેન્ટરમાં લાગેલી આગ

વઢવાણ, તા.૫

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામના હાઈવે ઉપર આવેલ મોટામાં મોટી કંપનીના સર્વિસ સેન્ટરમાં એકાએક વિકરાળ આગ લાગવાની ઘટના બનતા આજુબાજુના રોડ ઉપર પસાર થતાં વાહન વ્યવહાર પણ અટકી પડ્યો હતો. આ વિકરાળ આગને કાબૂ કરવા માટે સુરેન્દ્રનગર-વઢવાણ-લીંબડી-બગોદરા સહિતના ફાયર ફાયટરોને કામ લગાડવા પડ્યા હતા ત્યારે કલાકોની જહેમત બાદ આગ કાબૂ કરવામાં આવી હતી.

લીંબડીના નેશનલ હાઈવે ઉપર આવેલ બોસ કંપનીના સર્વિસ સેન્ટરમાં અચાનક આગ લાગતા પલવારમાં વિકરાળ આગ પ્રસરી ગઈ હતી. આ કંપનીના સર્વિસ સેન્ટરમાં આગ લાગવાની ઘટનામાં લાખોની નુકસાની આગ લાગવાના કારણે થવા પામેલ છે. ત્યારે હાલમાં કેટલું નુકસાન થયું છે અને તેની તપાસ અને નુકસાનીનો અંદાજ હાલ લગાવાઈ રહ્યો છે.

## આજે GST વિશે કાઉન્સિલની મીટિંગ યોજાશે વેપારીઓને કોઈ ન્યાય નહીં મળે તો દિવાળી પર લાઈટિંગ-રોશની વિશે ટૂંકમાં નિર્ણય લેવાશે

સુરત, તા.૫

જીએસટી સરલીકરણ વિષય પર આવતીકાલે નાણાં મંત્રાલયના સેક્રેટરી હસમુખ હડિયાની ઉપસ્થિતિમાં યોજાનાર કાઉન્સિલની મીટિંગમાં જો વેપારીઓને કોઈ ન્યાય નહીં મળે અને સરલીકરણ નહીં આવ્યું તો સુરત કાપડ બજાર સાથે સમગ્ર ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગો સાથે વાતચીત કરીને દિવાળી પર લાઈટીંગ-રોશની નહીં કરવાનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. સાથે સુરત કાપડ બજારની માર્કેટોમાં પણ નિર્ણય આગામી મીટિંગમાં લેવામાં આવશે. આજરોજ ફોસ્ટાએ માર્કેટના અધ્યક્ષ-મંત્રીઓ સાથે જે. જે. માર્કેટના બોર્ડ રૂમમાં મીટિંગ કરી તથા દિવાળી પર લાઈટીંગ-રોશનીના વિષય પર ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો.

## રાજુલા શિયાળ બેટ ખાતે લાકડું પડતાં માછીમારનું મોત

અમરેલી તા ૫

અમરેલી જિલ્લાના રાજુલા નજીક આવેલ શિયાળ બેટ ગામે રહેતા નાનજીભાઈ જગાભાઈ શિયાળ (ઉ.વ.૫૩)ના પોતાના વાડામાં મચ્છી સૂકવવા માટે લાકડું ખોડી રહ્યા હતા ત્યારે અચાનક અકસ્માતે લાકડું દોરીમાંથી છટકી જતા નાનજીભાઈના માથા ઉપર લાકડું આવતા માથાના ભાગે ગંભીર ઈજા થતા માછીમાર નાનજીભાઈનું સારવારમાં મોત થયું હતું. આ બનાવથી શિયાળ બેટમાં અરેરાટી મચી જવા પામી હતી. આ બનાવ અંગે જાફરાબાદ મરીન પોલીસમાં માધુભાઈ દેગણભાઈ શિયાળ (ઉ.વ.૫૭) (રહે.શિયાળ બેટ) સામાકાંઠાવાળાએ જાહેર કર્યું હતું.

## શેત્રુંજી ડેમ શાળાનો પ્રોજેક્ટ રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રદર્શિત થશે

કુંઢેલી, તા.૫

પાલીતાણા તાલુકાની શેત્રુંજી ડેમ કેન્દ્રવર્તી શાળાનો વિજ્ઞાન પ્રોજેક્ટ જિલ્લા કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનમાં પસંદગી થતાં હવે રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રદર્શિત થશે. "પરિવહન અને પ્રત્યાપન વિષય અંતર્ગત તાજેતરમાં બગદાણા ખાતે યોજાયેલા વિજ્ઞાન મેળામાં વિભાગ-ચારમાં આધુનિક રોડ સેફ્ટી ગાર્ડ નામની આ શાળાના બે બાલ વિજ્ઞાનિકો ધનરાજ આર. બારૈયા તથા હાર્દિક બી.વાઘેલા દ્વારા તેમજ વિજ્ઞાન શિક્ષક કિરણકુમાર એમ.પટેલના માર્ગદર્શન અંતર્ગત આ કૃતિ રજૂ થઈ હતી. જેમાં આ કૃતિની બહુઉપયોગિતા તેમજ કાર્યક્ષમતાના આધારે આકૃતિ રાજ્યકક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી થઈ છે.




### કરોડો ઉમ્મીદોની સાથે ભારતીય ટીમ પ્રથમ વખત ફિફામાં ઉતરશે

# અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ આજથી શરૂ : કરોડો લોકો ભારે રોમાંચિત

### ભારત આજે પોતાની પ્રથમ મેચ અમેરિકા વિરૂદ્ધ રમશે : કુલ ૨૪ ટીમો વચ્ચે જંગ ખેલાશે

નવીદિલ્હી, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફૂટબોલ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ ફૂટબોલની આવતીકાલથી ભારતમાં શરૂઆત થઈ રહી છે. આની સાથે જ ભારતનું પણ એક મોટુ સપનું પુર્ણ થનાર છે. ભારતીય ચાહકોને ઘરઆંગણે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપની મેચો જોવાની મજા પડી જશે. ભારતીય ટીમ પણ કરોડો ઉમ્મીદોની સાથે મેદાનમાં ઉતરી રહી છે. ભારતીય ફૂટબોલ માટે આ ટુર્નામેન્ટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ફૂટબોલ માટે છઠ્ઠી ઓક્ટોબરનો દિવસ ઐતિહાસિક બની રહેશે જ્યારે ભારત પ્રથમ વખત કોઈપણ વર્ગમાં ફિફા મંચ ઉપર પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે મેદાનમાં ઉતરશે. આનાથી ભારતમાં ફૂટબોલને નવી દિશા મળી શકે છે. દુનિયાના બીજા સૌથી મોટા દેશ ભારતના લોકોને ફિફા અન્ડર-૧૭થી ખુબ આશા રહેલી છે. ફૂટબોલ ટીમ ફિફા વિશ્વકપમાં મેદાનમાં ઉતરી રહી છે. ભારતના યજમાનપદ હેઠળ પ્રથમ વખત ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપનું આયોજન છઠ્ઠી ઓક્ટોબરના દિવસે થશે. યજમાન ટીમ હોવાના કારણે ભારતને ટુર્નામેન્ટમાં એન્ટ્રી મળી ગઈ છે. અલબત્ત ટીમ સંપૂર્ણપણે તૈયાર છે અને જોરદાર મહેનત કર્યા બાદ દુનિયાની ૨૪ દિગ્ગજ ટીમો માટે પોતાની દાવેદારી રજૂ કરશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચમાં આવતીકાલે અમેરિકા સામે રમશે. ત્યારબાદ ભારત પોતાની અન્ય મેચ ૯મી ઓક્ટોબરે કોલંબિયા સામે, ૧૨મી ઓક્ટોબરે ઘાના સામે રમશે. ભારતીય ફૂટબોલ માટે આ ક્ષણ ખુબ જ ઐતિહાસિક બની રહેશે. દુનિયાની ૨૪ ટીમો વચ્ચે ફિફા-૧૭ જંગ ખેલાનાર છે.

### નાઈઝરના અનેક ખેલાડીની વય કટ ઓફ ડેટ

## ગિની સૌથી યુવા ટીમ તરીકે અન્ડર-૧૭માં ઊતરી રહી છે

નવીદિલ્હી, તા. ૫

અન્ડર-૧૭ વિશ્વકપમાં ભાગ લઈ રહેલી નાઈઝરની ટીમમાં સૌથી વધારે એવા ખેલાડીઓ છે જેમની જન્મતારીખ કટ ઓફ ડેટ પહેલી જાન્યુઆરી ૨૦૦૦ના બરોબર છે. બીજી બાજુ ગીનીની ટીમ આ વિશ્વકપમાં ભાગ લેનારી સૌથી યુવા ટીમ છે. ડિફેન્ડર ઈસ્માઈલ ઈસ્સાકાથી લઈને મિડફિલ્ડર હાબી બોઉ સોફીને મળીને નાઈઝર ટીમમાં કુલ પાંચ ખેલાડી એવા છે જેમની જન્મતારીખ વિશ્વકપની કટ ઓફ ડેટ છે. બાકીના ત્રણ ખેલાડીઓમાં યુકોઉબા, તાહોતુઆ અને ડિફેન્ડર રાચીડનો સમાવેશ થાય છે. નાઈઝર એવી ત્રણ ટીમોમાં સામેલ છે જે આ વર્ષે ૨૦૧૭માં અન્ડર-૧૭માં પ્રથમ વખત રમી રહી છે. ભારત ઉપરાંત ન્યુ કોલેડોનિયા પણ પ્રથમ વખત રમી રહી છે. નાઈઝર ઉપરાંત કોસ્ટારિકાના મિડ ખેલાડી આંદ્રેશ અને જર્મનીના ફોરવર્ડ ખેલાડી નિકોલસની જન્મતારીખ પણ કટ ઓફ ડેટ મુજબની છે. એટલે કે આનાથી કોઈ દિવસ પણ ફેરફારની સ્થિતિ તેમને મંજુરી મળી શકે નહીં.

### ગાવસ્કરનો પસંદગીકારોને સવાલ

# સતત ચાર અર્ધસદી ફટકારનાર રહાણે ટી-૨૦ ટીમની બહાર કેમ ?

મુંબઈ, તા.૫

ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સુનિલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાનારી ત્રણ મેચોની ટી-૨૦ સિરીઝની ભારતીય ટીમમાં રહાણેની પસંદગી નહીં કરવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. ગાવસ્કરે કે. એલ.રાહુલને ટી-૨૦ ટીમમાં સ્થાન આપવા બદલ બીસીસીઆઈના પસંદગીકારોના નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે પસંદગીકારોએ આનું યોગ્ય કારણ બતાવવું જોઈએ. સનીએ કહ્યું કે જે ખેલાડી (રહાણે)એ સતત ચાર અર્ધ સદી ફટકારી છે. આખરે તેને ટીમમાં સ્થાન કેમ ના મળ્યું. તેમણે કહ્યું કે રાહુલ સારો ખેલાડી છે પણ તેને પાંચ વન-ડે મેચોની સિરીઝમાં એક પણ મેચ રમવાની તક મળી નથી. આખરે રાહુલ ટીમમાં કેમ છે અને સતત અર્ધસદી બનાવનાર રહાણે ટીમમાં કેમ નથી. આ અંગે પ્રતિક્રિયા આપતા રહાણે કહ્યું કે તે ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોના નિર્ણયનું સન્માન કરે છે. ટીમમાં પસંદગીકાર માટે હરીફાઈ હોવી જરૂરી છે. આનાથી તમને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે.

### કોહલીમાં મહાન કપ્તાન બનવાના બધા ગુણ છે : ગાંગુલી

કોલકાતા, તા.૫

પૂર્વ ભારતીય કપ્તાન સૌરવ ગાંગુલીએ વિરાટ કોહલીની પ્રશંસા કરતા કહ્યું છે કે કોહલીમાં ભારતીય ટીમના મહાન ક્રિકેટ કપ્તાનોમાંથી એક બનવાના બધા ગુણ છે. સૌરવે કહ્યું કે વિરાટની કેપ્ટનશીપની દૃષ્ટિએ આગામી ૧૫ મહિના ખૂબ જ મહત્ત્વના સાબિત થશે કારણ કે આ દરમ્યાન ટીમ ઈન્ડિયાને દ.આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવાનો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯માં વર્લ્ડકપ પણ રમાશે. ગાંગુલીએ કહ્યું કે મારા મત મુજબ વિરાટ યોગ્ય માર્ગે છે તે ટીમને સારી રીતે તૈયાર કરી રહ્યો છે. તે યુવા ખેલાડીઓને ભરપૂર તક આપી રહ્યો છે.

### વન-ડે સિરીઝ માટે દ.આફ્રિકાની ટીમ જાહેર

બ્લોમફોર્ટન, તા.૫

બાંગ્લાદેશ વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝમાં ઈજાગ્રસત થયેલા માર્ની મોરકલના સ્થાને દ.આફ્રિકાની ટીમમાં સામેલ કરાયેલા. ડેન પેટરસનને વન-ડે સિરીઝ માટે પણ ટીમમાં સ્થાન મળ્યું છે. પેટરસનને પહેલીવાર દ.આફ્રિકાની વન-ડે ટીમમાં સામેલ કરાયો છે. ડુપ્લેસિસની કપ્તાન તરીકે પહેલી વન-ડે સિરીઝ હશે. ટીમ, ડુપ્લેસીસ, હાશીમ અમલા, બાવુમા, બેહરદીન, ડીકોક, ડીવિલિયર્સ, ડ્યુમિની, તાહિર, મિલર, પાર્નેલ, પેટરસન, ફેહાલુકવાયો, પ્રીટોરીયસ, રબાડા.

### મલિંગાને શ્રીલંકાની વન-ડે ટીમમાંથી પડતો મૂક્યો

દુબઈ, તા.૫

ખરાબ ફોર્મમાં ચાલી રહેલા મલિંગાને પાકિસ્તાન વિરૂદ્ધ વન-ડે સિરીઝ માટે શ્રીલંકાની ટીમમાં સ્થાન મળ્યું નથી. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે કહ્યું કે વર્તમાન ફોર્મને ધ્યાનમાં રાખતા અને ૨૦૧૯ વિશ્વકપ માટે શ્રીલંકા ટીમની યોજના મુજબ મલિંગાને બહાર કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત મેથ્યુઝ પણ આ સિરીઝ ગુમાવશે. ટીમ : થરંગા(કપ્તાન), ચાંડીમલ, ડિકવેલા, થિરીમાને મેન્ડીસ, શ્રીવર્ધના, કાપૂગેદરા, પરેરા, પ્રસન્ના, પ્રદીપ, લકમલ, ચમીરા, ફર્નાન્ડો, ધનંજય, વન્ડેર્સ.

ઉપરોક્ત તસવીરમાં માંગરોળના મામલતદારને આવેદનપત્ર આપતા કોંગી આગેવાનો નજરે પડે છે. (તસવીર : નઝીર પાંડોર)

### માંગરોળ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મામ.ને આવેદન

## સરકારે GST લાગુ કરતાં પ્રજા આર્થિક મંદીના માહોલમાં ધકેલાઈ ગઈ છે

મોસાલી, તા.૫

સરકાર દ્વારા જીએસટી લાગુ કરાતા પ્રજા આર્થિક મંદીના માહોલમાં ધકેલાઈ ગઈ છે એવા આક્ષેપ સાથે વિવિધ વણ ઉકેલ્યા પ્રશ્નો સંદર્ભે માંગરોળ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા માંગરોળના મામલતદારને એક આવેદનપત્ર પેશ કરવામાં આવ્યું છે.

રાજ્યપાલને સંબોધીને તૈયાર કરાયેલ આ આવેદનપત્રમાં જણાવાયું છે કે રાજ્યમાં ભાજપનું શાસન ચાલી રહ્યું છે. પરંતુ અણઘડ વહીવટ અને વહીવટી કુશળતાના અભાવે રાજ્યમાં અસહ્ય મોંઘવારી કૂદકેને ભૂસકે વધી રહી છે જેને પગલે ખેડૂતો-કામદારો, વેપારીઓ, મજૂર વર્ગ, દલિતો અને બેરોજગારો સાથે સરકારે વિશ્વાસઘાત કર્યો છે. પેટ્રોલ-ડીઝલના ભાવો આસમાને ચઢ્યા છે. અનાજ-કઠોળ અને શાકભાજીના ભાવો પણ બેફામ રીતે વધી રહ્યા છે. જેની સામે ખેડૂતોની ઉપજના ભાવો પણ બેફામ રીતે વધી રહ્યા છે. જેની સામે ખેડૂતોની ઉપજના ભાવો મળતા નથી. સરકાર દ્વારા જીએસટી લાગુ કરાતા પ્રજા આર્થિક મંદીના માહોલમાં ધકેલાઈ ગઈ છે. આદિવાસી વિસ્તારોમાં ખેડૂતો અને મધ્યમવર્ગી લોકોને બેફામ વીજળીના બિલો આપવામાં આવી રહ્યા છે. સસ્તા અનાજની દુકાનોમાં કૂપન પ્રથાથી ગરીબો અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે વગેરે પ્રશ્નોની આ આવેદનપત્રમાં નમ્ર અરજ કરાઈ છે. આ પ્રસંગે સુરેશ વસાવા, નાનસીંગ વસાવા, રમણભાઈ ચૌધરી, જયંતિ પટેલ સહિત મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો હાજર રહ્યા હતા.

## પોલીસ અધિકારી સુરક્ષિત નથી તો આમ જનતા કેવી રીતે સુરક્ષિત હોય ?

મોસાલી, તા.૫

તરસાડી નગર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યપાલને સંબોધીને તૈયાર કરાયેલ એક આવેદનપત્ર, માંગરોળના મામલતદારને આપવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે રાજ્યમાં દારૂબંધીનો કડક કાયદો અમલમાં હોવા છતાં તરસાડી નગરપાલિકા વિસ્તાર તથા આસપાસના ગામોમાં ખુલ્લેઆમ દારૂનો વેપાર અસામાજિક તત્ત્વો દ્વારા કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં કોસંબાના પીએઈઆઈ દ્વારા તરસાડીના દાદરી ફળિયા વિસ્તારમાં દારૂનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે રેડ કરવામાં આવી હતી. ત્યારે આ સ્થળે ભાજપના કાર્યકરો અને અસામાજિક તત્ત્વો દ્વારા કોસંબા પોલીસ મથકમાં પીએસઆઈનો ઘેરાવ કરી વર્દી ઉપર હાથ લગાવી પોલીસની ગરીમાને ધબ્બો લગાડેલ છે. આ બનાવથી પ્રજાજનોમાં ભયનો માહોલ ઊભો થયો છે. સાથે જ આમ લોકોના મુખે ચાલતી ચર્ચા મુજબ જો પોલીસ અધિકારી સુરક્ષિત નથી તો આમ જનતા કેવી રીતે સુરક્ષિત હોય જેથી પ્રજાજનોમાં ભયમુક્ત વાતાવરણ બનાવવા માટે આ બનાવમાં સંડોવાયેલા ભાજપના કાર્યકરો તથા અસામાજિક તત્ત્વો સામે કડક પગલાં ભરી, કાયદેસરની કાર્યવાહી કરી, સમાજમાં દાખલો બેસાડવાની જરૂર તથા પોલીસ અધિકારીનું મનોબળ ન તૂટે એ માટે કાર્યવાહી કરવા માંગ કરી, જો આ લોકો સામે કાર્યવાહી નહીં ઠરાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ પ્રસંગે ડૉ. નટવરસિંહ આડમાર, એડ, હરેન્દ્ર પરમાર વગેરે હાજર રહ્યા હતા.

## ઉનામાં બંધ મકાનમાં આગ લાગતાં દોડધામ

ઉના, તા.૫

ઉના શહેરના દેલવાડા રોડ પર આવેલ જલારામ સોસાયટીના રહેણાંક વિસ્તારમાં સામતભાઈ ઓડેદરાનું મકાન બંધ હાલતમાં હોય અને આ મકાનમાં જૂનો માલસામાન રાખતા હતા. આ મકાનમાં આજે બપોરના સમયે અચાનક જ આગ લાગતા મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર આવતા જોઈ આ વિસ્તારના રહીશો પોતાના મકાનની બહાર દોડી આવ્યા હતા અને મકાનની અંદર બસના ટાયરો તથા છૂટક માલસામાન સળગતો હતો. નગરપાલિકાના ફાયર ફાઈટરને જાણ કરાતા અશોકભાઈ રાઠોડ પોતાની ટીમ લઈ ઘટનાસ્થળે પહોંચી ગયેલ અને આગ પર સતત પાણીનો મારો ચલાવતા આગ કાબૂમાં આવી જતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

### અવસાન નોંધ

**ભાવનગર**

સૈયદ જૈનુલઆબેદીન (જેનમીયાબાપુ) નસીરમિંયા કાદરી (ઉ.વ.૯૦, નિવૃત રેલવે કર્મચારી) તા.૫-૧૦-૨૦૧૭ ગુરૂવારના રોજ જન્નતનશીન થયેલ છે. તે મર્હૂમની ઝિયારત તા.૭-૧૦-૨૦૧૭ શનિવારે સવારે ૮:૩૦ કલાકે, કે.જી.એન. મસ્જિદ, જમનાકુંડ, દાળમિલ રોડ, ભાવનગર તથા ઔરતો માટેની ઝિયારત અરબ જમાતખાન હોલ સાંઢિયાવાડ ભાવનગર મુકામે રાખેલ છે.

### સુરતના ચોક બજાર વિસ્તારમાં

## કારચાલક-ટ્રાફિક એએસઆઈ વચ્ચે બોલાચાલી બાદ ટોળાનો જવાન સાથે ટપલીદાવ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૫

શહેરમાં પોલીસ પર હુમલાના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવ ચોકબજાર વિસ્તારમાં બનવા પામ્યો હતો. ગતરોજ રાત્રીના બાર વાગ્યાની આસપાસ એક કારને પોલીસે ઊભી રાખી હતી. કાયદાનું ઉલ્લંઘન કરનાર કારચાલક અને ટ્રાફિકના એએસઆઈ વચ્ચે બોલાચાલી બાદ મામલો શાંત થયો હતો જોકે, ત્યારબાદ ટ્રાફિકના એએસઆઈ જવાન સાથે ટોળામાં એકઠા થયેલા યુવાનોએ ટપલીદાવ કર્યો હતો. જેથી પોલીસે ગુનો નોંધી વુધ તપાસ શરૂ કરી છે. સુરત ચોકબજાર વિસ્તારમાં મોડીરાત્રે ફરજ બજાવતા એએસઆઈ ઈશ્વર વસંતભાઈ ચૌધરીએ સવા બાર વાગ્યાની આસપાસ રોડ પર રેક ક્રોસ કરીને આવતા કાર (જીજે. ૧૨ ડીએ ૪૮૪૧) ચાલકને અટકાવ્યો હતો. જેથી બન્ને વચ્ચે બોલાચાલી ચાલી હતી જોકે, ત્યારબાદ રોડ પર બેસી રહેલા યુવકો દોડી આવ્યા હતા અને એએસઆઈ પર ખોટા આક્ષેપો કરવાની સાથે ટપલીદાવ પણ કર્યો હતો. સાથે યુવકોએ માફી માંગવાનું કહ્યું હતું. આ બાબતે સમગ્ર મામલો લાલગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યો હતો. ફરિયાદ નોંધતાની સાથે પીઆઈ એમ.બી.મછારએ આગળની તપાસ હાથ ધરી હતી.

### સુરતના આંગણે સાહિત્યનો મહાયજ્ઞ

## નટવર ગોહેલ, અવિનાશ પરીખ અને સ્નેહલ નિમાવતના પુસ્તકોનું લોકાર્પણ યોજાશે

### રવીન્દ્ર પારેખના હસ્તે ત્રણ પુસ્તકો વિમોચિત થશે

અમદાવાદ, તા.૫

ગુજરાતના જાણીતા સાહિત્યકારો નટવર ગોહેલ, અવિનાશ પરીખ તથા સ્નેહલ નિમાવત દ્વારા લિખિત તથા સ્ટોરી મિરર દ્વારા પ્રકાશિત ત્રણ પુસ્તકો 'વિશ્વ પ્રસિદ્ધ વિજ્ઞાનીઓ', 'આ જીવન છે' અને 'ઝાકળ તો ભીના ભીના'નો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ ગુજરાતના જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને નિબંધકાર રવિન્દ્ર પારેખના હસ્તે તા.૮ ઓકટોબર રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સુરતના નિયોન ડિસ્ક એન્ડ બેંક્વેટ, ત્રીજો માળ, ઈસ્કોન મોલ, ડુમસ રોડ, પિપળોદ, સુરત ખાતે સંપન્ન થશે એમ સ્ટોરી મિરરના સુશ્રી નીતા બહેન કોટેચાએ અખબાર જોગ નિવેદનમાં જણાવ્યું હતું. કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે સ્ટોરી મિરર દ્વારા આ બીજો સાહિત્યોત્સવ સુરતમાં સંપન્ન થશે. પ્રથમ અવસર અમદાવાદમાં સાકાર પામ્યો હતો, આ વખતે લગભગ પંદર પુસ્તકોનું લોકાર્પણ યોજાશે જે એક વિશિષ્ટ સાહિત્યિક ઘટના બની રહેશે.

### ટૂંકી જાહેર નિવિદા નંબર-૯ સને ૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ, ધોળકા, મામલતદાર કચેરી કંપાઉન્ડ, ધોળકા-૩૮૭૮૧૦ (ફોન નં.૦૨૭૧૪-૨૨૧૭૨૬)ની કચેરી દ્વારા બિલ્ડિંગના ખાસ મરામતના એક કામ કે જેની અંદાજિત કિંમત રૂ.૨.૯૭ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગના માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૦/૧૦/૧૭ તેમજ પરત લેવાની તા.૧૬/૧૦/૧૭ રાખવામાં આવી છે.

આ કામની વિગતવાર નોટિસ અત્રેની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવી છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીના જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૫૦/૨૦૧૭-૧૮)

### જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ગડીત તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ટાંકી રીપેરીંગ, ઘર જોડાણ, ઓટલા પ્લેટફોર્મ | ૪,૬૬,૦૪૫/- |
| ૨ | પાઈપ લાઈન, અવાડા | ૩,૦૯,૮૫૦/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ગડીત દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ગડીતના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ગડીત, તા.હાલોલ જિ.પંચમહાલ**

### જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ઈન્દ્રાલ તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | પંપ રૂમ, પાઈપ લાઈન | ૩,૮૮,૬૦૫/- |
| ૨ | અવાડા, ઘર જોડાણ | ૪,૨૮,૯૬૫/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ઈન્દ્રાલ દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ઈન્દ્રાલના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ઈન્દ્રાલ, તા.હાલોલ જિ.પંચમહાલ**

### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

### હાઈવે હોટલ ઉપર એસ.ટી. બસના રોકાણ અંગેની નિવિદા

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજ્યના ધોરીમાર્ગ (૧) અમદાવાદ-ભૂજ (હળવદથી માલવણ ચોકડી, સામખિયારીથી ભચાઉ), (૨) રાજકોટ-જૂનાગઢ-સોમનાથ, (૩) દ્વારકા-પોરબંદર, પોરબંદરથી મહુવા, (૪) અમદાવાદ-ગોધરા-દાહોદ, (૫) વડોદરાથી રાજકોટ વાયા (તારાપુર ચોકડી), (૬) દાહોદ-અમદાવાદ વાયા ઠાસરા, (૭) દાહોદ-અમદાવાદ વાયા લુણાવાડા, બાલાસિનોર, (૮) મહેસાણા-ભૂજ, (૯) ડીસા-રાધનપુર, (૧૦) બગોદરાથી વલભીપુર, (૧૧) રાજકોટથી દ્વારકા, (૧૨) ભાવનગર-પોરબંદર વાયા ઢસા, (૧૩) વિરમગામથી સુરેન્દ્રનગર, (૧૪) હિંમતનગર-વીંછીવાડા-ખેરવાડા, (૧૫) સોનગઢ-નવાપુર-ધુલિયા હાઈવે, (૧૬) ઉનાઈ-વાંસદા-ખડકલા-સાપુતારા હાઈવે, (૧૭) તલાસરી-થાણા-ભીંવડી હાઈવે, (૧૮) અમદાવાદ-અંબાજી-વરાસણા ચોકડી, (૧૯) જૂનાગઢ-ઉના વાયા વેરાવળ (૨૦) પોરબંદર-ઉના, (૨૧) જૂનાગઢ-વેરાવળ વાયા (તલાલા, (૨૨) ભાવનગર-રાજકોટ, ભાવનગર-અમરેલી-ભાવનગર-જૂનાગઢ, (૨૩) ભાવનગર-અમદાવાદ (વાયા ધંધુકા, વલ્લભીપુર), (૨૪) ભાવનગર-વેરાવળ (વાયા મહુવા, ઉના), (૨૫) રાજકોટ-અમદાવાદ, (૨૬) રાજકોટ-સુરેન્દ્રનગર હાઈવે (ચોટીલાથી સુરેન્દ્રનગર), (૨૭) રાજકોટ-ભાવનગર (આટકોટથી બાબરા), (૨૮) રાજકોટ-ભૂજ (મોરબીથી માલિયા), (૨૯) જૂનાગઢ-રાજકોટ (વીરપુરથી રાજકોટ), (૩૦) રાજકોટ-જૂનાગઢ (રાજકોટથી વિરપુર), (૩૧) રાધનપુર-અમદાવાદ (દસાડા ચોકડી), (૩૨) આબુરોડ-સીરોહી, (૩૩) માલપુર-લુણાવાડા વચ્ચે, (૩૪) ડીસા-ગુંદરી-સુધાંમાતા, (૩૫) અમદાવાદ-સુરત, (૩૬) ધરમપુર-છાણી (બોર્ડર વચ્ચે) રૂટો ઉપરથી પસાર થતી એસ.ટી. બસોના જતાં-આવતાં રાષ્ટ્રીય/રાજ્ય ધોરીમાર્ગ તથા અન્ય માર્ગો ઉપર એસ.ટી. બસો રોકાણ આપવા અંગે સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. રૂા.૫૦૦/- રોકડા ભરવાથી ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો વિગેરે મળી શકશે. ટેન્ડર ફોર્મ મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી, પરિવહન ખાતું, મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૪૫, ખાતેથી તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૪:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને શક્ય હશે તો તે જ દિવસે ૧૬:૦૦ કલાકે ખોલવામાં આવશે. સદર નિવિદા નિગમની વેબસાઈટ www.gujaratsrtc.com ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે ફોન નં.૦૭૯-૨૨૮૦૧૨૬૪ અથવા ઈ-મેઈલ ctcm@gsrtc.in ઉપર સંપર્ક કરવા વિનંતી

મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૪૯-/૨૦૧૭-૧૮

## સંસ્કાર સૌરભ

વહેલી સવારે પોકારનાર કૂકડાને ધિક્કારો નહીં, તે તો તમને બંદગી માટે જગાડે છે.
(હદીસ બોધ)

**બોધ વચન**

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે. -ફ્રોઈડ

**આજની આરસી**

૬ ઓક્ટોબર શુક્રવાર ૨૦૧૭
૧૫ મોહર્રમ હિજરી ૧૪૩૯
આસો વદ એકમ સંવત ૨૦૭૩

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૩ |

**ગુસ્ગુલિયું**

પતિ : આજે શાકમાં મીઠું કેમ નથી ?

પત્ની : એ તો શાક જરા દાઝી ગયેલુંને એટલે......

પતિ : દાઝી ગયેલુંને ? પણ હું કહું છું મીઠું કેમ નથી ?

પત્ની : અમારા સંસ્કારે શીખવ્યું છે કે જલે પે નમક નહીં છિડકતે.....

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

## સિહોરમાં ગૌરવયાત્રાનો ફિયાસ્કો

આજરોજ સિહોરમાં ભાજપની ગૌરવયાત્રાનો પ્રોગ્રામ હતો જેમાં ૩.૩૦ વાગ્યા સુધી ભાજપના કોઈ કાર્યકર કે જનમેદની ન આવતાં જાણે કાગડા ઉડતા હોય તેમ ખુરશીઓ ખાલી જોવા મળી હતી. જ્યારે આ કાર્યક્રમને લઈ કોંગ્રેસ અને પાટીદારોએ પણ વિરોધ કર્યો હતો.
(તસવીર : રફીક મામાણી, સિહોર)

### બાઈકચાલકોને નડેલો અકસ્માત

## પાલનપુર-ડીસા હાઈવે પર અકસ્માતમાં એક યુવાનનું મોત

### અન્ય એક યુવાનને ગંભીર ઈજા

પાલનપુર, તા.૫

પાલનપુર-ડીસા હાઈવે પર બાલાજી પાર્ક સોસાયટી સામે ડીસાના બાઈકચાલકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ૧ વ્યક્તિનું મોત નિપજ્યું હતું. જ્યારે ૧ ઘાયલ થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. ડીસાના ડોલીવાસમાં રહેતા મુસ્લિમ સમાજના બે યુવકો બાઈક પર આવી રહ્યા હતા ત્યારે તેઓને અકસ્માત નડ્યો હતો. જેમાં સોહીલ મનવરહુસેન શેખ (ઉ.૩૩ રહે.ડોલીવાસ) ડીસાનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે મહંમદ શિરાજુદ્દીન શેખ (ઉ.૩૩ રહે.ડીસા)ને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર અર્થે તેને રિક્ષા મારફતે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જોકે, ૧૦૮ ઈમરજન્સી સેવા તાકીદે ન મળતા એક વ્યક્તિને સમયસર સારવાર ન મળતા તેનું મોત નિપજ્યું હોવાનું ઘટનાસ્થળે ચર્ચાસ્પદ બન્યું હતું. દરમિયાન ઉપસ્થિત લોકોને ૧૦૮ની રાહ જોયા બાદ અકસ્માતગ્રસ્ત યુવકોને રિક્ષામાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.

વડોદરા જિલ્લાના સાવલી ખાતે મુખ્યમંત્રીની ગૌરવયાત્રાનો કાળાવાવટા ફરકાવી વિરોધ કરતા લીગલસેલના જીપીસીસીના કન્વીનર રણજીતસિંહ રાઠોડ તથા કોંગ્રેસના કાર્યકરો તસવીરમાં દૃશ્યમાન થાય છે. પોલીસે આ કાર્યકરોની અટકાયત કરી હતી.

હજયાત્રીઓનું શોષણ બંધ કરી યાત્રા સુખરૂપ પૂર્ણ થાય તેવી માંગ

## હજયાત્રીઓને પડતી પારાવાર મુશ્કેલીઓ અંગે જમિયતે ઉલમાએ હિન્દ દ્વારા આવેદન

**રાષ્ટ્રપતિ-વડાપ્રધાનને ઉદ્દેશીને જિલ્લા કલેક્ટરને આવેદન સુપરત**

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૫

હજયાત્રીઓને પડતી પારાવાર મુશ્કેલીઓ માટે જમિયતે ઉલમાએ હિન્દ દ્વારા રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાનને ઉદ્દેશી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જેમાં હજયાત્રીઓના થતાં શોષણને બંધ કરી જીવનના એક સ્વપ્ન સમાન પવિત્ર યાત્રા સુખ સુવિધાથી પુર્ણ થાય તેવી માગ કરવામાં આવી છે. જમિયતે ઉલમાએ હિન્દ, વડોદરા (અરસદ મદની ગ્રુપ) દ્વારા આપવામાં આવેલા આવેદનમાં જણાવાયું છે કે, સરકાર સબસિડીના નામ ઉપર હજયાત્રીઓને બદનામ કરી તેમનું શોષણ તેમજ કમિશનને મશીન બનાવી કામ કરે છે. વિમાન ભાડુ આંતરરાષ્ટ્રીય ભાડા કરતાં બમણું વસૂલ કરવામાં આવે છે. અમદાવાદ સહિત અન્ય વિમાન મથકો ઉપર પાર્કિંગનું ભાડુ ૧૧ રૂપિયા વસૂલ કરવામાં આવે છે છતા પાર્કિંગની યોગ્ય સુવિધા નથી હોતી એર હોસ્ટેસ હજયાત્રીઓ સાથે અપમાનજનક વર્તાવ કરે છે. હજયાત્રીઓનો સામાન ફેંકવામાં આવે છે. જે ફલાઈટમાં મુસાફરી કરતાં હોય તેને બદલે બીજી ફલાઈટમાં સામાન મોકલવામાં આવ્યો હોવાથી યાત્રીઓને પારાવાર મુશ્કેલી પડે છે. મક્કા-મદિનામાં રૂમનું ભાડુ પુરૂ વસૂલ કરવા છતાં કપલ યાત્રીઓને અલગ રૂમ આપવો જોઈએ પણ એક રૂમમા આઠ દસ યાત્રીઓને ફાળવી બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તગડુ કમિશન મેળવે છે. અજાણ્યા પુરૂષો સાથે મહિલાઓ રૂમમાં કેવી રીતે રહી શકે. યાત્રામાં પરત ફરતી વખતે સામાનના વજનના નામે મોટી રકમ વસૂલ કરવામાં આવે છે. જેની રસીદ આપવામાં આવતી નથી. ચાર-પાંચ વર્ષ રાહ જોયા પછી નંબર લાગે છે. સબસિડીના નામે બદનામ કરી લૂંટ કરવામાં આવે છે. આથી સબસિડી બંધ કરી દેવી જોઈએ. આંતરરાષ્ટ્રીય વિમાન સેવાની છૂટ આપવી જોઈએ અને એર ઈન્ડિયા રદ કરવી જોઈએ. બિલ્ડીંગનું ભાડુ નક્કી કરવા પારદર્શક પ્રક્રિયા અપનાવવી જોઈએ. રૂમનું ભાડુ વસૂલ કરી અલગ અલગ રૂમ ફાળવી આપવામાં આવે. મધ્યમ વર્ગ માટે દરિયાઈ સેવા શરૂ કરવી જોઈએ અને તેમને ટેન્ટમાં રહેવાની સગવડ આપવી જોઈએ. શોષણ સદંતર બંધ થવુ જોઈએ. છેલ્લા પાંચ વર્ષ, દરમિયાન મકાન-ટ્રાન્સપોર્ટનાં કોન્ટ્રાક્ટરની તપાસ કરી ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે કાયદેસર પગલા ભરવા જોઈએ તેવી માંગણી જમીયતે ઉલમા વડોદરાનાં જનરલ સેક્રેટરી મોહંમદહનીફ ચૌહાણ, પ્રમુખ મોહંમદવલી ઈશા વિગેરે દ્વારા કરવામાં આવી છે.

(તસવીર :- રઉફ તાઈ, વિરમગામ)

## વિરમગામ આરોગ્ય કેન્દ્ર ખાતે નિઃશુલ્ક હૃદયરોગ નિદાન કેમ્પ યોજાયો

વિરમગામ, તા.૫

મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત બીપીએલ તથા ઓછી આવકવાળા લાભાર્થીઓ માટે તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ તથા રાજસ્થાન હોસ્પિટલ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે હૃદય રોગ નિદાન માર્ગદર્શન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં અમદાવાદની રાજસ્થાન હોસ્પિટલના હૃદયના નિષ્ણાંત ડો. તરૂણ દવે દ્વારા લાભાર્થીઓની હૃદય વાલ્વ, બાયપાસ સર્જરી તેમજ હૃદયના અન્ય રોગોની તપાસ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હૃદય રોગના દર્દીઓની ઈસીજી (કાર્ડિયોગ્રામ) તપાસ નિઃશુલ્ક કરી આપવામાં આવી હતી. વિરમગામ ખાતે આયોજિત હૃદય રોગ નિદાન કેમ્પમાં ડો. તરૂણ દવે, ડો.પરીંદા જણસારી, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

કરોડો ઉમ્મીદોની સાથે ભારતીય ટીમ પ્રથમ વખત ફિફામાં ઉતરશે

# અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ આજથી શરૂ : કરોડો લોકો ભારે રોમાંચિત

**ભારત આજે પોતાની પ્રથમ મેચ અમેરિકા વિરૂદ્ધ રમશે : કુલ ૨૪ ટીમો વચ્ચે જંગ ખેલાશે**

નવીદિલ્હી, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફુટબોલ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ ફૂટબોલની આવતીકાલથી ભારતમાં શરૂઆત થઈ રહી છે. આની સાથે જ ભારતનું પણ એક મોટુ સપનું પુર્ણ થનાર છે. ભારતીય ચાહકોને ઘરઆંગણે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપની મેચો જોવાની મજા પડી જશે. ભારતીય ટીમ પણ કરોડો ઉમ્મીદોની સાથે મેદાનમાં ઉતરી રહી છે. ભારતીય ફુટબોલ માટે આ ટુર્નામેન્ટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ફુટબોલ માટે છઠ્ઠી ઓક્ટોબરનો દિવસ ઐતિહાસિક બની રહેશે જયારે ભારત પ્રથમ વખત કોઈપણ વર્ગમાં ફિફા મંચ ઉપર પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે મેદાનમાં ઉતરશે. આનાથી ભારતમાં ફૂટબોલને નવી દિશા મળી શકે છે. દુનિયાના બીજા સૌથી મોટા દેશ ભારતના લોકોને ફિફા અન્ડર-૧૭થી ખુબ આશા રહેલી છે. ફુટબોલ ટીમ ફિફા વિશ્વકપમાં મેદાનમાં ઉતરી રહી છે. ભારતના યજમાનપદ હેઠળ પ્રથમ વખત ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપનું આયોજન છઠ્ઠી ઓક્ટોબરના દિવસે થશે. યજમાન ટીમ હોવાના કારણે ભારતને ટુર્નામેન્ટમાં એન્ટ્રી મળી ગઈ છે. અલબત્ત ટીમ સંપૂર્ણપણે તૈયાર છે અને જોરદાર મહેનત કર્યા બાદ દુનિયાની ૨૪ દિગ્ગજ ટીમો માટે પોતાની દાવેદારી રજૂ કરશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચમાં આવતીકાલે અમેરિકા સામે રમશે. ત્યારબાદ ભારત પોતાની અન્ય મેચ ૯મી ઓક્ટોબરે કોલંબિયા સામે, ૧૨મી ઓક્ટોબરે ઘાના સામે રમશે. ભારતીય ફૂટબોલ માટે આ ક્ષણ ખુબ જ ઐતિહાસિક બની રહેશે. દુનિયાની ૨૪ ટીમો વચ્ચે ફિફા-૧૭ જંગ ખેલાનાર છે.

નાઈઝરના અનેક ખેલાડીની વય કટ ઓફ ડેટ

## ગિની સૌથી યુવા ટીમ તરીકે અન્ડર-૧૭માં ઊતરી રહી છે

નવીદિલ્હી, તા. ૫

અન્ડર-૧૭ વિશ્વકપમાં ભાગ લઈ રહેલી નાઈઝરની ટીમમાં સૌથી વધારે એવા ખેલાડીઓ છે જેમની જન્મતારીખ કટ ઓફ ડેટ પહેલી જાન્યુઆરી ૨૦૦૦ના બરોબર છે. બીજી બાજુ ગીનીની ટીમ આ વિશ્વકપમાં ભાગ લેનારી સૌથી યુવા ટીમ છે. ડિફેન્ડર ઈસ્માઈલ ઈસ્સાકાથી લઈને મિડફિલ્ડર હાબી બોઉ સોફીને મળીને નાઈઝર ટીમમાં કુલ પાંચ ખેલાડી એવા છે જેમની જન્મતારીખ વિશ્વકપની કટ ઓફ ડેટ છે. બાકીના ત્રણ ખેલાડીઓમાં યુકોઉબા, તાહોતુઆ અને ડિફેન્ડર રાચીડનો સમાવેશ થાય છે. નાઈઝર એવી ત્રણ ટીમોમાં સામેલ છે જે આ વર્ષે ૨૦૧૭માં અન્ડર-૧૭માં પ્રથમ વખત રમી રહી છે. ભારત ઉપરાંત ન્યુ કોલેડોનિયા પણ પ્રથમ વખત રમી રહી છે. નાઈઝર ઉપરાંત કોસ્ટારિકાના મિડ ખેલાડી આંદ્રેશ અને જર્મનીના ફોરવર્ડ ખેલાડી નિકોલસની જન્મતારીખ પણ કટ ઓફ ડેટ મુજબની છે. એટલે કે આનાથી કોઈ દિવસ પણ ફેરફારની સ્થિતિ તેમને મંજુરી મળી શકે નહીં.

ગાવસ્કરનો પસંદગીકારોને સવાલ

# સતત ચાર અર્ધસદી ફટકારનાર રહાણે ટી-૨૦ ટીમની બહાર કેમ ?

મુંબઈ, તા.૫

ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સુનિલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાનારી ત્રણ મેચોની ટી-૨૦ સિરિઝની ભારતીય ટીમમાં રહાણેની પસંદગી નહીં કરવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. ગાવસ્કરે કે. એલ.રાહુલને ટી-૨૦ ટીમમાં સ્થાન આપવા બદલ બીસીસીઆઈના પસંદગીકારોના નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે પસંદગીકારોએ આનું યોગ્ય કારણ બતાવવું જોઈએ. સનીએ કહ્યું કે જે ખેલાડી (રહાણે)એ સતત ચાર અર્ધ સદી ફટકારી છે. આખરે તેને ટીમમાં સ્થાન કેમ ના મળ્યું. તેમણે કહ્યું કે રાહુલ સારો ખેલાડી છે પણ તેને પાંચ વન-ડે મેચોની સિરિઝમાં એક પણ મેચ રમવાની તક મળી નથી. આખરે રાહુલ ટીમમાં કેમ છે અને સતત અર્ધસદી બનાવનાર રહાણે ટીમમાં કેમ નથી. આ અંગે પ્રતિક્રિયા આપતા રહાણે કહ્યું કે તે ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોના નિર્ણયનું સન્માન કરે છે. ટીમમાં પસંદગીકાર માટે હરીફાઈ હોવી જરૂરી છે. આનાથી તમને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે.

### કોહલીમાં મહાન કપ્તાન બનવાના બધા ગુણ છે : ગાંગુલી

કોલકાતા, તા.૫

પૂર્વ ભારતીય કપ્તાન સૌરવ ગાંગુલીએ વિરાટ કોહલીની પ્રશંસા કરતા કહ્યું છે કે કોહલીમાં ભારતીય ટીમના મહાન ક્રિકેટ કપ્તાનોમાંથી એક બનવાના બધા ગુણ છે. સૌરવે કહ્યું કે વિરાટની કેપ્ટનશીપની દૃષ્ટિએ આગામી ૧૫ મહિના ખૂબ જ મહત્ત્વના સાબિત થશે કારણ કે આ દરમ્યાન ટીમ ઈન્ડિયાને દ.આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવાનો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯માં વર્લ્ડકપ પણ રમાશે. ગાંગુલીએ કહ્યું કે મારા મત મુજબ વિરાટ યોગ્ય માર્ગે છે તે ટીમને સારી રીતે તૈયાર કરી રહ્યો છે. તે યુવા ખેલાડીઓને ભરપૂર તક આપી રહ્યો છે.

### વન-ડે સિરીઝ માટે દ.આફ્રિકાની ટીમ જાહેર

બ્લોમફોર્ટન, તા.૫

બાંગ્લાદેશ વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝમાં ઈજાગ્રસત થયેલા માર્ની મોરકલના સ્થાને દ.આફ્રિકાની ટીમમાં સામેલ કરાયેલા. ડેન પેટરસનને વન-ડે સિરીઝ માટે પણ ટીમમાં સ્થાન મળ્યું છે. પેટરસનને પહેલીવાર દ.આફ્રિકાની વન-ડે ટીમમાં સામેલ કરાયો છે. ડુપ્લેસિસની કપ્તાન તરીકે પહેલી વન-ડે સિરીઝ હશે. ટીમ, ડુપ્લેસીસ, હાશીમ અમલા, બાવુમા, બેહરદીન, ડીકોક, ડીવિલિયર્સ, ડ્યુમિની, તાહિર, મિલર, પારર્નેલ, પેટરસન, ફેહાલુકવાયો, પ્રીટોરીયસ, રબાડા.

### મલિંગાને શ્રીલંકાની વન-ડે ટીમમાંથી પડતો મૂક્યો

દુબઈ, તા.૫

ખરાબ ફોર્મમાં ચાલી રહેલા મલિંગાને પાકિસ્તાન વિરૂદ્ધ વન-ડે સિરીઝ માટે શ્રીલંકાની ટીમમાં સ્થાન મળ્યું નથી. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે કહ્યું કે વર્તમાન ફોર્મને ધ્યાનમાં રાખતા અને ૨૦૧૯ વિશ્વકપ માટે શ્રીલંકા ટીમની યોજના મુજબ મલિંગાને બહાર કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત મેથ્યુઝ પણ આ સિરીઝ ગુમાવશે. ટીમ : થરંગા(કપ્તાન), ચાંડીમલ, ડિકવેલા, થિરીમાને મેન્ડીસ, શ્રીવર્ધના, કાપૂગેદરા, પરેરા, પ્રસન્ના, પ્રદીપ, લકમલ, ચમીરા, ફર્નાન્ડો, ધનંજય, વન્ડેર્સ.

ઉચાપત કરનાર શિક્ષક સામે ફરિયાદ નોંધાવવા તંત્ર કાચું કેમ ?

# નડિયાદ પાલિકાની શાળા નં. ૨૨મા કલેક્ટરના આદેશ છતાં શિષ્યવૃત્તિ ચૂકવાતી નથી !

નડિયાદ, તા.૫

નડિયાદ નગરપાલિકા સંચાલિત શાળા નં.૨૨ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિનો પ્રશ્ન છેલ્લા ઘણા દિવસથી શિક્ષણ જગતમાં ચર્ચાનું કારણ બન્યું છે. સન-૨૦૧૪-૧૫માં શાળાના મુખ્ય શિક્ષક રૂપિયા ૧,૦૯,૦૫૦ ચાઉં કરી વિદેશ ભાગી ગયા હોવા છતાં તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવા તંત્ર કાચું પડી રહ્યું છે. જિલ્લા કલેક્ટરની સૂચના હોવા છતાં શાસનાધિકારી આ શિક્ષક સામે પોલીસ ફરિયાદ નોંધાવતા નથી કેમ ? એ પ્રશ્ન શંકા ઉપવાસી રહ્યું છે તો વળી અન્ય એક મુખ્ય શિક્ષકના ખાતામાં રૂપિયા ૫૦,૦૦૦ જેટલી રકમ શિષ્યવૃત્તિની પડી છે. તેને પણ ત્રણ વર્ષ થયા છતાં તે વિદ્યાર્થીઓને ચૂકવાતી નથી કેમ એ પ્રશ્ન પણ મહત્ત્વનો બન્યો છે. મુખ્ય શિક્ષક અજીતસિંહ એલ. સોલંકી ખાતામાં જમા થયા હતા તે રકમ તેમણે ઉપાડી અંગત કામે વાપરી નાખી છે અને બાદમાં આ શિક્ષક વિદેશ ભાગી ગયા છે. આ શિષ્યવૃત્તિની રકમ ચાઉં કરનાર શિક્ષક સામે ફોજદારી પગલાં ભરે તે માટ જાગૃત નાગરિક ઉચ્ચ કક્ષાએ રજૂઆત કર્યા બાદ જિલ્લા કલેક્ટરે તા.૨૪/૮/૧૭ના રોજ શાસનાધિકારીને આ શિક્ષક સામે પગલાં ભરવા સૂચના આપી છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષથી શાળા નં.૨૨ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ રૂપિયા ૫૫,૭૫૦ શાળાના બેંક ખાતામાં પડી રહી છે. તે રકમ વિદ્યાર્થીઓને ચૂકવાતી નથી. આ બાબતે પણ કલેક્ટરને રજૂઆત થતાં તેમણે આ રકમ વિદ્યાર્થીઓન તાત્કાલિક ધોરણે ચૂકવાય તેવી તાકીદ કરી છે. આ બંને પ્રશ્નોને લઈ આજે જિલ્લા કલેક્ટરને પુનઃ રજૂઆત થઈ છે ત્યારે ઉચ્ચ અધિકારીઓની બાય બાય ચારણી જેવી નીતિના કારણે વિદ્યાર્થીઓના હક્કના નાણાં તેમને મળતા નથી તેમ કહીએ તો ખોટું નહીં. નડિયાદના શાસનાધિકારી અંકીત શાહને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટરના આદેશથી હું ફરિયાદ નોંધાવવા ગયો હતો તે વખતે પોલીસ તાનિયા અપહરણના બનાવમાં બીઝી હતી. બીજીવાર ગયો ત્યારે ખેલ મહાકુંભના ઈનામ વિતરણમાં રાજ્યના મુખ્યમંત્રી આવવાના હોય પોલીસ તેમાં હતી. હવે પીઆઈએ મને તા.૯/૧૦/૧૭ના રોજ બોલાવ્યો છે.

### મરણના દાખલા માટે

## મૃતકનું આધારકાર્ડ ફરજિયાતના અમલ સામે કબ્રસ્તાનના વહીવટકર્તાનો વિરોધ

(સંવાદદાતા દ્વારા) વડોદરા તા.૫

મરણ દાખલા માટે મૃતકનું આધારકાર્ડ ફરજિયાત પણે અમલ સામે સૈયદ જફર શહિદ કબ્રસ્તાન (સાર્વજનિક)નાં વહિવટકર્તા સૈયદ અમીને વિરોધ વ્યક્ત કરતા જમાવ્યું હતું કે, હાલ મ્યુ. કોર્પોરેશનનો જન્મમરણ વિભાગ મૃત અવસ્થામાં છે. કોર્પોરેશન દ્વારા મૃતક વ્યક્તિના મરણ દાખલા માટે ડોક્ટરના પ્રમાણપત્રની સાથે કબ્રસ્તાનમાં દફનાવવામાં આવેલ મૃતકનું પ્રમાણપત્ર ફરજિયાત કરવાથી ઘણાં મુરદાઓનું મરણ નોંધણી કરી શક્યા નથી. કારણ કે વૃદ્ધા અવસ્થા, લાંબી માંદગી, અચાનક મોત જેમાં દવાખાનામાં દાખલ કે ડોક્ટરની સારવાર ન કરાવી હોય તેવા મૃતકને ડોક્ટર પ્રમાણપત્ર આપતા નથી. સાથે સરકારી (સાર્વજનિક) કબ્રસ્તાન કે જે વકફમાં નોંધણી સાથે ટ્રસ્ટી કે વહિવટદાર મૃતકને દફનવિધિ પછી પણ ટ્રસ્ટ મારફતે પ્રમાણપત્ર આપવામા આવતા નથી તેવા ઘણાં કિસ્સાઓ બન્યા છે. જેથી મૃતકનું મરણ દાખલો ઘણાં વ્યક્તિ કાઢતા નથી. સાથે મ્યુ.કોર્પોરેશનમાં કાયદાથી વિપરીત જઈ ઘણાં મરણ દાખલા ફક્ત કફનના સામાન (અંતિમવિધિનો સામાન)નો બીલ કે જે પ્રોવિઝન કહેવાય તેવા પુરાવાના આધારે પણ મરણ નોંધણી કરી દાખલો કાઢી આપવામાં આવે છે. ૧૦૦ ટકા જન્મ મરણ નોંધણીની વાતો કરતી હોય તો મ્યુ.કમિશનરે કાયદામાં સુધારા વધારા કરી નીતિ-નિયમમાં ફેરફાર કરી ૧૦૦ ટકા મૃતકની નોંધણી માટે આહ્વાન કરવું જોઈએ.

### આજે GST વિશે કાઉન્સિલની મીટિંગ યોજાશે

## વેપારીઓને કોઈ ન્યાય નહીં મળે તો દિવાળી પર લાઈટિંગ-રોશની વિશે ટૂંકમાં નિર્ણય લેવાશે

સુરત, તા.૫

જીએસટી સરલીકરણ વિષય પર આવતીકાલે નાણાં મંત્રાલયના સેક્રેટરી હસમુખ હડિયાની ઉપસ્થિતિમાં યોજાનાર કાઉન્સિલની મીટિંગમાં જો વેપારીઓને કોઈ ન્યાય નહી મળે અને સરલીકરણ નહીં આવ્યું તો સુરત કાપડ બજાર સાથે સમગ્ર ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગો સાથે વાતચીત કરીને દિવાળી પર લાઈટીંગ-રોશની નહીં કરવાનો નિર્ણય આગામી દિવસોમાં લેવામાં આવશે. સાથે સુરત કાપડ બજારની માર્કેટોમાં પણ નિર્ણય આગામી મીટિંગમાં લેવામાં આવશે. આજરોજ ફોસ્ટાએ માર્કેટના અધ્યક્ષ-મંત્રીઓ સાથે જે. જે. માર્કેટના બોર્ડ રૂમમાં મીટિંગ કરી તથા દિવાળી પર લાઈટીંગ-રોશનીના વિષય પર ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો.

### સુરતના આંગણે સાહિત્યનો મહાયજ્ઞ

## નટવર ગોહેલ, અવિનાશ પરીખ અને સ્નેહલ નિમાવતના પુસ્તકોનું લોકાર્પણ યોજાશે

### રવીન્દ્ર પારેખના હસ્તે ત્રણ પુસ્તકો વિમોચિત થશે

અમદાવાદ, તા.૫

ગુજરાતના જાણીતા સાહિત્યકારો નટવર ગોહેલ, અવિનાશ પરીખ તથા સ્નેહલ નિમાવત દ્વારા લિખિત તથા સ્ટોરી મિરર દ્વારા પ્રકાશિત ત્રણ પુસ્તકો 'વિશ્વ પ્રસિદ્ધ વિજ્ઞાનીઓ', 'આ જીવન છે' અને 'ઝાકળ તો ભીના ભીના'નો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ ગુજરાતના જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને નિબંધકાર રવિન્દ્ર પારેખના હસ્તે તા.૮ ઓક્ટોબર રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સુરતના નિયોન ડિસ્ક એન્ડ બેંકવેટ, ત્રીજો માળ, ઈસ્કોન મોલ, ડુમસ રોડ, પિપળોદ, સુરત ખાતે સંપન્ન થશે એમ સ્ટોરી મિરરના સુશ્રી નીતા બહેન કોટેચાએ અખબાર જોગ નિવેદનમાં જણાવ્યું હતું. કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે સ્ટોરી મિરર દ્વારા આ બીજો સાહિત્યોત્સવ સુરતમાં સંપન્ન થશે. પ્રથમ અવસર અમદાવાદમાં સાકાર પામ્યો હતો, આ વખતે લગભગ પંદર પુસ્તકોનું લોકાર્પણ યોજાશે જે એક વિશિષ્ટ સાહિત્યિક ઘટના બની રહેશે.



## તાનિયા અપહરણમાં માતા અને બે પુત્રો જેલમાં

નડિયાદ, તા.૫

નડિયાદ માસૂમ તાનિયાના અપહરણ અને હત્યાના બનાવમાં સંડોવાયેલ મીત પટેલના રિમાન્ડ ગઈકાલે પૂરા થતા તેને કોર્ટ કસ્ટડીમાં મોકલી દેવામાં આવે છે. જ્યારે તેમની માતા અને ભાઈના આજે રિમાન્ડ પૂરા થતાં તેમને કોર્ટ કસ્ટડીમાં મોકલી દીધા છે. આ અંગે મળતી માહિતી મુજબ નડિયાદમાં રહેતી માસૂમ તાનિયાના અપહરણ થયા બાદ તેની હત્યા થઈ હતી. આ ગુનામાં પાડોશી મીત પટેલની સંડોવણી બહાર આવી હતી. તેને પોલીસે પકડી પાડ્યો હતો અને અગિયાર દિવસ રિમાન્ડ પર લેતા આ અપહરણમાં તેની માતા જીગીશાબેન અને ભાઈ ધ્રુવ ઉર્ફે બબુ પટેલની સંડોવણી બહાર આવી હતી. તેમને પણ પોલીસે પકડી છ દિવસના રિમાન્ડ પર લીધા હતા. આ ત્રણેયના રિમાન્ડ પૂરા થતા તેમને પોલીસે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બિલોદરા જેલમાં મોકલી દીધા છે.


**જાહેર નિવિદા**

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ગડીત તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ટાંકી રીપેરીંગ, ઘર જોડાણ, ઓટલા પ્લેટફોર્મ | ૪,૬૬,૦૪૫/- |
| ૨ | પાઈપ લાઈન, અવાડા | ૩,૦૯,૮૫૦/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ગડીત દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ગડીતના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ગડીત, તા.હાલોલ જિ.પંચમહાલ**

**જાહેર નિવિદા**

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ઈન્દ્રાલ તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | પંપ રૂમ, પાઈપ લાઈન | ૩,૮૮,૬૦૫/- |
| ૨ | અવાડા, ઘર જોડાણ | ૪,૨૮,૯૬૫/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ઈન્દ્રાલ દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ઈન્દ્રાલના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ઈન્દ્રાલ, તા.હાલોલ જિ.પંચમહાલ**

**ટૂંકી જાહેર નિવિદા નંબર-૬ સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ, ધોળકા, મામલતદાર કચેરી કંપાઉન્ડ, ધોળકા-૩૮૭૮૧૦ (ફોન નં.૦૨૭૧૪-૨૨૧૭૨૬)ની કચેરી દ્વારા બિલ્ડિંગના ખાસ મરામતના એક કામ કે જેની અંદાજિત કિંમત ૨.૯૭ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગના માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૦/૧૦/૧૭ તેમજ પરત લેવાની તા.૧૬/૧૦/૧૭ રાખવામાં આવી છે.

આ કામની વિગતવાર નોટિસ અત્રેની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવી છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીના જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૫૦/૨૦૧૭-૧૮)

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ**

**હાઈવે હોટલ ઉપર એસ.ટી. બસના રોકાણ અંગેની નિવિદા**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજ્યના ધોરીમાર્ગ (૧) અમદાવાદ-ભૂજ (હળવદથી માલવણ ચોકડી, સામખિયારીથી ભચાઉ), (૨) રાજકોટ-જૂનાગઢ-સોમનાથ, (૩) દ્વારકા-પોરબંદર, પોરબંદરથી મહુવા, (૪) અમદાવાદ-ગોધરા-દાહોદ, (૫) વડોદરાથી રાજકોટ વાયા (તારાપુર ચોકડી), (૬) દાહોદ-અમદાવાદ વાયા ઠાસરા, (૭) દાહોદ-અમદાવાદ વાયા લુણાવાડા, બાલાસિનોર, (૮) મહેસાણા-ભૂજ, (૯) ડીસા-રાધનપુર, (૧૦) બગોદરાથી વલભીપુર, (૧૧) રાજકોટથી દ્વારકા, (૧૨) ભાવનગર-પોરબંદર વાયા ઢસા, (૧૩) વિરમગામથી સુરેન્દ્રનગર, (૧૪) હિંમતનગર-વીંછીવાડા-ખેરવાડા, (૧૫) સોનગઢ-નવાપુર-ધુલિયા હાઈવે, (૧૬) ઉનાઈ-વાંસદા-ખડકલા-સાપુતારા હાઈવે, (૧૭) તલાસરી-થાણા-ભીંવડી હાઈવે, (૧૮) અમદાવાદ-અંબાજી-વરાસણા ચોકડી, (૧૯) જૂનાગઢ-ઉના વાયા વેરાવળ (૨૦) પોરબંદર-ઉના, (૨૧) જૂનાગઢ-વેરાવળ વાયા (તલાલા, (૨૨) ભાવનગર-રાજકોટ, ભાવનગર-અમરેલી-ભાવનગર-જૂનાગઢ, (૨૩) ભાવનગર-અમદાવાદ (વાયા ધંધુકા, વલ્લભીપુર), (૨૪) ભાવનગર-વેરાવળ (વાયા મહુવા, ઉના), (૨૫) રાજકોટ-અમદાવાદ, (૨૬) રાજકોટ-સુરેન્દ્રનગર હાઈવે (ચોટીલાથી સુરેન્દ્રનગર), (૨૭) રાજકોટ-ભાવનગર (આટકોટથી બાબરા), (૨૮) રાજકોટ-ભૂજ (મોરબીથી માલિયા), (૨૯) જૂનાગઢ-રાજકોટ (વીરપુરથી રાજકોટ), (૩૦) રાજકોટ-જૂનાગઢ (રાજકોટથી વિરપુર), (૩૧) રાધનપુર-અમદાવાદ (દસાડા ચોકડી), (૩૨) આબુરોડ-સીરોહી, (૩૩) માલપુર-લુણાવાડા વચ્ચે, (૩૪) ડીસા-ગુંદરી-સુધાંમાતા, (૩૫) અમદાવાદ-સુરત, (૩૬) ધરમપુર-છાણી (બોર્ડર વચ્ચે) રૂટો ઉપરથી પસાર થતી એસ.ટી. બસોના જતાં-આવતાં રાષ્ટ્રીય/રાજ્ય ધોરીમાર્ગ તથા અન્ય માર્ગો ઉપર એસ.ટી. બસો રોકાણ આપવા અંગે સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. રૂા.૫૦૦/- રોકડા ભરવાથી ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો વિગેરે મળી શકશે. ટેન્ડર ફોર્મ મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી, પરિવહન ખાતું, મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૪૫, ખાતેથી તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૪:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને શક્ય હશે તો તે જ દિવસે ૧૬:૦૦ કલાકે ખોલવામાં આવશે. સદર નિવિદા નિગમની વેબસાઈટ www.gujaratsrtc.com ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે ફોન નં.૦૭૯-૨૨૮૦૧૨૬૪ અથવા ઈ-મેઈલ ctcm@gsrtc.in ઉપર સંપર્ક કરવા વિનંતી

મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૪૯-/૨૦૧૭-૧૮

### સંસ્કાર સૌરભ

વહેલી સવારે પોકારનાર કૂકડાને ધિક્કારો નહીં, તે તો તમને બંદગી માટે જગાડે છે.
(હદીસ બોધ)

### બોધ વચન

રાજનીતિમાં આગળ વધેલા લોકો મોટેભાગે મૂર્ખ હોય છે. -ફ્રોઈડ

### આજની આરસી

૬ ઓક્ટોબર શુક્રવાર ૨૦૧૭
૧૫ મોહર્રમ હિજરી ૧૪૩૯
આસો વદ એકમ સંવત ૨૦૭૩

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૧૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૨૮ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૩૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૩ |

### ગુસ્તાખીયું

પતિ : આજે શાકમાં મીઠું કેમ નથી ?

પત્ની : એ તો શાક જરા દાઝી ગયેલુંને એટલે......

પતિ : દાઝી ગયેલુંને ? પણ હું કહું છું મીઠું કેમ નથી ?

પત્ની : અમારા સંસ્કારે શીખવ્યું છે કે જલે પે નમક નહીં છિડકતે.....

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

## આસામ હોસ્પિટલમાં ૨૪ કલાકની અંદર ૧૦ બાળકોનાં મોત

(એજન્સી) ગુવાહાટી, તા.૫

આસામ હોસ્પિટલમાં ગત ૨૪ કલાકની અંદર ૧૦ બાળકોનાં મોત થયા છે. ઘટના બાદ હોસ્પિટલના પ્રશાસનમાં હડકંપ મચેલો છે. બારપેટા જિલ્લા સ્થિત ફખરૂદ્દીન અલી અહમદ મેડિકલ કોલેજ તથા હોસ્પિટલમાં એક દિવસની અંદર હમણા સુધી ૧૦ બાળકોનાં જીવ ગયા છે. ગુરૂવારના રોજ ૪ બાળકોનાં મોત થયા જ્યારે બુધવારે સાંજે સાત વાગ્યાથી રાત ૧૧ વાગ્યાની વચ્ચે ૬ બાળકોનાં મોત થયા હતા. રાજ્યની મેડિકલ સેવાઓ પર પણ સવાલો ઊભા થયા છે. સૂત્રો મુજબ હોસ્પિટલમાં ફેલાયેલી બેદરકારી અને પર્યાપ્ત માત્રામાં મેડિકલ હોસ્પિટલમાં સુવિધા ન હોવાને કારણે બાળકોનાં મોત થયા. સૂત્રો મુજબ ગત કેટલાક મહિનાઓમાં ૨૬ ડૉક્ટરોએ હોસ્પિટલમાંથી રાજીનામા આપી ચૂક્યા છે. જોકે રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી હેમંત બિસ્વ શર્માએ કહ્યું કે, બધા મૃત્યુ સમયની જટીલતાઓને કારણે થયા. નોંધનીય છે કે, બધા નવજાત બેથી ચાર દિવસના હતા અને સરકારી હોસ્પિટલમાં બાળચિકિત્સા વિહણના આઈસીયુમાં તેમનો ઈલાજ ચાલી રહ્યો હતો. નોંધનીય છે કે, આસામમાં સ્વાસ્થ્ય વિભાગમાં ડૉક્ટરોની ખૂબ જ અછત છે. ૪૦ વર્ષોમાં એક પણ મેડિકલ હોસ્પિટલ ખોલવામાં આવ્યો નથી. વર્તમાનમાં રાજ્યમાં પણ મેડિકલ કોલેજ છે. ગુવાહાટી ડિબસગઢ અને સિલ્ચરમાં છે. ૨૦૦૯માં કોંગ્રેસના શાસનકાળમાં જોરહટ મેડિકલ કોલેજ અને હોસ્પિટલની શરૂઆત થઈ ત્યારબાદ તેજપુર અને બરપેટામાં બે વધુ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખોલવામાં આવી.

## કેરળમાં પોતાની વિરૂદ્ધ હિંસા ફેલાવવાનો ભાજપ પર સીપીએમનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૫

સીપીએમે આજે ભાજપ કેરળમાં ભયાનક હિંસક માર્ગ અપનાવવાનો આરોપ લગાવી પોતાની વિરૂદ્ધ ભાજપ ષડયંત્ર રચી કેરળમાં ડાબેરીઓને રાજકીય નબળા પાડવાની યોજના ધરાવે છે. પોલિટ બ્યૂરોના સભ્ય પ્રકાશ કરાતે જણાવ્યું હતું કે, સત્તાના ઘમંડ સાથે ભાજપના અધ્યક્ષ અમિત શાહ એવું વિચારી રહ્યા છે કે, લાલ આતંકના ખોટા આરોપોનો ઉપયોગ કરી સંઘની રાજનીતિને કેરળમાં ઢસડી લાવશે. આ જ દર્શાવે છે કે, ભાજપ-આરએસએસ મળીને પણ સીપીએમ અને ડાબેરીઓને કેરળમાં નબળા પાડવા માટે અક્ષમ છે.પાર્ટીના મુખપત્ર પીપલ્સ ડેમોક્રેસીના તંત્રીલેખમાં પ્રકાશ કરાતે જણાવ્યું હતું કે, અમિત શાહ તેમના પક્ષ માટે ખોટા આરોપો મુકી સીપીએમ વિરૂદ્ધ હિંસા ફેલાવવાના ભયંકર માર્ગે ચાલી રહ્યા છે. તેમણે આરોપ મુક્યો હતો કે, કેરળના ૪૫ વર્ષના ઈતિહાસમાં સંઘના હુમલાને બધા જાણે છે.

## પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આત્મઘાતી હુમલો : ૧૬નાં મોત

(એજન્સી) બલૂચિસ્તાન,તા.૫

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક શિયા દરગાહમાં આત્મઘાતી હુમલો થયો છે. જેમાં ૧૬ લોકોનાં મોત નિપજ્યા છે. જો કે, આત્મઘાતી હુમલાને જોતા મૃત્યુઆંક વધવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓ અનુસાર, આ આત્મઘાતી હુમલો બલૂચિસ્તાનના ઝાલ માગ્સી વિસ્તારમાં આવેલી ફતેહપુર દરગાહમાં થયો હતો. જ્યારે પોલીસે આત્મઘાતી હુમલાખોરને દરગાહમાં ઘૂસતા રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે ખુદને ઉડાવી લીધો હતો. આ આત્મઘાતી હુમલામાં ૧૬ લોકોનાં મોત નિપજ્યા છે. બલૂચિસ્તાન સરકારના પ્રવક્તા અનવરૂલ હકે કાકરે ૧૬ લોકોનાં મોતની પુષ્ટિ કરતાં કહ્યું કે, આ એક આત્મઘાતી હુમલો છે. તેમણે કહ્યું કે, દરગાહમાં ઉર્સ દરમિયાન આત્મઘાતી હુમલો થયો હતો. આ હુમલામાં આત્મઘાતી હુમલાખોરને દરગાહમાં જતાં રોકવાનો પ્રયાસ કરનાર એક કોન્સ્ટેબલનું મોત થયું હતું. આ ઉપરાં બે પોલીસ કર્મીઓને ઈજા પહોંચી હતી. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ બલૂચિસ્તાનના ગૃહ પ્રધાન સરફરાઝ બુગતીએ કહ્યું કે, શિયા દરગાહમાં આત્મઘાતી હુમલાની જાણ થયા બાદ સંબંધિત અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. હુમલા બાદ સુરક્ષા બળ ઘટનાસ્થળે દોડી જઈ સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી તપાસ હાથ ધરી હતી.

## એઆઈએડીએમકે ચિન્હ વિવાદ : દિનાકરનની અરજી રદ : ૩૧મી સુધી વિવાદ ઉકેલો : કોર્ટ

(એજન્સી) મદુરાઈ, તા.૫

મદ્રાસ હાઈકોર્ટે આજે સાઈડલાઈન કરાયેલા એઆઈએડીએમકેના નેતા ટીટીવી દિનાકરન દ્વારા પાર્ટી ચિન્હ અંગેના વિવાદ સંબંધિત કેસની ડેડલાઈન આગામી વર્ષની ૨૮ ફેબ્રુઆરી સુધી લંબાવવા માંગ કરતી અરજી ફગાવી દીધી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, ચાલુ માસના અંત સુધી આ વિવાદ ઉકેલી લેવો જોઈએ. ન્યાયમૂર્તિ એમ.વેણુગોપાલ અને ન્યાયમૂર્તિ અબ્દુલ કુદુસની ખંડપીઠે જણાવ્યું હતું કે, કોર્ટે આ અંગેની તારીખ નક્કી કરી લીધી છે કેમ કે, અદાલતને લાગે છે કે, આ વિવાદ ઉકેલવા માટે સમય મર્યાદા નક્કી કરવી જ જોઈએ. ખંડપીઠે જણાવ્યું હતું કે, કોર્ટે આ વિવાદના નિપટારા માટે ચૂંટણી પંચને ૩૧મી ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. આ અગાઉ કોર્ટે ગત ૧૫ સપ્ટેમ્બરે ચૂંટણી પંચને આદેશ કર્યો હતો કે, ૩૧મી ઓકટોબર સુધી આ વિવાદ ઉકેલાઈ જવો જોઈએ. પાર્ટીના બે જૂથો વચ્ચે પક્ષ ચિન્હને લઈ મતભેદ સર્જાયો હતો ત્યાર બાદ આ મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. દિનાકરને પોતાની અરજીમાં ડેડલાઈન વધારવા વિનંતી કરી હતી અને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે નવા અભિપ્રાયો સુપરત કરવા નિર્દેશ કર્યો છે જેથી સમય લંબાવવામાં આવે કોર્ટ તેમના સંગઠનને નવા વાંધા નોંધાવવા માટે થોડી મહેતલ આપે. દિનાકરને ગત ત્રીજી ઓકટોબરે આ અરજી દાખલ કરી હતી. જે અંગે કોર્ટે નવા વાંધા ચોથી તારીખ સુધી સુપરત કરવા જણાવ્યું હતું. ગઈકાલે કોર્ટે મુખ્યમંત્રીના વકીલના દલીલો સાંભળવા માટે ચુકાદો અનામત રાખ્યો હતો. વકીલે જણાવ્યું હતું કે, આ વિવાદના ઉકેલ માટે પૂરતો સમય અપાયો છે. આ અગાઉ દિનાકરને દાવો કર્યો હતો કે, તેમને ૧૦૨ ધારાસભ્યો ૩૭ સાંસદો સહિતના સભ્યોનો ટેકો છે.




### કરોડો ઉમ્મીદોની સાથે ભારતીય ટીમ પ્રથમ વખત ફિફામાં ઉતરશે

## અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ આજથી શરૂ : કરોડો લોકો ભારે રોમાંચિત

### ભારત આજે પોતાની પ્રથમ મેચ અમેરિકા વિરૂદ્ધ રમશે : કુલ ૨૪ ટીમો વચ્ચે જંગ ખેલાશે

નવીદિલ્હી, તા. ૫

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ફુટબોલ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપ ફૂટબોલની આવતીકાલથી ભારતમાં શરૂઆત થઈ રહી છે. આની સાથે જ ભારતનું પણ એક મોટુ સપનું પુર્ણ થનાર છે. ભારતીય ચાહકોને ઘરઆંગણે અન્ડર-૧૭ ફિફા વર્લ્ડકપની મેચો જોવાની મજા પડી જશે. ભારતીય ટીમ પણ કરોડો ઉમ્મીદોની સાથે મેદાનમાં ઉતરી રહી છે. ભારતીય ફુટબોલ માટે આ ટુર્નામેન્ટ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય ફૂટબોલ માટે છઠ્ઠી ઓક્ટોબરનો દિવસ ઐતિહાસિક બની રહેશે જ્યારે ભારત પ્રથમ વખત કોઈપણ વર્ગમાં ફિફા મંચ ઉપર પોતાની ઉપસ્થિતિ નોંધાવવા માટે મેદાનમાં ઉતરશે. આનાથી ભારતમાં ફૂટબોલને નવી દિશા મળી શકે છે. દુનિયાના બીજા સૌથી મોટા દેશ ભારતના લોકોને ફિફા અન્ડર-૧૭થી ખુબ આશા રહેલી છે. ફુટબોલ ટીમ ફિફા વિશ્વકપમાં મેદાનમાં ઉતરી રહી છે. ભારતના યજમાનપદ હેઠળ પ્રથમ વખત ફિફા અન્ડર-૧૭ વર્લ્ડકપનું આયોજન છઠ્ઠી ઓક્ટોબરના દિવસે થશે. યજમાન ટીમ હોવાના કારણે ભારતને ટુર્નામેન્ટમાં એન્ટ્રી મળી ગઈ છે. અલબત્ત ટીમ સંપૂર્ણપણે તૈયાર છે અને જોરદાર મહેનત કર્યા બાદ દુનિયાની ૨૪ દિગ્ગજ ટીમો માટે પોતાની દાવેદારી રજૂ કરશે. ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચમાં આવતીકાલે અમેરિકા સામે રમશે. ત્યારબાદ ભારત પોતાની અન્ય મેચ ૯મી ઓક્ટોબરે કોલંબિયા સામે, ૧૨મી ઓક્ટોબરે ઘાના સામે રમશે. ભારતીય ફૂટબોલ માટે આ ક્ષણ ખુબ જ ઐતિહાસિક બની રહેશે. દુનિયાની ૨૪ ટીમો વચ્ચે ફિફા-૧૭ જંગ ખેલાનાર છે.

### નાઈઝરના અનેક ખેલાડીની વય કટ ઓફ ડેટ

## ગિની સૌથી યુવા ટીમ તરીકે અન્ડર-૧૭માં ઊતરી રહી છે

નવીદિલ્હી, તા. ૫

અન્ડર-૧૭ વિશ્વકપમાં ભાગ લઈ રહેલી નાઈઝરની ટીમમાં સૌથી વધારે એવા ખેલાડીઓ છે જેમની જન્મતારીખ કટ ઓફ ડેટ પહેલી જાન્યુઆરી ૨૦૦૦ના બરોબર છે. બીજી બાજુ ગીનીની ટીમ આ વિશ્વકપમાં ભાગ લેનારી સૌથી યુવા ટીમ છે. ડિફેન્ડર ઈસ્માઈલ ઈસ્સાકાથી લઈને મિડફિલ્ડર હાબી બોઉ સોફીને મળીને નાઈઝર ટીમમાં કુલ પાંચ ખેલાડી એવા છે જેમની જન્મતારીખ વિશ્વકપની કટ ઓફ ડેટ છે. બાકીના ત્રણ ખેલાડીઓમાં યુકોઉબા, તાહોતુઆ અને ડિફેન્ડર રાચીડનો સમાવેશ થાય છે. નાઈઝર એવી ત્રણ ટીમોમાં સામેલ છે જે આ વર્ષે ૨૦૧૭માં અન્ડર-૧૭માં પ્રથમ વખત રમી રહી છે. ભારત ઉપરાંત ન્યુ કોલેડોનિયા પણ પ્રથમ વખત રમી રહી છે. નાઈઝર ઉપરાંત કોસ્ટારિકાના મિડ ખેલાડી આંદ્રેશ અને જર્મનીના ફોરવર્ડ ખેલાડી નિકોલસની જન્મતારીખ પણ કટ ઓફ ડેટ મુજબની છે. એટલે કે આનાથી કોઈ દિવસ પણ ફેરફારની સ્થિતિ તેમને મંજુરી મળી શકે નહીં.

## કેરળમાં અમિત શાહને પ્રતિસાદના બોગસ ફોટા માટે ભાજપના સમર્થકો પોર્ન સ્ટારના શરણે !

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ભાજપના સમર્થકોએ હદ વટાવી હોય તેમ પાર્ટી પ્રમુખ અમિત શાહની કેરળ મુલાકાતને સફળ ગણાવવા સોશિયલ મીડિયા પર પૂર્વ પોર્ન સ્ટાર સન્ની લિયોનને મળેલા આવકારવાળો ફોટો અપલોડ કર્યો હતો. જ્યારે બીજી તરફ પ્રાપ્ત અહેવાલો મુજબ શાહની કેરળ મુલાકાત ફ્લોપ રહેતા તેમને પ્રવાસ ટૂંકાવાની ફરજ પડી હતી. ભાજપ દ્વારા કેરળમાં જનરક્ષા યાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં પાર્ટી પ્રમુખ અમિત શાહે જોડાઈ રાજ્યમાં ભાજપને મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો હતો પણ આ યાત્રાને મળેલા મોળા પ્રતિસાદ આપ્યો કાર્યક્રમ ટૂંકાવાની ફરજ પડી હતી. એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ શાહને રાજ્યમાં પોતાના અનેક કાર્યક્રમો રદ કરવાની ફરજ પડી હતી. ભાજપ અને શાહને મળેલા ઓછા પ્રતિસાદને કારણે પાર્ટીનું ગણિત ઊંધું પડી ગયું હતું.

## સિહોરમાં ગૌરવયાત્રાનો ફિયાસ્કો

આજરોજ સિહોરમાં ભાજપની ગૌરવયાત્રાનો પ્રોગ્રામ હતો જેમાં ૩.૩૦ વાગ્યા સુધી ભાજપના કોઈ કાર્યકર કે જનમેદની ન આવતાં જાણે કાગડા ઉડતા હોય તેમ ખુરશીઓ ખાલી જોવા મળી હતી. જ્યારે આ કાર્યક્રમને લઈ કોંગ્રેસ અને પાટીદારોએ પણ વિરોધ કર્યો હતો. (તસવીર : રફીક મામાણી, સિહોર)

## દેશના મેઈક ઈન ઈન્ડિયા કદમમાં યોગદાન આપવા કોમિયો ચાર સ્માર્ટફોન સાથે મેદાનમાં

અમદાવાદ,તા.૫

ભારતીય માર્કેટમાં કોમિયાએ તેના ફ્લેગશીપ હેન્ડસેટ એસ૧ અને પી૧ તેમજ સી૧ અને સીર સાથે પ્રવેશ કર્યો છે. જે તેના મેન્યુફેકચરર ટોપવાઈઝ કમ્યુનિકેશનનો વારસો સંભાળે છે. કોમિયો સ્માર્ટફોન્સ ભારતીય ગ્રાહકોને ધ્યાનમાં રાખીને ડીઝાઈન કરવામાં આવ્યો છે જેમાં ઈનોવેટિવ, ટેકનોલોજીકલી એડવાનસ્ડ તથા યુઝર ફ્રેન્ડલી ફિચર્સ અને પ્રોડકટસ ઉપલબ્ધ છે. નવી દિલ્હી ખાતે હેડકવાર્ટર્સ ધરાવતી આ બ્રાન્ડ મધ્યમ સ્તના સેગમેન્ટ દેશના આગળ વધતા સ્માર્ટફોન સેગમેન્ટમાં સામેલ થઈ છે. આ અંગે કોમિયો ઈન્ડિયાના સીઈઓ અને ડિરેકટર સંજયકુમાર કલીરોનાએ પત્રકારોને જણાવ્યું હતું કે અમારૂ સ્પષ્ટ વિઝન છે કે ભારતમાં અમે મીડ-સેગમેન્ટ સ્માર્ટફોન કેટેગરીમાં નેતૃત્વ કરીશું અને મજબૂત ઓફલાઈન બ્રાન્ડ સર્જીશું અમારી બ્રાન્ડ માટે ગુજરાત મહત્વનું માર્કેટ છે. દેશના મેઈક ઈન ઈન્ડિયા કદમમાં યોગદાન આપીશું અને લાંબા સમય માટે ભારતમાં સ્થાયી રહીશું.

### ગુનાઈત ઈતિહાસ ધરાવતા રામસેવક અને મંગલ દિક્ષીત ગાય કાપતા ઝડપાયા

## ઉત્તરપ્રદેશના ગોંડામાં પોલીસે ગાયની કતલમાં ષડયંત્ર અંગેની તપાસ શરૂ કરી

(એજન્સી) ગોંડા, તા. ૫

ગોંડા પોલીસે રવિવારે ભાટપુરા ગામમાં ગાયની કતલ અંગે ગુનાઈત ઈતિહાસ ધરાવનારની ધરપકડ કરી હિંદુ બહુમતીવાળા વિસ્તારમાં મોહર્રમના જુલૂસ પહેલા કોમી તંગદિલી વધારવાના આશયથી યોજના ઘડવા અંગેની પોલીસ તપાસ કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી હિંદુ બ્રાહ્મણ છે. પોતાની સામે હત્યા અને લૂંટ સહિતના ૧૮ ગુનાઈત કેસોનો સામનો કરી રહેલા રામસેવક દિક્ષીતને કટરા બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી શંકાસ્પદ રીતે ગાય કાપવા દરમિયાન પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, ત્રણ કેસોમાં આરોપી મંગલ દિક્ષીત પણ આ કૃત્યમાં સામેલ હતો જે નાસી છૂટ્યો હતો. આ બંને આરોપીઓ ભાટપુરા ગામમાં રહે છે.

કટરા બજારના સ્ટેશન ઓફિસર ડીપી સિંહે જણાવ્યું હતું કે, સવારે સાત વાગે એક ૧૨ વર્ષનો છોકરો રામસેવક અને મંગલને ખુલ્લામાં ગાય કાપતા જોઈ ગયો હતો. છોકરાએ આ અંગે સ્થાનિક લોકોને જણાવતા તેઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી. દારૂ પીધેલા રામસેવકને લોકોએ પકડી રાખ્યો હતો જ્યારે મંગલ ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. રામસેવક અને મંગલ વિરૂદ્ધ ઉત્તરપ્રદેશના ગાયની કતલના કાયદા ઉપરાંત અન્ય ગંભીર ગુના દાખલ કરાયા હતા. પોલીસની પૂછપરછમાં રામસેવકે જણાવ્યું હતું કે, તેઓ પાડોશી પ્રકાશ દિક્ષીતના ઘરેથી ગાયને ચોરી લાવ્યા હતા. તેણે દાવો કર્યો હતો કે, તેના દુશ્મન સુહાવન દિક્ષીતને ફસાવવા માગતો હતો જે મંગલના હત્યાના કેસમાં તેની વિરૂદ્ધ સાક્ષી છે. રામસેવકને સોમવારે કોર્ટ સમક્ષ રજૂ કરાતા તેને જેલમાં મોકલી દેવાયો હતો.

### સુરતના આંગણે સાહિત્યનો મહાયજ્ઞ

## નટવર ગોહેલ, અવિનાશ પરીખ અને સ્નેહલ નિમાવતના પુસ્તકોનું લોકાર્પણ યોજાશે

### રવીન્દ્ર પારેખના હસ્તે ત્રણ પુસ્તકો વિમોચિત થશે

અમદાવાદ, તા.૫

ગુજરાતના જાણીતા સાહિત્યકારો નટવર ગોહેલ, અવિનાશ પરીખ તથા સ્નેહલ નિમાવત દ્વારા લિખિત તથા સ્ટોરી મિરર દ્વારા પ્રકાશિત ત્રણ પુસ્તકો 'વિશ્વ પ્રસિદ્ધ વિજ્ઞાનીઓ', 'આ જીવન છે' અને 'ઝાકળ તો ભીના ભીના'નો ભવ્ય લોકાર્પણ કાર્યક્રમ ગુજરાતના જાણીતા સાહિત્યકાર,

પત્રકાર અને નિબંધકાર રવિન્દ્ર પારેખના હસ્તે તા.૮ ઓકટોબર રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સુરતના નિયોન ડિસ્ક એન્ડ બેંકવેટ, ત્રીજો માળ, ઈસ્કોન મોલ, ડુમસ રોડ, પિપળોદ, સુરત ખાતે સંપન્ન થશે એમ સ્ટોરી મિરરના સુશ્રી નીતા બહેન કોટેચાએ અખબાર જોગ નિવેદનમાં જણાવ્યું હતું. કોટેચાએ વધુમાં જણાવ્યું હતું કે સ્ટોરી મિરર દ્વારા આ બીજો સાહિત્યોત્સવ સુરતમાં સંપન્ન થશે. પ્રથમ અવસર અમદાવાદમાં સાકાર પામ્યો હતો, આ વખતે લગભગ પંદર પુસ્તકોનું લોકાર્પણ યોજાશે જે એક વિશિષ્ટ સાહિત્યિક ઘટના બની રહેશે.

### ગાવસ્કરનો પસંદગીકારોને સવાલ

## સતત ચાર અર્ધસદી ફટકારનાર રહાણે ટી-૨૦ ટીમની બહાર કેમ ?

મુંબઈ, તા.૫

ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સુનિલ ગાવસ્કરે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ રમાનારી ત્રણ મેચોની ટી-૨૦ સિરિઝની ભારતીય ટીમમાં રહાણેની પસંદગી નહીં કરવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. ગાવસ્કરે કે. એલ.રાહુલને ટી-૨૦ ટીમમાં સ્થાન આપવા બદલ બીસીસીઆઈના પસંદગીકારોના નિર્ણય પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે પસંદગીકારોએ આનું યોગ્ય કારણ બતાવવું જોઈએ. સનીએ કહ્યું કે જે ખેલાડી (રહાણે)એ સતત ચાર અર્ધ સદી ફટકારી છે. આખરે તેને ટીમમાં સ્થાન કેમ ના મળ્યું. તેમણે કહ્યું કે રાહુલ સારો ખેલાડી છે પણ તેને પાંચ વન-ડે મેચોની સિરિઝમાં એક પણ મેચ રમવાની તક મળી નથી. આખરે રાહુલ ટીમમાં કેમ છે અને સતત અર્ધસદી બનાવનાર રહાણે ટીમમાં કેમ નથી. આ અંગે પ્રતિક્રિયા આપતા રહાણે કહ્યું કે તે ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારોના નિર્ણયનું સન્માન કરે છે. ટીમમાં પસંદગીકાર માટે હરીફાઈ હોવી જરૂરી છે. આનાથી તમને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે.

### કોહલીમાં મહાન કપ્તાન બનવાના બધા ગુણ છે : ગાંગુલી

કોલકાતા, તા.૫

પૂર્વ ભારતીય કપ્તાન સૌરવ ગાંગુલીએ વિરાટ કોહલીની પ્રશંસા કરતા કહ્યું છે કે કોહલીમાં ભારતીય ટીમના મહાન ક્રિકેટ કપ્તાનોમાંથી એક બનવાના બધા ગુણ છે. સૌરવે કહ્યું કે વિરાટની કેપ્ટનશીપની દૃષ્ટિએ આગામી ૧૫ મહિના ખૂબ જ મહત્ત્વના સાબિત થશે કારણ કે આ દરમ્યાન ટીમ ઈન્ડિયાને દ.આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવાનો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૯માં વર્લ્ડકપ પણ રમાશે. ગાંગુલીએ કહ્યું કે મારા મત મુજબ વિરાટ યોગ્ય માર્ગે છે તે ટીમને સારી રીતે તૈયાર કરી રહ્યો છે. તે યુવા ખેલાડીઓને ભરપૂર તક આપી રહ્યો છે.

### વન-ડે સિરીઝ માટે દ.આફ્રિકાની ટીમ જાહેર

બ્લોમફોર્ટન, તા.૫

બાંગ્લાદેશ વિરૂદ્ધ ટેસ્ટ સિરિઝમાં ઈજાગ્રસત થયેલા માર્ની મોરકલના સ્થાને દ.આફ્રિકાની ટીમમાં સામેલ કરાયેલા. ડેન પેટરસનને વન-ડે સિરીઝ માટે પણ ટીમમાં સ્થાન મળ્યું છે. પેટરસનને પહેલીવાર દ.આફ્રિકાની વન-ડે ટીમમાં સામેલ કરાયો છે. ડુપ્લેસિસની કપ્તાન તરીકે પહેલી વન-ડે સિરીઝ હશે. ટીમ, ડુપ્લેસીસ, હાશીમ અમલા, બાવુમા, બેહરદીન, ડીકોક, ડીવિલિયર્સ, ડ્યુમિની, તાહિર, મિલર, પારર્નેલ, પેટરસન, ફેહાલુકવાયો, પ્રીટોરીયસ, રબાડા.

### મલિંગાને શ્રીલંકાની વન-ડે ટીમમાંથી પડતો મૂક્યો

દુબઈ, તા.૫

ખરાબ ફોર્મમાં ચાલી રહેલા મલિંગાને પાકિસ્તાન વિરૂદ્ધ વન-ડે સિરીઝ માટે શ્રીલંકાની ટીમમાં સ્થાન મળ્યું નથી. શ્રીલંકન ક્રિકેટ બોર્ડે કહ્યું કે વર્તમાન ફોર્મને ધ્યાનમાં રાખતા અને ૨૦૧૯ વિશ્વકપ માટે શ્રીલંકા ટીમની યોજના મુજબ મલિંગાને બહાર કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત મેથ્યુઝ પણ આ સિરીઝ ગુમાવશે. ટીમ : થરંગા(કપ્તાન), ચાંડીમલ, ડિકવેલા, થિરીમાને મેન્ડીસ, શ્રીવર્ધના, કાપૂગેદરા, પરેરા, પ્રસન્ના, પ્રદીપ, લકમલ, ચમીરા, ફર્નાન્ડો, ધનંજય, વન્ડેર્સ.


### ટૂંકી જાહેર નિવિદા નંબર-૬ સને ૨૦૧૭-૧૮

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ, ધોળકા, મામલતદાર કચેરી કંપાઉન્ડ, ધોળકા-૩૮૭૮૧૦ (ફોન નં.૦૨૭૧૪-૨૨૧૭૨૬)ની કચેરી દ્વારા બિલ્ડિંગના ખાસ મરામતના એક કામ કે જેની અંદાજિત કિંમત રૂ.૨.૯૭ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગના માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૦/૧૦/૧૭ તેમજ પરત લેવાની તા.૧૬/૧૦/૧૭ રાખવામાં આવી છે.

આ કામની વિગતવાર નોટિસ અત્રેની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવી છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીના જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૫૦/૨૦૧૭-૧૮)



### જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ગડીત તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | ટાંકી રીપેરીંગ, ઘર જોડાણ, ઓટલા પ્લેટફોર્મ | ૪,૬૬,૦૪૫/- |
| ૨ | પાઈપ લાઈન, અવાડા | ૩,૦૯,૮૫૦/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ગડીત દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ગડીતના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ગડીત, તા.હાલોલ જિ.પંચમહાલ**



### જાહેર નિવિદા

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતામાં તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડમાં માન્ય યાદી ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ અંતર્ગત ઈન્દ્રાલ તા. હાલોલ વાસ્મો પા.પુ. યોજનાની નીચે મુજબની કામગીરી માટે સીલબંધ ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એડી-સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે.

| ક્રમ | કામનુ નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | પંપ રૂમ, પાઈપ લાઈન | ૩,૮૮,૬૦૫/- |
| ૨ | અવાડા, ઘર જોડાણ | ૪,૨૮,૯૬૫/- |

કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦-૧૦-૨૦૧૭ અને ભરેલ ટેન્ડરને પરત લેવાની તારીખ ૧૪-૧૦-૨૦૧૭ રાખવામાં આવેલ છે જે અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની જાણકારી સંબંધિત ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી કચેરી સમય દરમિયાન અને જાહેર રજાનાં દિવસો સિવાય મેળવવાની રહેશે. કોરા ટેન્ડરો મેળવવા અંગે રજીસ્ટ્રેશન તથા રાષ્ટ્રીયકૃત બેન્કની સોલવન્સી અંગેનાં દસ્તાવેજો ઈન્કમટેક્ષ કલીઅરન્સ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રૂપિયા ૬૦૦ ટેન્ડર ફી રજુ કર્યેથી પાણી સમિતિ ઈન્દ્રાલ દ્વારા ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલ ટેન્ડરો સાથે બાનાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકની ડિપોઝીટ રસીદ અધ્યક્ષશ્રી ગ્રામ્ય પાણી સમિતિ, ઈન્દ્રાલના નામની અચુક રજુ કરવાની રહેશે. આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ૧૬-૧૦-૨૦૧૭ના રોજ ૧.૦૦ કલાકે

**અધ્યક્ષશ્રી : પાણી સમિતિ, ઈન્દ્રાલ, તા.હાલોલ જિ.પંચમહાલ**



### ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

### હાઈવે હોટલ ઉપર એસ.ટી. બસના રોકાણ અંગેની નિવિદા

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજ્યના ધોરીમાર્ગ (૧) અમદાવાદ-ભૂજ (હળવદથી માલવણ ચોકડી, સામખિયારીથી ભચાઉ), (૨) રાજકોટ-જૂનાગઢ-સોમનાથ, (૩) દ્વારકા-પોરબંદર, પોરબંદરથી મહુવા, (૪) અમદાવાદ-ગોધરા-દાહોદ, (૫) વડોદરાથી રાજકોટ વાયા (તારાપુર ચોકડી), (૬) દાહોદ-અમદાવાદ વાયા ઠાસરા, (૭) દાહોદ-અમદાવાદ વાયા લુણાવાડા, બાલાસિનોર, (૮) મહેસાણા-ભૂજ, (૯) ડીસા-રાધનપુર, (૧૦) બગોદરાથી વલભીપુર, (૧૧) રાજકોટથી દ્વારકા, (૧૨) ભાવનગર-પોરબંદર વાયા ઢસા, (૧૩) વિરમગામથી સુરેન્દ્રનગર, (૧૪) હિંમતનગર-વીંછીવાડા-ખેરવાડા, (૧૫) સોનગઢ-નવાપુર-ધુલિયા હાઈવે, (૧૬) ઉનાઈ-વાંસદા-ખડકલા-સાપુતારા હાઈવે, (૧૭) તલાસરી-થાણા-ભીંવડી હાઈવે, (૧૮) અમદાવાદ-અંબાજી-વરાસણા ચોકડી, (૧૯) જૂનાગઢ-ઉના વાયા વેરાવળ (૨૦) પોરબંદર-ઉના, (૨૧) જૂનાગઢ-વેરાવળ વાયા (તલાલા, (૨૨) ભાવનગર-રાજકોટ, ભાવનગર-અમરેલી-ભાવનગર-જૂનાગઢ, (૨૩) ભાવનગર-અમદાવાદ (વાયા ધંધુકા, વલ્લભીપુર), (૨૪) ભાવનગર-વેરાવળ (વાયા મહુવા, ઉના), (૨૫) રાજકોટ-અમદાવાદ, (૨૬) રાજકોટ-સુરેન્દ્રનગર હાઈવે (ચોટીલાથી સુરેન્દ્રનગર), (૨૭) રાજકોટ-ભાવનગર (આટકોટથી બાબરા), (૨૮) રાજકોટ-ભૂજ (મોરબીથી માલિયા), (૨૯) જૂનાગઢ-રાજકોટ (વીરપુરથી રાજકોટ), (૩૦) રાજકોટ-જૂનાગઢ (રાજકોટથી વિરપુર), (૩૧) રાધનપુર-અમદાવાદ (દસાડા ચોકડી), (૩૨) આબુરોડ-સીરોહી, (૩૩) માલપુર-લુણાવાડા વચ્ચે, (૩૪) ડીસા-ગુંદરી-સુધાંમાતા, (૩૫) અમદાવાદ-સુરત, (૩૬) ધરમપુર-છાણી (બોર્ડર વચ્ચે) રૂટો ઉપરથી પસાર થતી એસ.ટી. બસોના જતાં-આવતાં રાષ્ટ્રીય/રાજ્ય ધોરીમાર્ગ તથા અન્ય માર્ગો ઉપર એસ.ટી. બસો રોકાણ આપવા અંગે સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. રૂા.૫૦૦/- રોકડા ભરવાથી ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો વિગેરે મળી શકશે. ટેન્ડર ફોર્મ મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી, પરિવહન ખાતું, મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૪૫, ખાતેથી તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા.૨૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૪:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને શક્ય હશે તો તે જ દિવસે ૧૬:૦૦ કલાકે ખોલવામાં આવશે. સદર નિવિદા નિગમની વેબસાઈટ www.gujaratsrtc.com ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે ફોન નં.૦૭૯-૨૨૮૦૧૨૬૪ અથવા ઈ-મેઈલ ctcm@gsrtc.in ઉપર સંપર્ક કરવા વિનંતી

મુખ્ય પરિવહન અને વાણિજ્ય વ્યવસ્થાપકશ્રી
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૨૪૯-/૨૦૧૭-૧૮

## તસવીર ટુડે



**મનોસ્થિતિ**

માનવીના મગજમાં દરરોજ એક નવો વિચાર જન્મ લે છે. માનવીના આ વિચારો તેના કર્મ સાથે ગાઢ સંબંધ ધરાવે છે કારણ કે માનવી જેવું વિચારે છે. મોટાભાગે તેવા જ તેના કર્મ હોય છે. સકારાત્મક વિચારસરણી ધરાવતો મનુષ્ય સતત સારા કામોમાં પેરોવાયેલો રહે છે. જ્યારે દુષ્ટ વિચારોવાળો મનુષ્ય અધોગતિને પામે છે.

માનવીનું મગજ હંમેશા વિચારોના ચકરાવે ચઢેલું હોય છે. વિચાર એ ક્ષણભંગુર છે પરંતુ નવા વિચારોની ઉત્પતિ સતત થતી રહે છે. ઘણીવાર માણસની સામે અણધારી પરિસ્થિતિ આવીને ઊભી રહી જાય છે. ત્યારે તેમાંથી કઈ રીતે બહાર નીકળવું તેના માટે માણસ સતત વિચારોનું મનોમંથન કરતો રહે છે, કયારેક સમજદારીભર્યા નિર્ણયથી તે સમસ્યાનો ઉકેલ પણ મેળવી લે છે પરંતુ કયારેક વિચારોની ઓછી આવક અથવા દુષ્ટ વિચારો માણસને કયારેય તે પરિસ્થિતિમાંથી બહાર લાવી શકતા નથી. માટે માણસને હંમેશા ગમે તેવી વિષમ પરિસ્થિતિ હોય છતાંય સકારાત્મક વિચારોની સૂઝ કેળવવી જરૂરી છે.

પ્રથમ તસવીર ધ ન્યૂયોર્કર મેગેઝિનની છે. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રારંભિક સપ્તાહનો પ્રતિભાવ આપવા આ મહિનાના અંતમાં ધ ન્યૂયોર્કર મેગેઝિને તેના ઉગ્ર કવર પેજની સાથે પોતાની ૯૨મી જયંતી ઉજવી. આ કવરની વિશેષતા એ હતી કે તેમાં ચિત્રિત સ્ટેચ્યુ ઓફ લિબર્ટીના હાથમાં મશાલમાંથી પ્રકાશ બહારની તરફ ફેંકાઈ રહ્યો હોય તેવું દ્રશ્યમાન થઈ રહ્યું છે. આ કવર માટે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી અને તેની ચમકતી મશાલનો ઉપયોગ કરવાનો હેતુ નવા વસાહતીઓનું સ્વાગત કરવાનો હતો અને સાથે જ તે અમેરિકી મૂલ્યોનું ચિહ્ન પણ છે.

બીજી તસવીરમાં ડેર સ્પીએગેલ નામના જર્મન સાપ્તાહિકનું કવર પેજ દર્શાવવામાં આવ્યું છે જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઉગ્રભાવ સાથે દર્શાવવામાં આવ્યા છે તેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા સ્ટેચ્યુ ઓફ લિબર્ટીના માથાને તલવાર વડે વાઢી નાંખવામાં આવ્યું હોય તેવી તસવીર જોવા મળે છે. આ કવર પેજ દેશ-વિદેશમાં ચર્ચાનો વિષય બન્યું હતું. ૧૯૮૦માં એક રાજકીય શરણાર્થી તરીકે એડેલ રોડ્રીગુએઝ ક્યુબાથી યુએસ આવ્યા હતા. અન્ય વસાહતીઓની જેમ તે પણ અન્ય દેશોમાંથી આવતા શરણાર્થીઓ તથા મુસ્લિમ બહુમતી ધરાવતા સાત દેશો પર યુએસના પ્રમુખ દ્વારા બહાર પાડવામાં આવેલા વહીવટી આદેશ અનુસાર હંગામી ધોરણે મૂકવામાં આવેલા પ્રતિબંધથી નારાજ થયા હતા. હું નવ વર્ષનો હતો ત્યારે હું અહીંયા આવ્યો હતો તેથી મને સારી રીતે યાદ છે કે પોતાનો દેશ છોડતી વખતે નાના બાળકો શું અનુભવે છે. મને એ બધુ જ યાદ છે તેથી હું ચિંતિત છું. અન્ય વસાહતીઓ કરતાં તદ્દન જુદી જ રીતે રોડ્રીગુએઝે કલાના ભાગ તરીકે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો જે આજે વિશ્વના સૌથી અગ્રણી મેગેઝિનોમાંના કવરમાં આગવું સ્થાન ધરાવે છે.

# ઈઝરાયેલી વસાહતીઓની વારંવારની ઘૂસણખોરીનો સામનો કરવા અલ અક્સા મસ્જિદની મુલાકાતે વારંવાર જવા માટે પેલેસ્ટીનીઓને આહ્વાન

(એજન્સી) તા.૫

જેરૂસલેમની એક સંસ્થાએ પેલેસ્ટીનીઓ તથા તમામ મુસ્લિમ સમુદાયના લોકોને પવિત્ર અલ અક્સા મસ્જિદની મુલાકાતે વારંવાર જવાની અપીલ કરી છે.તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ ઓક્ટોબર ૪થી ૧૩ દરમિયાન ઈઝરાયેલીઓનું સુકોત તહેવાર શરૂ થઈ રહ્યો છે. આ દરમિયાન ઈઝરાયેલીઓ ટેમ્પલ ઓફ સોલોમોન ગણતા પવિત્ર અલ અક્સા મસ્જિદમાં અવારનવાર બળજબરીપૂર્વક સેનાની સુરક્ષા હેઠળ ઘસી આવે છે અને આ દરમિયાન પેલેસ્ટીની નાગરિકોનો પ્રવેશ પણ પરિસરમાં અટકાવી દેવામાં આવે છે. જોકે આ મામલે કબજા હેઠળના જેરૂસલેમમાં આવેલા પવિત્ર અલ અક્સા મસ્જિદમાં વારંવાર જવા માટે પેલેસ્ટીનીઓ તથા તમામ મુસ્લિમ સમુદાયના લોકોને આહ્વાન કરાયું છે. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલી વસાહતીઓ એકસાથે ભારે સંખ્યામાં પરિસરમાં ઘસી આવે છે જેના કારણે તંગદિલી વધી જાય છે. જોકે સંસ્થાએ આ અપીલ એટલા માટે કરી છે કેમ કે પવિત્ર અલ અક્સા મસ્જિદમાં ઈઝરાયેલી વસાહતીઓના ઘસારાનો સામનો કરવા અલ અક્સા મસ્જિદની મુલાકાતે વારંવાર જવાથી તેમને જડબાતોડ જવાબ મળશે. તમને જણાવી દઈએ કે ગુરુવારે સવારે મોટી સંખ્યામાં વસાહતીઓ મસ્જિદમાં ઘસી આવતાં તંગદિલી વધી હતી.

# તુર્કીના હક્કારીમાં બોમ્બ વિસ્ફોટ થતાં ૪ સૈનિકોનાં મોત : હુમલા માટે કુર્દીશ ઉગ્રવાદીઓ પર આક્ષેપ

(એજન્સી) તા.૫

તુર્કીના દક્ષિણ પૂર્વીય હક્કારી પ્રાંતમાં બોમ્બ વિસ્ફોટ થતાં ૪ સૈનિકોનાં મોત નિપજ્યાં છે, જ્યારે અન્ય ૪ લોકો ઘાયલ થયા છે. બુધવારે હક્કારીના યુકેસેકોવા જિલ્લામાં થયેલા બોમ્બ વિસ્ફોટને કારણે ઘવાયેલા સૈનિકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાદેશિક રાજ્યપાલના કાર્યાલયે આ બોમ્બ વિસ્ફોટ માટે ગેરકાયદેસર કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટીને (PKK) જવાબદાર ઠેરવી છે તથા વધુમાં કહ્યું છે કે, આ બોમ્બ વિસ્ફોટ કરનારા ગુનેગારોને પકડવા માટે મોટી સંખ્યામાં સશસ્ત્ર વાહનોને પ્રદેશ તરફ રવાના કરવામાં આવ્યા છે. પાછલા કેટલાક વર્ષોથી તુર્કીમાં સુરક્ષા દળો તથા નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવતા આતંકી હુમલાઓની સંખ્યામાં વધારો થયો છે. આમાંના મોટાભાગના આતંકી હુમલાઓ માટે

કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટીના આતંકીઓ અથવા તો દાઇશ આતંકીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. જો કે, તુર્કીશ હવાઈ દળો દ્વારા દેશમાં કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટીના મથકોની વિરૂદ્ધ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ દેશની તણાવગ્રસ્ત દક્ષિણ પૂર્વીય સરહદ તથા ઉત્તરીય ઈરાક અને પાડોશી સીરિયાને આવરી લેવામાં આવશે.

# લીબિયા મામલે ઉશ્કેરણીજનક ટિપ્પણી કરવા બદલ જ્હોન્સનની આકરી ટીકાઓ શરૂ

(એજન્સી) તા.૫

બ્રિટનના વિદેશમંત્રી બોરીસ જ્હોનસને લીબિયાના સિરતે શહેર મામલે ઉશ્કેરણીજનક ટિપ્પણી કરતાં તેમની આકરા શબ્દોમાં ટીકા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે લીબિયાનું સિરતે શહેર એક ટુરિસ્ટ સ્પોટ બની શકે છે પરંતુ સૌથી પહેલાં ત્યાંથી મૃતદેહો હટાવવાની જરુર છે. તેમણે આ ટિપ્પણી મંગળવારે માન્ચેસ્ટર ખાતે આયોજિત કંઝર્વેટીવ પાર્ટીની એક બેઠકમાં કરી હતી. જોકે તેમની આ ઉશ્કેરણીજનક ટિપ્પણી આકરી ટીકાનો ભોગ બની રહી છે. તેમણે કહ્યું હતું કે સિરતેને એક સરસ એવા શહેરમાં રૂપાંતરિત કરી શકાય છે. પરંતુ એમાં મ્યુનિસિપાલિટીની મદદની જરુર પડશે. તેને આગામી દુબઈ જેવું બનાવી શકાય તેમ છે. જોકે તેના પહેલા ત્યાંના તમામ મૃતદેહો સાફ કરવા પડશે. જોકે તેમની આ ટિપ્પણી સામે થેરેસા મેની સરકારના કેટલાક કાર્યકર્તાઓએ હાંસી ઉડાવી હતી. જોકે ત્યારબાદ કોઈ મુદ્દે સભાનું વાતાવરણ બદલાઈ ગયું હતું. જોકે જ્હોન્સનની આ હાંસી ઉડાવતી ટિપ્પણી બદલ આકરા શબ્દોમાં ટીકા શરૂ થઈ ગઈ છે. કેટલાક લોકો કહે છે કે આ ટિપ્પણી ખરેખર તો અસ્વીકાર્ય છે તો કેટલાક લોકોએ તો જ્હોન્સનના રાજીનામાની જ માગણી કરી નાખી છે. સેડો વિદેશ સચિવ એમિલી થોર્નબેરીએ આ મામલે કહ્યું કે બોરીસ જ્હોનસન લોકોનાં મોતને મજાક સમજે છે. આ ઘણી ક્રૂર વાત છે અને યુકેના બિઝનેસમેનો તેને બીચ રિસોર્ટમાં ફેરવી નાખવા માગે છે. અવિશ્વસનીય છે. જોકે આ મામલે કંઝર્વેટીવ પાર્ટીના સાંસદ હાદી એલન, એનાથ સોબરી અને પૂર્વ ટોરી કેબિનેટ મંત્રીએ આ મામલે જ્હોન્સનની હકાલપટ્ટી કરવાની માગણી કરી નાખી છે. બીજી બાજુ એલનના કેબિનેટ કલીગ ડેમિયન ગ્રીન અને સારા વોલ્સ્ટન પણ આ ટીકામાં જોડાયા હતા. તમામ લોકોએ કહ્યું કે જ્હોન્સને તેમની ભાષાનો સાચવીને ઉપયોગ કરવાની જરુર છે. જોકે આ મામલે જ્હોનસને તેમના ટીકાકારોની માફી માગવાને બદલે ઉલટા ચોર કોતવાલ કો ડાંટે તેવું કરતાં કહ્યું કે લીબિયા મુદ્દે જે લોકો રાજકારણ રમી રહ્યાં છે તેમને શરમ આવવી જોઈએ.

# ટ્રમ્પે કહ્યું, ઈઝરાયેલ-પેલેસ્ટીન વચ્ચેની શાંતિ પ્રક્રિયામાં સૌથી મોટી સમસ્યા નેતાન્યાહુ છે

(એજન્સી) તા.૫

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે સત્તામાં આવ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે હું ઈઝરાયેલ અને પેલેસ્ટીન વચ્ચેના વિવાદનો અંત લાવવાનો ભરપૂર પ્રયાસ કરીશ. આ માટે તેમણે તેમના જમાઈ જેરેડ કુશનરને જવાબદારી પણ સોંપી હતી. પરંતુ તાજેતરમાં જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગ્યુટરેસ સાથે મુલાકાત કરી હતી ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે આ બંને દેશો વચ્ચેની શાંતિ પ્રક્રિયામાં સૌથી મોટા અવરોધ સમાન એક જ વ્યક્તિ છે જે છે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ.

તેમણે આ બેઠકમાં કહ્યું હતું કે ઈઝરાયેલી વડાપ્રધાન પેલેસ્ટીનના રાષ્ટ્રપતિ મહેમૂદ અબ્બાસ કરતાં વધારે મુશ્કેલી ઊભી કરી રહ્યાં છે. તેઓ શાંતિપ્રક્રિયાને વધારે મહત્વ નથી આપતા. તેમણે કહ્યું કે નેતાન્યાહુ જાણે છે કે તે ક્યારેય કોઈ રાષ્ટ્રપતિ કે પછી અબ્બાસની વાત નહીં માને. જોકે આ મામલે અબ્બાસ એવા છે કે તે સહમતિ આપી શકે છે પરંતુ નેતાન્યાહુ એવા છે કે આ શાંતિપ્રક્રિયામાં તે સૌથી મોટા અવરોધ સમાન છે. તે ક્યારેય પેલેસ્ટીની નાગરિકો સાથે સમાધાન કરશે કે કેમ તેના પર મોટી આશંકા છે. ટ્રમ્પે કહ્યું કે અબ્બાસ અને નેતાન્યાહુ બંને એક મોટી સમસ્યા સમાન છે. પરંતુ આ બંનેમાં નેતાન્યાહુ એક પ્રકારે સૌથી

મોટી સમસ્યા છે. આ નિવેદન તેમણે પશ્ચિમી રાજદ્વારીઓના હવાલાથી કર્યું હતું. વ્હાઈટ હાઉસના અધિકારીએ જણાવ્યું કે ટ્રમ્પે નોંધ લીધી છે કે નેતાન્યાહુ અને અબ્બાસ બંને શાંતિ ઈચ્છે છે અને આ શાંતિ સ્થાપિત કરવામાં ટ્રમ્પ પણ સકારાત્મક ભૂમિકા ભજવવા તૈયાર છે. તેમણે કહ્યું કે અમે આ બંને દેશો વચ્ચેની વાટાઘાટો અને વિકાસ માટે તમામ પ્રયાસો કરવા તૈયાર છીએ. જોકે ગ્યુટરેસે આ મામલે ટ્રમ્પની પ્રશંસા કરતા તેમને વધુમાં વધુ પ્રયાસો કરી જલદીમાં જલદી આ બંને દેશો વચ્ચેના વિવાદનો અંત લાવવા અપીલ કરી હતી.

# અમેરિકાના સંરક્ષણ વડાએ ઈરાન પરમાણુ કરારને વળગી રહેવાની સલાહ આપી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૫

અમેરિકાના સુરક્ષા સચિવ જિમ મેટીસે ઈરાન પરમાણુ કરારને મર્યાદિત સમર્થન આપ્યું હતું. કરાર સાથે આગળ વધવું કે નહીં તે અંગે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ ઘોષણા કરે તે પહેલા જિમે આ ઘોષણા કરી હતી.

રાષ્ટ્રપતિની સમીક્ષાથી વિરૂદ્ધ મેટીસે કહ્યું કે, તેઓ ઈરાન પરમાણુ કરારને સમર્થન આપશે અને અમેરિકા તે નિર્ણય લઈ શકે છે કે, ઈરાન કરારથી બંધાયેલ હોય અને તે અમેરિકાના હિતમાં હોય તેમણે કહ્યું કે, જો આપણે તે બાબતી પુષ્ટિ કરી શકીએ કે, ઈરાન કરારને બાધ્ય રહે અને તે આપણા હિતમાં હોય તો આપણે આ કરાર સાથે આગળ વધી શકીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે મને લાગી રહ્યું છે કે, પ્રતિકૂળતાના અનુપરિસ્થિત સંકેતો અંગે રાષ્ટ્રપ્રમુખે વિચાર કરવો જોઈએ.

# ઈરાન સાથેના કરારમાં અમેરિકાને જાળવી રાખવા ટિલરસન મહેનત કરી રહ્યા છે : અહેવાલ

(એજન્સી) તા.૫

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અવારનવાર ઈરાન સાથે જેસીપીઓએ કરારની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢ્યા બાદ, તેને અમેરિકાના ઈતિહાસમાં સૌથી ખરાબ ગણાવી દીધા બાદ પણ અમેરિકાના વિદેશમંત્રી રેક્સ ટિલરસન ઈરાન સાથે પીફાઈવ દેશોએ કરેલા કરારમાં અમેરિકાને પણ જાળવી રાખવા માટે મહેનત કરી રહ્યાં છે. તાજેતરમાં જ કેટલાક અમેરિકી અધિકારીઓ અને પશ્ચિમી ડિપ્લોમેટે આપેલી માહિતી

અનુસાર ટિલરસન કોંગ્રેસના સાંસદો સાથે મળીને અમેરિકી કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે જેથી ઈરાન સાથેની ડીલ મામલે અમેરિકી રાષ્ટ્રપતિને દર ત્રણ મહિને રિપોર્ટ સોંપી શકાય. આ ડીલ જોઈન્ટ કોમ્પ્રિહેન્સિવ પ્લાન ઓફ એક્શન(જેસીપીઓએ) તરીકે ઓળખાય છે જે જુલાઈ ૨૦૧૫માં પાંચ દેશો સાથે કરવામાં આવી હતી અને તેનો અમલ આગામી વર્ષે જાન્યુઆરીથી કરવામાં આવ્યો હતો. આ ડીલમાં અમેરિકા તથા ઈરાન સહિત ફ્રાન્સ, બ્રિટન, રશિયા, જર્મની અને ચીન પણ સામેલ છે. રિપબ્લિકન પાર્ટીના નેતા અને અમેરિકાના રાષ્ટ્રપતિ આ કરારને પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા કરવામાં આવેલ સૌથી ખરાબ કરાર ગણાવે છે.

# ગુજરાતમાં દલિતો પર અત્યાચારના બનાવો વધતા, સરકાર પર અવિશ્વાસ જાહેર કરાયો

## છેલ્લા ૨૮ વર્ષમાં દલિતો પરના અત્યાચારના ૩૬ હજાર, હત્યાના ૫૫૨, દમનના ૧૯૬૩ બનાવો

અમદાવાદ, તા.૫

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૮ વર્ષોમાં દલિતો પર ૩૬ હજાર જેટલા અત્યાચારના બનાવો નોંધાયા છે. સને ૧૯૮૯થી લઈ ૨૦૧૭ સુધીના વર્ષોની દલિતો પર અત્યાચાર અને દમનના બનાવોની આરટીઆઈ હેઠળ મેળવવામાં આવેલી માહિતીમાં આ ચોંકાવનારા આંકડા સામે આવતાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતના રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. માહિતી અધિકારના કાયદા હેઠળ મેળવાયેલી માહિતીમાં આ સનસનીખેજ આંકડા સામે આવતાં અને તાજેતરમાં રાજ્યમાં દલિતો પર અત્યાચારના બનાવો અને આજે દલિત આગેવાન જીગ્નેશ મેવાણીની અટકાયત બાદ અનુસૂચિત જાતિ અધિકાર આંદોલન અંતર્ગત ગુજરાતના દલિતો દ્વારા ભાજપ સરકાર પર ખુલ્લો અવિશ્વાસ જાહેર કરવામાં આવ્યો હતો. અનુસૂચિત જાતિ અધિકાર આંદોલનના કન્વીનર કીરીટ રાઠોડે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપના શાસનમાં દલિતો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. દલિતો ભયભીત અને દમન-અત્યાચારનો શિકાર બની રહ્યા છે ત્યારે ગુજરાતમાં દલિત વિરોધી માનસિકતા ધરાવતી ભાજપ સરકાર પર અવિશ્વાસ જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં દલિતો પરના અત્યાચાર અંગે છેલ્લા ૨૮ વર્ષોની મેળવાયેલી આરટીઆઈ હેઠળની માહિતીમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે કે, છેલ્લા ૨૮ વર્ષમાં ગુજરાતમાં દલિતો પર અત્યાચારના ૩૬ હજાર બનાવો, દલિતોની હત્યાના ૫૫૨ બનાવો, દલિત સ્ત્રીઓ પર બળાત્કારના ૯૫૨ બનાવો, દલિતો પર દમનના ગંભીર એવા ૧૯૬૩ બનાવો, દલિતોની મિલકતને નુકસાનના ૩૬૨ બનાવો નોંધાવા પામ્યા છે. ખુદ રાજયના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સેલ, ગાંધીનગર દ્વારા જારી કરાયેલા આ આંકડા ચોંકાવનારા છે. જે પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાતમાં દલિતોની હત્યાના બનાવોમાં ૨૦૦ ટકા અને દલિત સ્ત્રીઓના બનાવમાં ૫૦૦ ટકાનો વધારો નોંધાયો છે. તેમણે ઉમેર્યું કે, તાજેતરમાં છેલ્લા પંદર દિવસમાં દલિતો પર અત્યાચારના અને હિંસાના બનાવો નોંધનીય હદે વધ્યા છે. ગાંધીનગરમાં દલિત યુવકને મૂછ રાખવા બદલ મારવાની ઘટના, બોરસદમાં નવરાત્રિ દરમ્યાન ગરબા જોવા ગયેલા દલિત યુવકની હત્યા અને ગૃહમંત્રીના રાજીનામાની માંગણી કરનાર દલિત આગેવાન જીગ્નેશ મેવાણીની અટકાયત સહિતના બનાવો નિંદનીય અને વખોડવાપાત્ર છે. ચોંકાવનારી વાત તો એ છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં દલિતો પર અત્યાચાર અંગેના કુલ ૧૬,૮૦૦ કેસો કોર્ટમાં હતા, જેમાંથી ૨૨૭૬ કેસોનો નિકાલ થયો અને માત્ર ૧૧૧ કેસો જ સાબિત થયા. આમ દલિતોના કેસમાં સજાનું પ્રમાણ માત્ર ૪.૮૭ ટકા છે.

### હવે દાલ-રોટી ખાઈ પ્રભુના ગુણગાન ગવાશે ખરા ???

# GSTની અસરને પગલે વાસદની તુવેર દાળની અનેક મિલો બંધ થવાના આરે : કર્મીઓ બેકાર

## બજારમાં મંદી પ્રવર્તતી હોઈ બેકાર કર્મીઓ માટે રોજગારીનો યક્ષપ્રશ્ન

અમદાવાદ, તા.૫

દેશની સાથે રાજ્યમાં પણ જીએસટીનો ભારે વિરોધ થયો હતો છતાં પણ લાગૂ થયેલ જીએસટીને પગલે અનેક ધંધા-રોજગાર પર તેની અસરો જોવા મળી રહી છે. અનેક બજારો મંદી તરફ અગ્રેસર થઈ રહ્યા છે ત્યારે ગુજરાતના આણંદ જિલ્લાના આસપાસના વિસ્તારોમાં અનેક તુવેરદાળની મિલો ઉપર જીએસટીની સાફ અસર જોવા મળી રહી છે જેને પગલે કેટલીક મિલોએ કામના કલાક ઘટાડ્યા છે તો કેટલીક મિલોએ ૫૦ ટકાથી વધુ કર્મીઓને છૂટા કર્યા છે તો કેટલીક મિલો બંધ થઈ છે અને કેટલીક બંધ થવાના આરે છે. તે જોતા આવનાર સમયમાં જીએસટી અન્ય ઉદ્યોગોને પણ અસર પહોંચાડે તો નવાઈ નહીં તેવું તુવેર દાળના મિલ માલિકો અને કર્મીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

કેન્દ્ર સરકારે લાગુ કરેલા જીએસટીના કાયદાનો વિરોધ મોટાભાગનો વેપારી સમાજ કરી રહ્યો છે ત્યારે અનેક ધંધા રોજગાર પર તેની અસરો પડી હોય તેવું દેખાઈ રહ્યું છે. જેને પરિણામે અનેક ઉદ્યોગો મંદી તરફ ઢસડાઈ રહ્યાની બૂમરાડ વેપારીઓમાં જોવા મળી છે જેનો એક કિસ્સો આણંદ જિલ્લાના વાસદ અને તેની આસપાસના વિસ્તારોમાં સામે આવ્યો છે. વાસદ અને તેની આસપાસના વિસ્તારોમાં અનેક તુવેરદાળની મિલો આવેલી છે જે તુવેરદાળને તૈયાર કરી બજાર સુધી પહોંચાડે છે. જ્યારથી જીએસટી લાગુ કરાયો છે ત્યારથી આ વિસ્તારની અનેક મિલોમાં ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. વાત કરીએ એક જાણીતા તુવેરદાળના ઉત્પાદકની તો તેમની વાસદ ખાતે ૧૧ જેટલી મિલો છે તે પૈકીની હાલ માત્ર ૩થી ૪ જેટલી જ મિલો ચાલુ છે જ્યારે બાકીની મિલો બંધ છે. આ મિલોમાં કુલ ૧૦૦૦થી વધુ કર્મચારીઓ કામ કરતા હતા તે પૈકી ૬૦૦ જેટલા કર્મીઓને છૂટા કર્યા છે જ્યારે મિલોમાં કામના કલાકો પણ ઘટાડ્યા છે. જીએસટીના પરિણામે મિલોની આ દશા થઈ છે તેવું મિલ માલિકો સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આવુ માત્ર કોઈ એક મિલ માલિક સાથે નથી થયું. આ વિસ્તારના બધા જ તુવેરદાળવાળાઓની હાલત કફોડી બની છે. જીએસટીને પરિણામે બજારની સ્થિતિ જોતાં તેમને માથે હાથ દઈ હોવાનો વારો આવ્યો છે. જો આવી જ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં રહેશે તો હાલત આનાથી પણ કફોડી બની જશે તેવું મિલ માલિકો અને કર્મચારીઓમાં ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ બજારમાં મંદીનો માહોલ પ્રવર્તતો હોઈ છૂટા થયેલા કર્મીઓ માટે પણ રોજગારીનો પ્રશ્ન ઊભો થયો છે. છૂટા થયેલા કર્મીઓ પૈકીના અનેક કર્મીઓ હાલ તો બેકારીનો સામનો કરી રહ્યા છે તેઓ કોઈ પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે જ્યારે મિલ માલિકો પણ બજારમાંથી મંદી દૂર થાય તેવી રાહ જોઈ રહ્યા છે. આમ તુવેરદાળ ઉત્પાદનના ક્ષેત્રે સંકળાયેલા આ વિસ્તારના મોટાભાગના લોકો હાલ તો પરેશાન હાલ છે.

### ફી ઘટાડો બેઠક વધારો યાત્રા અંતર્ગત

# NSUIએ વિવિધ કોલેજોમાં જઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

## જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો શિક્ષણ ક્ષેત્રે શું કરશે ? તે વિદ્યાર્થીઓને સમજાવાયું

અમદાવાદ, તા.૫

એનએસયુઆઈ દ્વારા ગતરોજથી શરૂ કરાયેલ ફી ઘટાડો બેઠક વધારો યાત્રા આજરોજ અમદાવાદ શહેરની વિવિધ કોલેજો ખાતે પહોંચી હતી. એન.સી.બોડીવાલા, આર.સી.કોલેજ, ભવન્સ કોલેજ, વિવેકાનંદ કોલેજ સહિતની કોલેજોમાં વર્ગ ટુ વર્ગ જઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. એનએસયુઆઈના અગ્રણીઓએ જણાવ્યું છે કે છેલ્લા ૨૧ વર્ષથી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ સાથે જે પ્રકારે ઘોર અન્યાય કર્યો છે તે બાબતે વિદ્યાર્થીઓનું ધ્યાન દોર્યું હતું અને સરકારે જે પ્રમાણે શિક્ષણનું ખાનગીકરણ તેમજ વ્યાપારીકરણ કર્યું છે તે બાબતે માહિતગાર કરતા વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિઉતરમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો વિદ્યાર્થીઓ માટે શું કરશો ? જેના જવાબમાં એનએસયુઆઈના અગ્રણીઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસની સરકાર બનશે તો કોલેજ કક્ષાના તમામ અભ્યાસક્રમોની ફીમાં ઘટાડો કરવામાં આવશે.

વિદ્યાર્થિનીઓ માટે કેજીથી પીજી સુધી મફત શિક્ષણ ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂા.૫૦૦૦થી ૧૦૦૦૦ સુધી શિક્ષણ સહાય રૂપે આર્થિક રીતે પછાત અને અભ્યાસમાં કુશળ હોય તેઓને શિષ્યવૃત્તિ વગેરેની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેખ, ગુજરાત એનએસયુઆઈના પ્રભારી વર્ધન યાદવ, અમદાવાદ એનએસયુઆઈ પ્રમુખ આસીફ પવાર, ગુજરાત યુનિ. વેલ્ફેર મેમ્બર અઝહર રાઠોડ, પવન કાપડિયા, નીતિન વાઘેલા, સંજય સોલંકી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિભાપરના વૃદ્ધનું સ્વાઈન ફ્લૂના કારણે મોત : ડેન્ગ્યુના વધુ ૨૨ દર્દીઓ

જામનગર, તા.૫

જામનગર સહિત સમગ્ર હાલારમાં સ્વાઈન ફ્લૂના કેસો ઘટ્યા છતા પણ આજે સવારે જામનગર તાલુકાના વિભાપર ગામમાં રહેતા ૬૨ વર્ષના એક વિપ્ર વૃદ્ધનું મોત થતા ડોકટરોમાં દોડધામ મચી ગઈ છે. જી.જી.હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલ સહિત તાવના ૩૬૦થી વધુ કેસ નોંધાયા છે. ડેન્ગ્યુનો ડંખ હજુ પણ વકરી રહ્યો છે અને ગઈકાલે જી.જી.હોસ્પિટલમાં ૧૫ અને ખાનગી હોસ્પિટલમાં સાત કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે, ચિકનગુનિયાના પણ સાત દર્દીઓ દાખલ હોવાની માહિતી બહાર આવી છે. હાલારમાં સ્વાઈન ફ્લૂનો કહેર થોડો ઘટ્યો પરંતુ ત્રણ દિવસથી ગંભીર હાલતમાં રહેતા ભુપતભાઈ જટાશંકર દવે નામના ૬૨ વર્ષના વૃદ્ધનું આજે સવારે મોત થયું છે આમ અત્યાર સુધીમાં કુલ જી.જી.હોસ્પિટલમાં ૩૮ લોકોનાં મોત થયા છે. તાવનો હાઉ પણ હજુ એમને એમ છે, ગઈકાલે જી.જી.હોસ્પિટલની ઓપીડીમાં તાવના ૨૧૦ જેટલા કેસો નોંધાયા છે જ્યારે ખાનગી હોસ્પિટલમાં તાવના ૧૫૦થી વધુ કેસ નોંધાયા છે. ડેન્ગ્યુનો કહેર જામનગર સહિત સમગ્ર હાલારમાં વધતો જાય છે અને દોઢેક મહિનામાં ૨૦૦થી વધુ દર્દીઓ ડેન્ગ્યુમાં સપડાયા છે.

# ઉનામાં ગૌરવયાત્રા સાથે મુખ્યમંત્રીનું આગમન : કોંગ્રેસ પર આકરા પ્રહારો

ઉના, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી મોડી રાત્રીના ગૌરવયાત્રા લઈ આવી પહોંચતા ભાજપ યુવા મોરચા અને સંગઠન દ્વારા આ યાત્રાનું સ્વાગત કરાયેલ વિશાળ બાઈક રેલી અને ઝંડા રોશનીથી ઝગમગાટ શહેરના મુખ્યમાર્ગ સાથે ગૌરવયાત્રામાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકોનું અભિવાદન ઝીલી સર્વને વિકાસનો પરીચય કરાવ્યો હતો. મોડી રાત્રીના અંગેના આંબાવાડી ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રીએ ગૌરવયાત્રા અંગે વિશાળ સંખ્યામાં ઉમટી પડેલી માનવ મેદનીને સંબોધન કરી જણાવેલ કે, કોંગ્રેસે વિકાસને મજાક બનાવી છે પણ ભાજપ માટે મીજાજ છે અને દેશના વડાપ્રધાન મોદીએ કોંગ્રેસના મૂળિયા વિકાસ કામો બનાવીને ઉખાડી નાખ્યા છે ત્યારે ગૌરવયાત્રાએ વિકાસનું વાવાઝોડુ આવ્યું છે તેમ જણાવી વિકાસને આંતકવાદની કમર તોડી છે. કાશ્મીરના આંતકવાદને શાંત કરી દીધો છે. આગામી દિવસોમાં ગુજરાત સરકારની કેબિનેટ બેઠક મળશે. તેમાં ગુજરાત સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવો ઘટાડવા કરવેરા ઘટાડી લોકોને સસ્તું પેટ્રોલ આપવા તરફ આગળ વધી રહી છે. ગુજરાત સરકાર ગરીબો અને ગામડાઓમાં વસતા લોકોમાં શૌચાલય આપી ગરીબ પ્રજાની ઈજ્જત સલામતી કરેલ છે. આ ઉપરાંત ગોકુલગામ સડક જ્યોતિ યોજના મુખ્ય રસ્તાઓ સાથે જોડી દીધા છે. ખેડૂતોને જ્યોતિ યોજના તળે ૨૪ કલાક વીજળી આરોગ્ય ૧૦૮ જેવી સેવા નર્મદા પાણી સિંચાઈ યોજના શિક્ષણ સસ્તું શિક્ષણમાં ગુણવતા કાયદો વ્યવસ્થા સાથે પ્રજાને શાંતિ સલામતી માટેનું કામ કરી અષાઢી બીજ યાત્રા, મહોર્રમ, ઈદ જેવા તહેવારો શાંતિથી ઉજવાય તેવું કામ કરી સૌનો સાથ સૌનો વિકાસનું સૂત્ર સાર્થક કરી બતાવેલ છે. મુખ્યમંત્રીએ નવાબંદરના વિકાસને લીલીઝંડી આપી અને તેના માટે બજેટ પણ ફાળવી ટેન્ડર બહાર પાડેલ તે વાતને દોહરાવી ઉના વિધાનસભા વિસ્તારમાં વિજય પ્રાપ્ત થાય તો ભારે ઉદ્યોગ પણ આપવા ખાત્રી આપી લોકોને રોજગારીની તક આપવા તૈયારી બતાવેલ હતી. ગૌરવયાત્રા ઉના ખાતે મોડી આવેલ પણ ભારે જનમેદનીએ સ્ટેજ પર આવેલા લોક સાહિત્ય કલાકારો અને સ્ટેજ ગુજરાતી કલાકારોને મનભરી લોક સાહિત્યની મોજ માણી હતી અને શેરસાયરી સાથે મનોરંજનની મોજ લીધી હતી.

### પ્રધાનમંત્રી વીમા ફસલ યોજના મુદ્દે પીઆઈએલ

# પાક નિષ્ફળ જવા છતાં વીમાનું વળતર ન ચૂકવાતાં ખેડૂતો હાઈકોર્ટના દ્વારે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

પ્રધાનમંત્રી વીમા ફસલ યોજના હેઠળ ખેડૂતોએ લીધેલ ધિરાણના પૈસા ડાયરેક્ટ બેંકો દ્વારા કાપી લેવામાં આવતા હોય છે અને જ્યારે પાક નિષ્ફળ જાય છે ત્યારે સરકારી અધિકારીઓ દ્વારા સર્વે નથી કરાતો અને પાક નુકસાનીનું વળતર નથી અપાતો તે બાબતને ગઈકાલે હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ કરવામાં આવી હતી. આ રિટ અંગે હાઈકોર્ટે ગંભીરતાથી નોંધ લઈ. વીમા યોજનાના સેક્રેટરીને નોટિસ પણ ઈસ્યુ કરવામાં આવી છે. આ પી.આઈ.એલ.માં એવી રજૂઆત કરવામાં આવી છે કે બે વર્ષથી પ્રધાનમંત્રી વીમા યોજના ચાલુ છે અને તે અંતર્ગત ખેડૂતો યોજનાના લાભ લેતાં આવ્યા છે પરંતુ બેંકો દ્વારા જે પ્રમાણે ધીરાણના પૈસા કાપી લેવામાં આવે છે તે પ્રમાણે વળતર આપવામાં આવતું નથી કે વધુ વરસાદ કે કિટકો અથવા પાક બળી જવાના કિસ્સામાં અધિકારીઓ દ્વારા સર્વે કરવામાં આવતો નથી અને ખેડૂતોને યોગ્ય વળતર પણ ચૂકવવામાં આવતુંનથી અને સરકાર તરફથી પણ ખેડૂતો પ્રત્યે કોઈ જાતની કામગીરી પણ કરવામાં આવતી નથી. પીટિશનમાં એવી માગણી કરવામાં આવી છે કે સરકાર દ્વારા ખેડૂતો માટે ગાઈડલાઈન જારી કરવામાં આવે કે જો પાક નિષ્ફળ જાય તો અમુક જ સમયમાં તેનો સર્વે કરવામાં આવે અને તેનો રિપોર્ટ અધિકારીઓને સોંપવામાં આવે તથા ટૂંકા સમયગાળામાં સરકાર દ્વારા નક્કી કરાયેલ વળતર ખેડૂતોને સોંપવામાં આવે તેવી રજૂઆત પીટિશનમાં કરવામાં આવી હતી.

### મુખ્યમંત્રી ૧૦૮ની સિદ્ધિ વિશે વાત કરતા હતા ત્યારે જ

# સગર્ભાને લઈ જતી ૧૦૮ ટ્રાફિકમાં અટવાઈ

ઉના, તા.૫

ઉના શહેરમાં ગતરાત્રીના રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી ગૌરવયાત્રા લઈ મંત્રીઓ તથા ભાજપના આગેવાનો સાથે લઈ પહોંચેલ અને શહેરમાં ત્રિકોણબાગ પાસે આવેલ રાવણાવાડીમાં વિશાળ જનમેદની વચ્ચે જાહેરસભા સંબોધતા હતા અને આરોગ્ય લક્ષીની સેવાની વાત કરતા હતા અને તેમાંય ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાની સિદ્ધિ વિશે જણાવતા હતા બરાબર એ વખતે ઉનાની ૧૦૮ એમ્બ્યુલન્સ નવાબંદરથી સગર્ભા મહિલાને ઉનાની સદભાવના હોસ્પિટલમાં પ્રસુતિ માટે લઈ જતા હતા ત્યારે ત્રિકોણબાગ પાસે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં અટવાય પડતા પાયલોટ ધનસુખભાઈ વાજા અને ઇ.એમ.ટી જગદિશભાઈ મકવાણા મુંઝાઈ ગયા હતા અને તેમણે તુરંત જ આ અંગેની જાણ મુખ્યમંત્રી રૂપાણીની ગૌરવયાત્રાનું કવરેજ કરી રહેલા મીડિયા કર્મીને મોબાઈલ ફોન કરીને જાણ કરી અને સઘળી હકીકતથી વાકેફ કર્યા અને મીડિયા કર્મીએ પણ આ વાત સાંભળતા પ્રથમ ટ્રાફિકમાંથી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને બહાર કાઢવા ગ્રાઉન્ડમાંથી બહાર જવાની કોશિશ કરી પરંતુ ગ્રાઉન્ડમાં જનમેદની હોવાથી બહાર નીકળી શકાય તેમ ન હોવાથી ગ્રાઉન્ડમાં બંદોબસ્ત માટે આવેલ પોલીસને જાણ કરતા પોલીસે મીડિયા કર્મીને જણાવ્યું કે, તમે ચિંતા ન કરો એ તો એમની રીતે નીકળી જશે. તેવો જવાબ મળતા મીડિયા કર્મીએ જણાવેલ કે, પ્રસુતાનો કેઈલ છે તો પણ પોલીસે એ જ રટણ કર્યું એ તો નીકળી જશે અંતે ૧૦થી ૧૫ મિનિટ બાદ મહામુસીબતે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ ટ્રાફિકમાંથી બહાર નીકળી હતી. આમ મુખ્યમંત્રીના આરોગ્યલક્ષીની સિદ્ધિની વાત કરતા હતા. અને ૧૦૮ ઈમરજન્સી અટવાતા આ બાબતની ગંભીરતાથી નોંધ લેવાય ન હતી.

# જામનગરમાં આરટીઓ તરીકે નવસારીથી અધિકારીને મૂકાયા

જામનગર, તા.૫

રાજ્યમાં ચાલી રહેલા બદલીના દોરમાં આરટીઓ વિભાગમાં પણ વિવિધ કેડરના ૧૯ જેટલા અધિકારીઓના બદલીના આદેશો કરવામાં આવ્યા છે. સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, મોટર વાહન અને સહાયક મોટર વાહન નિરીક્ષક સંવર્ગના અધિકારીઓ આ બદલીના આદેશમાં સમાવેશ થાય છે. પોરબંદર એઆરટીઓ કચેરીના સ.મો.વા.નિ. એન.એન. ગોસ્વામીને જામનગર ચેકપોસ્ટમાં મૂકવામાં આવ્યા છે. તેવી જ રીતે એ.આર.ટી.ઓ. નવસારી કચેરીમાંથી સ.મો.વા.નિ. એ.આર. વાઢેરને જામનગર આરટીઓ તરીકે મૂકવામાં આવ્યા છે. રાજ્યના બંદર અને વાહન વ્યવહાર વિભાગના નાયબ સચિવ પ્રકાશ મજમુદારે ગઈકાલે આ બદલીના આદેશો કર્યા હતા.

# જામનગર-દ્વારકામાં રેસિ. એડિશનલ કલેક્ટર મૂકાયા

જામનગર, તા.૫

રાજ્ય સરકારે જી.એ.એસ. કેડરના અધિકારીઓની બદલીના આદેશો કર્યા છે. જામનગર-દ્વારકા જિલ્લામાંથી ખંભાળિયાના અધિકારીની બદલી થવા પામી છે. જ્યારે બે અધિકારીને જામનગર તથા દ્વારકા જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ આગામી ટૂંક સમયમાં યોજાનાર છે ત્યારે સરકારી અધિકારીઓની બદલીઓનો સિલસિલો શરૂ થયો છે. દ્વારકા જિલ્લાના રેસિ. એડિશનલ કલેક્ટર આર.વી. સરવૈયાની અમદાવાદ ચૂંટણી વિભાગમાં બદલી કરવામાં આવી છે. જ્યારે સુરતમાં રિલાયન્સ ગેસ પાઈપલાઈન વિભાગમાં ફરજ બજાવતા એ.આર.કેલૈયાને જામનગરમાં રેસિ. એડિ. કલેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત વડોદરા ડીઆરડીએમપી એચ.કે.વ્યાસને દ્વારકા જિલ્લામાં રેસિ. એડિ. કલેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે.

(તસવીર :- યુસુફ ચુડલી, માંગરોળ)

# કેશોદ ખાતે કોંગ્રેસ અગ્રણી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં ચૂંટણીલક્ષી મીટિંગ યોજાઈ

## વિવિધ પક્ષના ૭૦૦થી પણ વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

માંગરોળ, તા.૫

કેશોદના સોની સમાજ મુકામે કેશોદ વિધાનસભા ચૂંટણીલક્ષી કોંગ્રેસ કાર્યકરોની મીટિંગ યોજાઈ હતી. જેમાં અર્જુન મોઢવાડિયાના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવેલ વિવિધ પક્ષના ૭૦૦થી પણ વધુ કાર્યકરો ઉત્સાહથી કોંગ્રેસમાં જોડાયા જેને મોઢવાડિયાએ કોંગ્રેસના ખેસ પહેરાવી આવકારી અભિનંદન પાઠવ્યા હતા અને નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે તેમને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા. કેશોદ તાલુકાના સાંગરસોલા અને પ્રાંસલી ગામના ૭૫ જેટલા ખેડૂતોએ ચાર રૂપિયા અને વીસ પૈસાના ચેકો વડાપ્રધાનના નામે આપી નવતર વિરોધ દર્શાવ્યો હતો. કોંગ્રેસના આગેવાનોએ ખેડૂતો, વેપારીઓ વિરોધી ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. આ મીટિંગમાં અર્જુન મોઢવાડિયા, હર્ષદ રીબડિયા, જવાહર ચાવડા, ચંદ્રીકાબેન ચુડાસમા, બાબુભાઈ વેગડ, બાબુભાઈ વાજા, હમીરભાઈ ધુળા, જયેશ લાડાણી, મનિષ નંદાણિયા, પ્રવિણ બોરીચા, પરબત રાઠોડ, મેણંદભાઈ ખટારિયા, રામભાઈ નંદાણિયા, રાજાભાઈ મ્યાત્રા, જેઠાભાઈ જોરા, રાજુભાઈ ડાંગર, અવિનાશ પરમાર, અશ્વિન ખટારિયા, અશ્વિન છૈયા, સમીર પાંચાણી, સોલંકી સાહેબ જીજ્ઞાશાવાળા, ધર્મિષ્ઠા કમાણી, કૈલાશબેન વેગડા, જયાબેન ભિમાણી સહિતના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ બહુમતીથી વિજય મેળવશે તેવી આશા વ્યક્ત કરી હતી

### વિવિધ વણઉકેલ્યા પ્રશ્નો સંદર્ભે

# સુરત સહિત રાજ્યભરમાંથી બે હજાર પ્રા. શિક્ષકો જંતરમંતર ખાતે ઉમટી પડ્યા

માંગરોળ, તા.૫

પ્રાથમિક શિક્ષકોના વિવિધ વણઉકેલ્યા પ્રશ્નો સંદર્ભે આજે દેશભરના પ્રાથમિક શિક્ષકો, દિલ્હી મુકામે જંતર-મંતર ખાતે એક દિવસીય ધરણાં ઉપર બેઠા છે.

ઉપરોક્ત તસવીરમાં ધરણા ઉપર બેઠેલા પ્રા. શિક્ષકો નજરે પડે છે. (તસવીર : નઝીર પાંડોર)

આ ધરણાનો કાર્યક્રમ અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા યોજવામાં આવ્યો છે. સુરતના ૩૫ સહિત ગુજરાતના ૨ હજાર પ્રા. શિક્ષકો મળી દેશભરમાંથી એક લાખ પ્રા. શિક્ષકો ધરણાના કાર્યક્રમમાં જોડાયા છે. પ્રા. શિક્ષકોની જે માગણીઓ છે એમાં જૂની પેન્શન યોજના શરૂ કરવી, પેરાટીચર નાબૂદ કરી સમાનકામ સમાન વેતન આપવું, છઠ્ઠા પગારપંચની વિસંગતતા દૂર કરવી, શિક્ષકોના પ્રશ્નો અને શિક્ષણ માટે શિક્ષણ આયોગની રચના કરવી વગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં અખિલ ભારતીય પ્રા.શિ.સંઘના અધ્યક્ષ રામપાલ સિંહજી, દિગ્વિજય સિંહ જાડેજા, સતીષ પટેલ, ભભલુભાઈ વરૂ, કિરિટભાઈ પટેલ, વિશ્વજીતભાઈ ચૌધરી, એરીકભાઈ ખ્રિસ્તી વગેરેનો સમાવેશ થાય છે. સાંજે ચાર કલાકે આ પ્રશ્ને તૈયાર કરાયેલ એક આવેદનપત્ર, એક પ્રતિનિધિ મંડળ વડાપ્રધાનના કાર્યાલય ખાતે પહોંચી ત્યાં રજૂકરશે.

### ઈલેક્ટ્રીકના થાંભલે બેનર લગાવવા ચઢતાં વીજકરંટ લાગ્યો

# ભાદ્રોડ ગામે ભાજપની ગૌરવયાત્રાના બેનર લગાવવા ગયેલ મહુવાના બે યુવાનોનાં મોત

## બનાવને પગલે મહુવાની ગૌરવયાત્રા રદ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૫

મહુવાના ભાદ્રોડ ગામે ગૌરવ યાત્રાના બેનર લગાવવા ગયેલ મહુવાના બે યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતા. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ભાદ્રોડ ગામે ભાજપ સરકારની ગૌરવયાત્રા પૂર્વે રાત્રિના યાત્રાનાં રૂટ ઉપર બેનર લગાવવા ઈલેક્ટ્રીકના થાંભલે ચઢેલા બે યુવાનોને જીવતો



વીજ-વાયર અડી જતા ઈલેક્ટ્રીક શોક લાગતા બંને યુવાનોને મહુવાની સદ્ભાવના હોસ્પિટલ ખાતે ખસેડાતા જ્યાં ડૉક્ટરોએ બંનેને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવમાં ઈલીયાસભાઈ ઈસ્માઈલભાઈ કલાણીયા (ઉ.વ.૨૬) તથા શામજીભાઈ કાનાભાઈ શિયાળ (ઉ.વ.૨૮ રહે. નવા જાપા, ભવાનીનગર, મહુવા)નું થાંભલા ઉપરથી પડી જતા કરૂણ મોત થયા હતા. આ બનાવને અનુસંધાને મહુવા ગામે આજે યોજાનાર ગૌરવયાત્રા રદ કરવામાં આવી હતી. આ બનાવ બાદ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવવા ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. આ બનાવને લઈને મહુવા ગામમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.

# અમરેલીના ગાવડકા ગામે પતિએ પત્નીનું ગળું દબાવી મારી નાખી

અમરેલી, તા.૫

અમરેલીના ગાવડકા ગામે વાડીમાં ખેતમજૂરી કામ કરતા પરપ્રાંતિય પરિવારની મહિલા ઉપર ગઈકાલે રાત્રીના વાડીમાં પાણી વાળવાનું કામ કરતી હતી ત્યારે તેની ઉપર જંગલી દીપડાએ હુમલો કરી મોત નિપજાવી નાખતા અરેરાટી મચી જવા પામી છે જોકે આ મહિલાનું તબીબે પીએમ કરતા તેને માથાના ભાગે એક ઈજાનું નિશાન જોવા મળ્યું હતું જેથી પોલીસને આ અંગે વાકેફ કરતા પોલીસે તેના પતિની કડકાઈથી પૂછપરછ કરતા તેણે પોતે જ પોતાની પત્નીની ગળું દબાવી તિક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે મળતી વિગતો અનુસાર અમરેલીના ગાવડકા ગામે પોપટભાઈ દેસાઈની વાડીમાં ખેતમજૂરી કામ કરતા પરપ્રાંતિય મજૂર અન્યાભાઈ ગંજેરિયાભાઈ માવી (ઉ.વ.૨૨) અને તેમની પત્ની સાયકુબેન બંને વાડીમાં રહી ખેતમજૂરી કામ કરે છે ગઈરાત્રિના ૧૧:૩૦ વાગ્યેના સાયકુબેન પાણીવાળવાનું કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જંગલી દીપડાએ આવી હુમલો કરી તેને માથાના ભાગે પકડી ફાડી ખાધેલ હોવાનું તેના પતિ અન્યાભાઈએ પોલીસને જાહેર કરેલ હતું. સાયકુબેનનું સરકારી દવાખાનાના તબીબે પીએમ કરતા તેમને દીપડાએ ફાડી ખાધેલ હોઈ તેવા કે, જાનવરના નખના ચિન્હો ન દેખાતા માત્ર માથાના ભાગે એક ઘા હોવાનું નિશાન જણાતા તુરંત પોલીસને જાણ કરતા પોલીસે તેના પતિની પૂછપરછ કરતા તેણે પોલીસને જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી તેમને કોઈ સંતાન ન થતા આ બાબતે અવારનવાર ઝઘડા થતા હતા. જેથી ગતરાત્રે પણ ઝઘડો થયો હતો. જેમાં આવેશમાં આવી પત્નીનું ગળું દબાવી તિક્ષ્ણ હથિયાર માથામાં મારતા તેણી મોતને ભેટી હતી. પોલીસે પતિની કબૂલાતના આધારે તેની સામે ખૂનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં દલિતો પર અત્યાચારના બનાવો વધતા, સરકાર પર અવિશ્વાસ જાહેર કરાયો

## છેલ્લા ૨૮ વર્ષમાં દલિતો પરના અત્યાચારના ૩૬ હજાર, હત્યાના ૫૫૨, દમનના ૧૯૬૩ બનાવો

અમદાવાદ, તા.૫

ગુજરાત રાજયમાં છેલ્લા ૨૮ વર્ષોમાં દલિતો પર ૩૬ હજાર જેટલા અત્યાચારના બનાવો નોંધાયા છે. સને ૧૯૮૯થી લઇ ૨૦૧૭ સુધીના વર્ષોની દલિતો પર અત્યાચાર અને દમનના બનાવોની આરટીઆઇ હેઠળ મેળવવામાં આવેલી માહિતીમાં આ ચોંકાવનારા આંકડા સામે આવતાં વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગુજરાતના રાજકારણમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. માહિતી અધિકારના કાયદા હેઠળ મેળવાયેલી માહિતીમાં આ સનસનીખેજ આંકડા સામે આવતાં અને તાજેતરમાં રાજયમાં દલિતો પર અત્યાચારના બનાવો અને આજે દલિત આગેવાન જીગ્નેશ મેવાણીની અટકાયત બાદ અનુસૂચિત જાતિ અધિકાર આંદોલન અંતર્ગત ગુજરાતના દલિતો દ્વારા ભાજપ સરકાર પર ખુલ્લો અવિશ્વાસ જાહેર કરવામાં આવ્યો હતો. અનુસૂચિત જાતિ અધિકાર આંદોલનના કન્વીનર કીરીટ રાઠોડે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપના શાસનમાં દલિતો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. દલિતો ભયભીત અને દમન-અત્યાચારનો શિકાર બની રહ્યા છે ત્યારે ગુજરાતમાં દલિત વિરોધી માનસિકતા ધરાવતી ભાજપ સરકાર પર અવિશ્વાસ જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં દલિતો પરના અત્યાચાર અંગે છેલ્લા ૨૮ વર્ષોની મેળવાયેલી આરટીઆઇ હેઠળની માહિતીમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે કે, છેલ્લા ૨૮ વર્ષમાં ગુજરાતમાં દલિતો પર અત્યાચારના ૩૬ હજાર બનાવો, દલિતોની હત્યાના ૫૫૨ બનાવો, દલિત સ્ત્રીઓ પર બળાત્કારના ૯૫૨ બનાવો, દલિતો પર દમનના ગંભીર એવા ૧૯૬૩ બનાવો, દલિતોની મિલક્તને નુકસાનના ૩૬૨ બનાવો નોંધાવા પામ્યા છે. ખુદ રાજયના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સેલ, ગાંધીનગર દ્વારા જારી કરાયેલા આ આંકડા ચોંકાવનારા છે. જે પરથી સ્પષ્ટ થાય છે કે, ગુજરાતમાં દલિતોની હત્યાના બનાવોમાં ૨૦૦ ટકા અને દલિત સ્ત્રીઓના બનાવમાં ૫૦૦ ટકાનો વધારો નોંધાયો છે. તેમણે ઉમેર્યું કે, તાજેતરમાં છેલ્લા પંદર દિવસમાં દલિતો પર અત્યાચારના અને હિંસાના બનાવો નોંધનીય હદે વધ્યા છે. ગાંધીનગરમાં દલિત યુવકને મૂછ રાખવા બદલ મારવાની ઘટના, બોરસદમાં નવરાત્રિ દરમ્યાન ગરબા જોવા ગયેલા દલિત યુવકની હત્યા અને ગૃહમંત્રીના રાજીનામાની માંગણી કરનાર દલિત આગેવાન જીગ્નેશ મેવાણીની અટકાયત સહિતના બનાવો નિંદનીય અને વખોડવાપાત્ર છે. ચોંકાવનારી વાત તો એ છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં દલિતો પર અત્યાચાર અંગેના કુલ ૧૬,૮૦૦ કેસો કોર્ટમાં હતા, જેમાંથી ૨૨૭૬ કેસોનો નિકાલ થયો અને માત્ર ૧૧૧ કેસો જ સાબિત થયા. આમ દલિતોના કેસમાં સજાનું પ્રમાણ માત્ર ૪.૮૭ ટકા છે.

હવે દાલ-રોટી ખાઈ પ્રભુના ગુણગાન ગવાશે ખરા ???

# GSTની અસરને પગલે વાસદની તુવેર દાળની અનેક મિલો બંધ થવાના આરે : કર્મીઓ બેકાર

## બજારમાં મંદી પ્રવર્તતી હોઈ બેકાર કર્મીઓ માટે રોજગારીનો યક્ષપ્રશ્ન

અમદાવાદ, તા.૫

દેશની સાથે રાજ્યમાં પણ જીએસટીનો ભારે વિરોધ થયો હતો છતાં પણ લાગૂ થયેલ જીએસટીને પગલે અનેક ધંધા-રોજગાર પર તેની અસરો જોવા મળી રહી છે. અનેક બજારો મંદી તરફ અગ્રેસર થઈ રહ્યા છે ત્યારે ગુજરાતના આણંદ જિલ્લાના આસપાસના વિસ્તારોમાં અનેક તુવેરદાળની મિલો ઉપર જીએસટીની સાફ અસર જોવા મળી રહી છે જેને પગલે કેટલીક મિલોએ કામના કલાક ઘટાડ્યા છે તો કેટલીક મિલોએ ૫૦ ટકાથી વધુ કર્મીઓને છૂટા કર્યા છે તો કેટલીક મિલો બંધ થઈ છે અને કેટલીક બંધ થવાના આરે છે. તે જોતા આવનાર સમયમાં જીએસટી અન્ય ઉદ્યોગોને પણ અસર પહોંચાડે તો નવાઈ નહીં તેવું તુવેર દાળના મિલ માલિકો અને કર્મીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

કેન્દ્ર સરકારે લાગુ કરેલા જીએસટીના કાયદાનો વિરોધ મોટાભાગનો વેપારી સમાજ કરી રહ્યો છે ત્યારે અનેક ધંધા રોજગાર પર તેની અસરો પડી હોય તેવું દેખાઈ રહ્યું છે. જેને પરિણામે અનેક ઉદ્યોગો મંદી તરફ ઢસડાઈ રહ્યાની બૂમરાડ વેપારીઓમાં જોવા મળી છે જેનો એક કિસ્સો આણંદ જિલ્લાના વાસદ અને તેની આસપાસના વિસ્તારોમાં સામે આવ્યો છે. વાસદ અને તેની આસપાસના વિસ્તારોમાં અનેક તુવેરદાળની મિલો આવેલી છે જે તુવેરદાળને તૈયાર કરી બજાર સુધી પહોંચાડે છે. જ્યારથી જીએસટી લાગુ કરાયો છે ત્યારથી આ વિસ્તારની અનેક મિલોમાં ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે. વાત કરીએ એક જાણીતા તુવેરદાળના ઉત્પાદકની તો તેમની વાસદ ખાતે ૧૧ જેટલી મિલો છે તે પૈકીની હાલ માત્ર ૩થી ૪ જેટલી જ મિલો ચાલુ છે જ્યારે બાકીની મિલો બંધ છે. આ મિલોમાં કુલ ૧૦૦૦થી વધુ કર્મચારીઓ કામ કરતા હતા તે પૈકી ૬૦૦ જેટલા કર્મીઓને છૂટા કર્યા છે જ્યારે મિલોમાં કામના કલાકો પણ ઘટાડ્યા છે. જીએસટીના પરિણામે મિલોની આ દશા થઈ છે તેવું મિલ માલિકો સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આવુ માત્ર કોઈ એક મિલ માલિક સાથે નથી થયું. આ વિસ્તારના બધા જ તુવેરદાળવાળાઓની હાલત કફોડી બની છે. જીએસટીને પરિણામે બજારની સ્થિતિ જોતાં તેમને માથે હાથ દઈ હોવાનો વારો આવ્યો છે. જો આવી જ પરિસ્થિતિમાં આગામી દિવસોમાં રહેશે તો હાલત આનાથી પણ કફોડી બની જશે તેવું મિલ માલિકો અને કર્મચારીઓમાં ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ બજારમાં મંદીનો માહોલ પ્રવર્તતો હોઈ છૂટા થયેલા કર્મીઓ માટે પણ રોજગારીનો પ્રશ્ન ઊભો થયો છે. છૂટા થયેલા કર્મીઓ પૈકીના અનેક કર્મીઓ હાલ તો બેકારીનો સામનો કરી રહ્યા છે તેઓ કોઈ પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે જ્યારે મિલ માલિકો પણ બજારમાંથી મંદી દૂર થાય તેવી રાહ જોઈ રહ્યા છે. આમ તુવેરદાળ ઉત્પાદનના ક્ષેત્રે સંકળાયેલા આ વિસ્તારના મોટાભાગના લોકો હાલ તો પરેશાન હાલ છે.

ફી ઘટાડો બેઠક વધારો યાત્રા અંતર્ગત

# NSUIએ વિવિધ કોલેજોમાં જઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

## જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો શિક્ષણ ક્ષેત્રે શું કરશે ? તે વિદ્યાર્થીઓને સમજાવાયું

અમદાવાદ, તા.૫

એનએસયુઆઈ દ્વારા ગતરોજથી શરૂ કરાયેલ ફી ઘટાડો બેઠક વધારો યાત્રા આજરોજ અમદાવાદ શહેરની વિવિધ કોલેજો ખાતે પહોંચી હતી. એન.સી.બોડીવાલા, આર.સી.કોલેજ, ભવન્સ કોલેજ, વિવેકાનંદ કોલેજ સહિતની કોલેજોમાં વર્ગ ટુ વર્ગ જઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. એનએસયુઆઈના અગ્રણીઓએ જણાવ્યું છે કે છેલ્લા ૨૧ વર્ષથી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓ સાથે જે પ્રકારે ઘોર અન્યાય કર્યો છે તે બાબતે વિદ્યાર્થીઓનું ધ્યાન દોર્યું હતું અને સરકારે જે પ્રમાણે શિક્ષણનું ખાનગીકરણ તેમજ વ્યાપારીકરણ કર્યું છે તે બાબતે માહિતગાર કરતા વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિઉતરમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો વિદ્યાર્થીઓ માટે શું કરશો ? જેના જવાબમાં એનએસયુઆઈના અગ્રણીઓએ જણાવ્યું હતું કે કોંગ્રેસની સરકાર બનશે તો કોલેજ કક્ષાના તમામ અભ્યાસક્રમોની ફીમાં ઘટાડો કરવામાં આવશે.

વિદ્યાર્થિનીઓ માટે કેજીથી પીજી સુધી મફત શિક્ષણ ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂા.૫૦૦૦થી ૧૦૦૦૦ સુધી શિક્ષણ સહાય રૂપે આર્થિક રીતે પછાત અને અભ્યાસમાં કુશળ હોય તેઓને શિષ્યવૃત્તિ વગેરેની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં એનએસયુઆઈના રાષ્ટ્રીય મહામંત્રી શાહનવાઝ શેખ, ગુજરાત એનએસયુઆઈના પ્રભારી વર્ધન યાદવ, અમદાવાદ એનએસયુઆઈ પ્રમુખ આસીફ પવાર, ગુજરાત યુનિ. વેલ્ફેર મેમ્બર અઝહર રાઠોડ, પવન કાપડિયા, નીતિન વાઘેલા, સંજય સોલંકી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આણંદ : વિકાસ કામ માટે ૧૯.૪૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૫

આણંદ વિદ્યાનગર કરમસદ શહેરી વિકાસ સત્તા મંડળ અન્વયે ડેડ કેનાલ પર આણંદ બાકરોલ, લાંભવેલ ઉપરાંત કરમસદ મોગરી ગાનાથી ન્યુ વલ્લભ-વિદ્યાનગર સુધીના એલીકોન કાંસથી વિઠ્ઠલ ઉદ્યોનગર સી.ઝેડ.પટેલ કોલેજ સુધીના વિસ્તારમાં ડામર રોડ બનાવવા માટે ઉપરાંત વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં તળાવ બ્યુટીફિકેશન,પેવર બ્લોકિંગ અને બગીચા બનાવવા માટે રૂ.૧૯.૪૧ કરોડ ખર્ચ કરવાની યોજનાને સરકારે મંજૂરીની મહોર માર્યા બાદ આજે ઉદ્યોગ વિભાગ તરફથી ૧૪.૫૦ કરોડ રૂપિયા ફાળવવા માટેનો મંજૂરી પત્ર મંત્રી રોહિતભાઈ પટેલે જિલ્લા કલેક્ટરને આપ્યો હતો.

અવકુડામાં ૨૯ ગામો રદ થયા બાદ નવી પરિસ્થિતિમાં વિકાસના કામોને વેગ આપવા માટે રોહિતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક ગત ૬ એપ્રિલના રોજ મળી હતી. સમગ્ર પ્રોજેક્ટ અંગે આગામી બે દિવસમાં ટેન્ડર બહાર પાડ્યા બાદ કામ સોંપી દેવામાં આવશે અને કામ શરૂ થયા બાદ ૯થી ૧૨ મહિનાના સમયગાળામાં કામ પૂરૂ કરી દેવામાં આવશે.

વધતી ગુનાખોરીને ડામવા લોકભાગીદારી

# છાપી હાઈવે વિસ્તારને સીસીટીવી કેમેરાની તીસરી આંખથી સજ્જ કરાશે

(સંવાદદાતા દ્વારા) છાપી, તા.૫

વડગામ તાલુકાના વેપારી મથક છાપી પોલીસ મથકના પીએસઆઈ એમ.એન.દેસાઈના અધ્યક્ષસ્થાને બુધવારે છાપી હાઈવે ઉપર પોલીસ અને વેપારીઓ વચ્ચે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાઈવે વિસ્તાર ઉપર અસામાજિક પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવા સીસીટીવી કેમેરા લગાવવા વિસ્તારપૂર્વક ચર્ચા કરવા સાથે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા રજૂઆત કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ છેલ્લા કેટલાક સમયથી છાપી હાઈવે વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો હોવાનું જાણવા મળે છે. પંથકમાં ચોરી લૂંટ જેવા ગુનાઓ નિરંતર બનતા પોલીસ સતર્ક બની ગુનાઓ ડિટેક્ટ કરવા તજવીજ હાથ ધરી હોવા છતાં ગુનાઓ ડિટેક્ટ ન થતા પોલીસે વેપારી મિત્રોનો સાથ-સહકાર માંગી લોકભાગીદારી દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવા સાથે પાલનપુર-સિદ્ધપુર હાઈવે તેમજ પીરોજપુરા અને છાપી એપ્રોચ રોડ ઉપર હાઈ રેન્જના આ કેમેરા લગાવવા માટે ચર્ચા હાથ ધરાઈ હતી. દરમ્યાન છાપી હાઈવે ઉપર ટ્રાફિક સમસ્યા દૂર કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી. પોલીસની રજૂઆતને વેપારી મિત્રો દ્વારા અધિકારી લોક ફાળો એકત્રિત કરી ટૂંક સમયમાં હાઈવે ઉપર સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી હાથ ધરવા નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં હાઈવે વેપારી એસોસિએશનના પ્રમુખ અબુબકરભાઈ પટેલ, સુરેશભાઈ પ્રજાપતિ, સમસુદીન ભાઈ નેદરિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી વીમા ફસલ યોજના મુદ્દે પીઆઈએલ

# પાક નિષ્ફળ જવા છતાં વીમાનું વળતર ન ચૂકવાતાં ખેડૂતો હાઈકોર્ટના દ્વારે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

પ્રધાનમંત્રી વીમા ફસલ યોજના હેઠળ ખેડૂતોએ લીધેલ ધિરાણના પૈસા ડાયરેક્ટ બેંકો દ્વારા કાપી લેવામાં આવતા હોય છે અને જ્યારે પાક નિષ્ફળ જાય છે ત્યારે સરકારી અધિકારીઓ દ્વારા સર્વે નથી કરાતો અને પાક નુકસાનીનું વળતર નથી અપાતો તે બાબતને ગઈકાલે હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ કરવામાં આવી હતી. આ રિટ અંગે હાઈકોર્ટે ગંભીરતાથી નોંધ લઈ. વીમા યોજનાના સેક્રેટરીને નોટિસ પણ ઈસ્યુ કરવામાં આવી છે. આ પી.આઈ.એલ.માં એવી રજૂઆત કરવામાં આવી છે કે બે વર્ષથી પ્રધાનમંત્રી વીમા યોજના ચાલુ છે અને તે અંતર્ગત ખેડૂતો યોજનાના લાભ લેતાં આવ્યા છે પરંતુ બેંકો દ્વારા જે પ્રમાણે ધીરાણના પૈસા કાપી લેવામાં આવે છે તે પ્રમાણે વળતર આપવામાં આવતું નથી કે વધુ વરસાદ કે કિટકો અથવા પાક બળી જવાના કિસ્સામાં અધિકારીઓ દ્વારા સર્વે કરવામાં આવતો નથી અને ખેડૂતોને યોગ્ય વળતર પણ ચૂકવવામાં આવતુંનથી અને સરકાર તરફથી પણ ખેડૂતો પ્રત્યે કોઈ જાતની કામગીરી પણ કરવામાં આવતી નથી. પીટિશનમાં એવી માગણી કરવામાં આવી છે કે સરકાર દ્વારા ખેડૂતો માટે ગાઈડલાઈન જારી કરવામાં આવે કે જો પાક નિષ્ફળ જાય તો અમુક જ સમયમાં તેનો સર્વે કરવામાં આવે અને તેનો રિપોર્ટ અધિકારીઓને સોંપવામાં આવે તથા ટૂંકા સમયગાળામાં સરકાર દ્વારા નક્કી કરાયેલ વળતર ખેડૂતોને સોંપવામાં આવે તેવી રજૂઆત પીટિશનમાં કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લાના હાઈવે રૂટ ઉપર અનિયમિત એસ.ટી. બસો

# વિદ્યાર્થીઓએ ભરૂચ ડેપો ખાતે હલ્લો મચાવી વિરોધ પ્રદર્શન કર્યું

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૫

ભરૂચ જીલ્લાના નબીપુર હાઈવે લાઈનના ૨૦૦થી વધુ યુવાનોને છેલ્લા કેટલાય સમયથી બસોના રૂટની અનિમિતતાના કારણે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાય દિવસોથી બસો ના મળવાના કારણે વિદ્યાર્થીઓને સ્કુલ કોલેજ તેમજ શિક્ષણ કાર્ય ઉપર સમયના અભાવના કારણે વિપરીત અસર ઉભી થવા પામી છે

આજ રોજ ભરૂચ કૉંગ્રેસના આગેવાન યુવા નેતા ઝુલ્ફીકાર અલી સેયદ અને કાર્યકરોની આગેવાનીમાં ભરૂચ એસટી ડેપો ખાતે દોડી જઇ વિદ્યાર્થીઓના પ્રશ્નોને સાંભળી ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે એસટી ડેપોના વિવિધ વિભાગોને બંધ કરી પ્રદર્શન હાથ ધરતા એક સમયે એસટી ડેપોનો માહોલ ગરમાયો હતો બાદમાં વિદ્યાર્થીઓ અને યુવા કૉંગી આગેવાને ડેપો મેનેજરની કેબીન ખાતે પહોંચી વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

સાથે સાથે કૉંગી યુવા નેતા ઝુલ્ફીકાર અલીએ વિદ્યાર્થીઓના પ્રશ્નોનો વહેલી તકે એસ. ટી. તંત્ર તરફથી ઉકેલ નહીં આવે તો આવનાર દિવસોમાં વિદ્યાર્થીઓને સાથે રાખી ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. જોકે ડેપો મેનેજરે વિદ્યાર્થીઓના પ્રશ્નોને સાંભળી તેનો ઉકેલ લાવવા અંગે તજવીજ હાથ ધરી હતી.

શ્રી રાજપૂત કરણી સેનાનું કલેકટરને આવેદન

## ભરૂચમાં રાણી પદ્માવતી ફિલ્મ રિલીઝ થશે તો ઉગ્ર આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૫

રાણી પદ્માવતી ફિલ્મને લઈ ભરૂચમાં શ્રી રાજપૂત કરણી સેનાએ રેલી યોજી જીલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ફિલ્મ રિલીઝ થશે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી હતી

સંજય લીલા ભલસાણી દ્વારા નિર્મિત રાણી પદ્માવતી ફિલ્મમાં સમગ્ર હિન્દુ ક્ષત્રિય રાજપૂત સમાજના ઈતિહાસ સાથે ચેડા કરી તોડી મરોડીને ફક્ત રૂપિયા કમાવવાની લાલશા રાખવામાં આવી હોવાનું શ્રી રાજપૂત કરણી સેનાએ તેઓ દ્વારા અપાયેલ આવેદન પત્રમાં જણાવ્યું હતું

સાથે સાથે સંજય લીલા ભલસાણી નિર્મિત ફિલ્મને સમગ્ર ગુજરાત તથા ભરૂચ જીલ્લાના હિન્દુ ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ તેમજ ભરૂચ જીલ્લાના કોઈ પણ થીયેટરમાં આ ફિલ્મ રિલીઝ કરવામાં આવશે તો તેનો ઉગ્ર વિરોધ કરીને જો તલવારો ખેંચવાનો વારો આવશે તો પણ અચકાઈશું નહીં તેમ થીયેટર માલિકોને ચેતવણી આપવામાં આવી હતી.

પાસપોર્ટ ગુમ થયેલ છે.
મારૂ નામ. શેખ [illegible] ... મારો પાસપોર્ટ નં.- H 952894
તા. ૧૬/૧૧/૨૦૧૬ના રોજ ... [illegible]
... પાસપોર્ટ ગુમ થયેલ છે. ... સંપર્ક કરવો.
શેખ [illegible]
[illegible] અંકલેશ્વર, જી.ભરૂચ

ગ્રામિણ વિકાસ મંત્રાલયની યોજનાઓ અંગે

# કેન્દ્રીય ટીમ દ્વારા દાહોદ જિલ્લાની ૧૦ પંચાયતોમાં ચકાસણી કામગીરી

દાહોદ, તા.૫

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય નવી દિલ્હી યોજનાઓની ચકાસણી કરવા એક ટીમ આવેલ છે. જેમાં રાજસ્થાનની ભારતી વિકાસ સંસ્થાનના મોનીટર મનજ દિક્ષીત વ ડો.કૈલાસ મોઢે વગેરેનો સમાવેશ થાય છે. તેમાં એન.આર.એલ.એમ. સ્વચ્છતા મિશન, ગ્રામીણ આવાસ, કૃષિ સિંચાઈ, સાંસદ, આદર્શ ગ્રામ, ડિજિટલ લેન્ડ રેકોર્ડ, સામાજિક સુરક્ષા, પ્રધાનમંત્રી ગ્રામ સડક, ગ્રામીણ કૌશલ વિકાસમાં મંત્રાલય દ્વારા આપેલ દિશા-નિર્દેશ અનુસાર ક્રિયાન્વયન લાભાર્થીઓની પસંદગીમાં પારદર્શિતા, સૃજિત પરિસંપત્તિઓની સામુદાયિક ઉપયોગિતા અને ગ્રામીણોના મંત્રાલયની આ યોજનાઓ હેતુ દષ્ટિકોણ અને સારા સુજાવોને લઈ જિલ્લાના ત્રણ તલાકમાં ૧૦ ગ્રામપંચાયતમાં હાલ ચકાસણીનું કાર્ય થઈ રહેલ છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય ચકાસણીકર્તાઓએ જણાવ્યું છે કે વધુમાં વધુ ગ્રામ્યજનોથી પ્રત્યક્ષ જાણકારી લેવામાં આવશે. આ કાર્ય હેતુ જિલ્લાના કલેક્ટર રણજીતકુમાર અને ડી.આર.ડી.એના નિયામક એન.વી.ઉપાધ્યાય દ્વારા યોજનાઓથી જોડાયેલ જિલ્લાના અધિકારી અને કર્મચારીઓને પૂર્ણ રૂપથી ચકાસણીનો કાર્યને સફળ બનાવવા માટે નિર્દેશ કરેલ છે. એમ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.વી.ઉપાધ્યાયએ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## નર્મદા જિલ્લા બાળ સુરક્ષા એકમ બાળમિત્ર એવોર્ડથી સન્માનિત

રાજપીપળા, તા.૫

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સ્થાપના દિન નિમિત્તે તાજેતરમાં ગાંધીનગર ટાઉન હોલ ખાતે ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામ પરમારના અધ્યક્ષ સ્થાને રાજ્યમાં બાળ અધિકાર ક્ષેત્રે ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ કામગીરી કરનાર જિલ્લા બાળ સુરક્ષા કચેરી-ટીમને બાળમિત્ર એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં નર્મદા જિલ્લા બાળસુરક્ષા કચેરીના અધિકારી ચેતન પરમારના નેતૃત્વ હેઠળ તેમની ટીમના સભ્યોને મંત્રી આત્મારામ પરમારના હસ્તે બાળમિત્ર એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરી અભિવાદન કરાયું હતું.

બાળમિત્ર એવોર્ડની પસંદગી અને ઉક્ત એવોર્ડ મેળવ્યા બાદ ચેતન પરમારની આગેવાની હેઠળ બાળ અધિકાર ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર તેમની ટીમના ૧૦ સભ્યો સહિતની ટૂકડીએ નર્મદા જિલ્લા કલેક્ટર આર.એસ. નિનામાની શુભેચ્છા મુલાકાત લીધી હતી, ત્યારે નિનામાએ પણ નર્મદા જિલ્લાને આ સિધ્ધિ અપાવવા બદલ ટીમના તમામ સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા.

દિવાળી પૂર્વે બોનસના મામલે હડતાળ

# ઝઘડિયા GIDCની કરલોનના કામદારો અને સંચાલકો આમને સામને

અંકલેશ્વર, તા.૫

ઝઘડિયાની કરલોન એન્ટરપ્રાઈઝ કંપનીમાં દિવાળી ટાણે આશરે ૩૫૦ કામદારો બોનસના મુદ્દે કંપની સંચાલકો સામે બાંયો ચઢાવી ત્રણ દિવસથી હડતાળ પર ઉતર્યા છે. છેલ્લા પાંચ વર્ષથી ઉત્પાદન કરતી કંપની દ્વારા એક પણ વર્ષે કામદારોને બોનસ આપવામાં આવ્યું નથી. એવો આક્ષેપ કામદારો દ્વારા કરવામાં આવ્યો છે. ઝઘડિયા પોલીસ મથકે પહોંચેલો મામલો સ્થાનિક નેતાઓની મધ્યસ્થતા છતાં તે ઉકેલાયો નથી. દિવાળી આવે એટલે ખાનગી કંપનીઓને પરસેવો પાડતા કામદારોને બોનસ આપવામાં પેટમાં દુઃખતું હોય છે ? કંપનીમાં આશરે ૩૫૦ જેટલા સ્થાનિક કામદારો કામ કરે છે. છેલ્લા પાંચ વર્ષથી કંપની દ્વારા એક પણ દિવાળીના વર્ષે બોનસ આપવામાં આવ્યું નહીં હોવાનો આક્ષેપ કામદારો દ્વારા કરવામાં આવ્યો છે. ગત વર્ષે દિવાળી દરમ્યાન કામદારોએ બોનસની માગણી કરતાં કંપની સંચાલકોએ ૨૦૧૬માં બોનસ આપવાની વાત કરી હતી. આ વર્ષે કામદારોએ બોનસની માગણી કરતા કંપની સંચાલકો નન્નો ભણી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી આશરે ૩૦૦ જેટલા કામદારો બોનસના મુદ્દે હડતાળ પર ઉતર્યા છે અને કંપનીમાં ઉત્પાદન ઠપ થઈ ગયું છે. આજ રોજ કામદારો ઝઘડિયા પોલીસ મથકે આવી પી.આઈ. સમક્ષ બોનસના મુદ્દાની વાત કરવા અને સ્થાનિક તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પ્રકાશભાઈ દેસાઈ દ્વારા મધ્યસ્થી બની કંપની સંચાલકો સાથે બોનસના મુદ્દે વાટાઘાટો કરી હતી. જો કે આ પ્રશ્ન મેનેજમેન્ટ ઉપર ઢોળાતા કામદારોની હડતાળ બોનસ મુદ્દે યથાવત્ રહેવા પામી છે.

**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**
Established under the Waqf Act, 1995
Constituted by the Government of Gujarat
under Waqf Act, 1995 (Central Act - 43 of 95)

Dr.Jivrajbhai Mehta Bhavan, Block No. 8, Gandhinagar. | ડો.જીવરાજભાઈ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬
વિષય : ''મદીના વકફ કમિટી''

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી શ્રી ભીમલા ફારૂક ઐયુબભાઈ મુ. ગોધરા જિ. પંચમહાલ નાઓએ મજકુર વકફના ઉદેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વકફ / જંગમ / સ્થાવર / મિલકત વકફ અધિનિયમ-૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો અને તાલુકો | ગામ | મિલકતનો પ્રકાર | રે સર્વે નં./પ્લોટ નં. મિલકત | ચો.મી |
|---|---|---|---|---|
| તા.ગોધરા જિ. પંચમહાલ | મુ.પો. પંચમહાલ | પ્લોટ | રે સર્વે નં.૪૩૩/૭/૧ પૈકી ૨ પ્લોટ નં.૨,૩ | ૧૪૧.૩૬ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઇ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે ૩૦ દિવસમાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(આઈ.આર.મનસૂરી)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

### સરકારને ટેક્ષ ઘટાડોના પત્રો પાઠવવા ઝુંબેશ શરૂ કરાશે

# ૩ વર્ષમાં સરકારની પેટ્રોલ-ડીઝલના વેટની આવક રૂા.૨૭૭૬૨ કરોડ

### ઉંચા સરકારી કરવેરાઓને લીધે પેટ્રોલ-ડીઝલની પડતર કિંમત કરતા બમણા ભાવો ચૂકવવા ગ્રાહક મજબૂર : મુકેશ પરીખ

અમદાવાદ,તા.૫

કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડીઝલની એકસાઈઝ કયુટીમાં માત્ર રૂા.૨ના ભાવઘટાડાનું નાટક કરી તમામ રાજય સરકારોને વેટમાં ઘટાડાની સલાહ આપી છે. ત્યારે ગુજરાત સરકાર પેટ્રોલ અને ડીઝલમાં વેટ અને સેસ સાથે ૨૮ ટકા વસુલ કરે છે ત્યારે ગુજરાત સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં પેટ્રોલિયમ પ્રોડકટની ટોટલ આવક રૂા. ૨૭,૭૬૨૦૪ કરોડ થઈ હતી તેમજ નાણાકીય વર્ષમાં સરકારની આવક રૂા.૧૦હજાર કરોડથી વધશે. બેફામ ઉંચા સરકારી કરવેરાઓના કારણે પેટ્રોલ-ડીઝલની પડતર કિંમત કરતા બમણા ભાવો ગ્રાહકોને ચૂકવવા પડે છે. તેવો સણસણતો આક્ષેપ ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે.

ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિના પ્રમુખ મુકેશ પરીખે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલની એકસાઈઝ ડયુટીમાં ફકત રૂા.રના ભાવઘટાડાનું નાટક કરી તમામ રાજય સરકારોને વેટમાં ઘટાડાની સલાહ આપી છે. ત્યારે ગુજરાત સરકાર પેટ્રોલ અને ડીઝલમાં વેટ અને સેસ સાથે ૨૮ ટકા વસુલ કરે છે. સીએનજી, પીએનજી પર ૧૫ ટકા વેટ અને એલપીજી પર ૫ ટકા જીએસટી વસુલ કરે છે. આજે પેટ્રોલનો ૧ લીટરનો વેચાણભાવ રૂા.૭૦.૧૫ છે. ગુજરાત સરકારને ૧ લીટર દીઠ રૂા.૧૪ની વેટની આવક તેમજ કેન્દ્ર સરકારને ૧ લીટરદીઠ રૂા.૧૯ની એકસાઈઝ ડયુટીથી આવક થાય છે. ડીલરનું કમિશન અને સરકારી કરવેરાઓ બાદ કરીએ તો પેટ્રોલની પડતર કિંમત રૂા.૩૪ થાય છે. કેન્દ્ર અને રાજય સરકાર ટોટલ રૂા.૩૩નો બેફામ અને રાક્ષસી ટેક્ષ વસુલ કરે છે. આજે ડીઝલનો ૧ લીટરનો વેચાણભાવ રૂા.૬૩.૨૧ છે. ગુજરાત સરકારને ૧ લીટર દીઠ રૂા. ૧૨ની વેટની આવક તેમજ કેન્દ્ર સરકારને ૧લીટર દીઠ રૂા.૧૭ની એકસાઈઝ ડયુટીથી આવક થાય છે ડીલરનું કમિશન અને સરકારી કરવેરાઓ બાદ કરીએ તો ડીઝલની પડતર કિંમત રૂા. ૩૧ થાય છે. કેન્દ્ર અને રાજય સરકાર ટોટલ રૂા.૨૯નો બેફામ અને રાક્ષસી ટેક્ષ વસુલ કરે છે. સરકાર જાગો ગ્રાહક જાગોનો પ્રચાર, પ્રસાર કરે છે. પરંતુ સરકારી નફાખોરી, સરકારી લૂંટ અને સરકારી આર્થિક આતંકવાદ ટેક્ષ ટેરરીઝમ ખતરનાક છે. ગ્રાહકો મતદાર નથી ગ્રાહકો જાગૃત અને સંગઠિત નથી. આથી સરકારી લૂંટ લૂંટ ચાલુ રહે છે. ગુજરાત સરકારને છેલ્લા ૩ નાણાકીય વર્ષ ૩૧ માર્ચ ૨૦૧૭ સુધી પેટ્રોલમાંથી વેટની આકવ ૭૦૦૦.૫૧ કરોડ, ડીઝલની આવક રૂા.૧૫,૫૮૧.૭૯ કરોડ, કેરોસીનમાં રૂા.૨૧.૬૦ કરોડ, એલપીજીમાં રૂા.૩૭૩.૯૯ કરોડ, સીએનજીમાં રૂા.૧૨૪૧.૪૯ કરોડ અને પીએનજીમાં રૂા. ૩૫૪૨.૬૬ કરોડની આવક થઈ છે. આરટીઆઈ દ્વારા માહિતી મળી છે કે, પેટ્રોલિયમ પ્રોડકટની ૩ વર્ષની ટોટલ આવક રૂા.૨૭,૭૬૨.૦૪ કરોડની આવક થઈ હતી. મુકેશ પરીખે મોંઘવારીથી પીડીત પ્રજાને રાહત આપવા માટે વેટનો ટેક્ષ ઘટાડવા સરકાર સમક્ષ વારંવાર સંખ્યાબંધ અનેક રજૂઆતો કરી છે. સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર વેટના ટેક્ષની ટકાવારીની પધ્ધતિ નાબુદ કરી લીટર દીઠ ફિકસ રૂા.૧૦નો ટેક્ષ વસુલ કરવો જોઈએ. કેન્દ્ર સરકારે એકસાઈઝ ડયુટીમાં ટકાવારીની પધ્ધતિ નાબુદ કરી લીટર દીઠ ફિકસ રૂા.૧૦ની ડયુટી વસુલ કરવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, નાણામંત્રી અરૂણ જેટલી અને પેટ્રોલિયમ મંત્રીને તેમજ તમામ રાજકીય પક્ષો અને સાંસદોને ગ્રાહક સુરક્ષાના માધ્યમથી આવેદનપત્રો પાઠવી રજૂઆત કરવામાં આવશે. તમામ ગ્રાહકો નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીને પત્રો પાઠવી 'જાગો સરકાર જાગો' 'ટેક્ષ ઘટાડો'ના પત્રો પાઠવવાની ઝુંબેશ શરૂ કરાશે.

### દિવાળી અગાઉ અમદાવાદ મ્યુનિ. તંત્રમાં ફેરફાર

# AMCમાં ૪૪ને નિમણૂક આપવાની સાથે બઢતી-બદલીના આદેશ

### ચાર અસિસ્ટન્ટ ટીડીઓને ડેપ્યુટી તરીકે બઢતી અપાઈ

અમદાવાદ, તા.૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દિવાળીના પર્વ અગાઉ ૪૪ ને સબ ઈન્સપેકટર તરીકે નિમણૂંક આપવાની સાથે ચાર જેટલા આસીસ્ટન્ટ ટી.ડી.ઓને ડેપ્યુટી ટી.ડી.ઓ. તરીકે બઢતી આપવામા આવી છે.આ અંગે મળતી માહીતી અનુસાર, બુધવારના રોજ મળેલી સ્ટાફ સિલેકશન કમિટીની બેઠકમાં છેલ્લા ઘણા સમયથી એસ્ટેટ અને ટાઉન પ્લાનિંગ વિભાગની ખાલી પડેલી જગ્યાઓ ભરવા અંગે નિર્ણય કરવામા આવ્યો હતો.આ અંગે મળતી માહીતી અનુસાર, બુધવારના રોજ મળેલી સ્ટાફ સિલેકશન કમિટીની બેઠકમાં આઠ જેટલા ડેપ્યુટી એચ.ઓ.ડીને એચ.ઓ.ડી.તરીકે બઢતી આપવા અંગે કરવામા આવેલા નિર્ણયની સાથે જ એસ્ટેટ અને ટીડીઓ વિભાગમાં સ્ટાફની અછત દુર કરવા ૪૪ ઉમેદવારોને સહાયક ટીડીઓ સબ ઈન્સપેકટર તરીકે નિમણૂંક આપવામા આવી છે.જે પૈકી મધ્યઝોનમાં ૬,પૂર્વઝોનમાં ૩, નવા પશ્ચિમઝોનમાં ૭, ઉત્તર ઝોનમાં ૭,દક્ષિણ ઝોનમાં ૨ જયારે પશ્ચિમઝોનમાં ૩ સાથે અન્ય વિભાગોમાં ૧૬ સબ ઈન્સપેકટરને નિમણૂંક આપવામા આવી છે.આજ રીતે લાઈટ ખાતામા ૩ આસીસ્ટન્ટ સીટી ઈજનેર તથા ૨ આસીસ્ટન્ટ સીટી ઈજનેરને નિમણૂંક આપવામા આવી છે. એસ્ટેટ વિભાગમાં ઉમેશ અગ્રવાલને ડેપ્યુટી ટીડીઓ તરીકે મધ્યઝોનમાં, પરેશ પટેલને હાઉસીંગ સેલમાં, મનીષ માસ્ટરને ઉત્તરઝોનમાં અને ચૈતન્ય શાહને નવા પશ્ચિમ ઝોનમાં નિમણૂંક આપવામા આવી છે. શકજી સિંગાડા સામે શિક્ષાનો અમલ ચાલુ હોઈ તેમનો નિર્ણય બંધ કવરમા રાખવામા આવ્યો છે. ચૈતન્ય શાહ સામે વિજીલન્સ તપાસ ચાલુ હોવાછતાં તેમને શરતી બઢતી આપવામા આવી છે. ઉપરાંત નિલેશ બરંડાને પશ્ચિમઝોનમાંથી બદલીને દક્ષિણ ઝોનમાં અને રાજેન્દ્ર જાદવની પશ્ચિમઝોનમા બદલી કરવામા આવી છે.

## શૈક્ષણિક સમાચાર

### શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ રખિયાલ ખાતે લર્ન એજ્યુકેશન વિષય પર સેમિનાર યોજાયો

શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ રખિયાલ ખાતે ધોરણ ૧૦ના અંગ્રેજી ગુજરાતી અને ઉર્દૂ માધ્યમના વિદ્યાર્થીઓ માટે લર્ન એજયુકેશન વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો જેમાં શિક્ષણક્ષેત્રે સંકળાયેલા જાણીતા લેકચરર ઝહૂર મોહંમદ અન્સારીએ વિદ્યાર્થીઓને વિષય અંગે ઝીણવટપૂર્વક સમજણ આપી હતી. તેમજ જીવનમાં શિક્ષણના મહત્વ થકી કારકિર્દી ઘડતર અને જીવન વડતરમાં શિક્ષણના ફાળા પર પ્રકાશ પાડયો હતો. આ સેમિનારમાં શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

### વિશ્વભારતી સ્કૂલ શાહપુરના વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવો અભિયાન આદર્યું

પ્રદૂષણના અજગરે સમગ્ર સૃષ્ટિને ભરડામાં લીધી છે. ત્યારે એક સામાન્ય માણસ શું કરી શકે ? પ્લાસ્ટિકએ પર્યાવરણનો મોટો શત્રુ છે. સામાન્ય માણસ પોતાની ટેવો સુધારીને તેમાં પરિવર્તન લાવી શકે. વિશ્વભારતી હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓએ દરજીઓ પાસેથી વધેલા કાપડના ટુકડા એકઠા કરીને જાતે થેલીઓ બનાવી શાકભાજી માર્કેટમાં જઈને થેલી લીધા વિના ખરીદી કરવા આવે છે તેવા લોકોને કાપડની થેલી ભેટ આપી તેમજ કાપડની થેલી લઈને જ કાયમ શાકભાજી લેવા આવવાનો આગ્રહ રાખવા વિનંતી કરી હતી. બધા જ ગ્રાહકોએ વિદ્યાયક પ્રતિભાવ આપી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો આમ પર્યાવરણને બચાવવાના અભિયાનના ભાગરૂપે એક નવતર પ્રયોગ વિદ્યાર્થીઓએ હાથ ધર્યો હતો.

### જુહાપુરામાં યુવા રોજગાર અભિયાન હેઠળ ફોર્મ ભરાયા

જુહાપુરામાં યુવા રોજગાર અભિયાનમાં મકતમપુરાના યુવાઓએ ૧૩૨૦ ફોર્મ ભરી ભાગ લીધો. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા યુવાઓને બેરોજગારી ભથ્થા સાથેના ૩ દિવસ દરેક વોર્ડ દીઠ ફોર્મ ભરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેના અંતર્ગત મકતમપુરા વોર્ડ પ્રમુખ આસિફખાન જોલી દ્વારા ટેન્ટ છત્રી બાંધીને ફોર્મ ભરવામાં આવ્યા હતા. જેમાં ૧૩૨૦ યુવાઓએ ફોર્મ ભર્યા હતા. આ પ્રસંગે મ્યુ. કાઉન્સિલર રોશનબેન વોરા, સુહાના મનસુરી, શફીભાઈ વોરા, હાજીભાઈ મિરઝા, સમીરખાન પઠાણ, નઈમ શેખ, સલમા અન્સારી, સમીના પઠાણ, જહીર શેખ, બાબુલ મનસુરી, સાજીદ મનસુરી, યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ શાહબાઝ શેખ, સજજુ, ઝાહિદ મેમન, સલીમ ખોખર, ફાતમા સૈયદ, નાસીરખાન, રફીક મનસુરી, બાબુભાઈ અજમેરી, એઝાઝખાન, હબીબ મેવ તેમજ એઆઈસીસીના સલાઉદ્દીનભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારના જક્કી વલણ સામે અમદાવાદ ખાતે આંગણવાડી બહેનોની ભૂખ હડતાળ અને દેખાવો

અન્ય રાજયોની સરખામણીમાં અડધો જ પગાર નિવૃત્ત વયમર્યાદા સહિતની માગણીઓ માટે સરકારના જક્કી વલણ સામે આંગણવાડી બહેનોએ રાજયવ્યાપી આંદોલન છેડયુ છે જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરી સામે આંગણવાડી બહેનોએ ભૂખ હડતાળ કરી પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો આ વેળાએ બે હજાર જેટલી આંગણવાડી બહેનોએ સૂત્રોચ્ચાર કરી પોતાનો આકોશ પ્રકટ કર્યો હતો.

# અંગદાનની જાગૃતિના અભાવે ગુજરાત રાજ્ય ઘણું પાછળ

### અંગદાન અંગે જાગૃતિ માટે તા.૮મીએ સેમિનાર

અમદાવાદ, તા.૫

અંગદાનમાં ગુજરાત રાજય જાગૃતિના અભાવે હજુ ઘણું પાછળ છે. દેશમાં અંગદાનની અંદાજિત ટકાવારી જોઈએ તો, ૨૦૧૫ની સ્થિતિએ દેશમાં દસ લાખની વસ્તીએ ૦.૩૬ ટકા ઓર્ગન ડોનેશનની ટકાવારી નોંધાઈ હતી, જે નગણ્ય કહી શકાય. લોકોમાં ઓર્ગન ડોનેશન(અંગદાન) પ્રત્યેની જાગૃતિ વધે અને અન્ય લોકોને નવજીવનની ભેંટ મળી રહે તે હેતુથી અમદાવાદ શહેરમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ખાતે તા.૮મી ઓકટોબરના રોજ ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટીકલ કેર મેડિસીન દ્વારા એ ઓર્ગન ડોનેશન-એ ગીફટ ફોર લાઈફ વિષય પર મહત્વના સેમીનારનું આયોજન કરાયું છે એમ અત્રે આઈએસસીસીએમના અમદાવાદ ચેપ્ટરના ચેરમેન ડો.જિગર મહેતા અને અમદાવાદ ફેમીલી ફીઝીશીયન એસોસીએશનના પ્રમુખ ડો.સુરેશ કે.પટેલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, લોકજાગૃતિના અભાવે ઓર્ગન ડોનેશન પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહી થવાથી કેટલાય લોકોને નવું જીવન મળી શકતું નથી. હજુ પણ લોકો અંધશ્રધ્ધા અને અવિશ્વાસ સહિતના પરિબળોનો સમાજમાં શિકાર બનતા હોય છે પરંતુ આજે ઓર્ગન ડોનેશનના મુદ્દે જાગૃત બની કોઈને નવુ જીવન બક્ષવાનો સમય આવી ગયો છે. ઓર્ગન ડોનેશનના આ ઉમદા હેતુ માટે જો રાજય સરકાર પણ ભાગીદારી કેળવે અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી તેને સાચા અર્થમાં ચરિતાર્થ કરે તો, સમાજમાં ઓર્ગન ડોનેશન પરત્વે લોકવિશ્વાસ વધે અને મહત્તમ લોકજાગૃત્તિ ફેલાય.

# પાણીનો ગેરકાયદે નિકાલ કરનારા બિલ્ડર સામે કાર્યવાહી કરાઈ નહીં

### બિલ્ડર સામે રૂા.૧ લાખનો દંડ કરવાનો આદેશ છતાંય ના તો દંડ વસૂલાયો કે ના કાર્યવાહી કરાઈ

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરના નવા પશ્ચિમઝોનમાં આવેલા ગોતા વોર્ડની ટી.પી.સ્કીમ નંબર ૩૨ ઉપર બિલ્ડર દ્વારા બાંધવામા આવેલી સેરેનીટી સ્પેસ નામની સ્કીમના બિલ્ડર દ્વારા ૨૫ જુલાઈના રોજ બેઝમેન્ટમા ભરાયેલા વરસાદી પાણીનો જાહેર રોડ ઉપર ગેરકાયદે નિકાલ કરવા મામલે ૧ લાખ રૂપિયા દંડ વસુલી બી.યુ.પરમીશન રદ કરવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામા આવેલા આદેશ છતાં અધિકારી દ્વારા આ મામલે કોઈ કાર્યવાહી ન કરવામા આવતા સ્થાનિક રહીશોમા ઉગ્ર રોષ ફેલાવા પામ્યો છે.આ અંગે મળતી માહીતી અનુસાર,નવા પશ્ચિમઝોનમાં આવેલા ગોતા વોર્ડમાં બિલ્ડર દ્વારા સેરેનીટી સ્પેસ નામની સ્કીમ બનાવવામા આવી છે આ વર્ષે અમદાવાદમા ૨૫ જુલાઈના રોજ પડેલા ભારે વરસાદને પગલે આ સ્કીમના ભોંયરામા ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ બિલ્ડર દ્વારા ગેરકાયદેસર રીતે જાહેર રોડ પર કરવામા આવતા તંત્ર તરફથી સોસાયટીના ચેરમેન-સેક્રેટરીના નામજોગ એક નોટિસ આપવામા આવી હતી જેમા તેમને વરસાદી પાણીનો ગેરકાયદે નિકાલ કરવા મામલે રૂપિયા એક લાખ પેનલ્ટીરૂપે પાંચ દિવસમાં ભરપાઈ કરવા અથવા જો રકમ ભરપાઈ ન કરવામા આવે તો બી.યુ.પરમીશન રદ કરી બાંધકામ અટકાવી દેવામા આવશે એમ કહેવામા આવ્યુ હતુ આ પછી નવા પશ્ચિમઝોનના ડેપ્યુટી કમિશનર દ્વારા પણ બિલ્ડર સામે કાર્યવાહી કરવા એસ્ટેટના અધિકારીને આદેશ આપવામા આવ્યો હોવાછતાં અધિકારી દ્વારા બિલ્ડર સામે કાર્યવાહીનો ઈન્કાર કરવામા આવતા સ્થાનિક રહીશોમા ઉગ્ર રોષ ફેલાવા પામ્યો છે. પોતાના ઉપરી અધિકારી એવા ડેપ્યુટી કમિશનરના આદેશ છતાં બિલ્ડર સામે કાર્યવાહી કરવાનો ઈન્કાર કરી દેનારા અધિકારી સામે આવનારા સમયમા સ્થાનિક રહીશો દ્વારા વિવિધ કાર્યક્રમો આપવામા આવશે એમ જાણવા મળ્યુ છે.

# રેલવેના ખાનગીકરણ સામે ધરણા અને વિરોધ પ્રદર્શન

દેશના અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન ભારતીય રેલવેના પ્લેટફોર્મો ખાનગી સંસ્થાઓને સોંપી ખાનગીકરણ કરવામાં આવતી પહેલ ખૂબ જ ગંભીર અને કુઠારઘાતી છે એક બાજુ રેલવેની મિલકતો ઉપરાંત જો ભંગારને વેચવામાં આવે તો સમગ્ર દેશનું દેવું ચુકવી શકાય તેમ છે. ત્યારે આ ભારતીય રેલવેને સ્થાપિતહિતો માટે ખાનગીકરણ કરી દેવા તરફ જઈ રહ્યા છે. અંગ્રેજોએ પણ જે કામ ન કર્યું હોય તે કામ આ સરકાર કરવા જઈ રહી છે. ત્યારે આજ રોજ મણિનગર રેલવે સ્ટેશન ખાતે ઓલ ગુજરાત રેલવે પેસેન્જર એસોસિએશન, સોસિયાલિસ્ટ પાર્ટી (ઈન્ડિયા) તથા ગુજરાત મજદુર પંચાયતના ઉપક્રમે જયોર્જ ડાયસ, જયંતી પંચાલ, કાલીઅપન મુદલીયાર, જયોતિન્દ્ર યાદવ તથા નોએલ ક્રિશ્ચિયનની આગેવાની હેઠળ ધરણા પ્રદર્શન યોજાયો હતો. જેમાં રેલવેના થઈ રહેલા અકસ્માતોને સખત શબ્દોમાં વખોડી કાઢી રેલવે દ્વારા અકસ્માતો અટકાવવાના પગલા રૂપે ઝરઝરીત રેલવે ટ્રેકો બદલવા, ટ્રેક મેનોની ભરતી કરી તેમને અધ્યતન ભૌતિક સુવિધાઓ પુરી પાડવા ૧,૨૭,૦૦૦ જેટલા કર્મચારીઓ અને સુરક્ષા કર્મીઓની અછત પુરવા અકસ્માતો નિવારવા, એકશન પ્લાન ઘડી કાઢી યાત્રીઓની સલામતી અને સુરક્ષા પુરી પાડવા, રેલવે ટિકિટનું વધારેલુ ભાડુ ઘટાડવા, ૪ માસ પહેલા આરક્ષણની પ્રથા નાબુદ કરી બે માસ કરવા, વધારવામાં કેન્સલેશન ચાર્જ ઘટાડવા, પ્લેટફોર્મ ટિકિટનો દર ઘટાડવા વગેરે સુચકો બેનરો દ્વારા માગણી કરવામાં આવી હતી. તેમ ઓલ ગુજરાત રેલવે પેસેન્જર એસોસિએશનની એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ધારાસભ્યને જૂતાનો હાર પહેરાવવાનું કૃત્ય લોકતંત્ર માટે અપમાન

અમદાવાદ,તા.૫

કોંગ્રેસના લઘુમતી સમાજમાંથી આવતા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ પોતાના મત વિસ્તારમાં મોંઘવારીનો વિરોધ કરવા પોતાના કાર્યો કરો સાથે રેલી સ્વરૂપે નીકળેલા આ દરમ્યાન ગ્યાસુદ્દીન શેખને એક વ્યકિતએ જુતાનો હાર પહેરાવ્યો હતો. ખરેખર આ દુ:ખદ બાબત ગણાય અને લોકતંત્રમાં જનપ્રતિનિધિ ઉપર આવોકૃત્ય એ લોકશાહી માટે ખતરા સમાન અને અપમાન સમાન છે લોકતંત્રમાં કોઈનો વિરોધ હોઈ શકે પણ વિરોધ કરવામાં આ કૃત્ય લોકશાહી માટે ઘાતક સમાન છે. આવતા દિવસોમાં ગુજરાત રાજયમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે અને ચૂંટણીનું માહોલ જામવાનો છે પણ લઘુમતી સમાજના પ્રતિનિધિ ઉપર આવું કૃત્ય આચરે તો આવા કૃત્યો અટકાવવાની સમાજના દરેક વ્યકિતની જવાબદારી છે એમ જમાલપુર વોર્ડના સામાજિક કાર્યકર રફીક કુરેશીએ જણાવ્યું છે.

# ખોખરામાં ૧૨ ચોમી જમીન પ્રતિ ચોરસ પાંચના ભાડે મંજૂર

### ડેન્ટલ કોલેજના બાંધકામ માટે કુલ ૯૯ વર્ષના ભાડાપટ્ટે ફાળવણી કરવા દરખાસ્તને બહાલી

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર એવા ખોખરા રોહીત સર્કલ પાસે આવેલી જુની ભાલકીયા મીલની ૧૨ હજાર ચો.મી.જમીન પ્રતિ ચોરસ મીટર માત્ર પાંચ રૂપિયાના વાર્ષિક ભાડાના દરે ૯૯ વર્ષના ભાડા પટ્ટે ફાળવવાની દરખાસ્ત આજરોજ મંજુર કરવામા આવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર,શહેરના પૂર્વ વિસ્તારમાં અગાઉની જુની ભાલકીયા મીલની જગ્યામાં ડેન્ટલ કોલેજ હસ્તકની ૧૨૦૦૦ ચોરસમીટર જમીન ઈન્સ્ટિટીયુટ ઓફ ઈન્ફાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ અમદાવાદને કલેકટરના હુકમ અનુસાર તેમજ શિક્ષણ વિભાગની દરખાસ્ત મુજબ મુખ્ય સચિવ દ્વારા સુચવવામા આવ્યા પ્રમાણે પ્રતિ ચોરસમીટર પાંચ રૂપિયાના ભાડાના દરથી ૯૯ વર્ષના ભાડાપટ્ટેથી ફાળવવા અંગે આજરોજ મળેલી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં એક તાકીદની દરખાસ્ત પસાર કરીને મંજુરી આપવામા આવી છે.આ દરખાસ્તમા કરવામા આવેલી જોગવાઈ અનુસાર,કોલેજના બાંધકામ ઉપરાંત સ્ટુડન્ટસ માટે તેમજ શૈક્ષણિક સ્ટાફ માટે રહેણાંક અને ગેસ્ટહાઉસ સહીત કવાર્ટર્સ પણ બનાવવાના રહેશે.આ સાથે જ અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમા હાલ ચાલી રહેલા મેટ્રો રેલ પ્રોજેકટ અંતર્ગત મેટ્રો પ્રોજેકટ દ્વારા કરવામા આવેલી માગણી અનુસાર, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસેની આવાસ યોજનામા છ ટુકાનો,આંબાવાડી પાસે ૩૧૯૭ ચો.મી.જમીન, વસ્ત્રાલ-રામોલ પાસે ૪૩૯૮ ચો.મી.જમીન, ૨૬,૨૬૪ ચો.મી.જમીન પ્રોપર્ટી ડેવલપમેન્ટ માટે એક રૂપિયાના પ્રતિ ચોરસ મીટર દરથી ફાળવવાની દરખાસ્તને મંજુરી આપવામા આવી છે.આ ઉપરાંત શહેરના એલિસબ્રીજ, અમરાઈવાડી, વાસણા નોર્થ અને મોટેરાના અલગ અલગ સ્થળોએ મેટ્રો રેલ પ્રોજેકટ દ્વારા ડીપો સ્ટેશન બનાવવા માંગેલી જમીન રૂપિયા ૨.૫૦ના પ્રતિ ચોરસમીટર દરથી વીસ વર્ષની એડવાન્સ રકમ વસુલી જમીનની સોંપણી કરવા અંગેની દરખાસ્ત પણ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમા મંજુર કરવામા આવી છે.

### ઈન્બેફ દ્વારા કરાઈ રજૂઆત

# નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ ભાઈબીજની રજા જાહેર કરવા રજૂઆત

અમદાવાદ,તા.૫

ગુજરાત સરકારે બેન્ક એલઆઈસી વગેરે નાણાકીય સંસ્થાઓને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ ઘણીબધી રજાઓ કાપી નાખી છે. આ યાદીમાં મોટા ભાગની રજાઓ જુદા જુદા ધર્મના ધાર્મિક તહેવાો પણ છે. મુખ્યત્વે ભાઈબીજનો તહેવાર ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકનો તહેવાર છે. દેશના અન્ય રાજયોમાં તેમના પ્રદેશના ધાર્મિક તહેવારોની રજા ઉપરોકત ધારા હેઠળ મળતી હોય છે. રાજયની રિઝર્વ બેન્ક સાથે પરામર્શ કરી બેન્ક એલઆઈસીના કર્મચારીઓને ભાઈબીજની રજા નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ જાહેર કરવા ઈન્ડિયન નેશનલ બેન્ક એમ્પલોય ફેડરેશને મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી રજૂઆત કરી હતી. તેમ ઈન્ફેબની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# મૃત્યુદંડ પર યુએનના ઠરાવ વિરુદ્ધ ભારતનું મતદાન શું નિર્દેશ આપે છે ?

## આ ઠરાવમાં ઈશનિંદા, વ્યભિચાર, સ્વધર્મ ત્યાગ વગેરે માટે દેહાંતદંડની સજાના પ્રસ્તાવને વખોડી કાઢે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

હ્યુમન રાઈટ્સ કાઉન્સિલની સપ્ટેમ્બરમાં યોજાયેલી બેઠકમાં મૃત્યુદંડ પરના ઠરાવ વિરુદ્ધ મતદાન કરવાના ભારતના નિર્ણયના પગલે વિશ્વની સૌથી વિશાળ લોકશાહી તરીકે તેની પ્રતિષ્ઠામાં વધુ ગાબડાં પડ્યાં છે. આંતરરાષ્ટ્રીય રીતે ભારતનો આ નિર્ણય છેલ્લા છ દાયકા કરતાં વધુ સમયથી જે ધબકતી સંવેધાનિક લોકશાહીમાં વણાયેલા હતા એ મૂલ્યોને પ્રદર્શિત કરતો નથી.

મૃત્યુદંડ પરના ઠરાવમાં સ્વધર્મ ત્યાગ વ્યભિચાર અને સમલૈંગિક સંબંધો જેવી વર્તણૂકના ચોક્કસ સ્વરુપ માટે મૃત્યુદંડ લાદવાની કાર્યવાહીને વખોડી કાઢવામાં આવી છે અને તમામ દેશોને મૃત્યુદંડનો સામનો કરી રહેલ લોકોના અધિકારોનું રક્ષણ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં મૃત્યુદંડ જવલ્લેમાં જવલ્લે જ બનતા કિસ્સામાં લાગુ પાડવા માટે મર્યાદિત

કરવાની માગણી કરવામાં આવી છે. આખરી મતદાન પૂર્વે ભારતે રશિયા અને ઈજિપ્ત દ્વારા રજૂ કરેલા સુધારાની તરફેણમાં મતદાન કર્યું હતું કે જેમાં આ ઠરાવને મંદ પાડી દેવાની માગણી કરવામાં આવી હતી. જો કે સઉદી અરેબિયા, રશિયા, ચીન અને ઈજિપ્ત સાથે ભારતના આ ઠરાવને મંદ પાડી દેવાના પ્રયાસો સફળ રહ્યા ન હતા અને તમામ સુધારાઓ નિષ્ફળ રહ્યા હતા. ઠરાવ પરના આખરી મતદાનમાં ભારતે ઠરાવ વિરુદ્ધ ૧૨ અન્ય દેશો સાથે મતદાન કર્યું હતું જ્યારે ૨૭ દેશોએ ઠરાવની તરફેણમાં મતદાન કર્યું હતું અને ૭ દેશો ગેરહાજર રહ્યા હતા.

ઠરાવની વિરુદ્ધમાં ભારત સાથે મતદાન કરનારા દેશોમાં ચીન, ઈજિપ્ત, અમેરિકા અને સઉદી અરેબિયાનો સમાવેશ થતો હતો. ઠરાવની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં ઘાના, બ્રાઝિલ, દ.આફ્રિકા, લેટિન અમેરિકા અને યુરોપના ઘણા દેશોનો સમાવેશ થતો હતો. આમ પણ વર્ષોથી ભારતે સામાન્ય સભામાં તેમજ હ્યુમન રાઈટ કાઉન્સિલ ખાતે મૃત્યુદંડ પરના ઠરાવ પર રાહત આપવાના મુદ્દે 'ના'માં મતદાન કર્યું છે.

ભારતનો આ નિર્ણય બંધારણથી વિરોધાભાસી હોય એવું જણાય છે. આ પ્રકારનું પગલું બંધારણથી વિરોધી છે. આ આધારે મૃત્યુદંડ લાગુ પાડવો જોઈએ નહીં એવું કહેવું એ ભારતીય બંધારણ અને આંતરરાષ્ટ્રીય કાયદાના મૂળભૂત ધોરણો એટલે કે જીવન જીવવાના અધિકારને મજબૂત રીતે સમર્થન આપે છે.

**- અરવિંદ નરેઈન**

(સૌ. : સ્કોલ.ઈન)

# પંજાબના પ્રધાન નવજોત સિદ્ધુએ પોતાના ખિસ્સામાંથી પીડિત ખેડૂતોને રૂા. ૧૭ લાખનું વળતર ચૂકવ્યું

## સિદ્ધુએ વચન પાળી બતાવ્યું : ઉમદા અને માનવતાવાદી ચેષ્ટા

(એજન્સી) ચંદીગઢ,તા.૫

પંજાબના પ્રધાન અને પૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધુની દર મહિને રૂા. ૮૦ લાખ જેટલી આવક છે. નવજોત સિદ્ધુ આજકાલ પોતાને હૃદયસ્પર્શી અને લાગણીસભર પ્રવૃત્તિ માટે ઉદાર દિલે દાન કરે છે. બુધવારે નવજોત સિદ્ધુએ પોતાના બેંક ખાતામાંથી રૂા.૧૭ લાખના ચેકો જારી કર્યા હતા.

ખેતરોની નજીક એક ટ્રાન્સફોર્મરમાં શોર્ટ સરકીટ બાદ ફાટી નીકળેલી આગમાં ઊભા પાક ગુમાવનારા અનેક ખેડૂતોને આ ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. થોડા દિવસો પહેલા સિદ્ધુએ પંજાબના નવાસહર જિલ્લામાં ખાટકર કાલન ગામે આવેલા સ્વાતંત્ર્યસેનાની સહિત

ભગતસિંહના ઘરનું બાકી નીકળતું વીજળીનું બિલ ચૂકવવા સિદ્ધુએ પોતાના બેંક ખાતામાંથી રૂા.અઢી લાખનો ચેક જારી કર્યો હતો.

સિદ્ધુએ જણાવ્યું હતું કે કિસાનો પ્રત્યે પોતાની જવાબદારી સમજીને તે આ દાન કરે છે. તેમને આશા છે કે તેનાથી નુકસાન ભોગવનાર ખેડૂતોને રાહત મળશે. અમૃતસરમાં પોતાના મતવિસ્તારના રાજાસાસી વિસ્તારમાં આગમાં નુકસાન પામેલ પાકનું વળતર આપવા સિદ્ધુએ પોતે આપેલા વચન મુજબ ખેડૂતોને રૂા.૧૭ લાખનું ચેક દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. સિદ્ધુએ જ્યારે શોર્ટસરકીટને કારણે ખેડૂતોના ઊભા પાક નાશ પામ્યા ત્યારે કહ્યું હતું કે પીડિત ખેડૂતોને જેટલી રકમ રાજય સરકાર વળતર તરીકે આપશે એટલી જ રકમ તે મદદ તરીકે ખેડૂતોને પોતાના ખિસ્સામાંથી આપશે. સિદ્ધુએ આ વાયદો નિભાવીને ખેડૂતોને ચેક દ્વારા સહાય કરી હતી.

પંજાબમાં તાજેતરની વિધાનસભા ચૂંટણી પૂર્વે દાખલ કરેલા પોતાના ચૂંટણી એફિડેવિટમાં નવજોત સિદ્ધુએ રૂા.૪૫.૯૧ કરોડની કિંમતની ચોખી અસ્ક્યામતો જાહેર કરી હતી. તેમણે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂા.૯.૬૬ કરોડની પોતાની વાર્ષિક આવક પણ જાહેર કરી હતી.

# રાજકીય રીતે સમર્થિત હિંદુ જૂથો હવે હિંસક, અતિસતર્ક અને સક્રિય

## મેંગ્લુરૂ કર્ણાટકમાં આ હિંદુ જૂથો ખાસ કરીને યુવાનો અને યુવતીઓને પરંપરાગત મૂલ્યોના નામે નિશાન બનાવીને માર મારે છે

(એજન્સી) તા.૫

કર્ણાટકનો સમુદ્રકાંઠો સ્વાદિષ્ટ વાનગીઓ માટે વિખ્યાત છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી હવે કર્ણાટકનો તટીય પ્રદેશ કોમવાદી સતર્કતા માટે કુખ્યાત છે. સામાન્ય માનવી માટે કોઈ પ્રદેશ એ મોરલ પોલિસીંગનો પ્રયાય છે. જુલાઈ ૨૦૧૨માં પોતાના મિત્રનો જન્મદિન મનાવી રહેલા ૬ઝન જેટલા યુવાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

જમણેરી પાંખના હિંદુ જાગરણ વેદિકીના કાર્યકરો યુવાનો અને યુવતીઓને એક સાથે ફટકારતા, તેમના ચહેરા કાળા કરતા અને મહિલાઓની છેડતી કરતા કેમેરા પર ઝડપાઈ ગયા હતા. મહિલાઓએ પાછળથી પોતાની છેડતી થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. આ

ઘટના જાન્યુ.૨૦૦૯ની એ ઘટનાની યાદ અપાવે છે કે જ્યારે બજરંગદળ અને શ્રીરામ સેનાના હિંદુત્વ જૂથો મેંગ્લુરુના એક પબમાં ત્રાટક્યા હતા અને શાલિનતાના પરંપરાગત ભારતીય મૂલ્યોનો ભંગ કરવા બદલ મહિલાઓને ફટકારી હતી. ત્યારબાદ ગૌરક્ષાના નામે થતી હિંસક ઘટનાઓ, ચર્ચ પરના હુમલાઓ અને આંતરધર્મીય યુગલો, સાથીઓ અને મિત્રો પર પણ હુમલા થયા હતા. કોમવાદી અતિ સતર્કતાના આ માત્ર હાઈ પ્રોફાઈલ કેસ હતા પરંતુ દ.કન્નડના સમુદ્રકાંઠાના જિલ્લાઓમાં પોલીસે ૨૦૦૮થી ૨૦૧૪ વચ્ચે આવી ઘટનાઓની ફરિયાદ નોંધી હતી. બજરંગદળ, શ્રીરામસેના, હિંદુ યુવા સેના, હિંદુ જનજાગૃતિ સમિતિ, હિંદુ જાગૃત બાલગ સહિતના અનેક આનુસાંગિક જૂથો ઊભરી આવ્યા છે જેના કારણે નાણાકીય ભંડોળની સમસ્યા ઊભી થઈ છે.

આ જૂથો રાજકીય નાણા ભંડોળ પર વધુ આધાર રાખે છે અને ધાર્મિક હિંદુ ઘટનાઓ દરમિયાન મહોત્સવ અને પૂજાનું આયોજન કરવામાં આવે છે. સિવિલ સોસાયટી રાજકારણ અને કોમી સંગઠનો સાથે લિંક હોવાના પગલે પ્રશ્નો ઉઠાવ્યા છે. આમ સામાજિક કર્મશીલ મુનીર કાતિપલ્લાના જણાવ્યા પ્રમાણે આ કહેવાતા સાતર્ક કાર્યકરોનો છૂપો એજન્ડા હોય છે.

# મુસ્લિમ સંચાલિત ચર્મ એકમો પર ભાજપ સરકારની કાર્યવાહીથી ભારતની નિકાસને જોરદાર ફટકો

## ભારતની જૂતાની નિકાસ ૧૩ ટકા જેટલી ઘટી જતાં રોજગારની સમસ્યા પણ વધુ વકરી

(એજન્સી) નવી દિલ્હી,તા.૫

મુસ્લિમોના કતલખાના અને પશુઓના વેપાર પર સરકારના પ્રતિબંધ અને કડક કાર્યવાહીના કારણે જૂન મહિનામાં ચામડાના બુટની ભારતની નિકાસ ૧૩ ટકા કરતાં વધુ ઘટી ગઈ હતી. કારણ કે જાણીતી વૈશ્વિક બ્રાન્ડ ત્યારબાદ પોતાનો પુરવઠો સુરક્ષિત કરવા ચીન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા અને પાકિસ્તાન તરફ વળ્યા હતા. જૂતા અને ચર્મ વસ્ત્રોની નિકાસમાં થયેલ ઘટાડો વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ફટકાસમાન પુરવાર થયો છે કારણ કે તેમણે ચર્મ ઉદ્યોગની આવક ૨૦૧૦ સુધીમાં ૨૭ અબજ ડોલર સુધી પહોંચાડીને લાખો રોજગારો ઊભા કરવાનું પ્રોમીસ આપ્યું હતું.

૨૦૧૪ની સામાન્ય

ચૂંટણીમાં મોદીના ભાજપના વિજયથી જેમની હિંમત વધુ ખુલી ગઈ હતી એવા ગાયને પવિત્ર માનતા હિંદુ કટ્ટરવાદીઓ મુસ્લિમો દ્વારા સંચાલિત માંસ અને ચર્મ ઉદ્યોગ પર કાર્યવાહી કરવામાં વધુ આક્રમક બન્યા હતા. સુમેકર પાર્ક એક્સર્ટના સીઈઓ નાઝીર અહેમદે જૂતાના ઉત્પાદન માટે હબ ગણાતા આગ્રાથી ફોન કરીને જણાવ્યું હતું કે આપણે સોનાનાં ઈંડા આપતી મરઘીને મારી નાખી છે.

જૂતા અને ચર્મ વસ્ત્રોના વિશ્વના સૌથી મોટા બીજા નંબરના સપ્લાયર ભારત તેના ચામડાની ચીજવસ્તુઓમાંથી અડધા ભાગની નિકાસ કરે છે અને ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષથી માર્ચ દરમિયાન વિદેશી વેચાણ ૫.૭ અબજ ડોલરનું હતું તે અગાઉના સમાન સમયગાળાના વેચાણ કરતાં ૩.૨ ટકા ઓછું થયું હતું. પગરખાંની નિકાસમાં પણ એપ્રિલ-જૂનમાં ૪ ટકાનો ઘટાડો થઈને ૬૭૪ મિલિયન ડોલરને આંબી ગયું હતું.

સરકારની કાર્યવાહીના પગલે જૂતા અને વસ્ત્ર ઉત્પાદક એકમોમાં નોકરી કરતા કામદારો પણ મુશ્કેલીમાં મૂકાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતના સૌથી વધુ વસ્તી ધરાવતા ઉ.પ્ર.ના મુખ્યપ્રધાન તરીકે નિયુક્ત થયા બાદ માર્ચમાં યોગી આદિત્યનાથે લાયસન્સ વગર કામ કરતા કતલખાના બંધ કરી દેવા આદેશ કર્યો હતો. ત્યારબાદ કતલખાના માટે પશુઓના વેચાણ પર પણ પ્રતિબંધ મૂકાયો હતો.

# GST બાદ ઓવર ચાર્જ કરતા વેપારીઓ અંગે સૌથી વધુ ફરિયાદો મહારાષ્ટ્રમાં થઈ

(એજન્સી) મુંબઈ,તા.૫

૧ જુલાઈના રોજ GSTનો અમલ થયા બાદ એવી ફરિયાદો થઈ છે કે બિસ્કિટ, ચોકલેટ અને પીણા જેવા પેકેજડ ફૂડ માટે વેપારીઓ ઓવર ચાર્જ કરી રહ્યા છે. ૧ જુલાઈથી ૩૦ સપ્ટે.વચ્ચે ભાજપ શાસિત રાજ્યોને ૧૪૩ અને ઓરિસ્સામાં આવી ૧૨૩ ફરિયાદો થઈ હતી.

આવી ૪૨ ફરિયાદો દેશના સૌથી મોટા રાજ્ય ઉ.પ્ર.માં થઈ હતી જ્યારે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, મેઘાલય, સિક્કીમ, ત્રિપુરા અને રાજસ્થાન સહિતના રાજ્યોમાં ગ્રાહકોને વેપારીઓ વિરુદ્ધ

કોઈ ફરિયાદ હોય એવું લાગતું નથી. કુલ વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો તરફથી કાનૂની વિભાગને ૭૧૩ ફરિયાદો મળી હતી.

સૌથી મોટી ફરિયાદ ટ્રેડર્સની હતી કે જેઓ GST ચાર્જ કરવા ઉપરાંત એમઆરપી વસુલ કરતા હતા જે ગેરકાયદેસર છે. ભારતમાં સૌથી મોટા કર સુધારા છે એવો દાવો કરનાર સરકારે GST માટે જુદા જુદા ચાર સ્લેબ નક્કી કર્યા હતા. ગ્રાહકોએ એવી પણ ફરિયાદ કરી હતી કે તેમને વધુ એમઆરપી ચૂકવવા માટે ફરજ પાડવામાં આવી રહી છે.

આ સંદર્ભમાં વિવિધ કંપનીઓને ૯૮ નોટિસ બજાવવામાં આવી છે જેમાંથી ૧૭ કંપનીઓ બંધ હોવાથી કોઈ કાર્યવાહી થઈ શકે તેમ નથી એવું જણાવાયું હતું. એક ફરિયાદના આધારે વિભાગે અદાલતના દ્વારો પણ ખટખટાવ્યા છે.

જે વેપારીઓ ઉલ્લંઘન માટે દોષી ઠરશે તેમને પ્રથમ અપરાધ માટે રૂા. ૨૫૦૦૦ બીજા આપરાધી માટે રૂા.૫૦૦૦૦ અને ત્રીજા માટે રૂા.૧ લાખનો દંડ ચૂકવવો પડશે. અવારનવાર આવો અપરાધ કરનારને જેલની સજા પણ થઈ શકે છે.

# અમેરિકામાં દર વર્ષે એક લાખ લોકો પર ગોળીબાર થાય છે : અભ્યાસ

## ગુમાવેલા વેતન અને હોસ્પિટલ ખર્ચ પાછળ ૪૫ બિલિયન ડોલરનો ખર્ચ થાય છે

(એજન્સી) નેવાડા, તા.૫

નેવાડાના લાસ વેગાસમાં રવિવારે રાત્રે થયેલા સામૂહિક ગોળીબારમાં ઓછામાં ઓછા ૫૯ લોકોનાં મોત નિપજ્યા તથા ૫૦૦થી વધુ લોકો અમેરિકાના ઈતિહાસમાં બનેલી સામૂહિક ગોળીબારની આ સૌથી ઘાતક દુર્ઘટનામાં ઘાયલ થયા હતા. અમેરિકામાં દર વર્ષે એક લાખથી વધુ લોકો પર ગોળીબાર કરવામાં આવે છે. આ આંકડો વર્ષ ૨૦૦૬થી ૨૦૧૪ વચ્ચેનો છે જેમાં હુમલો કરીને, અનાયાસે અથવા હત્યા કરવાના પ્રયાસ રૂપે ગોળીબાર કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે. જેની પાછળ ૪૫ બિલિયન અમેરિકા ડોલરનો ખર્ચ થાય છે. આ ખર્ચમાં ગુમાવેલા વેતન અને હોસ્પિટલના ખર્ચનો સમાવેશ થાય છે. એક અંગ્રેજી અખબારમાં છપાયેલા અહેવાલ અનુસાર વર્ષ ૨૦૦૬થી ૨૦૧૪ દરમિયાન દર વર્ષે એક લાખથી પણ વધુ લોકો પર ગોળીબાર કરવામાં

આવે છે. આ અભ્યાસ કરનાર ફૈઝ ગની જોહનસ હોપકિન્સ સ્કૂલ ઓફ મેડિસિનમાં સંશોધનકર્તા છે, તેમણે જણાવ્યું કે, આ આંકડો ખરેખર આશ્ચર્યજનક છે.

અગાઉના અભ્યાસમાં ફક્ત મૃત્યુદર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું પરંતુ જે લોકો આ ઘટનામાં મૃત્યુ નથી પામતા તેમ છતાં તેમને તેની અસર થાય છે તે બાબતની અભ્યાસમાં ઉપેક્ષા કરવામાં આવી છે. અમેરિકામાં છેલ્લા બે વર્ષમાં ગોળીબારની સૌથી જઘન્ય બે ઘટનાઓ ઘટી છે, ગત અઠવાડિયે લાસ વેગાસમાં થયેલો ગોળીબાર અને ગત વર્ષે ફ્લોરિડાના ઓરલાન્ડો ખાતે આવેલા નાઈટ ક્લબમાં થયેલો ગોળીબાર. ઓછામાં ઓછા ચાર લોકો પર ગોળીબાર થાય તો તેને સામૂહિક ગોળીબાર ગણવામાં આવે છે. જે અમેરિકામાં સૌથી હાઈ પ્રોફાઈલ ગોળીબારને દર્શાવે છે, સાથે જ માનવ હત્યા, આત્મહત્યા અને દરરોજ થતી હિંસાઓમાં અનેક લોકોનાં મોત નિપજે છે. સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ મેડિસિન ખાતે સહાયક પ્રોફેસર અને ટ્રોમા સર્જન ડોક્ટર થોમસ વેઈસરે જણાવ્યું હતું કે, આ ઘટના ઘટી તે પહેલા એ ફક્ત સમયની જ બાબત છે. હકીકત એ છે કે, આવી ઘટનાઓ ચર્ચાનું કેન્દ્ર બને છે. બીજી હકીકત એ છે કે અમેરિકામાં દરરોજ અનેક હત્યાઓ થાય છે જે ચર્ચામાં નથી આવતી. વર્ષ ૨૦૦૬થી ૨૦૧૪ના સમયગાળાના કરવામાં આવેલા અભ્યાસમાં અમેરિકાના રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રના આંકડાઓ મુજબ જણાવવામાં આવ્યું છે કે, અમેરિકામાં ગોળીબારમાં ૯,૩૦,૬૨૨ લોકોનાં મોત નિપજ્યા હતા અથવા તો ઘાયલ થયા હતા.

અમેરિકામાં ડ્રગ્સના ઓવરડોઝ અને વાહન અકસ્માત બાદ ગોળીબાર મૃત્યુ પાછળનું ત્રીજું કારણ છે.

# સૂર્યાસ્ત બાદ પ્રવાસીઓના મનોરંજન માટે કેટલીક સુવિધા હોવી જરૂરી : કે આલ્ફોન્સ

## પ્રવાસન પ્રધાને જો કે સ્પષ્ટતા કરી હતી કે મારો કહેવાનો અર્થ નાઈટ લાઈફ નથી !!

(એજન્સી) તા.૫

પ્રવાસન પ્રધાન કે અલ્ફોન્સે જણાવ્યું છે કે દેશમાં પ્રવાસન અને આતિથ્ય સેક્ટરને પ્રોત્સાહિત કરવા ગોવામાં ઉપલબ્ધ છે તેમ સૂર્યાસ્ત બાદ પ્રવાસીઓના મનોરંજન માટે ભારતમાં કેટલીક સુવિધાઓ હોવી જરુરી છે. જો કે તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેમના આ સૂચન અંગે એવી ગેરસમજ ઊભી થવી જોઈએ નહીં કે તેઓ નાઈટ લાઈફ માટે હિમાયત કરી રહ્યા છે.

દેશમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા ૫ ઓક્ટો.થી

૨૦ દિવસના રાષ્ટ્રવ્યાપી પર્યટન પર્વના આરંભ સાથે પ્રવાસન પ્રધાને આવું નિવેદન કર્યું છે. પ્રવાસન મંત્રાલયે ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યનું નિદર્શન કરવા દેશભરમાં ૬૦ જેટલા પ્રવાસન સ્થળોને ઓળખી કાઢવામાં આવ્યા છે. ૨૦ અને ૨૧ ઓક્ટો.ના રોજ હાંપી ખાતે લોકનૃત્ય, ક્વિઝ, નિબંધ સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

ભારતમાં પ્રવાસન ક્ષેત્રની સમસ્યા એ છે કે સૂર્યાસ્ત બાદ પ્રવાસીઓ માટે બહુ ઓછી સુવિધા છે. સાંજે પ્રવાસીઓના મનોરંજન માટે કેટલીક સુવિધાઓ હોવી જોઈએ એવું આલ્ફોન્સએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાનગી સેક્ટરને પ્રવાસીઓ માટે આવી સુવિધાઓ ઊભી કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે હું અહીં નાઈટ લાઈફની વાત કરતો નથી. પર્યટન પર્વ પર માહિતી શેર કરતા પ્રધાને લોકોને દેશના વિવિધ પ્રવાસન સ્થોળોની મુલાકાત લેવા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે આપણા પોતાના લોકો દ્વારા જ ભારતની ઉપેક્ષા થઈ રહી છે. ચોક્કસ પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે નોંધ્યુ હતું કે પૂર્વોત્તર રાજ્યોમાં જતા પ્રવાસીઓની સંખ્યા ઘણી ઓછી છે.

# ભાજપ સાંસદ બોલ્યા : અમિત શાહનું સ્વપ્ન છે "ભાજપ મુક્ત ભારત" : સોશિયલ મીડિયા પર લોકોએ મજાક ઉડાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં રાજસ્થાનના એક ભાજપા સાંસદ કોંગ્રેસની જગ્યાએ 'ભાજપમુક્ત ભારત'ની વાત કરી રહ્યા છે. જો કે આ વાત ભાજપ સાંસદ પાર્ટીથી નારાજ થઈને નથી કીધી પણ પત્રકારો સાથે વાતચીત દરમ્યાન તેમની જીભ લપસી ગઈ.

પ્રદેશ કાર્યસમિતિની બેઠક બાદ મીડિયાના સવાલોના જવાબ આપતા અનુસૂચિત મોર્ચાના રાષ્ટ્રીય સચિવ અને ઉદયપુરથી ભાજપ સાંસદ અર્જુન લાલ મીણાની જીભ લપસી ગઈ. મીણાએ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કોંગ્રેસ મુક્ત ભારતના સ્વપ્નની જગ્યાએ 'ભાજપ મુક્ત ભારત' કહી દીધું. મીણાને જ્યારે આ વાતનું ભાન થયું ત્યારે મોઢા પરની રોનક ઉડી ગઈ. જો કે ભૂલનું ભાન થયા બાદ તમણે તરત જ સુધારો કરતાં બે વાર 'કોંગ્રેસ મુક્ત ભારત'ની વાત કહી હતી. પણ ત્યાં સુધીમાં મામલો ખૂબ જ

આગળ વધી ગયો હતો.

જ્યારે સોશિયલ મીડિયા પર ભાજપા સાંસદનો વીડિયો આવ્યો ત્યારથી તે વાયરલ થઈ ગયો હતો. કાર્ય સમિતિની બેઠકમાં હાજર કાર્યકર્તાઓ વચ્ચે સાંસદ મીણાની ખૂબ જ મશ્કરી થઈ હતી. બૂથ સ્તર પર ભાજપને મજબૂત કરવા પાર્ટીના કાર્યસમિતિની બેઠકનું આયોજન ઉદયપુરના મહાપ્રજ્ઞ વિહારમાં કર્યો હતો. જેમાં મોટી સંખ્યામાં અનસૂચિત જાતિના પદાધિકારીઓ કાર્યકર્તા હાજર હતા. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ મીણાની સોશિયલ મીડિયા પર લોકોએ મજાક બનાવી હતી. અલગ-અલગ ડાયલોગથી મીણા અને ભાજપની મજાક બનાવવામાં આવી રહી છે.

# અમિત શાહ કેરળમાં ફરીને ફક્ત વજન ઉતારી શકશે બીજું કાંઇ નહીં થાય : કોંગ્રેસ નેતા રમેશ ચેન્નીથાલા

કોચિ, તા. ૫

કોંગ્રેસના નેતા રમેસ ચેન્નીથાલાએ કેરળમાં સત્તાધારી સીપીએમ અને રાજ્યમાં જનરક્ષા યાત્રા દ્વારા ફાયદો મેળવવા માગતા ભાજપ સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે પિનરાઈ વિજયનની અધ્યક્ષતાવાળી સરકાર પર એવો આરોપ લગાવ્યો હતો કે, તેઓ ભાજપ અને સંઘના કાર્યકરો સામે હિંસામાં કરનાર સીપીએમ વિરૂદ્ધ પદયાત્રા કાઢનારા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે અનેક વ્યવસ્થા કરી છે. રાજ્યમાં સત્તાધારી સીપીએમ અને કેન્દ્રમાં ભાજપની સરકાર વિરૂદ્ધ થ્રિસૂરમાં દેખાવો દરમિયાન જણાવ્યું હતું કે, અમિત શાહ ભાજપના પ્રમુખ છે કે, દેશના પીએમ છે તે સમજાતું નથી. મેં એવું સાંભળ્યું છે કે, અમિત શાહની મુલાકાતને પગલે પયન્નૂરના તમામ માર્ગોચોખ્ખા કરી દેવામાં આવ્યા છે અને હું ઈચ્છું છું કે, તેઓ મારા મતવિસ્તારની પણ મુલાકાત લે જેથી મારા મતવિસ્તારમાં પણ માર્ગો નવા થઇ જાય. ચેન્નીથલાએ રાજ્ય સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, અમિત શાહની મુલાકાત માટે વિસ્તારમાની શાળાને રજા આપી દેવાઇ, તેમની સભા માટે બસ સ્ટેશન ખાલી કરાવી દેવાયું, તેમની ઝેડ પ્લસ સલામતી હોવા છતાં સલામતી માટે વધુ સેંકડો પોલીસ કર્મીઓ ખડકી દેવાયા હતા. હવે સીપીએમની ભાજપ સાથે લડવાની વાત ક્યાં જતી રહી. જોકે, અમિત શાહની કેરળની યાત્રાની સૌથી સારી બાબત એ છે કે, તેઓ પોતાનું વજન ઉતારી શકશે, પરંતુ કેરળમાં કાંઇ વધુ કરી શકશે નહીં.

# બિહાર યુનિવર્સિટી : ભગવાન ગણેશ કોમર્સની પરીક્ષા આપશે ?

(એજન્સી) દરભંગા, તા.૫

ઘણા બધા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારા માર્ક્સ મળે એ માટે ગણપતિ ભગવાનની પૂજા કરે છે પણ બિહારની એક યુનિવર્સિટીએ એક વિદ્યાર્થીના પ્રવેશપત્ર ઉપર ગણપતિ ભગવાનનો ફોટો એના ફોટાના બદલે મૂક્યો અર્થાત ભગવાન પોતે પરીક્ષા આપવાના છે. દરભંગા જિલ્લાની લલિત નારાયણ મિથિલા યુનિવર્સિટીએ પ્રથમ વર્ષ વાણિજયના વિદ્યાર્થી ક્રિષ્નાકુમાર રોયના પરીક્ષા પ્રવેશપત્રમાં એમના ફોટાના બદલે ગણપતિ ભગવાનનો ફોટો મૂકી આપ્યો હતો. વિદ્યાર્થી રોયે પ્રવેશપત્ર ઉપર પોતાના બદલે ગણપતિ ભગવાનનો ફોટો જોઈ આશ્ચર્યમાં પડી ગયો અને યુનિવર્સિટીના આટાફેરા કરી મહામહેનતે આ ફોટાના બદલે પોતાનો ફોટો મૂકાવ્યો. મળતા સમાચારો મુજબ યુનિવર્સિટીએ પોતાના બચાવમાં કહ્યું કે,

**પરીક્ષા પ્રવેશ પત્રમાં વિદ્યાર્થીના બદલે ગણપતિનો ફોટો**



આમાં અમારો કોઈ વાંક નથી. વિદ્યાર્થીએ સાયબર કેફેમાંથી ઓનલાઈન પરીક્ષાનો ફોર્મ ભર્યું હતું. જેના લીધે એમણે ભૂલ કરી હતી અને પોતાના ફોટાના બદલે ગણપતિ ભગવાનનો ફોટો મૂક્યો હતો. પ્રવેશપત્રો વિદ્યાર્થીઓને આપતા પહેલાં પ્રિન્સિપાલ તપાસી એની ઉપર સહી કરે છે તો શું પ્રિન્સિપાલને સહી કરતી વખતે આ વાત ધ્યાનમાં નહીં આવી હોય.

# પોતે ધનુષના પિતા હોવાનો દાવો કરી એક વ્યક્તિએ અભિનેતા સામે ફોજદારી પગલાં લેવા માગણી કરી

(એજન્સી) મદુરાઈ, તા.૫

મદુરાઈ જિલ્લાના ૬૬ વર્ષીય આર કથિરેસને પોતાની અરજીમાં દાવો કર્યો છે કે, અભિનેતા ધનુષ એમનો દીકરો છે જોકે આ પહેલાં મદ્રાસ હાઈકોર્ટે આ અરજીને રદ કર્યો હતો પણ આ વ્યક્તિએ ફરીથી પોલીસમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ધનુષ એમનો પુત્ર છે અને હાઈકોર્ટમાં જે જન્મનો દાખલો અને સ્કૂલ લિવિંગ સર્ટીફિકેટ રજૂ કર્યો હતો એ બનાવટી હતો. મદુરાઈ શહેર પોલીસમાં કથિરેસને પોતાના વકીલ સાથે મળી કે પુદુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પોલીસે વકીલને જણાવ્યું કે, આ બાબત એ પોલીસ કમિશનર સાથે મળે. કથિરેસને દાવો કર્યો છે કે, મારા જન્મનો દાખલો અને સ્કૂલ લિવિંગ સર્ટીફિકેટની ખરાઈ કરી છે. આ ખરાઈ હોસ્પિટલ અને કોર્પોરેશનમાંથી કરાઈ છે. જે મુજબ જે દસ્તાવેજો ધનુષે કોર્ટમાં રજૂ કર્યા છે. એનું રેકર્ડ હોસ્પિટલ અને શાળાઓમાંથી મળી આવતું નથી. જન્મના દાખલા અને કોર્પોરેશનના રેકર્ડમાં વિરોધાભાસ છે એ મુજબ નામ બદલવા માટે ગેઝેટમાં જે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. એમાં પણ વિસંગતતા છે. કથિરેસને ૨૦૧૬ના વર્ષમાં મેલુર મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, ધનુષ મારો પુત્ર છે અને એમની પાસેથી ભરણપોષણ પેટે માસિક રકમ અપાવો. ગયા એપ્રિલ મહિનામાં હાઈકોર્ટે અરજી રદ કરી હતી.

# પરેશ રાવલની મોદી ભક્તિ પર લોકોનો આક્રોશ : ત્રણ વર્ષથી હજી રસ્તો જ શોધી રહ્યા છે હવે વિશ્વાસ કઈ રીતે કરીએ ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

ભારતમાં કથળતી જતી અર્થવ્યવસ્થા અને મંદીને લઈ હવે વડાપ્રધાન મોદીની છબિ ખરડાઈ રહી છે. એવામાં તેમની વાતો પર જનતાની વિશ્વસનીયતા બનાવી રાખવા પાર્ટીના અલગ અલગ નેતાઓ તેમનો પ્રચાર કરવામાં લાગેલા છે. પ્રખ્યાત અભિનેતા અને ભાજપા સાંસદ પરેશ રાવલે નરેન્દ્ર મોદીના નિવેદનનો સાથ આપતાં કહ્યું કે મોદી પર વિશ્વાસ રાખવામાં આવે તે કંઈ પણ રસ્તો શોધી લેશે કાં તો બનાવી લેશે. પરેશ રાવલની આ ટ્વિટ બાદ લોકોએ તેમને સોશિયલ મીડિયા પર ઘેરી લીધા હતા અને મોદીના નિવેદન પર સ્પષ્ટતા કરવા બદલ લોકોના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો. લોકોને તેમના ટ્વિટમાં કહેવામાં આવેલી મોદી પર વિશ્વસનીયતાની વાત સમજમાં ન આવી. યૂઝર્સનું કહેવું છે કે, જો ત્રણ વર્ષ પછી પણ મોદી રસ્તો જ શોધી રહ્યા છે તો તેમના પર વિશ્વાસ ન કરવો જોઈએ. પરેશ રાવલને એક ખૂબ જ સારા અભિનેતા માનવામાં આવે છે જેથી તેમના પ્રશંસકો અને જનતા વચ્ચે તેમની વિશ્વસનીયતા અને લોકપ્રિયતા ખૂબ જ વધારે છે. જેથી તેઓ જનતાથી મોદી પર વિશ્વાસ બનાવી રાખવાની વાત કહી રહ્યા છે. જો આ વાત મોદીને ઈશ્વરનો અવતાર માનનાર અભિનેતા ગજેન્દ્ર ચૌહાને કીધી હોત તો લોકો તેમના પર હસતા. પરેશ રાવલે કહ્યું કે વડાપ્રધાન મોદી જરૂર કોઈ રસ્તો નીકાળી લેશે. નોટબંધી અને ત્યારબાદ જીએસટીને લઈ સરકારની નીતિઓએ ભારતમાં લોકોની કમર તોડી દીધી છે. વેપાર પડી ભાંગ્યો છે. દેશભરમાં વેપારી વડાપ્રધાન મોદીથી ખૂબ જ નારાજ દેખાઈ રહ્યા છે. લોકોમાં અસંતોષની ભાવના વધી રહી છે. સતત એક પછી એક હુમલા ભાજપા પર દેશને ખરાબ સ્થિતિમાં લાવવા કરવામાં આવી રહ્યા છે. આમ છતાં ભાજપ હાલાતને સારા દેખાડવાનો પ્રયાસ કરી રહી છે. નવી નોકરીઓ નથી જ્યારે જૂની નોકરીઓ પણ લોકોની જઈ ચૂકી છે. રોજગાર બંધ થવાની કગાર પર છે અને સરકાર ગાય બચાવવાના અભિયાનમાં વ્યસ્ત છે. નોટબંધી બાદ સતત કથળતી જીએસપી અને અર્થવ્યવસ્થાને લઈ મોદી સરકાર હવે વિપક્ષની સાથે સાથે પોતાના ઘરમાં પણ ઘેરાતી નજરે આવી રહી છે. ગત દિવસો દેશની અર્થવ્યવસ્થાની ખરાબ સ્થિતિ પર ભાજપાના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી યશવંત સિંહા દ્વારા કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી પર નિશાન સાધ્યા બાદ હવે ભાજપાના એક વધુ જૂના દિગ્ગજ અરૂણ શૌરીએ પણ મોદી સરકાર વિરૂદ્ધ મોરચો ખોલી દીધો છે.

# બ્રિટનના વડાપ્રધાનના સંબોધનમાં વિક્ષેપ પાડી વિરોધીએ વડાપ્રધાનને ગુલાબી સ્લીપ આપી

(એજન્સી) લંડન, તા.૫

એક ખૂબ જ નાટકીય બનાવ બ્રિટનમાં બન્યો છે. બ્રિટનના વડાપ્રધાન થેરેસા મે પોતાના પક્ષના સેમ્પલમાં સંબોધન કરી રહ્યા હતા. એ દરમ્યાન એમના એક વિરોધી મંચ ઉપર જવામાં સફળ થયો અને સંબોધન અધવચ્ચે અટકાવી વડાપ્રધાનને ગુલાબી સ્લીપ આપી હતી.

આ ઘટના પછી વિરોધ કરનારને સુરક્ષાકર્મીઓ હોલની બહાર લઈ આવ્યા. જો કે તેમ છતાંય થેરેસા મે એ પોતાનો સંબોધન ચાલુ રાખી પૂર્ણ કર્યું હતું.

એમણે કહ્યું હું એ વ્યક્તિને મળવા જઈ રહ્યું છું જે મને ગુલાબી સ્લીપ P45 આપવા આવ્યો હતો. એ વ્યક્તિ મજૂર પક્ષનો જેરેપી કોરબિયન હતો.

ગુલાબી સ્લીપ P45 ઈંગ્લેન્ડમાં એવા કર્મચારીને આપવામાં આવે છે જેમણે પોતાની નોકરી દરમ્યાન બેજવાબદારી

અને અનાવશ્યક કાર્ય કર્યું હોય. વિરોધ કરનાર વ્યક્તિને ઓળખી કઢાયું છે. એ વ્યક્તિ કોમેડિયન લી નેલસન છે. એમણે કહ્યું કે એમના એક મિત્ર બોરિસ જહોનસને P45 સ્લીપ આપવા કહ્યું હતું. બોરિસ બ્રેક્ઝિટ જનમત વખતે મેની સામે સંઘર્ષમાં ઉતર્યો હતો. લી નેલસને એ પછી બોરિસને સંદેશો આપ્યો કે મેં થેરેસાને P45 સ્લીપ આપી દીધી છે.

# કૈલાસ સત્યાર્થીએ BHUની હિંસાને વખોડી વિદ્યાર્થીઓને સંગઠિત થવા કહ્યું

(એજન્સી) બનારસ, તા.૫

નોબલ ઈનામ વિજેતા કૈલાસ સત્યાર્થીએ બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયમાં તાજેતરમાં થયેલી હિંસાને વખોડી કાઢી વિદ્યાર્થીઓને ચેતવ્યા હતા કે નજીવી ચૂંટણીમાં લક્ષ્યાંક પ્રાપ્ત કરવા કેટલાક લોકો તેમનામાં વિભાજન કરી રહ્યા છે. તેમણે પીડિત વિદ્યાર્થિનીઓને બિરદાવી કહ્યું કે તેમણે હિંમત બતાવી ફરિયાદ કરી હતી. બીએચયુમાં જે બન્યું તે ખરેખર પીડાદાયક છે પરંતુ પજવણીનો ભોગ



બનેલ પીડિત વિદ્યાર્થિનીઓએ હિંમત બતાવી ભારતનું ગૌરવ વધાર્યું છે. તેમણે મૌન તોડી ફરિયાદ નોંધાવી તેથી હું ખુશ છું. કોલેજની વિદ્યાર્થિનીઓ સાથે વોચમેન અને ગાર્ડનો વર્તાવ સારો ન હતો. વર્ષો જૂની વિચારધારાએ પજવણી કરનારની સામે પગલાં લેવાના બદલે પીડિતોને આરોપી બનાવ્યા. સત્યાર્થીએ કહ્યું કે હિંસા કોઈપણ સ્વરૂપમાં કોઈપણ વ્યક્તિ દ્વારા સ્વીકાર્ય નથી. તે માટે યુવાનોનો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવો ન જોઈએ. હું યુવાઓના ગુસ્સાને સમજુ છું. પરંતુ તે હિંસામાં પરિવર્તિત થવો ન જોઈએ. જે ભાગલાવાદી રાજકારણનું કારણ બને છે. તેમણે કહ્યું કે, અહિંસાથી જ વિદ્યાલયોના પરિસરમાં સલામતી અને શાંતિ રહે છે. તેમણે મહિલાઓને જાતિ અંગેની સમજ આપવા માટે તાલીમ આપવા પગલાં લેવા આહ્વાન કર્યું હતું. સત્યાર્થી સેક્સ્યુઅલ એબ્યુઝીસ રેપ અને પરેશાની સામે ભારત યાત્રાએ નીકળ્યા છે. તેમણે કહ્યું કે, બાળકો સાથે દુર્વ્યવહાર હેરાફેરી અને રેપ સામે કૂચ હતી. જૂનવાણી વિચારધારાના કારણે આવી બદી વધતી જાય છે. આપણી છોકરીઓને ચૂપ રહેવા કહેવાય છે. તેમને કહેવાય છે કે, તેમની ગરિમા જોખમાશે તેથી ગુનેગારો નિર્ભય રહે છે.

# સુસ્ત બજાર, ગાયબ ખરીદદાર, વિનિવેશમાં કેવી રીતે સફળ થશે મોદી સરકાર ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

કેન્દ્રની મોદી સરકાર આગામી કેટલાક મહિનાઓમાં નફો કરતા અનેક ઉદ્યોગોના શેર વેચવાની તૈયારીમાં છે. આ કવાયત નવી નથી હાલમાં જ જીએસટીનું દબાણ, જીડીપીના ઘટતા દર અને આ કારણોસર સરકારની કમાણી પર લાગેલ ગ્રહણને ધ્યાનમાં રાખતા મોદી સરકારે ૨૦૧૬ની પોતાની રોકાણ નીતિને ફરી ધ્યાનમાં લીધી છે. જે કંપનીઓથી છૂટકારો મેળવી મોદી સરકાર પોતાની કમાણી વધારવાની કવાયત કરી રહી છે તેમાં મુખ્યત્વે બીએમએલ, પવન હંસ, બ્રિજ એન્ડ સફ કંપની ઈન્ડિયા અને પીફૈબ્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ સહિત સરકારની વિનિવેશ યાદીમાં ૨૦ કંપનીઓ છે જેને ઓકટોબર ૨૦૧૬માં મોદી કેબિનેટની મંજૂરી મળી ચૂકી છે. કેન્દ્ર સરકારની યોજના મુજબ તે બીએમએલમાં પોતાની ભાગીદારી ૫૪%થી ઘટાડી ૨૮% કરવા માંગે છે. જ્યારે અન્ય ઉદ્યોગોમાંથી તે સંપૂર્ણપણે છૂટા થવાની કવાયત કરી રહી છે પરંતુ પ્રશ્ન એ છે કે શું હાલ અર્થવ્યવસ્થાની એવી સ્થિતિ છે કે તેને વિનિવેશ માટે યોગ્ય કહી શકાય ? શું હાલની સ્થિતિમાં કેન્દ્ર સરકાર આ કંપનીઓને વેચી યોગ્ય આવક પ્રાપ્ત કરી શકશે ? એક અંગ્રેજી વર્તમાન પત્રએ દાવો કર્યો છે કે સરકારે વિનિવેશની પ્રક્રિયાને ઝડપી કરી છે. સરકારની તૈયારી લગભગ અડધો ડઝન કંપનીઓની ભાગીદારી વેચવાની છે અને આ કામ માર્ચ ૨૦૧૮ પહેલાં પૂરું કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે મોદી સરકારે વિનિવેશના માધ્યમથી કુલ ૭૨,૫૦૦ કરોડ રૂપિયા કમાણી કરવાનું લક્ષ્ય રાખ્યું હતું જે ૨૦૧૬-૧૭માં એકત્ર કરાયેલ ૪૬,૫૦૦ કરોડથી ૫૮% વધુ છે. કેન્દ્ર સરકારની યોજના પીએસયુમાં શેર ઘટાડી ૪૬,૫૦૦ કરોડ રૂપિયા સ્ટ્રેટેજિક ડિસઈન્વેસ્ટમેન્ટના માધ્યમથી ૧૫,૦૦૦ કરોડ રૂપિયા અને વીમા કંપનીઓની લિસ્ટીંગથી ૧૧,૦૦૦ કરોડ રૂપિયા કમાવવાની છે. ચાલુ આર્થિક વર્ષ દરમિયાન વિનિવેશના માધ્યમથી કેન્દ્ર સરકાર માત્ર ૧૯,૧૫૮ કરોડ રૂપિયા કમાણી કરી શકી છે. જો કે, વર્ષના બાકીના સમયમાં સરકાર આ કંપનીઓને વેચી પોતાના લક્ષ્ય સુધી પહોંચવા પ્રયત્ન કરશે. નોંધનીય છે કે દેશની અર્થવ્યવસ્થા પર નોટબંધી અને જીએસટીના કારણે વિપરીત અસર થઈ છે. વૈશ્વિક એજન્સીઓ જીડીપીમાં ઘટાડો નોંધી રહી છે. જ્યારે ભારતીય બજારોમાંથી નિવેશકો પલાયન થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ભારતીય બજારમાં શું સરકાર પોતાની કંપનીઓ માટે યોગ્ય ગ્રાહકો શોધી શકશે ? હાલ બેંકોની હાલત પણ ખરાબ છે તેથી બેંક પાસેથી પણ સરકારના આ વેચાણમાં રૂચિની અપેક્ષા રાખી શકાય તેમ નથી. આ પરિસ્થિતિઓમાં સ્પષ્ટપણે કહી શકાય કે વિનિવેશ દ્વારા સરકારની આવકમાં વધારો કરવાની યોજના આશા મુજબ ફળદાયી નહીં નીવડે.

# ભારત બે મોરચે યુદ્ધના પડકાર માટે તૈયાર : એર ચીફ માર્શલ ધનોઆ

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

એર ચીફ માર્શલ બી.એસ.ધનોઆએ કહ્યું છે કે હવાઈ દળ ચીન સાથે બે મોરચે મુકાબલા માટે સક્ષમ છે. ગુરૂવારે હવાઈ દળના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ બોલતાં એર ચીફ માર્શલે કહ્યું કે હવાઈ દળ પૂર્ણ વિસ્તારવાળા અભિયાન માટે તૈયાર છે. પરંતુ તેમણે સ્પષ્ટતા કરી હતી કે સર્જિકલ સ્ટ્રાઈક જેવા હુમલામાં એરફોર્સને સામેલ કરવાનો નિર્ણય સરકારે લેવાનો છે. અમે કોઈપણ પડકારને પહોંચી વળવા તૈયાર છીએ. બે મોરચે મુકાબલા અંગે તેમણે કહ્યું કે પ્લાન-બી તૈયાર છે.

વાયુસેના પ્રમુખે કહ્યું કે ૨૦૩૨ સુધીમાં ફોર્સ ૪૨ ફાઈટર સ્કવાડ્રનની ક્ષમતા હાંસલ કરી લેશે. તેમણે કહ્યું કે ચીનની સેના ચુમ્બી વેલીમાં હજુ હયાત છે. તે ઝડપથી પાછી ફરશે તેવી આશા છે. તેમણે કહ્યું કે સરહદ પાર પરમાણુ મથકોનો નાશ કરવા માટે ભારતીય હવાઈદળ સક્ષમ છે. ચીને તેની તાકાતનું પ્રદર્શન શરૂ કર્યું છે. પાકિસ્તાન તરફથી શાંતિની કોઈ ગુંજાઈશ નથી. જેનું સૈન્ય અને રાજનીતિક નેતૃત્વ ભારતનો વિરોધ કરી રહ્યું છે. શાંતિના સમયે આપણે ઘણુ ગુમાવી રહ્યા છે જે ચિંતાજનક છે. અમે આકસ્મિક બનાવોને ઓછા કરવાના પ્રયાસો તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ અને દેશની સંપત્તિનું રક્ષણ કરી રહ્યા છીએ. સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે ગયા મહિને કહ્યું હતું કે સેના બે મોરચે યુદ્ધ માટે સક્ષમ છે જ્યારે ચીનની સેનાએ ભારતીય સરહદે તેની તાકાતનું પ્રદર્શન કર્યું ત્યારે પાકિસ્તાનની સેનાની ભારત વિરોધી કાર્યવાહી જોવા મળી છે.

# ૨૦ લાખ વેપારીઓએ હજુ સુધી અંતિમ GST રિટર્ન ફાઈલ કર્યું નથી

(એજન્સી) બેંગ્લોર, તા.૫

જીએસટી હેઠળ ૨૦ લાખથી વધુ વેપારીઓએ હજુ સુધી ટેક્સના ફોર્મ જમા કર્યા નથી. જીએસટી લાગુ પડ્યા બાદ જુલાઈની અંતિમ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ આવવાની સાથે જ મંત્રી સમૂહે બુધવારે આની જાણકારી આપી. સમૂહના ચેરમેન સુશીલ મોદીએ કહ્યું કે, અત્યાર સુધીમાં ૩૩ લાખ વ્યવસાયોએ જુલાઈ માટે જીએસટી આર-૧ ફાઈલ કરી લીધું છે, જ્યારે ૫૩ લાખ લોકોએ પ્રારંભિક જીએસટી-૩બી રિટર્ન ફાઈલ કર્યું હતું. અન્ય ૨૦ લાખ વેપારીઓને આગામી ૬ દિવસોમાં રિટર્ન ફાઈલ કરવાનું છે. અમે લોકોને અપીલ કરીએ છીએ કે, તેઓ યોગ્ય સમયે રિટર્ન ફાઈલ કરે. તેમણે વધુમાં જણાવ્યું કે, ઈન્ફોસિસે તેવા લોકોની યાદી તૈયાર કરી છે, જેમણે અત્યાર સુધી રિટર્ન ફાઈલ કર્યું નથી. જીએસટીએન આ દરેક ૨૦ લાખ વ્યવસાયિકોને સંદેશ પાઠવીને રિટર્ન ફાઈલ કરવાનું યાદ અપાવશે.

### કુપોષણ મુદ્દે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી

# "ખોટી ડીંગો હાંકવાનું બંધ કરો, શું તમે એક પણ મૃત્યુ અટકાવી શક્યા છો ?" : બોમ્બે હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ, તા.૫

મહારાષ્ટ્ર સરકાર કુપોષણના કારણે બાળકોના વધતા મૃત્યુદરને નિવારવામાં નિષ્ફળ જતાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા સરકારને પ્રશ્નો કરાયા હતા. મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારો અને ખાસ કરીને વિદરભાના મેલઘાટ તેમજ અન્ય વિસ્તારોમાં કુપોષણને કારણે મૃત્યુ પામતાં તેમજ બીમારીનો ભોગ બનતા બાળકોની સંખ્યામાં વધારાને કેન્દ્રમાં રાખી કરવામાં આવેલી કેટલીક જાહેરહિતની અરજીની ચીફ જસ્ટિસ મંજુલા ચેલ્લુર અને જસ્ટિસ એન.એમ.જમાદારની બેંચ દ્વારા સુનાવણી કરાવામાં આવી હતી. કોર્ટના ધ્યાનમાં આવ્યું હતું કે, મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર દ્વારા જે પ્રચાર કરવામાં આવે છે તેનું યોગ્ય આચરણ કરવામાં આવતું નથી. કોર્ટને માહિતી આપવામાં આવી હતી કે છેલ્લા બે મહિનામાં મહારાષ્ટ્રના પછાત વિસ્તારોમાં કુપોષણ અને તેને લગતી બીમારીઓને કારણે ૧૮૦ બાળકોનાં મોત થયા હતા. બેંચે સરકારની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, ખોટી ડીંગો હાંકવાનું બંધ કરો, શું તમે એક પણ મૃત્યુ રોકી શક્યા છો ? જો તમે ખરેખર રાજ્ય કલ્યાણ માળખાને અનુસરતા હોય તો જ તમે કહી શકો કે કુપોષણના કારણે એક પણ મૃત્યુ નથી થયું. કોર્ટ દ્વારા સરકારને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે શું સરકાર પાસે પછાત વિસ્તારના બાળકો અને આંગણવાડીના બાળકોને મળતાં પોષણ પુરવઠાની જાણકારી છે ? આંગણવાડીના બાળકોને મસૂરની દાળ આપવામાં આવે છે શું તે બાળકોના પોષણ માટે પૂરતું છે ? તમને ભંડોળ પૂરું પાડવામાં આવે છે તે નાણાં ક્યાં જાય છે ? શું પ્રજાએ આ ભંડોળનો હિસાબ રાખવાનું શરૂ કરવું પડશે ? છેલ્લા બે વર્ષમાં હાઈકોર્ટ દ્વારા સરકારને પછાત વિસ્તારોમાં પોષણયુક્ત આહાર, આરોગ્ય સેવા, સ્વચ્છતાની સુવિધા તેમજ શિક્ષણ સેવા પૂરી પાડવા માટે કેટલાક આદેશ આપવામાં આવ્યા છે પરંતુ સરકારે તેને આદેશોનું પાલન કરવા નહીંવત પગલાં લીધા છે. કોર્ટ દ્વારા આ મુદ્દે હવે સાપ્તાહિક સુનાવણી કરવામાં આવશે.

# કેરળ અંગે ટિપ્પણી કરનાર યોગી પર, CM પિનારાયી વિજયનના આકરા પ્રહારો

(એજન્સી) થિરૂવનંતપુરમ, તા.૫

ઉત્તરપ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા તબીબી સુવિધા અંગે કરેલી ટિપ્પણી બદલ કેરળના મુખ્યમંત્રી પિનારાયી વિજયને તેમના પર આકરા પ્રહારો કર્યા છે. કેરળના સીએમે વધુમાં જણાવ્યું હતું કે, તે ખુશીની બાબત છે કે, યોગીએ તેમના પોતાના રાજ્યમાં મુશ્કેલીઓ હોવા છતાં કેરળ માટે સમય ફાળવ્યો. પોતાની ફેસબુક પોસ્ટ દ્વારા વિશ્વાસ વ્યક્ત કરતાં વિજયન જણાવે છે કે, જો આદિત્યનાથ કેરળની મુલાકાત લેશે તો, યુપીની મુશ્કેલીઓ અને સમસ્યાઓનો સામનો કરવામાં તેમનામાં નવી શક્તિઓનો સંચાર થશે. પરંતુ મને ખાતરી છે કે, આ સમસ્યાઓનો અંત આવશે અને તેનો અંત લાવવા, તેમાંથી બહાર નીકળવા માટે હું મદદ કરીશ. યોગી દ્વારા કેરળના બાળ મૃત્યુ દર અંગે કરવામાં આવેલી ટિપ્પણીની પ્રતિક્રિયા આપતા વિજયને કહ્યું કે, કેરળમાં બાળ મૃત્યુ દર ૧૦ છે,



જ્યારે તેની રાષ્ટ્રીય સરેરાશનો આંકડો ૩૪ છે અને ઉત્તરપ્રદેશમાં તેનો આંકડો ૪૩ છે. ઉપરાંત તેમણે બાળ મૃત્યુ દર વિશે દેશને માહિતગાર કરવા માટે યુપીના સીએમનો આભાર માન્યો હતો અને રાજ્યના બીજેપી નેતાઓ દ્વારા આપવામાં આવતી ખોટી માહિતીઓને આધારે કોઈપણ નિવેદન આપવાથી દૂર રહેવું જોઈએ.

યુપીના સીએમ, ગઈકાલે બીજેપીની 'જન રક્ષા યાત્રા'માં ભાગ લેવા માટે કન્નુર પહોંચ્યા હતા, જ્યાં તેમણે કથિતરૂપે જણાવ્યું હતું કે, કેરળમાં તબીબી સુવિધા 'અપૂરતી' છે તથા ડાબેરી પક્ષ રાજ્યમાં હિંસાને પ્રોત્સાહન આપી રહ્યું છે.

# અખિલેશ પક્ષની રાષ્ટ્રીય કારોબારીમાં ફરી પાંચ વર્ષ માટે સપાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા

**આગ્રા ખાતે યોજાયેલ રાષ્ટ્રીય અધિવેશનમાં ૧૫,૦૦૦ ડેલીગેટોએ ભાગ લીધો**

(એજન્સી) આગ્રા, તા.૫

સપાના વર્તમાન પ્રમુખ અને યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ પુનઃ પક્ષના પ્રમુખ પદે ૫ વર્ષ માટે ચૂંટાઈ આવ્યા છે. આગ્રામાં મળેલ સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં પક્ષના વરિષ્ઠ નેતા રામગોપાલ યાદવે આ જાહેરાત કરી હતી. પક્ષના અધિવેશનમાં એક બંધારણીય સુધારો લાવી પક્ષ પ્રમુખની મુદ્દત ૩ વર્ષથી વધારી ૫ વર્ષ કરાઈ હતી. હવે અખિલેશ યાદવ ૨૦૧૯ની લોકસભા અને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સુધી પક્ષના પ્રમુખ પદે રહેશે. અધિવેશન પહેલાં એવી અટકળો હતી કે, મુલાયમસિંગ યાદવ નવી પાર્ટી બનાવશે. પરંતુ પાછળથી મુલાયમસિંગ યાદવે નવો પક્ષ રચવાનો ઈન્કાર કર્યો હતો. પિતા-પુત્ર વચ્ચે રાજકીય મતભેદો ચરમસીમાએ પહોંચતા યુપી વિધાનસભાની ચૂંટણી પૂર્વે અખિલેશ યાદવે સમાજવાદી પાર્ટી પર કબજો કરી પ્રમુખ બન્યા હતા. મુલાયમસિંગ યાદવે વિધાનસભાની ચૂંટણી માટે જાહેર કરેલ યાદી અખિલેશ યાદવે રદ કરી હતી. જે તેમના કાકા શિવપાલ યાદવ સાથેના મતભેદો બાદ રાજકીય સંઘર્ષ શરૂ થયો હતો. આગ્રાના સમાજવાદી પાર્ટીના આજે યોજાયેલ રાષ્ટ્રીય અધિવેશનમાં સપા સુપ્રીમો મુલાયમસિંગ યાદવ અને વરિષ્ઠ નેતા શિવપાલ યાદવે હાજરી આપી ન હતી. બીજી તરફ પક્ષના પ્રમુખ પદે પુનઃ ચૂંટાઈ આવ્યા બાદ અખિલેશ યાદવે ભાજપ પર દોહરી રાજનીતિનો આરોપ મૂક્યો હતો. ભાજપ કહે છે તે કરતી નથી. સપાના અધિવેશનમાં ૧૫ હજાર પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અધિવેશનમાં વિભિન્ન રાષ્ટ્રીય અને સ્થાનિય મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરાયો હતો.

# જંતર-મંતર ઉપર બધા પ્રકારના ધરણાઓ, જાહેર સંબોધનો ઉપર પ્રતિબંધ

**NGTએ દિલ્હી સરકારને આદેશ કર્યો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૫

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે દિલ્હી સરકારને નિર્દેશો આપ્યા છે કે, દિલ્હી ખાતે આવેલ જંતર-મંતર વિસ્તારમાં વિરોધ પ્રદર્શનો કરવા ભેગા થતાં લોકો ઉપર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવામાં આવે. એનજીટીની બેંચના અધ્યક્ષ જજ આર.એસ.રાઠોડે નવી દિલ્હી મ્યુનિ.કોર્પો.ને પણ આદેશ આપ્યો છે કે, ત્યાં બનાવાયેલ કાયમી અને હંગામી બધા પ્રકારના બાંધકામો, લાઉડ સ્પીકરો અને સંબોધનના અન્ય સાધનોને તાત્કાલિક ત્યાંથી દૂર કરવામાં આવે. બેંચે સામાવાળા પક્ષકારો દિલ્હી સરકાર, નવી દિલ્હી મ્યુનિ.કોર્પોરેશન અને પોલીસ કમિશનરને જણાવ્યું કે, ધરણા, વિરોધો, પ્રદર્શનો, આંદોલનો, લોકોની મીટિંગો, જાહેરસભાઓ, લાઉડ સ્પીકરનો ઉપયોગ કરનાર પ્લેસમાં આવેલ જંતર-મંતર ખાતે હવે પછી થવા જોઈએ. ટ્રિબ્યુનલે સત્તાવાળાઓને જણાવ્યું કે, વિરોધ પ્રદર્શનકારીઓ, આંદોલનકારો અને ધરણાઓ યોજનાર વ્યક્તિઓને અજમેરી ગેટ ખાતે આવેલ રામલીલા મેદાનનો ઉપયોગ કરવા દેવામાં આવે. ટ્રિબ્યુનલે જણાવ્યું કે, સતત પ્રદર્શનો ચાલુ રહેવાથી આ વિસ્તારના પર્યાવરણને ગંભીર અસર પડે છે જે એર એક્ટ (પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન) ૧૯૮૧નો ભંગ છે. આ વિસ્તારમાં રહેતા લોકોને શાંતિપૂર્ણ અને સગવડભર્યું જીવન જીવવાનો અધિકાર છે જે પ્રદૂષણમુક્ત હોય. એનજીટી જાહેરહિત અરજીની સુનાવણી કરી રહી હતી. આ અરજી વરૂણ શેઠે દાખલ કરી હતી. એમણે કહ્યું હતું કે, સરઘસો, પ્રદર્શનોના લીધે ખૂબ જ મોટી માત્રામાં અવાજનું પ્રદૂષણ થાય છે. અમને શાંતિથી, સ્વસ્થતાથી રહેવાનો અને જીવવાનો અધિકાર છે જે અધિકારનો ભંગ થઈ રહ્યો છે.

## દેખાવોના બીજા દિવસે કેમ્પસમાં વધુએક BHU વિદ્યાર્થિનીની છેડતી

(એજન્સી) વારાણસી, તા.૫

કાશી હિન્દુ યુનિ. (બીએચયુ)માં યુવતીઓ સાથે છેડતીનો સિલસિલો યથાવત છે. આજે ફરીથી સોશિયોલોજીની એમએના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે છેડતી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. વિદ્યાર્થીનીએ જાહેર વહીવટી તંત્રના અભ્યાસ કરતાં વિદ્યાર્થી પર છેડતી અને મારપીટનો આરોપ લગાવ્યો છે. સાથે જ પીડિતાએ પ્રોક્ટોરિયલ બોર્ડને આ અંગેની ફરિયાદ કરી છે. મામલાને ગંભીરતાથી લેતાં બોર્ડે વિદ્યાર્થિની સાથે લંકા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે.

## હનીપ્રીતની ધરપકડમાં પંજાબ પોલીસની ભૂમિકા સંદિગ્ધ : સીએમ ખટ્ટર

(એજન્સી) ચંદીગઢ, તા.૫

હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે હનીપ્રીતની ધરપકડ મામલે પંજાબ પોલીસ પર સવાલ ઉઠાવ્યો છે. તેમણે આ ઘટનામાં દાળમાં કાળું હોવાનો સંકેત આપ્યો છે. હનીપ્રીત ગાયબ રહેવાના સમયે પંજાબ પોલીસને તેની જાણકારી હતી. હરિયાણા પોલીસ તેની તપાસ કરી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ ગુરૂવારે હરિયાણા પોલીસ એ સ્થળે ગઈ જ્યાં હનીપ્રીત છૂપાઈ હતી. ઢીંડાની નવી વસ્તીમાં સુપદીપના ઘરે લગભગ ૧ કલાક પૂછપરછ કરાઈ. હવે હનીપ્રીતને પંચકુલા લવાઈ છે. હનીપ્રીતને જોવા માટે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ખટ્ટરના નિવેદનથી પંજાબ-હરિયાણા વચ્ચે રાજકીય ગરમાવો વધશે. પંજાબના મુખ્યમંત્રીએ આ અંગે કોઈ નિવેદન કર્યું નથી.

## નરોડા ગામમાં ૨૦૦૨માં થયેલા તોફાનોની તપાસ માટે જજ સહિતની ટીમોએ વિવિધ ઘટનાસ્થળોનું નિરીક્ષણ કર્યું

વર્ષ ૨૦૦૨માં નરોડા ગામમાં સર્જાયેલા હત્યાકાંડમાં ૧૧ નિર્દોષોની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ૮૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ભાજપના તત્કાલીન મંત્રી માયા કોડનાની પર ટોળાને ઉશ્કેરવાનો આરોપ હતો. આ ઘટનાની તપાસ કરનાર એસઆઈટીએ નરોડા ગામ હત્યાકાંડ સંદર્ભે ભૌગોલિક સ્થિતિ જાણવા સ્થળની મુલાકાત લેવા જજને વિનંતી કરતાં ગુરૂવારે સેશન્સ જજ તથા સાક્ષીઓ, સાક્ષીઓના વકીલો, તપાસ અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, નોડલ ઓફિસરો તથા સ્ટાફના માણસોએ વિવિધ ઘટનાસ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

### ઝકિયા જાફરી કેસ : ક્રિમિનલ રિવિઝન અરજી અંશતઃ મંજૂર કરાઈ

# ગુજરાતના ૨૦૦૨ના રમખાણોમાં મોદીની ભૂમિકાની નવેસરથી તપાસ કરવા ઝકિયા જાફરી અરજી કરી શકે છે : ગુજરાત હાઈકોર્ટની મંજૂરી

અમદાવાદ, તા.૫

ગુજરાત હાઈકોર્ટના જજ સોનિયા ગોકાણીએ ઝકિયા જાફરી દ્વારા દાખલ કરાયેલ રિવિઝન અરજીને અંશતઃ મંજૂરી આપી છે. ઝકિયા જાફરીએ મેજિસ્ટ્રેટ કોર્ટના ૨૬મી ડિસેમ્બર ૨૦૧૩ના રોજ આપેલ ચુકાદાને પડકાર્યો હતો. જેમાં મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે, ફેર તપાસનો આદેશ આપવાની એમને સત્તા નથી. એ સાથે એમણે ૮મી ફેબ્રુઆરી ૨૦૧૨ની સીટ દાખલ કરાયેલ ક્લોઝર રિપોર્ટ પણ માન્ય રાખી હતી. હાઈકોર્ટે જણાવ્યું કે, મેજિસ્ટ્રેટ કોર્ટે ભૂલ કરી છે અને પોતાને સત્તા નથી એવું જણાવેલ છે. ગુજરાત હાઈકોર્ટે સીઆરએ ૨૦૫/૨૦૧૪નો અંશતઃ મંજૂરી આપી અરજદારોને જણાવ્યું છે કે, એ ફેરતપાસ માટે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂઆત કરી શકે છે અથવા હાઈકોર્ટમાં રજૂઆત કરી શકે છે જેમાં આરોપીઓ સામેની ક્રિમિનલ અપીલો છેલ્લી સુનાવણી માટે પડતર છે. ઝકિયાએ અરજી દાખલ કરી હતી કે નરેન્દ્ર મોદી અને અન્ય ૬૧ વ્યક્તિઓને આરોપી તરીકે દર્શાવવામાં આવે જેમના દ્વારા ગુજરાત રમખાણો માટે ષડયંત્ર રચાયું હતું. સુપ્રીમકોર્ટ દ્વારા નિમાયેલ સીટે ૨૦૧૨માં પોતાની ક્લોઝર રિપોર્ટ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરી હતી, જે કોર્ટમાં ઝકિયાની અરજીઓની સુનાવણી થઈ રહી હતી. સીટે જણાવ્યું હતું કે, તપાસમાં અમને કેસ ચલાવી શકાય એવા પુરાવાઓ મળ્યા નથી જેના લીધે મોદી અને અન્યો વિરૂદ્ધ આક્ષેપો મૂકી શકાય. આ ક્લોઝર રિપોર્ટનો વિરોધ કરતાં ઝકિયાએ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ ફેરતપાસની માગણી કરી હતી પણ એમની અરજી મેજિસ્ટ્રેટે ૨૦૧૩ના વર્ષમાં રદ કરી હતી. મેજિસ્ટ્રેટ બી.જી.ગણાત્રાએ જણાવ્યું કે સુપ્રીમકોર્ટ દ્વારા નિમાયેલ સીટના રિપોર્ટ સામે વધુ તપાસ કરવા આદેશ આપવાની સત્તા મારી પાસે નથી. એથી એમણે ફેરતપાસનો આદેશ નહીં આપતાં અરજી રદ કરી હતી.

જેની સામે ઝકિયાએ ૨૦૧૪ના વર્ષમાં ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને મેજિસ્ટ્રેટના આદેશને રદ કરવા માગણી કરી ફેરતપાસની માગણી કરી હતી. આ અરજીની સુનાવણી ૨૦૧૫થી શરૂ થઈ હતી. આજે ગુજરાત હાઈકોર્ટે ક્લોઝર રિપોર્ટને માન્ય રાખ્યો હતો અને ઝકિયાના આક્ષેપોને રદ કર્યો હતો.

જો કે હાઈકોર્ટે ઝકિયાને ફેર તપાસ કરવા અરજી આપવા મંજૂરી આપી હતી. જે પ્રમાણેની માગણી એમણે કરી હતી અને મેજિસ્ટ્રેટને સત્તા નથી એ બાબત સાથે હાઈકોર્ટ સંમત ન હતી અને મેજિસ્ટ્રેટને ફેર તપાસનું આદેશ આપવા સત્તા છે એવું ઠરાવ્યું હતું.

આનાથી ઝકિયા ફરીથી નીચલી કોર્ટમાં અરજી દાખલ કરી ફેર તપાસની માગણી કરી શકે નહીં કે સીધે સુપ્રીમ કોર્ટમાં જે એમની અપીલ માટેનો છેલ્લો તબક્કો હશે.

હાઈકોર્ટના ચુકાદા બાબતે જણાવતા તિસ્તા સેતલવાડે કહ્યું જે પણ આ અરજીના સહઅરજદાર છે કે હાઈકોર્ટે અમારી અરજી અંશતઃ માન્ય રાખી છે અને અમે ફેર તપાસ માટે અરજી કરીશું.

રમખાણો દરમિયાન અહેસાન જાફરીનું અન્ય ૬૯ વ્યક્તિઓ સાથે ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડમાં મૃત્યુ થયું હતું. પોલીસને બોલાવ્યા છતાં પોલીસ આવી ન હતી. ૨૦૧૨માં સીટે પોતાની ક્લોઝર રિપોર્ટમાં મોદી અને અન્ય હિન્દુત્વ નેતાઓને ક્લિન ચીટ આપી હતી જેના લીધે ઘણા બધાએ ક્લોઝર રિપોર્ટની આલોચના કરી કહ્યું હતું કે આ રિપોર્ટ ૨૦૧૦માં અપાયેલ ક્લોઝર રિપોર્ટ જેમ જ છે. ૨૦૧૦ની રિપોર્ટમાં પણ ઘણા બધા છીંડાઓ હતા એ જ પ્રકારના છીંડાઓ ૨૦૧૨ની રિપોર્ટમાં પણ છે. ૧૪ વર્ષની લાંબી કાયદાકીય લડાઈ પછી સ્પેશિયલ કોર્ટે ૬૯માંથી ૨૪ આરોપીઓને દોષી જાહેર કર્યા હતા પણ ૩૬ વ્યક્તિઓને નિર્દોષ છોડી મૂક્યા હતા. જેમાં ભાજપના કોર્પોરેટર બિપિન પટેલ અને કે.જી. ઈરડા પણ હતા.

વરિષ્ઠ પત્રકારે મોદી અને ગોધરા વિશે એક પુસ્તક લખી છે જેમાં એમણે સીટ વિશે ઘણી બધી બાબતો લખી છે. એમણે લખ્યું હતું કે સીટની રિપોર્ટમાં પણ ઘણા બધા વિરોધાભાસો જણાવેલ છે. જોકે સીટની તપાસ સુપ્રીમ કોર્ટની નિગરાનીમાં થઈ હતી તેમ છતાંય મોદીને છાવરવાના પ્રયાસો કરાયા છે એમાં શંકા નથી.

# ભાજપની ગૌરવયાત્રા એ કૌરવયાત્રા જેમાં દિલ્હીથી રોજ એક કૌરવ આવે છે

### મુખ્યમંત્રી કહે છે, ગાંડો તો ગાંડો અમારો વિકાસ છે તો પછી તેનો ઈલાજ કરાવો : શક્તિસિંહ

રાજપીપળા, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજપીપળાના સરદાર ટાઉન હોલમાં ગુરૂવારે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે એક જાહેર સભા સંબોધી હતી. જેમાં તેમણે નોટબંધી અને GST દેશની અર્થવ્યવસ્થા ખોરવાવા માટેનું મુખ્ય કારણ ગણાવી ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. સાથે-સાથે જો ગુજરાતમાં કોંગ્રેસ આવશે તો સમાન કામ સમાન વેતન, યુવાનોને રોજગારી, બેરોજગારોને બેકારી ભથ્થુ, બહેનોને ઘરનું ઘર, વીજળીના દામ ઘટાડા સહિતની જાહેરાત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે શાસ્ત્રોમાં વાંદરા માટે વનબંધુ શબ્દનો ઉપયોગ થયો છે. ભાજપાએ આદિવાસીઓને વનબંધુ કહી તેમનું અપમાન કર્યું છે. આદિવાસી, દલિત, માયનોરિટીને કોંગ્રેસે જ ઊંચો દરજ્જો આપ્યો છે. ભૂતકાળ વાગોળશો તો ખ્યાલ આવશે. ભાજપ-RSS વર્ણવ્યવસ્થામાં માને છે, હાલમાં થયેલા પાટીદારો અને દલિતો પરના અત્યાચારો એના પુરાવા છે. જેણે નોટ અને વોટ બંને આપી ભાજપને સત્તા અપાવી એવા પાટીદાર સમાજ પર ભાજપે અત્યાચાર ગુજાર્યો એ નિંદનીય છે.નર્મદા યોજના જેના ચરણોમાં છે તે જ પ્રજાને આજે પાણીના ફાંફા છે. જ્યારે નર્મદા યોજનાની આસપાસના લોકોને પણ પાણી મળી રહે એવું ભૂતકાળની કોંગ્રેસ સરકારે આયોજન કર્યું હતું. GSTમુદ્દે તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં કોંગ્રેસ પણ GST લાગુ કરવા માંગતી હતી,પણ કોંગ્રેસના અને ભાજપના GSTમાં આસમાન જમીનનો ફેર છે. કોંગ્રેસના GSTમાં ૧૪% સુધીનું જ્યારે ભાજપના GSTમાં ૨૮% સુધીનું ટેક્સ માળખું છે. આખી દુનિયામાં કાચા કૂડની કિંમત ઘટી ત્યારે ભારતમાં પેટ્રોલ ડીઝલ મોંઘા છે. પેટ્રોલ ડીઝલ પર જો GST લગાવ્યું હોત તો તે સસ્તું થયું હોત. આતો ચૂંટણીમાં હારની બીકે ભાજપે પેટ્રોલમાં ૨ રૂપિયા ઘટાડાની જાહેરાત કરી છે.

વધુમાં જણાવ્યું હતું કે કેરળમાં ભાજપના અસામાજિક તત્ત્વો પર હુમલા થાય છે અને ત્યાં ભાજપ યાત્રાઓ કાઢે છે તો ગુજરાતમાં દલિત મૂછ રાખે તો હુમલા થાય છે. પાટીદારો પર હુમલા થાય છે ત્યારે તેના વિરોધમાં ભાજપ પ્રમુખ ગુજરાતમાં યાત્રા કાઢે. ભાજપની ગૌરવયાત્રાને ગુજરાતની પ્રજાએ કૌરવયાત્રા ગણાવી છે અને દિલ્હીથી રોજ એક કૌરવ આ યાત્રામાં ભાગ લેવા આવે છે. ભાજપનો વિકાસ ગાંડો થયો છે તે શબ્દની શોધ ગુજરાતની જનતાએ કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી કહે છે કે ગાંડો તો ગાંડો અમારો વિકાસ છે. ગાંડો થયો હોય તો તેનો ઈલાજ કરાવાય પણ પોતાનાને ગાંડો ના કહેવાય. આ ક્રૂર મજાક છે.

### ૭૦ વર્ષની વયમર્યાદા, બે ટર્મ હારેલા, ૨૦ હજારથી વધુ મતે હારેલા સહિતના માપદંડ દૂર કરાયા

# કોંગ્રેસ હવે જીતી શકે તેવા ઉમેદવારોને ટિકિટ આપવા માપદંડ ધ્યાને લેશે નહીં

### હાલના ૪૩ ધારાસભ્યો જીતી શકે તેવા હોવાથી તેમની ટિકિટ નક્કી : ભરતસિંહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બનાવી છે કોંગ્રેસી હાઈકમાન્ડે અગાઉ બનાવેલા નિયમને લીધે સારા ઉમેદવારો શોધવા મુશ્કેલ હોવાથી હવે નિયમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. જેમાં બે ટર્મ હારેલા, ૭૦થી વધુ વયના હોય તેવા કે ૨૦ હજારથી વધુ મતે હાર્યા હશે તેવાને ટિકિટ નહીં આપવાના નિર્ણય પર હવે યોગ્ય ઉમેદવાર હશે તો વિચારણા કરવામાં આવશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આ અંગે જણાવ્યું હતું કે હાલ જે ૪૩ ધારાસભ્યો છે તે કોંગ્રેસ માટે ચિંતાનો વિષય નથી આ તમામ ધારાસભ્યો જીતે તેવા હોવાથી તેમની ટિકિટ નક્કી જ છે પરંતુ બાકીના ઉમેદવારો માટે ઉંમર સહિતના માપદંડો દૂર કરવામાં આવ્યા છે. ગત ૨૦૧૨ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે બે ટર્મ હારેલા હોય તેમને ટિકિટ નહીં આપવાનો નિયમ બનાવ્યો હતો. પરંતુ જે તે વખતે પરિસ્થિતિ જુદી હતી. હવે પરિસ્થિતિ બદલાતા નિયમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. હવે બે ટર્મ ચૂંટણી હાર્યા હોય તેવા ઉમેદવારો જો સક્ષમ હશે તો જે તે વિસ્તારની પરિસ્થિતિને ધ્યાને લઈ તેમને ટિકિટ આપવાનું વિચારાશે ઉપરાંત જે ઉમેદવારો વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં ૨૦ હજાર કરતા વધુ મતથી હાર્યા હશે તેમના નામ પર પણ વિચારણા હાથ ધરાશે. આ ઉપરાંત કોઈ વિસ્તારમાં કોઈ સક્ષમ ઉમેદવાર મળતો ન હોય તેવા કિસ્સામાં ૭૦ વર્ષથી વધુ વયના સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવાર હશે તો તેમના નામ પર પણ વિચારણા હાથ ધરાશે. પ્રદેશ પ્રમુખના જણાવ્યા મુજબ કોંગ્રેસે વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીને લઈ સ્ક્રીનિંગ કમિટી બનાવી છે આ કમિટીએ ચર્ચા વિચારણા હાથ ધરતા તેમને એવું જણાવ્યું હતું કે જો નિયમોને સખત રીતે વળગી રહીશું તો સ્વચ્છ પ્રતિભા ધરાવતા અને સર્વમાન્ય ઉમેદવારો મળવા મુશ્કેલ બનશે આથી જીતી શકે તેવા તમામ ઉમેદવારોની કોઈપણ માપદંડ ધ્યાને રાખ્યા વિના પસંદગી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### ૯ ઓક્ટોબરે અમદાવાદ હાથીજણથી શરૂ થશે રાહુલનો રોડ શો

# રાહુલ ગાંધી આદિવાસી, ખેડૂતો, વેપારીઓ અને મહિલાઓ સાથે કરશે સંવાદ

અમદાવાદ,તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૯મી ઓક્ટોબરે અમદાવાદના હાથીજણ સર્કલથી તેમના રોડ-શો મારફતે નવસર્જન યાત્રાનો પ્રારંભ કરશે અને ખાત્રજ ચોકડી ખાતે વિશાળ જનસભાને સંબોધન કરશે. રાહુલ ગાંધી તેમના બીજા તબક્કામાં તા.૯થી ૧૧ ઓક્ટોબર દરમ્યાન ત્રણ દિવસના ચૂંટણી પ્રવાસમાં મધ્યઝોનના આઠ જિલ્લાઓમાં ૫૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડશે. જે દરમ્યાન રાહુલ ગાંધી મોટી જાહેરસભાઓને સંબોધશે, સાથે સાથે ખેડૂતો, આદિવાસીઓ અને વેપારીઓ-યુનિયન લીડર્સ અને વિદ્યાર્થીઓ સાથે પણ સીધો સંવાદ કરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ખાત્રજ ચોકડી જનસભા સંબોધ્યા બાદ નડિયાદ સંતરામ મંદિર ખાતે દર્શનાર્થે જશે. નડિયાદ ખાતે વિવિધ સમુદાયના લોકો સાથે મુલાકાત કરી સીધી ચર્ચા કરશે. નડિયાદથી પેટલાદ, બોરસદ, આંકલાવની મુલાકાત લઈ ત્યાં પણ રાહુલ ગાંધીનો રોડ-શો યોજાશે. તો, બોરસદ ખાતે રાહુલ ગાંધી સ્થાનિક અને ગ્રામીણ મહિલાઓ સાથે ખાસ સંવાદ અને વાતચીત કરશે. ત્યારબાદ રાહુલ ગાંધી વડોદરા જવા રવાના થશે. જ્યાં વેપારીઓ, ખેડૂતો, પ્રોફેશનલ્સ સહિતના લોકો સાથે રાહુલ ગાંધી સંવાદ યોજશે. વડોદરામાં રાત્રિ રોકાણ બાદ તા.૧૦મીએ રાહુલ વિદ્યાર્થીઓ સાથે ખાસ ચર્ચા કરશે. વડોદરાથી પાદરા, કરજણ, ડભોઈ, બોડેલી, પાવી જેતપુરમાં પણ રોડ શો અને જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદા વિસ્થાપિતો સાથે પણ રાહુલ ગાંધી તેમની મુલાકાત દરમ્યાન ચર્ચા કરશે. છોટાઉદેપુરમાં રાત્રિ રોકાણ કરી બોડેલીમાં જનસભા યોજશે. તા.૧૧મી ઓક્ટોબરે છોટાઉદેપુરથી દેવગઢ બારિયા તેઓ જશે. આ રૂટ પર લીમખેડા, ગોધરા, ફાગવેલામાં જાહેરસભાઓ પણ રાહુલ ગાંધી સંબોધશે. આ દરમ્યાન તેઓ આદિવાસી સ્કૂલના વિદ્યાર્થીઓને પણ રૂબરૂ મળી ચર્ચા કરશે. રાહુલ ગાંધી તેમના બીજા ચરણના ચૂંટણી પ્રવાસમાં પણ મધ્ય ઝોનમાં શકય એટલા મહત્તમ મંદિરોની મુલાકાત લેશે. જેમાં રાહુલ ગાંધી પાવાગઢના મહાકાળી માં, ડાકોર રણછોડરાયજી, નડિયાદ સંતરામ મંદિર, ફાગવેલના ભાથીજી મહારાજ સહિતના મંદિરોમાં મુલાકાત લઈ દર્શન કરશે. રાહુલ ગાંધીની ગુજરાતની ફરી ચૂંટણીલક્ષી મુલાકાતને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સૌરાષ્ટ્ર ઝોનમાં રાહુલ ગાંધીના ચૂંટણીપ્રવાસને મળેલી સફળતાની જેમ મધ્ય ઝોનમાં પણ આવી સફળતા હાંસલ થાય તે માટે કોંગ્રેસ ભારે કમર કસી રહી છે.

### વિધાનસભાની ચૂંટણીને લઈ સરકાર હવે ઝડપથી નિર્ણયો લે છે !

# ગ્રામરક્ષક દળ અને સાગર રક્ષક દળના જવાનોના ભથ્થાં બમણા કરાયા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૫

ગામડાઓમાં તથા તાલુકા મથકો વગેરે કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસની સાથે સહકાર આપતા ગ્રામરક્ષક દળના જવાનો અને સાગર કિનારે સુરક્ષાની કામગીરીમાં સહાયક તરીકે રહેતા સાગર રક્ષક દળના જવાનોને મળતા દૈનિક ભથ્થામાં સરકારે ૧૦૦ ટકા જેટલો વધારો કરવાનો આજે નિર્ણય કર્યો છે. એટલે કે હાલમાં જે ભથ્થુ મળે છે તે બમણું મળશે.

ગ્રામરક્ષક દળ અને સાગર રક્ષક દળના જવાનોના દૈનિક ભથ્થામાં વધારો કરવાનો સંવેદનશીલ નિર્ણયની ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ દેવભૂમિ દ્વારકા ખાતે જાહેરાત કરતા જણાવ્યુંહતું કે ગ્રામ સ્તરે, સરહદી વિસ્તારોમાં અને સાગર કિનારાના અંતરિયાળ વિસ્તારોમાં અસામાજિક તત્ત્વો અને ધાડપાડુઓથી ગ્રામ્ય વિસ્તારોનું રક્ષણ કરવું, દેશ વિરોધી-સમાજ વિરોધી તત્ત્વોની પ્રવૃત્તિઓને અટકાવવી અને ખાસ કરીને રાત્રી ફરજ દરમિયાનના ગુનાખોરીને ડામવા ચાંપતી નજર રાખવી એ આ જવાનોની મુખ્ય કામગીરી છે.

રાજયભરમાં આવા ૪૦,૭૧૨ જવાનો નોંધાયેલ છે અને અંદાજે સરેરાશ દરરોજના ૧૦,૦૦૦ જેટલા જવાનો નાઈટ રાઉન્ડ સાથે કાયદો અને વ્યવસ્થાની કામગીરી બજાવે છે. આવા જવાનોને હાલ દૈનિક ભથ્થુ જે રૂા.૧૦૦ મળે છે તે હવેથી બમણું (રૂા.૨૦૦) મળશે. આ વધારાથી રાજય સરકારની તિજોરી ઉપર વધારાનો રૂા.૩૪.૦૫ કરોડનો બોજો પડશે.

### NCP કે જનવિકલ્પમાંથી મુસ્લિમ ઉમેદવાર ન મળતા ભાજપ અને શંકરસિંહ વાઘેલાએ રણનીતિ બદલી

# મને હરાવવા 'આપ'માંથી ઉમેદવારને ઊભો રાખવાનો કારસો રચાયો : ગ્યાસુદ્દીન શેખ

### ઉચ્ચ પોલીસ અધિકારીઓને કામે લગાડી આપમાંથી મુસ્લિમ ઉમેદવારને લડાવવા લાખો રૂપિયાની લાલચ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં એકપણ મુસ્લિમ ઉમેદવાર ન ચૂંટાય તેવા અથાગ પ્રયત્નો ભાજપે શરૂ કરી દીધા છે. તેના ભાગરૂપે સૌપ્રથમ નિશાન પર દરિયાપુર વિધાનસભા બેઠકને લીધી છે. જેમાં પોતે સીધી રીતે ન સંડોવાય તેને ધ્યાને રાખી એનસીપી, જનવિકલ્પ કે આપમાંથી મુસ્લિમ ઉમેદવારો ઊભા રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે પરંતુ એનસીપી કે જનવિકલ્પમાંથી મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી લડવા તૈયાર ન થતાં આમ આદમી પાર્ટી અને અપક્ષમાંથી કોઈપણ ભોગે મુસ્લિમ ઉમેદવારને ઊભા રખાવવાની ક્વાયત શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે એક નિવેદનમાં જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં ચૂંટણીઓ હારવા જઈ રહી છે ત્યારે ભાજપ તેની બી-ટીમ જનવિકલ્પ પાર્ટી, એનસીપીમાંથી લઘુમતી, દલિત અને ક્ષત્રિય સમાજમાંથી ઉમેદવારો ઊભા રખાવી કોંગ્રેસની જીતને અટકાવવા માટે પેંતરાઓ રચી રહી છે. શંકરસિંહ વાઘેલાનો જનવિકલ્પ અને એનસીપી ગુજરાત રાજયની પ્રજા સમક્ષ ભાજપની બી-ટીમ તરીકે ખુલ્લા પડી ગયા છે. શંકરસિંહ વાઘેલા તથા એનસીપીના નેતા પ્રફુલ પટેલના અથાગ પ્રયત્નો છતાં મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી લડવા તૈયાર થતાં નથી. તેવા સમયે અમિત શાહ અને શંકરસિંહ વાઘેલાની જોડીએ રણનીતિ બદલીને આપ પાર્ટીમાંથી મુસ્લિમ ઉમેદવારને ચૂંટણી લડાવવા કારસો રચ્યો છે, લઘુમતી સમાજના મતદારોની સંખ્યા ધરાવતી સીટો ઉપર આપ પાર્ટીમાંથી મુસ્લિમ ઉમેદવારોને શામ-દામ-દંડ-ભેદની નીતિ અખત્યાર કરી ચૂંટણીમાં ઊભા રખાવવાની ક્વાયત શરૂ કરી છે. જે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને કામે લગાડી અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોને આપ પાર્ટીમાંથી ચૂંટણી લડાવવા લાખો રૂપિયાની લાલચ આપવામાં આવી છે.

ગ્યાસુદ્દીન શેખે વધુમાં જણાવ્યું કે, ગઈકાલે શાહપુરમાં મારી સાથે ઘટેલ ઘટના પછી કલાકોમાં જ મને સચોટ માહિતી મળી હતી કે ભાજપના સીધા દોરીસંચારથી આપ પાર્ટીના દરિયાપુર એકમના આગેવાનોએ અસામાજિક પ્રવૃત્તિ કરતાં શખ્સને હાથો બનાવી ઘટનાને અંજામ આપ્યો છે. અમિત શાહના નજીક ગણાતા એક માજી મ્યુનિ. કાઉન્સિલર જે ભાજપમાંથી ટિકિટનો પ્રબળ દાવેદાર છે તેના દ્વારા રાઈફલ ક્લબ ખાનપુર ખાતે આપ પાર્ટીના દરિયાપુર એકમના મુસ્લિમ આગેવાનોને સપ્તાહ પહેલાં બોલાવી આપ પાર્ટીમાંથી દરિયાપુરમાં મુસ્લિમ ઉમેદવાર ઊભો રાખવા માતબર રકમની ગોઠવણ કરી હોવાની સચોટ માહિતી મને મળેલ છે. મતદાર યાદીમાં કરેલ છેતરપિંડી ખુલ્લી પડી જતાં ભાજપે નવો પેંતરો અજમાવી આમ આદમી પાર્ટી તથા અપક્ષ તરીકે મુસ્લિમ ઉમેદવાર ઊભો રખાવી મને હરાવવાનો કારસો રચ્યો છે. પરંતુ તે કદીય સફળ થવાના નથી. ભાજપના છેલ્લી કક્ષાના ષડયંત્રો છતાં મેં સર્વધર્મ સમભાવની નીતિ દ્વારા ભેદભાવ વગર તમામ ધર્મ અને જ્ઞાતિના લોકોના વિકાસના કાર્યો કર્યા છે. મને વિશ્વાસ છે કે પ્રજાના આશીર્વાદથી હું ૨૦,૦૦૦ કરતાં વધુ મતોથી ચૂંટણી જીતવાનો છું. હું ગુજરાતના સમગ્ર સમાજને જાગૃત કરવા માંગું છું કે ભાજપની બી-ટીમ જનવિકલ્પ, એનસીપી, આમ આદમી પાર્ટીથી સચેત રહી રાજકીય જાગૃતિ દાખવી ભાજપના ષડયંત્રને નિષ્ફળ બનાવે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily twitter.com/gujarattoday Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : એયુબ અલીભાઈ પટેલ એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS